પ્રકાશક (પ્રાપ્તિસ્થાન).

૧. વિશ્વ અભ્યુદય અધ્યાત્મિક જ્ઞાનમંદિર વતી:
કુમારી રંજનદેવી સા. શ્રોફ
મહેતા બિલ્ડીંગ, બીજે માળે.
૧૨ મો રસ્તો, ખાર, મુંબઈ-૫૨.

૨. **શ્રી નારણભાઈ જે. પટેલ**
પ્રિન્સિપાલ : વિશ્વ વિદ્યાલય
હાઈસ્કૂલ
ન્યુ સિવિલ રોડ, અસારવા, અમદાવાદ-૧૬.

પ્રથમ આવૃત્તિ
પ્રત-૧૦૦૦
સન્-૧૯૭૬

૩ **સુરજબેન ડી. વોરા**
C/o **મધુસુદન ડી. વોરા**
અરૂણોદય મિલ્સ,
મોરબી (સૌરાષ્ટ્ર)

મુદ્રક

પોપટલાલ ગોકળદાસ ઠક્કર
શ્રી શક્તિ પ્રિન્ટરી
સુરેન્દ્ર હાઉસ
રોડ, **અમદાવાદ-૧.**

મુખ્ય ટાઈટલ પરના ચિત્રનો પરિચય

શ્રી ગજસુકુમાર મુનિ મહાકાલ સ્મશાનમા ભિક્ષુની બારમી પડિમા ધારણ કરીને ધ્યાનાવસ્થામા ઊભા છે ત્યા સોમીલ બ્રાહ્મણ તે રસ્તેથી નીકળે છે તેને પૂર્વ વેરવશાત્ મુનિને જોતા જ એકદમ તેના પર ક્રોધ ઉત્પન્ન થયો. ક્રોધ વેશમા સરોવરની ભીની માટી લાવીને મુનિના શિર ઉપર પાળ બાંધી અને સ્મશાનમાથી ખેરના ખીરા (અંગારા) લાવીને તેમા મૂક્યા મુનિ તો પોતાના આત્મધ્યાનમા લીન હતા તેમને બહારનું ભાન ન હતું તેઓ સમાધિષ્ઠાવસ્થામા ઊભા છે ચિત્રની મધ્યમા જે બિંદુ છે તે આત્મજ્યોતિ છે તે આવરણોથી આચ્છાદિત થઈ ગઈ છે પગથિયા તે મોક્ષના આરોહણ રૂપ છે જૈન દર્શનમા ૧૪ પગથિયા આત્મ ઉત્ક્રાંતિના છે મુનિ ધ્યાનાવસ્થામા ભાવોની વિશુદ્ધિથી ઉત્તરોત્તર ઉપરના પગથિયા ક્રમથી ચડતા જાય છે અને કર્મના આવરણોને ભેદતા જાય છે આખિર બારમા પગથિયા પર ચડી જઈને ચાર ઘાતિ કર્મને નાશ કરી તેરમા પગથિયે જઈને નિરાવરણ કેવલજ્ઞાન કેવલદર્શન પ્રાપ્ત કરે છે કર્મ રહિત પોતાના આત્મસ્વરૂપમા સ્થિત થાય છે આ અવસ્થાને જીવન્મુક્ત અવસ્થા કહેવામા આવે છે ત્યાર પછી તરત જ ચૌદમા પગથિયા પર જઈને સર્વ શરીરોનો ત્યાગ કરીને વિદેહ મુક્તાવસ્થાને પ્રાપ્ત કરી પરમાનંદમય શાશ્વત સુખના ભોક્તા બને છે

લિ. વિશ્વશાંતિ ચાહક

પ્રસ્તાવના

જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય તેનું પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરવું અને પછી તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. આનું નામ જ જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષની પ્રાપ્તિ. એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી પણ ઈચ્છિત સ્થળે પહોંચાય તેમ નથી. વર વિનાની જાન શા કામની? વર અને જાન બંનેની જરૂર રહે છે. જૈનશાળાઓમાં અને જૈન બોર્ડિંગોમા એકલા સામાયક અને પ્રતિક્રમણની ક્રિયાના પાઠ શીખવાડવામા આવે છે, પરંતુ સામાયક શા માટે કરવી? પ્રતિક્રમણ શા માટે કરવુ? આત્મા શું છે? તેને કર્મ સાથે કેવો સંબંધ છે? તે તેનાથી કેવી રીતે મુક્ત થાય? બંધન શુ? મોક્ષ શું? વગેરેના જ્ઞાન વિનાના ક્રિયાના પાઠો ઉપયોગી ન જ બની શકે, એ નિર્વિવાદ સત્ય છે. માટે આત્માના અને બંધ મોક્ષ વગેરેના જ્ઞાનની ખાસ જરૂર છે. વર્તમાન કાલે જ્ઞાનના અભાવે ઘણાઓને તેમા રસ આવતો નથી, રુચિ થતી નથી. અને એમ બનવું સ્વાભાવિક છે કારણ કે સમજણ વિના રસ કયાથી આવે? કેમ કે આત્મા શું વસ્તુ છે, તે કેમ અને કેવી રીતે બંધાય છે કેવી રીતે કર્મોનુ આવાગમન થાય છે, કેવી રીતે તે રોકાય છે, કેવી ક્રિયાથી પુર્વના કર્મોનો નાશ થાય છે અને આત્મસ્વરૂપ કેવી રીતે પ્રગટ થાય છે? આવો બધો બો[illegible] જ્ઞાન હોય તો જ તેના રસ કે રુચિ કરનારને ઉત્પન્ન થાય છે. જગ્યાએ જૈનશાળાઓ ચાલે છે પરંતુ તેનો વિકાસ થતો ન[illegible] ક્રિયાઓના પાઠો રટવાથી વિકાસ કેવી રીતે સંભવે? અ[illegible] ન જ થઈ શકે.

સત્તાવીશ પાઠના રૂપ[illegible]
મનન કરવાથી વસ્તુનું સ્વરૂ[illegible]
[illegible] રૂપ પ્રશ્નો મૂકવામાં આવ્યા
આ પાઠનુ વિવેચન બાળ[illegible]
સાગવાળા પ્રશ્નો માટે[illegible]

અનુક્રમણિકા



પાંચમી આવૃત્તિ

આ પુસ્તકની પાંચમી આવૃત્તિ છપાવતા અમોને અતિ આનંદ થાય છે. આવા આધ્યાત્મિક પુસ્તકોનો જેટલો પ્રચાર થાય તે ઇચ્છવા યોગ્ય છે. જૈન સમાજના ભાઈઓ અને બહેનો આવા પુસ્તકોનું વાચન, મનન કરીને સાચા જ્ઞાનને પ્રાપ્ત કરી સ્વ આત્માનો વિકાસ સાધે એ જ શુભ કામના સહ વિરમું છું.

લિ. વિશ્વશાંતિ ચાહક

સાભાર ધન્યવાદ

આ પ્રકાશન પ્રકાશિત કરવામા મોરબીનિવાસી બહેનો તથા ભાઈઓએ પ્રથમથી અમુક અમુક પ્રતના ગ્રાહક બનીને જે સહકાર આપેલ છે તે બદલ તેમને હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે આ પુસ્તકનું જે મૂલ્ય રાખવામા આવેલ છે, તે પણ જ્ઞાન ખાતે જ વપરાશે. મતલબ એ છે કે આવા જ આધ્યાત્મિક પુસ્તકો પ્રગટ કરવામા તેનો સદુપયોગ કરવામાં આવશે. એવી ભાવના હૃદયે વસેલ છે. માટે ગુણશીલ મહાનુભાવો આ પ્રકાશનને આનંદભેર અપનાવી સ્વવિકાસ સાધશે તો શ્રમ સાર્થક થશે. સર્વ-જનોને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાઓ, એ જ મંગલ કામના દિલમા રાખીને વિરમું છુ. સર્વેજના: સુખી ભવન્તુ

પ્રેસ માલિક પોપટભાઈએ જે ખંત, લાગણી અને ધાર્મિક પ્રેમ સહિત, સેવાભાવે સુંદર અને શુદ્ધ છાપકામ સત્વર કરીને સેવા બજાવી છે તે બદલ તેમનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામા આવે છે. ભવિષ્યમા પણ પ્રસંગ આવ્યે એવા જ પ્રેમથી ભક્તિભાવ સહિત સેવા કરવા તત્પર રહેશે એવી આશા સેવીએ છીએ

વિશ્વ વિદ્યાલય હાઈસ્કૂલ (અસારવા, અમદાવાદ)ના પ્રિન્સિપાલ પરમાર્થી શ્રી નારાયણભાઈ જે. પટેલ કે જેમણે પુસ્તક છાપવાના સર્વ કામની જવાબદારી લઈને દરેક કાર્ય કાળજીપૂર્વક, ખંત અને ધર્મ-પ્રેમથી સેવા ભાવે કરેલ છે તે સેવા. જે અભેદભાવે તેમણે બજાવી છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી તેઓ આવા પરમાર્થિક કાર્યો કરીને ઉત્તરોત્તર સ્વવિકાસ સાધે. તેઓએ જે નિ:સ્વાર્થભાવે સેવા કરી છે તે માટે તેમનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે.

લિ કુમારી રંજનદેવી શ્રોફ

ॐ श्री पार्श्वनाथाय नम

આત્મજ્ઞાન પ્રવેશિકા

પાઠ ૧ લો

આત્મા છે

આત્મા છે એ વાત ચોક્કસ છે હું છું કે કેમ ? આ શંકાને જે જાણે છે તે જ આત્મા છે આત્મા અરૂપી વસ્તુ છે તેથી જેમ આંખો વડે બીજી વસ્તુઓ આપણે જોઈ શકીએ છીએ તેમ આત્મા જોઈ શકાતો નથી આત્મામા કોઈ પણ જાતનુ રૂપ કે આકાર નથી, છતા આત્મા એક વસ્તુ તો છે જ

આત્મામા ગુણો છે, તે ગુણો વડે આત્મા 'છે' એમ આપણે જાણી શકીએ છીએ ઉપયોગ એ આત્માનો મુખ્ય ગુણ છે ઉપયોગ બે પ્રકારનો છે એક જ્ઞાન ઉપયોગ, બીજો દર્શન ઉપયોગ જ્ઞાન ઉપયોગ વડે આપણે વસ્તુને જાણી શકીએ છીએ અને દર્શન ઉપયોગ વડે પદાર્થને જોઈ શકીએ છીએ આ જાણવુ અને જોવુ તે આત્માના ગુણો છે

આત્માનો અનુભવ થાય છે આત્મા જ આત્માને જાણે છે દુનિયાના બીજા કોઈ પદાર્થો આત્માને જાણી શકતા નથી જે આત્મા આ વિશ્વને જાણી શકે છે તેને જાણનારો કોણ હોઈ શકે ? તેને જે જાણે તે આત્મા જ છે

આત્મા હોય તો શરીર હાલી ચાલી શકે, મુખ બોલી શકે, કાન સાંભળી શકે, નાક સૂંઘી શકે, જીભ સ્વાદ લઈ શકે, ટાઢ, તાપ આદિ શરીર જાણી શકે. મન વિચારી શકે અને સુખદુઃખાદિ જાણી શકે.

આત્મા ન હોય તો સુખદુઃખ જાણી ન શકાય, મન વિચાર ન કરી શકે. મુખ બોલી ન શકે, નાક સુગંધ ન લઈ શકે. જીભ સ્વાદ ન લે, શરીર હાલીચાલી ન શકે, કાન સાભળી ન શકે, આત્મા વિનાનું શરીર મડદું કહેવાય, સચેતન દશા અને લાગણીઓ આત્માની હૈયાતીને જ આભારી છે.

જ્યારે સર્વ વિકલ્પો દૂર થાય છે અને સ્થિર થાય છે ત્યારે જે અનુભવ થાય છે, જે સ્થિતિ હોય છે તે આત્માનો શુદ્ધ સ્વભાવ છે. તે આત્માની સ્વરૂપસ્થ દશા છે આ સ્થિતિમાં જેમ વધારે વખત રહેવામા આવે છે, તેમ તેમ આત્માની મહાન શક્તિઓ પ્રગટ થતી આવે છે, તેની લાયકાતમાં વધારો થતો રહે છે. આત્મા દેહમાં રહેલો છે એ દૃષ્ટિએ આપણે વિચાર કરીએ તો આત્મા દેહ પ્રમાણે છે. આત્મા જ્ઞાનસ્વરૂપે છે એ અપેક્ષાએ વિચાર કરીએ તો વિશ્વવ્યાપક છે. શુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ આત્મા લાંબો નથી, ટૂંકો નથી, હલકો નથી, ભારે નથી, કોઈ જાતના તર્કવિતર્કથી આત્મા જાણી શકાતો નથી.

ઈન્દ્રિયોના વિષયોની ક્રિયા અને મનના વિકલ્પો શાંત થતા આત્માકારે આત્મઉપયોગ પરિણમતાં આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે. અનુભવાય છે.

પાઠ પહેલાના સારાંશ પ્રશ્નો

આત્મા છે ૧ આત્મામા ગુણો છે ૨ આત્માદેહ પ્રમાણે છે ૩ આત્મા વિશ્વવ્યાપક છે ૪ આત્માનો અનુભવ થાય છે ૫ શિક્ષકે આ મુદ્દાઓ ઉપર વિશેષ વિવેચન કરી વિદ્યાર્થીને સમજાવવુ

પાઠ ૨ જો

દેહમા આત્મા છે

જેમ અરણિના લાકડામા અગ્નિ રહેલો છે, દહીમા ઘી રહેલુ છે, તલમા તેલ રહેલુ છે, પુષ્પમા સુગધ રહેલી છે, જમીનમા પાણી રહેલુ છે, તેમ શરીરમા જીવ રહેલો છે જેમ પાંજરાથી પાંજરામા રહેલુ પક્ષી જુદુ છે, ઝાડથી ઝાડ ઉપર રહેલુ પક્ષી જુદુ છે, અગરખાથી અગરખુ પહેનાર જુદો છે, તેમ દેહથી આત્મા જુદો છે

દેહધારી આત્મામા ન કોચ વિકાસવાળો ગુણ છે તેને લઈને જીવ કેટલો મોટો કે કેવડો નાનો છે તે કહી શકાતુ નથી જે દેહમા જીવ રહેલો છે, તે દેહ પ્રમાણે જીવ કહેવાય છે જેમ શરીર વધતુ જાય છે તેમ જીવ વિકાસ પામતો જાય છે, અને શરીરના ભાગોમા વ્યાપી રહે છે શરીર દુર્બળ થતા કે હાથ, પગ કપાઈ જતા તે જીવના પ્રદેશો સકોચાઈ જાય છે

દીવાનો પ્રકાશ ખુલ્લો હોય તો તે આખા ઘરમાં પથરાઈ રહેશે- પણ જો તે દીવા ઉપર એક વાસણ ઢાંકવામાં આવે તો તેનો પ્રકાશ તેટલા જ ભાગમાં સંકોચાઇને સમાઈ રહેશે. આ પ્રમાણે કર્મના બંધનમાં બંધાયેલા સંસારી જીવે જે દેહ ધારણ કરેલો હોય છે તેટલા પ્રમાણમાં તે સમાઈ રહે છે. હાથીના શરીરમાં રહેલો જીવ હાથી પ્રમાણનો પ્રદેશ રોકીને રહેશે અને કીડીના શરીરમાં રહેલો જીવ તેટલો જ વિભાગ રોકીને રહી શકશે. વળી સુખદુઃખનો અનુભવ પણ તેટલા જ વિભાગમાં થશે. જો દેહથી બહારના વિશેષ વિભાગમાં આ જીવની હૈયાતી હોય તો તે સ્થળે ટાઢ, તાપ, સુખ, દુ.ખ આદિનો અનુભવ પણ આ જીવને થવો જોઇએ. પણ તેમ થતું નથી. વળી સુખી થવા માટે અથવા મોક્ષ મેળવવા માટે પ્રયત્ન પણ આ દેહની અંદર રહીને જ કરવામાં આવે છે અને સુખ, શાંતિ, દુઃખ કે જ્ઞાનનો અનુભવ પણ આ દેહની અંદર રહેલ આત્માને જ થાય છે. માટે આત્મા દેહ પ્રમાણે છે.

કર્મોનું બંધન છૂટી જતાં દીવાના પ્રકાશની માફક તે કેવડો મોટો છે, તેનું માપ કાઢી શકાતું નથી, એટલે જ જ્ઞાનરૂપ શક્તિની અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક માનવામાં આવે છે.

બીજા પાઠના સારાંશ પ્રશ્નો :

દેહમાં આત્મા છે. ૧. આત્મામાં સંકોચ વિકાસ ગુણ છે. ૨. સુખદુઃખનો અનુભવ દેહમાં થાય છે. ૩. દેહથી આત્મા જુદો છે. ૪. આ સર્વ અપેક્ષાઓ શિક્ષકે સમજાવવી.

પાઠ ૩ જો

આત્મા નિત્ય છે કે અનિત્ય ?

આત્માની ઉત્પત્તિ થતી નથી તેથી તે અનાદિ કહેવાય છે તેમ આત્માનો નાશ થતો નથી એટલે તે અવિનાશી છે જેમ માટીમાથી માટીના ઘડાની ઉત્પત્તિ થાય છે તેમ તેનો નાશ પણ માટીમા થાય છે એટલે ઘડો ફૂટીને પાછો માટીમા મળી જાય છે તેમ આત્મની ઉત્પત્તિ ક્યારે થઈ અને શેમાથી થઈ તે કહી શકાતુ નથી આત્માનો ઉત્પત્તિનુ ઉપાદાન-મૂળ કારણ કોઈ ન હોવાથી આત્મા નાશ પામીને પાછો કોના અદર મળી જાય ? જેમાથી જેની ઉત્પત્તિ તે તેનુ મૂળ કારણ કહેવાય છે ઘડાનુ મૂળ કારણ માટી છે તેમ આત્માની ઉત્પત્તિ થવાનુ મૂળ કારણ કોઈ ન હોવાથી આત્માને અક્ષર, અવિનાશી, ધ્રુવ, નિત્ય અવિચળ ઇત્યાદિ નામોથી કહેવામા-વર્ણન કરવામા આવે છે

આ મૂળ દ્રવ્યની અપેક્ષાએ આત્માને નિત્ય કહેવામા આવે છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય કહેવામા આવે છે ગુણની અપેક્ષાએ આત્મામા ગુણનો પ્રગટ અને તિરોભાવ બન્યા કરે છે આત્મામા ગુણ અને પર્યાય છે તે આગળ કહેવામા આવશે તે બરાબર સમજવાથી આત્મા નિત્યાનિત્ય છે તે બરાબર સમજી શકાશે

આત્મા જે મૂળ વસ્તુ છે તેને દ્રવ્ય કહે છે, તેની સાથે ગૌણ કે પ્રગટપણે જે નિરંતર રહે છે તે ભાવને ગુણ કહે છે અને અનુક્રમે ઉત્પન્ન થઈને બદલાયા કરે તેને પર્યાય કહે છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશક્તિ, અવ્યાબાધપણું, અગુરુલઘુ, સાદી અનંત સ્થિતિ અને અરૂપીપણું તે આઠ આત્માના ગુણો છે. આઠ કર્મના નષ્ટ થવાથી આ આઠ ગુણો ઉત્પન્ન થાય છે અર્થાત્ પ્રગટ થાય છે. તે આત્માની સાથે જ રહે છે. કર્મના આવરણોને લઈને તે ગુણો દબાઈ જાય છે. આત્મા ઉપરથી કર્મના આવરણો દૂર થતાં આ ગુણો પ્રગટ થાય છે. સર્વથા કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી આ પ્રમાણે આવરણોને લઈને આત્માના ગુણોનું ગૌણપણું અને આવરણો દૂર થવાથી આત્માના ગુણોનું પ્રગટ થવાપણું થયા જ કરે છે. છતાં તે ગુણો નિરંતર આત્માની સાથે જ રહે છે. જ્ઞાનાદિ ગુણો બહારના કોઈ પણ સ્થળેથી આવતા નથી. જે આત્મમાં ન હોય તે બહારથી આવે એ સંભવે જ નહિ. આત્માની અનંત શક્તિઓ આત્માની જ છે. આત્મામાં જ રહેલી છે. આવરણો દૂર થતાં સત્તામાં દબાઈ રહેલી શક્તિઓ પ્રગટ થાય છે. આ ગુણ કહેવાય છે. આત્માને અને આ ગુણોને સમવાય-તદ્રૂપ સંબંધ છે—અભેદ સંબંધ છે.

પર્યાયો અનુક્રમે થાય છે અને તે બદલાયા કરે છે. ઉપયોગ વારંવાર બદલાય છે તે આત્માના પર્યાય કહેવાય છે. આત્માનો ધર્મ જાણવાનો અને જોવાનો છે. જ્યારે

જાણવાનો ઉપયોગ હોય ત્યારે જોવાનો ઉપયોગ હોતો નથી અને જ્યારે જોવાનો ઉપયોગ હોય ત્યારે જાણવાનો ઉપયોગ મુખ્ય રૂપે હોતો નથી બન્નેની સત્તા ગતિ શકિત તો સાથે જ હોય છે જ્ઞાનમા ઉપયોગ હોય તે બદલાય ત્યારે દર્શનમા ઉપયોગ હોય છે, દર્શનનો ઉપયોગ બદલાય ત્યારે જ્ઞાનમા ઉપયોગ હોય છે આમ જોવા અને જાણવામા ઉપયોગ અનેક આકારો ધારણ કરે છે અને મૂકે છે આમ ઉપયોગનુ વારવાર બદલાવાનુ થાય છે તે પર્યાય છે

આ પર્યાયોની અપેક્ષાએ આત્મા અનિત્ય છે પર્યાયો બદલાવા છતા દરેક પર્યાયમા આત્માની જ સત્તા-હૈયાતી છે તે મૂળ દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે

એક સોનાની માળા ભાગીને તેનુ કડુ બનાવ્યુ, આ માળા ભાગી કડુ બન્યુ, માળાનો નાશ થયો, કડુ ઉત્પન્ન થયુ, છતા સોનુ બને સ્થાને કાયમ છે આ સોનાના પર્યાયો બદલાયા અને સોનુ કાયમ રહ્યુ તેમ આત્માના અમુક ઉપયોગરૂપે એક પર્યાયનો નાશ થાય છે, બીજા ઉપયોગપણે ઉત્પત્તિ થાય છે, છતા બન્ને પ્રસગમા આત્માનુ હોવાપણુ બન્યુ રહે છે આ પ્રમાણે દ્રવ્યની અપેક્ષાએ આત્માનુ અમરપણુ અને પર્યાયની અપેક્ષાએ વિનાશીપણુ બને છે, પણ આત્માનો નાશ થતો નથી

પા૦ ત્રીજાના સામાન્ય પ્રશ્નો

આત્માની ઉત્પત્તિ થતી નથી ૧ નાશ થતો નથી ૨

આત્માના ગુણો આત્મા સાથે હોય છે. ૩. આત્માના પર્યાયો અનુક્રમે થાય છે. ૪. આત્માની અમરતા. ૫. પર્યાયોની અપેક્ષાએ અનિત્યતા છે. ૬. શિક્ષકે આ પ્રશ્નોનું વિવેચન કરીને સમજાવવું.

પાઠ ૪ થો

પહેલું કર્મ કે આત્મા ?

પહેલું કર્મ હશે કે પહેલો જીવ હશે ? આ શંકા ઘણા જીવોને થાય છે. જો પહેલો જીવ હતો એમ માનીએ તો શુધ્ધ જીવને કર્મ શા કારણથી વળગ્યાં ? આત્માને પ્રવૃત્તિ કરવાનું શું કારણ મળ્યું કે તેનાથી કર્મ ઉત્પન્ન થઈ ને તેને વળગ્યાં ? પ્રથમ કર્મ હતાં, એમ માનીએ તો જીવ વિના કર્મ કોણે ઉત્પન્ન કર્યાં કે તે આત્માને વળગ્યાં ? અથવા જીવને કોણ ઉત્પન્ન કર્યો કે તેને કર્મ વળગ્યાં ? તેમજ જડ સ્વભાવવાળાં કર્મ સ્વભાવિક રીતે જીવને કેમ ચોંટી પડે ? વળી કર્મમાં જીવને વળગવાનો જ સ્વભાવ હોય તો શુદ્ધ થયેલા પવિત્રાત્માને પણ તે વળગી પડવાનાં જ. કેમકે કર્મમાં જીવને વળગવાનો સ્વભાવ છે. અને જો તેમ થાય તો અનેક જિંદગીઓ પર્યન્ત મહેનત કરી અનેક પ્રકારનાં તપ, જપ, જ્ઞાન, ધ્યાનાદિ વડે કર્મમાં નાશ કરી, આત્માની શુદ્ધિ થવાથી મહેનત બધી નકામી જ થવાની.

આ પ્રમાણે વિચાર કરતા કોઈ પણ રીતે પ્રથમ આત્માને કે પ્રથમ કર્મને માનવાથી સમાધાન થઈ શકતુ નથી

આ પ્રશ્ન, પ્રથમ ઇંડુ કે પ્રથમ કુકડી ? પ્રથમ સ્ત્રી કે પ્રથમ પુરૂષ ? પ્રથમ દિવસ કે રાત્રિ ? આ પ્રશ્નોના જેટલો જ એ પ્રશ્ન ઉકેલવાનો ગહન થઈ પડે છે આ પ્રશ્નોમા 'પહેલુ આ' અને 'પછી આ' એ જેમ કહી શકાતુ નથી, તેમ કર્મ પહેલા કે આત્મા પહેલો એ પણ કહી શકાતુ નથી

મહાન પુરુષો કહે છે કે આ ગહન પ્રશ્નોનો નિર્ણય કરવામા તમારી જિંદગી ચાલી જશે પણ તમને સતોષ કારક ઉત્તર નહિ જ મળે છતા આટલી હકીકત તમા રાથી સમજી શકાય તેવી છે કે તમે બધાયેલા છો, તમારુ ધાર્યું કઈ થઈ શકતુ નથી અશાતિ વારવાર તમને હેરાન કરે છે આ બાબતોને તમે દૂર કરી શકો તેમ છો ને માટે મહેનત કરવાથી શાંતિ મળે છે જો આમ છે તો પહેલુ કોણ તે ભલે તમને ન સમજાય તોપણ તો જેમ મહેનત કરીને સોનાને માટીથી દૂર કરી શકો છો તેમ તમારા આત્માને આ કર્મ ઉપાધિથી અલગ કરી શકશો. જેમ સોનુ માટીની સાથે મળી રહેલુ ખાણુ માથી નીકળે છે, આ સોનુ માટીના સાથે ક્યારે મળ્યુ તે સમજી કે કહી શકાતુ નથી છતા ધમણથી ધમવા આદિ સાધનો મેળવીને તમે સોનાને માટીથી અલગ કરી શકો છો તેમ આત્માને પણ આ કર્મ ઉપાધિથી અલગ કરી શકશો આ ઉપરથી સમજવાનુ એ કે પહેલુ કર્મ કે પહેલો આત્મા, એનો નિશ્ચય તમે અત્યારે ન કરી

શકો છતાં આત્માથી કર્મોને તો અલગ કરી શકો તેમ છો. તેને માટે અલગ થવાના ઉપાયો જ્ઞાની પુરુષોએ પોતાનો અનુભવ કરીને બતાવ્યા છે. તેનો ઉપયોગ કરવો જોઈએ.

આ સ્થળે કર્મોને વિશેષ પોષણ શાથી મળે છે તે, અને કર્મો આત્માથી અલગ શા કારણથી થાય છે, આ બન્ને ઉપાયો જાણવાની જરૂર છે, આ હકીકત આગળ આવશે.

પ્રથમ કર્મ કે આત્મા, આ પ્રશ્નના સંબંધમાં જ્ઞાની પુરુષોનો ઉત્તર એ છે કે તે બન્ને શાશ્વત છે, અનાદિ છે. છતાં તે કર્મમાં એવી યોગ્યતાવાળાં બીજ રહેલાં છે કે અમુક પ્રકારના પ્રયત્નથી તે આત્માથી અલગ થઈ જાય છે. માટે તે ઉપાયો કામે લગાડવાની જરૂર છે.

પાઠ ચોથાના સારાંશ પ્રશ્નો

પહેલું કર્મ કે પહેલો આત્મા ? ૧. આત્માથી કર્મો અલગ થઈ શકે છે. ૨. પ્રથમ કર્મ કે આત્માના સંબંધમાં જ્ઞાની પુરુષોનો ખુલાસો ? ૩. કર્મમાં આત્માથી દૂર થવાની યોગ્યતા છે ? ૪. ઉપાયથી કર્મ દૂર થાય છે.

પાઠ ૫ મો

આત્મા સાથે કર્મના પુદ્ગલોનો સંબંધ

આત્મા પોતાનું ભાન ભૂલી, પોતાના સ્વભાવમાંથી મન વડે, વચન વડે અને શરીર વડે રાગદ્વેષવાળી પ્રવૃત્તિ કરે છે તે વખતે, લોહું જેમ લોહચુંબક તરફ આકર્ષાય છે તેમ, આ જગતમાં સર્વત્ર ભરેલા પુદ્ગલ પરમાણુઓ માંથી પોતાની લાગણીને લાયકના કર્મરૂપ પુદ્ગલો પોતા તરફ આકર્ષે છે અને તીવ્ર કે મંદ લાગણીના પ્રમાણમાં તે પુદ્ગલોનું આત્મપ્રદેશ સાથે જોડાણ કરે છે

આ રાગદ્વેષવાળી લાગણીઓના ચાર વિભાગો પડે છે એક વિપરીત પ્રવૃત્તિવાળી લાગણી જેને મિથ્યાત્વ કહેવામાં આવે છે તેને લઈને જે વસ્તુ આત્મા નથી, તેમાં આત્માની લાગણી થાય છે જે વસ્તુ અનિત્ય છે, અસાર છે, તેમાં નિત્યપણાની, સારપણાની લાગણી થાય છે અપવિત્રમાં પવિત્રતાની લાગણી થાય છે આ મિથ્યાત્વની લાગણી આત્મભાન બહુ જ ભૂલાવે છે અને પુદ્ગલ જે જડ પદાર્થો છે તે દેહાદિમાં સત્યતાની, નિત્યતાની, સારપણાની—ને પવિત્રતાની બુદ્ધિ ધારણ કરાવે છે સત્ય, નિત્ય, સારભૂત અને પવિત્ર તો આત્મા જ છે તેને બદલે જડ પદાર્થમાં તેવી લાગણી અને પ્રવૃત્તિ થવી તેને મિથ્યાત્વ કહે છે ૧.

પુદ્ગલોનો આત્મા સાથે સંબંધ જોડનાર બીજી લાગણી અવિરતિ નામની છે. અવિરતિનો ટૂંકો અર્થ ઇચ્છાઓને છૂટી મૂકવી. આત્માની શક્તિ મેળવવાની ઇચ્છાને બદલે પુદ્ગલો મેળવવાની ઇચ્છા કરવી, આત્મશક્તિનો ઉપયોગ આત્માના આનંદ માટે ન કરતાં પુદ્ગલો મેળવવા અને પુદ્ગલોનાં સુખ ભોગવવા માટે કરવો. ઇંદ્રિયોના વિષયોને જ પોષણ મળે તે તરફ આત્મશક્તિના ઉપયોગને વહેવરાવ્યા કરવો તે અવિરતિ. તેથી પુદ્ગલોનો આત્મા સાથેનો સંબંધ વધારે વધતો જાય છે. ૨.

આત્મા સાથે કર્મના પુદ્ગલોનો સંબંધ વધારનાર ત્રીજી લાગણી કષાયોની છે, ઇંદ્રિયોને પોષણ આપવા-વિષયો મેળવવા માટે ક્રોધનો, માનનો, માયાનો અને લોભનો ઉપયોગ કરવામા આવે છે. આ ચારને કષાય કહે છે. કોઈ પ્રસંગે આ વિષયો મેળવવા માટે, કોઈ વખતે તેનું રક્ષણ કરવા માટે, અથવા પોતાના કે પરના સંબંધમાં આ જડ પુદ્ગલોનો ઉપયોગ કરનારા પ્રસગમાં આ ચાર કષાયોમાથી કોઈ પણ કષાયવાળી લાગણીની મુખ્યતા હોય છે. આ કષાયવાળી લાગણીઓ પુદ્ગલોનો આત્મા સાથે સંબંધ વિશેષ દૃઢ કરાવે છે અને ટકાવી રાખે છે. ૩.

ચોથી લાગણી કર્મ પુદ્ગલોનો સંબંધ જોડનારી મન, વચન,શરીરની પ્રવૃત્તિની છે.તે લાગણી રાગ ઉત્પન્ન કરાવીને કે દ્વેષ કરાવીને, પોતાને માટે કે પરને માટે પણ તે ત્રણ

અનાદિની પ્રવૃત્તિ પુદ્ગલોનો સંચય કરાવે છે તે પુદ્ગલો શુભ પણ હોય અને અશુભ પણ હોય છતાં બન્ને બંધન રૂપ તો છે જ

આ ચાર પ્રયત્નોમાં મિથ્યાત્વની લાગણી સર્વ કરતાં પુદ્ગલોનો આત્મા સાથે વિશેષ સબંધ કરાવે છે અને ટકાવી પણ રાખે છે ખરી રીતે તપાસો તો માલૂમ પડશે કે જેમ ઝાડને ટકાવી રાખનાર અને પોષણ આપનાર તેના મૂળ છે, તેમ આ કર્મોને ટકાવી રાખનાર અને પોષણ આપનાર આ મિથ્યાત્વની લાગણી છે મિથ્યાત્વની લાગણી ન હોય તો અવિરતિ-ઈચ્છાની લાગણી તેથી ઓછો કર્મ સંગ્રહ કરાવે છે મિથ્યાત્વ અને અવિરતિ તે બન્ને લાગણી ન હોય તો કષાયની લાગણી તેથી પણ ઓછો સંગ્રહ કરાવે છે અને ઉપરની ત્રણે લાગણી ન હોય તે પ્રસંગે અનાદિ ત્રણની લાગણી ઘણો જ થોડો કર્મબંધ કરાવે છે આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે આત્મભાન ભૂલવું તે મિથ્યાત્વ ઈચ્છાઓને કબૂમાં રાખવાનો નિયમ ન કરવો તે અવિરતિ રાગદ્વેષવાળી પ્રવૃત્તિ તે કષાય, અને મન, વચન, શરીરની સામાન્ય પ્રવૃત્તિ તે યોગ. કોઈ વખત એક, કોઈ વખતે બે, કોઈ વખતે ત્રણ અને કોઈ પ્રસંગે ચાર જાતની લાગણીઓ એકસાથે હોય છે

આ ચાર કારણો વડે ગ્રહણ કરાયેલા કર્મપુદ્ગલોનો આત્માની સાથે સબંધ થાય છે તે સબંધ તે તે કારણો વડે

વૃદ્ધિ પામે છે અને નિમિત્તની પ્રબળતાથી લાંબા વખત સુધી ટકી રહે છે.

પાંચમા પાઠના પ્રશ્નો

કર્મોનું આકર્ષણ શાથી થાય? ૧. મિથ્યાત્વ એટલે શું? ૨. અવિરતિ એટલે શું? ૩. કષાય એટલે શું? ૪. યોગ એટલે શું? ૫. કર્મો ઓછાં શાથી ગ્રહણ કરાય? ૬. કર્મો શા કરણથી ટકી રહે?.

પાઠ છઠ્ઠો

ક્રિયા વડે કરાય તે કર્મ

મિથ્યાત્વ, અવિરિત, કષાય અને મનોદિયોગનાં નિમિત્તને પામીને જીવ વડે જે ક્રિયા કરાય તે કર્મ કહેવાય છે. જીવ ને આત્મા એ એક વસ્તુનાં બે નામ છે. કર્મ આઠ ભાગમાં વહેંચાય છે. જ્ઞાનાવરણીય ૧. દર્શનાવરણીય ૨. વેદનીય ૩. મોહનીય ૪. આયુષ્ય ૫. નામ ૬. ગોત્ર ૭. અંતરાય ૮. આ આઠ કર્મો છે. તેના પેટા ભેદો એકસો અઠ્ઠાવન છે. આત્મા અજ્ઞાન દશામાં આ આઠ કર્મ બાંધે છે.

આત્માની જ્ઞાનશક્તિને જે દબાવી દે તે જ્ઞાનાવરણીય કર્મ. ૧. આત્માની દર્શન શક્તિ....જોવાની શક્તિ—ને જે દબાવે તે દર્શનાવરણીયકર્મ. ૨. આત્માની અવ્યાબાધ-કોઈ

પ્રકારે કોઈથી બાધા, પીડા ન થાય તે શક્તિને ઢાંકી દે તે વેદનીય કર્મ ૩ આત્માના અનંત આનંદને આવરે તે મોહનીય કર્મ ૪ આત્માની એક સ્વરૂપમાં રહેવા રૂપ અક્ષય અનંત સ્થિતિને આવરણ કરે તે આયુષ્ય કર્મ ૫ આત્માના અરૂપિ ગુણને ઢાંકે તે નામ કર્મ ૬ અગુરુ લઘુ (હળવો નહિ અને ભારે પણ નહિ) રૂપ આત્માની સ્વભાવ સિદ્ધ સ્થિતિને આવરે તે ગોત્ર કર્મ ૭ આત્માની અનંત બળ શક્તિને દબાવે તે અંતરાય કર્મ ૮ આ પ્રમાણે આઠ કર્મના સ્વભાવ છે સુખદુઃખાદિ વિવિધ પ્રકારની સારી ખોટી શક્તિઓનો આ કર્મોની અંદર સમાવેશ થાય છે

ઉપર બતાવેલા નિમિત્તોની મદદથી આત્મા જુદી જુદી પ્રવૃત્તિ કરીને જુદાં જુદાં કર્મોનાં આવરણો ઉત્પન્ન કરે છે જેમ કે જ્ઞાનવાળા કે દર્શનવાળા જીવોને જ્ઞાન દર્શન પ્રગટ થવાના કારણોમાં વિઘ્ન કરવાથી, તેની નિંદા કરવાથી, આશાતના કરવાથી, તેમનો ઘાત કરવાથી કે તેઓના ઉપર દ્વેષ કે મત્સર કરવાથી આત્મા જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મ બાંધે છે ૧-૨

દેવની પૂજા કરવાથી, ગુરુની સેવા કરવાથી, દયા રાખવાથી, ક્ષમા કરવાથી, ગૃહસ્થધર્મનાં અણુવ્રતો પાળવાથી, રાગભાવે મહાવ્રતો આદરવાથી, ધર્મને અર્થે કષ્ટ સહન કરવાથી, આત્મજાગૃતિ વિના ઓઘ સંજ્ઞાએ ધર્મ માર્ગે ચાલવારૂપ અકામનિર્જરા કરવાથી આત્મા સાતાવેદનીય (સુખ પ્રાપ્ત કરાવનાર) કર્મ બાંધે છે ૩

અન્ય જીવોને દુઃખી કરવાથી જીવોનો વધ કરવાથી; જીવોને રોવરાવવાથી, રીબાવવાથી, સંતાપ દેવાથી, શોકમાં નાખવાથી, તથા પોતે પણ ઇષ્ટ વસ્તુના વિયોગને લઈને ઝૂરવાથી, શોક કરવાથી, આક્રંદ કરવાથી ઇત્યાદિ કારણોથી આત્મા દુઃખ આપનાર અસાતા વેદનીય કર્મ બાંધે છે ૩.

જ્ઞાની મનુષ્યના, જ્ઞાનના, સંઘના, ધર્મના અને દેવોના અવર્ણવાદ બોલવાથી, ધર્મી મનુષ્યોને દૂષણ આપવાથી, અસત્ય માર્ગનો પ્રચાર કરવાથી, ગુર્વાદિનું અપમાન કરવાથી, તીવ્ર મિથ્યાત્વના પરિણામથી અને અનર્થનો આગ્રહ કરવાથી દર્શન મોહનીય કર્મ આત્મા બાંધે છે. ૪.

ક્રોધ, માન, માયા—કપટ અને લોભના તીવ્ર ઉદયને આધીન થવાથી કામ વિકારને ઉશ્કેરે—ઉત્તેજિત કરે તેવી ચેષ્ટાઓ કરવાથી, હાંસી–મશ્કરી કરવાથી, બીજાના સુખનો નાશ કરવાથી, ખોટાં કાર્યોમાં બીજાને ઉત્સાહિત કરવાથી, પોતાના સ્વાર્થને ખાતર બીજાના મનને વશ કરવાથી, અન્યને ભય આપવાથી, શોક કે રુદન કરવાથી, બીજાને ડરાવવાથી, કોઈ વસ્તુને દેખી તેની દુર્ગંછા કરવાથી, આત્મા હાસ્ય, રતિ, અરતિ, ભય શોક અને દુર્ગંછા રૂપ છ પ્રકારની મોહનીય કર્મની પ્રકૃતિ બાંધે છે. ૪.

વિષય ભોગમાં બહુ આસક્તિ રાખવાથી ઈર્ષ્યાળુ સ્વભાવથી, જુઠું બોલવાથી, બહુ જ માયાવી–કપટી સ્વભાવથી, અર્થાત્ કપટ કરવાથી, અને પરસ્ત્રી લંપટતાથી આત્મા. સ્ત્રીનો જન્મ મળે તેવા સ્ત્રીવેદ કર્મનો બંધ કરે છે. ૪.

જુગાર ન રમવો, કામવાસનાને વિશેષ પોષણ મળે તેવા કામશાસ્ત્રાદિ ન વાચવા, ઘી, દૂધ, દહી, તેલ, ગોળ આદિના રસ ભરેલા વાસણો ઉઘાડા ન રાખવા કે જેમા પડીને જતુઓ મરણ પામે

આ અનર્થદડ વિરમણ વ્રત છે હિસાનુ પોષણ, વિષયને ઉત્તેજન, વેર-વિરોધનો વધારો, પ્રમાદને પોષણ અને વખતનો દુરુપયોગ ઇત્યાદિ દુર્ગુણો અટકાવવા તે આ વ્રતનો ઉદ્દેશ છે ૮

નવમા વ્રતમા ઓછામા ઓછા બે ઘડી-અડતાલીસ મિનિટ પર્યંત ધર્મધ્યાનમા બેસવાનો નિત્ય નિયમ રાખવો તેટલા વખતમા પરમાત્માનુ ધ્યાન કરવુ જાપ કરવો, સારા વિચારો કરવા, વગેરે આત્મા સબધી વિચારણાઓ કરવામા વખત પસાર કરવો આ વ્રતને સામાયિક વ્રત કહે છે આત્મજાગૃતિ રાખવી તે આ વ્રતનો ઉદ્દેશ છે ૯

દશમા વ્રતમા ચૌદ નિયમ ધારવા પૂર્વના વ્રતનો સક્ષેપ કરવો જે વ્રતો ઘણી છૂટછાટ સાથે કાયમ કે લાબા વખત માટે લીધેલા છે તે વ્રતોનો તે જ દિવસ માટે છૂટછાટ વિના ઘણા જ ટૂકાવિભાગમા પાળવા તે દેશાવકાશિક વ્રત કહેવાય ૧૦

અગિયારમા વ્રતમા આત્મજાગૃતિ વિશેષ વધે તે માટે ચાર પહોર કે આઠ પહોર પર્યંત ધર્મધ્યાનમા રહી રહેવાનો નિયમ લેવાનો છે તે આત્મભાવના વિશેષ વધવા માટે તેટલા વખતને માટે આહાર ત્યાગ રૂપ ઉપવાસ

કરવો. બ્રહ્મચર્ય પાળવું. ઘરના વ્યાપારનો ત્યાગ કરવો અને શરીર ઉપરનો મમત્વ દૂર કરવો. તેની શુશ્રુષા-શોભા ન કરવી. આ વ્રતને પૌષધ વ્રત કહે છે. ૧૧

બારમા વ્રતમાં પોતાની ન્યાય ઉપાર્જિત કમાણીમાંથી સાધુજીવન ગાળનાર સાધુ-સંતોને દાન આપવાનો નિયમ કરવો. ત્યાગમાર્ગમાં વિચરનાર જ્ઞાની પુરુષોનું પોષણ થાય અને તેમની સેવા-ભક્તિ દ્વારા પોતાનો ઉદ્ધાર થાય તેના સાધનરૂપ આ અતિથિસંવિભાગ વ્રત છે.

પરમાત્માના માર્ગમાં ઘણી ઝડપથી આગળ વધનાર ત્યાગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાને જેઓ અશક્ત છે, તેવા ગૃહસ્થોને માટે આ બાર વ્રત રૂપ માર્ગ ઘણો સુખે પ્રવૃત્તિ કરી શકાય તેવો છે.

સારાંશ પ્રશ્નો

દેશવિરતિ કોને કહેવી? અહિંસા વ્રત કોને કહેવું? ત્રસ અને સ્થાવર કોને કહેવા? સત્ય વ્રતમાં કોનો ત્યાગ કરવો? અદત્તાદાન વિરમણ એટલે શું? પાંચમા વ્રતમાં શું કરવાનું? અણુવ્રતો કેટલાં છે? ગુણવ્રતો એટલે શું! છઠ્ઠા વ્રતનો ઉદ્દેશ શું છે? સાતમાં વ્રતનો કોનો વિવેક કરવાનો? અનર્થદંડ એટલે શું? આઠમા વ્રતમાં ચાર ભાગો કયા? સામાયિકમાં વખત કેવી રીતે પસાર કરવો? સામાયિકનો ઉદ્દેશ શું છે? દશમા વ્રતમાં શું હકીકત આવે

છે ? પૌષધ શા માટે કરવો ? દાન કોને દેવુ ? દાન કેવુ દેવુ ? આ બાર વ્રતો કોને ઉપયોગી છે ?

પાઠ ૨૧ મો

પરમાત્માનુ સ્મરણ

હૃદયને પવિત્ર કરવા માટે પરમાત્માના પવિત્ર નામનુ વારવાર સ્મરણ કરવુ બહુ જરૂરનુ છે રાત્રિ અને દિવસના ભાગમા જેટલો વખત મળે તેટલો વખત જાપ કરવામા લેવો જોઈએ વિશેષમા રાત્રિનો પાછલો ભાગ જાપ કરવા માટે ઘણો સારો છે જાપ કરવાથી આપણે આપણા ઈષ્ટ-દેવનુ આપણા તરફ ધ્યાન ખેચીએ છીએ તેઓની કૃપાના પાત્ર થઈએ છીએ આપણને તેઓની મદદ ઘણી જરૂર છે આપણા આગળ વધવાના માર્ગમા આવતા વિઘ્નો તેઓ દૂર કરે છે આપણને ઉત્તમ માર્ગ બતાવે છે, આડે માર્ગે આપણે નીકળી જતા હોઈએ તો તેઓ આપણને સીધે માર્ગે દોરે છે કોઈ પણ પ્રકારની હલકી વાસના કે લાગણીમા દોરાઈ જતા હોઈએ, તો તેઓ આપણને અટકાવે છે, બુદ્ધિ નિર્મળ કરે છે

વારવાર જાપ કરવાથી હલકા વિચારો આપણી આગળ આવતા નથી આપણુ મન બીજા કામોમા ભટકતુ અટકી

જાય છે. જાપ કરવાથી પવિત્ર પરમાણુઓ આપણી તરફ ખેંચાઈ આવે છે, આપણી આજુબાજુનું વાતાવરણ પવિત્ર બને છે, આપણું પુન્ય વધે છે, પાપ ઘટે છે, શરીરના પરમાણુઓ પણ પવિત્ર બને છે, આપણા સંકલ્પો સિદ્ધ થાય છે, પ્રતિકૂળતાઓ દૂર થાય છે, અનુકૂળતાઓ આવી મળે છે આગળ વધવાના અધિકારી થઈએ છીએ લોકોને પ્રિય થઈએ છીએ, વ્યવહારની મૂંઝવણ ઓછી થાય છે. લાંબા વખતે વચનસિદ્ધિ થાય છે, આપણે જે બોલીએ તે પ્રમાણે થાય છે. આ સર્વ પરમાત્માના નામનું વારંવાર સ્મરણ કરવાથી થાય છે.

પરમાત્માનું સ્મરણ કરતાં બીજા વિચારોમાં મનને જવા દેવું ન જોઈએ. જાપ સિવાય બીજે કોઈ સ્થળે મન ન જાય ત્યારે જ તેનું ફળ મળે છે. નહિતર આપણા જાપની શક્તિ વિખરાઈ જાય છે, બીજા કામમાં વહેંચાઈ જાય છે. ખેડૂત જેમ બીજ વાવ્યા પછી તે ખેતરમા બીજા નકામા ઘાસઆદિ ઊગી ન નીકળે તે માટે કાળજી રાખે છે. ઊગ્યા વગર તો રહેતા નથી, પણ તે ભલો ખેડૂત તે નકામા ઘાસ કે કાંટાળા છોડવાને ઉખેડી નાખીને પોતે જે બીજ વાવ્યું છે, તેને જ ખેતરમાથી મળતું પોષણ લેવા દે છે. તેથી તે બીજ ઘણા સારા પ્રમાણમા ઊગી નીકળે છે. અને વિશેષ પાક ખેતરમાંથી આવે છે. એ જ પ્રમાણે આપણે જે ઉદ્દેશથી પરમાત્માનું સ્મરણ કરીએ તે ઉદ્દેશને જ બધી શક્તિ આપણા જાપથી મળે તેટલા માટે બીજા નકામા વિચારોને

ફ્રાક્રતુ ઘાસની માફક નિંદી નાખવા જોઈએ જેથી આપણી મહેનતનુ બધુ બળ એકવા જાપને જ મળે, અને તેમાથી ઉત્પન થયેલા મીઠા ફળોનો આપણે ઉપયોગ કરીએ

જાપ કરવાનો આપણો મુખ્ય ઉદ્દેશ એ હોવો જોઈએ કે 'હે પરમાત્મા! હુ જે આ જાપ કરુ છુ તેથી મારુ મન નિર્મળ થાઓ, મારુ જીવન પવિત્રપણે પસાર થાઓ, મારો વ્યવહારમાર્ગ નિર્દોષપણે ચાલો, મારી મલિન વાસનાઓ શાત થાઓ, મને મારા કર્તવ્યનુ નિરતર ભાન બન્યુ રહે મારી પ્રવૃત્તિ પરમાત્મા તરફની થાઓ, ઉદય આવતા સુખ-દુઃખને હુ નિર્દોષપણે ભોગવી શકુ એ બળ આપો, નવીન બધનો મને ન થાઓ, મારો આત્મવિકાસ થાઓ એ માટે મને જરૂરના સાધન પ્રાપ્ત થાઓ, આત્માની તમામ શક્તિઓ પ્રગટ થાઓ, આત્મ શાતિની પ્રાપ્તિ અર્થે જ હે પરમાત્મા, હુ નિર્મળ ભાવે પ્રાર્થના કરુ છુ હે દયાનિધે, એ કાર્યમા તમે મને મદદગાર રહો ! ! !'

આવા પ્રબળ ભાવપૂર્વક ભાવના કરીને, આવી પ્રાર્થના પરમાત્મા તરફ લાગણી પૂર્વક કર્યા પછી જાપ શરૂ કરવો આ ભાવના વાર વાર આ રસ્તા હૃદયમા વાસ કરી રહેવી જોઈએ કોઈ પણ ઉદ્દેશ વિના કરેલો જાપ મૂળ ના જેવો ગણાય છે

પોતાના ઉદ્દેશ જે હોય તે પૂર્ણ છે, પવિત્ર છે અને મને આગળ વધારવામા મદદગાર થઈ શકે છે મને

મદદગાર થશે જ, આવી શ્રદ્ધા તેમના ઉપર હોવી જ જોઇએ. તેનાં નામો ગમે તે હો, તે સાથે વિવાદ કરવાની જરૂર નથી. આપણી તેના તરફ જેવી ભક્તિ કે લાગણી હોય તેના પ્રમાણમાં આપણને તેમના તરફથી લાભ મળી શકે છે. નમસ્કાર મંત્ર બહુ ઉપયોગી છે. તેનો જાપ કરવો જોઈએ.

नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं,
नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं.

આ નમસ્કાર મંત્ર છે. આની સાથે નવપદનો જાપ કરવામાં ચાર પદ બીજાં જોડવાં હોય તો જોડી શકાય છે. જેમ કે :

नमो दंसणस्स, नमो नाणस्स. नमो चारित्तस्स, नमो तवस्स.

આ મંત્રમાં પ્રથમના બે પદમાં દેવ–પરમાત્માનો સમાવેશ થાય છે, પછીનાં ત્રણ પદમાં ગુરુનો સમાવેશ થાય છે, અને પાછળના ચાર પદમાં ધર્મનો સમાવેશ થાય છે. આ પ્રમાણે દેવ, ગુરુ અને ધર્મ ત્રણને નમસ્કાર કરવામાં આવે છે. તે સાથે જ એ બધી સ્થિતિઓ પોતાને પ્રાપ્ત થાય તેવો અનુક્રમ પણ તેમાં રહેલો છે. પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય જે વસ્તુ છે તે આ નવપદની બહાર નથી એટલે સાધન પણ તે છે અને સાધ્ય પણ તે જ છે. જાપ કરવાનો ઉદ્દેશ આ ભૂમિકાઓમાંથી પસાર થઈ છેવટની પરમાત્મદશા પ્રાપ્ત કરવી તે જ છે.

આ આખા મંત્રનો થોડા અક્ષરોમાં પણ સમાવેશ કરીને ટૂંકો પણ જાપ કરી શકાય છે જેમકે ૐ અસિઆઉસાય નમ અથવા ૐ અર્હં નમ ૐ વીરાય નમ । ૐ પાર્શ્વનાથાય નમ । ગમે તે જાપ કરો તેમા વાંધો નથી જાપ હૃદયના ભાગમા કરવો અને એકીસાથે જેમ વધારે વખત બેસીને કરી શકાય તેમ વધારે ફળ આપે છે બીજા વખતમા પણ હાલતા, ચાલતા, સુતા, બેસતા, ફરતા દરેક વખતે મનમા જાપ કરવામા આવે તો બહુ લાભદાયક છે વસ્ત્રાદિની શુદ્ધિના અભાવે મનમા હોઠ પણ ન ચાલે તેમ જાપ કરવામા વાંધો નથી એટલે સર્વ સ્થળે, સર્વ કાળે, ગમે તેવી સ્થિતિમા હો, તો પણ જાપ કર્યા વિના ન રહેવુ આ આગળ વધવામા શરૂઆતનો માર્ગ બહુ જ ઉપયોગી છે

આશય પ્રશ્નો

જાપ શા માટે કરવો ? જાપ કોના નામનો કરવો ? જાપ કરવાનો ઉદ્દેશ શો છે ? જાપ કર્યા પહેલા શુ કરવુ ? જાપમા કોનો સમાવેશ થાય છે ? જાપ ક્યા કરવો ? ક્યારે કરવો ? વારવાર જાપ કરવાથી શો લાભ ? જાપ વખતે બીજા વિચારો આવવાથી શુ ગેરલાભ થાય ?

પાઠ ૨૨ મો

ધર્મનું ફળ કેમ મળતું નથી ?

ઘણી વખત માણસો એવી ફરિયાદ કરે છે કે અમે પરમાત્માનું સ્મરણ, પૂજન કરીએ છીએ, દાન આપીએ છીએ, વ્રત, તપ, જપ કરીએ છીએ, પરોપકારી જીવન ગુજારીએ છીએ, છતાં અમારા મનને શાંતિ નથી મળતી, અનેક વિચારો આવ્યા કરે છે, ઉપાધિઓ ઓછી થવાને બદલે વધતી જાય છે. તૃષ્ણા પણ વધે છે. મનના પરિણામમાં સુધારો થતો નથી અને વ્યવહાર પણ સુખરૂપ થવાને બદલે ઘણી મુશ્કેલીએથી ચલાવીએ છીએ, ધર્મનું ફળ મળતું હોય તો પછી અમને ધર્મ કરવા છતાં પણ તે કેમ મળતું નથી ? 'ધર્મીને ઘેર ધાડ અને પાપીને પરમાનંદ' જેવું બનતું જોઈએ છીએ. આનું કારણ શું ?

જ્ઞાની મહાત્માઓ આપણને આનો ઉત્તર આપે છે કે, 'ભાઈઓ ! ધર્મીને ઘેર ધાડ ન જ હોય અને પાપીને પરમાનંદ ન મળે.' છતાં તમે ધર્મી અને પાપીની ગણતરી કે પરીક્ષા કરવામાં ભૂલ કરો છો. એક બાજુ માણસો થોડોઘણો ઉપર જણાવ્યો તેવો ધર્મ કરે છે, ત્યારે બીજી બાજુથી વિશેષ પાપ કરે છે. ધર્મ કરે છે, તેની કિંમત વ્યાજ સાથે લેવા ઇચ્છે છે, પણ બીજી તરફ પોતે કરેલા પાપનો બદલો લેવા તૈયાર થતા નથી. આવા મનુષ્યોને તમે ધર્મિષ્ઠ કહો છો, પણ તેઓ ખરા ધર્મિષ્ઠ નથી હોતા.

ભાઈ! આ કોના ઘરનો ન્યાય? એક તરફ ધર્મ કરીને 'મણુ પાણી' ઓછુ કરે છે અને બીજી બાજુ પાપ કરીને દશ મણુ પાણી અંદર દાખલ કરે છે ભાઈ! તમે જ કહો કે આ તળાવ ક્યારે ખાલી થઈ રહે? આ પ્રમાણે તમારા જીવનમા બનતુ હોવાથી તમે ધર્મના ફળ તરીકે સુખનો દિવસ ક્યારે જોઈ શકો!'

'તમારે સુખી થવુ હોય તો પ્રથમ પાપને આવવાના માર્ગો બંધ કરો અને પછી તમે થોડા પણ પરમાર્થને માર્ગે ચાલશો તો તેના સારા ફળ આ ભવમા જ મળ્યા સિવાય નહિ રહે'

માણુસો મનથી, વચનથી અને શરીરથી પ્રવૃત્તિ કરીને અનેક પ્રકારના પાપના બીજો નાખે છે, તેને અટકાવવાની જરૂર છે તે સર્વે પાપોનો સમાવેશ અઢાર ભાગમા થાય છે તે અઢાર ભાગને તેનાથી સારા અઢાર ભાગ વડે અટકાવી શકાય છે જેમ તાપથી ટાઢને પ્રકાશથી અંધકારને, ઠંડીથી ગરમીને અટકાવાય છે તેમ આ અઢાર પાપોને તેના વિરોધી ભાવથી અટકાવાય છે

પાપને આવવાનો માર્ગ	બંધ કરવાનો માર્ગ
૧ પ્રાણાતિપાત=જીવોની હિંસા	૧ જીવોની હિંસા ન કરવી.
૨ મૃષાવાદ=જૂઠુ બોલવુ	૨ સાચુ બોલવુ
૩ અદત્તાદાન=ચોરી કરવી	૩ ચોરી ન કરવી

૪. મૈથુન=વ્યભિચાર કરવો.	૪. બ્રહ્મચર્ય પાળવું.
૫. પરિગ્રહ=સંગ્રહ કરવો.	૫. ત્યાગ અથવા પ્રમાણ રાખવું.
૬. ક્રોધ=ક્રોધ કરવો.	૬. ક્ષમા રાખવી.
૭. માન=અહંકાર ગર્વ–અભિમાન કરવો.	૭. નમ્રતા રાખવી.
૮. માયા=છળ પ્રપંચ–કપટ.	૮. સરળતા રાખવી.
૯. લોભ=લોભ કરવો,	૯. સંતોષ રાખવો.
૧૦. રાગ=સ્નેહ કરવો,	૧૦. વૈરાગ્ય વધારવો.
૧૧. દ્વેષ=ઈર્ષ્યા કરવી.	૧૧. પ્રેમ રાખવો.
૧૨. કલેશ=કજિયો-કંકાસ-લડાઈ કરવી.	૧૨. શાંતિ-સુલેહ વધારવી.
૧૩. અભ્યાખ્યાન=જૂઠું આળ આપવું.	૧૩. કોઈ ને આળ–કલંક–ન દેવું.
૧૪. પૈશુન્ય=ચાડી કરવી.	૧૪. ચાડી ન કરવી, છૂપી વાતો ઉઘાડી ન કરવી.
૧૫. રતિઅરતિ=હર્ષશોક કરવો.	૧૫. સમભાવે રહેવું.
૧૬. પરપરિવાદ=નિંદા કરવી.	૧૬. ગુણ બોલવા, નહિતર મૌન રહેવું.
૧૭. માયામૃષાવાદ=કપટસહિત જૂઠું બોલવું.	૧૭. સરલતા સાથે સાચું કહેવું
૧૮. મિથ્યાત્વ=અધર્મને ધર્મ કહેવો.	૧૮. સત્યધર્મને ધર્મરૂપે માનવા.

આ પ્રમાણે આ અઢાર પાપને આવવાના માર્ગો અને તેને અટકાવવા માટે તે ન કરવા રૂપ વિરોધી માર્ગો બતાવવામા આવ્યા છે

આ અઢાર પાપના માર્ગનો અર્થ આ પ્રમાણે છે જીવોની હિસા કરવી નહિ, દુખ તમને વહાલુ નથી તો બીજાને તે કેમ ગમતુ હશે? તમારે ખાવાને માટે અનેક ચીજો દુનિયામા છે તમારા એક વખતના ખોરાક માટે તે જીવોની અમૂલ્ય જિદગીનો નાશ ન કરો જીવન તમને વહાલુ છે તેમ તે જીવોને પણ વહાલુ છે તમારી રમત ગમત, મોજ–શોખ જેવા કારણે તે જીવોની જિદગીનો નાશ ન કરો તમે કયા અમર રહેવાના છો? યાદ રાખજો જ્યા સુધી મારશો ત્યા સુધી તમે પણ મરાશો, બીજાને નિર્ણય કરશો તો તમે પણ નિર્ણય થશો બીજાને દુખ કે ત્રાસ આપશો, તો તમને પણ દુખ કે ત્રાસ મળશે કુદરતના કાયદાથી તમે બહાર જઈ જ ન શકો કારણ કે તમે પણ કર્માધીન જીવતુ પ્રાણી છો બીજાઓ પણ તેવા જ છે થોડા જીવનની ખાતર વેર–વિરોધ વધારીને લડાઈઓ ન કરો પૃથ્વી કે ધન તમે સાથે લાવ્યા નથી, તમારી પહેલાના સાથે લઈ ગયા નથી માટે ખાવામા, મોજ–મજામા, કે વેર–વિરોધને લઈ જીવોની હિસા ન કરવી ૧

જૂઠુ ન બોલવુ, ગમે તેવા પ્રસગે પણ સાચુ જ બોલવુ જૂઠુ બોલનારને વિવિધ પ્રકારના મુખના રોગ થાય છે ૨

ચોરી ન કરવી. તમારી વસ્તુ કોઈ ચોરી જાય છે તો તમને દુઃખ થાય છે તેમ તેને પણ થતું હશે એ વિચાર કરવો જોઈએ. ચોરી કરનાર દરિદ્રી થાય છે. ૩

પરસ્ત્રીનો ત્યાગ કરવો. તમારી સ્ત્રી તરફ કોઈ ખરાબ નજર ન કરે તેથી તમે તેનું રક્ષણ કરો છો, તો પરની સ્ત્રી તરફ તમને ખરાબ દૃષ્ટિ કરવાનો શો હક્ક છે ? તેથી તો વેર–વિરોધનો વધારો થાય છે. ૪

પોતાની જરૂરિયાતોથી અધિક ધન, ધાન્ય, સોનું, રૂપું, જમીન, પશુ આદિ વસ્તુનો સંગ્રહ કરવો. તે મેળ-વવા માટે તથા રક્ષણ કરવા નિમિત્તે અનેક પ્રકારના કલેશ અને બીજા જીવોને ત્રાસ આપવો તે પાપનો માર્ગ પરિગ્રહ કહેવાય છે. ગૃહસ્થોએ પોતાની જરૂરિયાત પ્રમાણે તેનો નિયમ રાખવો. ૫

ક્રોધ કરવો અને બીજાને ક્રોધ કરાવવો એ પાપ છે. ક્રોધના પ્રસંગે ક્ષમા રાખવી અને ક્રોધને નિષ્ફળ કરવો ૬

માન, અહંકાર, ગર્વ, અભિમાન એ એક જ વસ્તુનાં નામ છે. અભિમાન કોનું ટકી રહ્યું છે ? આપણી આગળ એવી કઈ અલભ્ય વસ્તુ છે, કયું પૂર્ણ જ્ઞાન છે, કયું મહાન બળ છે કે આપણે તેનો ગર્વ કરીએ ? નમ્રતા રાખવી, જ્ઞાની, ગુણી આદિનો વિનય કરવો. ૭

કપટ, છળ પ્રપંચ, દગો, માયા એ સર્વ એક વસ્તુનાં નામ છે. પુન્ય વિના કોઈ વસ્તુ મળતી નથી અને સ્થિર રહેતી નથી તો શા માટે દગો કરવો ? ૮

લોભનો ત્યાગ કરવા માટે સંતોષ રાખવો, ઉદારતા વાપરવી જરૂરિયાતવાળાઓને સારી લાગણીથી મદદ કરવી ૯

રાગ એ સ્નેહનો અર્થ છે જ્યાં રાગ રાખવો યોગ્ય નથી તેવા અન્યની સ્ત્રી આદિ ઉપર રાગ ન રાખવો દેહ, ધન, અધિકાર, માન આદિનો અવશ્ય વિયોગ થનાર છે એમ સમજી વૈરાગ્યભાવને ઉત્તેજન આપવું ૧૦

દ્વેષ, ઈર્ષ્યા ન કરવા પણ ગુણાનુરાગી થઇ પ્રેમ વધારવો દ્વેષ કરવાથી સામાનું કદાચ ખરાબ થાય કે ન થાય પણ આપણું તો અવશ્ય થાય છે ૧૧

કલેશ, કંકાસ, ટંટો, ઝગડો, કજિયો, લડાઈ એ બધા નાના-મોટા કલેશના જ પરિણામો છે, આપસમાં સર્વ સ્થળે સંપ વધારવો નાના-મોટા સર્વની જરૂરિયાત છે, કલેશથી લક્ષ્મીનો નાશ થાય છે, વેર-વિરોધ વધે છે ૧૨

કોઈને જૂઠું આળ ન આપવું, સાચી હકીકત કહેવાથી પણ જ્યારે આપણને કેટલાક પ્રસંગમાં દુઃખ થાય છે તો પછી સામાને જૂઠું આળ-કલંક આપવાથી સામાને માણસ લેવા જેટલું દુઃખ શા માટે આપવું ? કેટલાક તો આબરૂ જવાના ભયથી કલંકને લીધે આપઘાત પણ કરે છે, આનો બદલો બહુ જ ખરાબ મળ્યા વિના રહેતો નથી ૧૩

સુખ-દુઃખ આવે ત્યારે હર્ષ-શોક ન કરવો સુખ એ આપણા સારા કર્મનો બદલો છે, તે ભોગવતા પુણ્ય

પાઠ ૨૩ મો

આત્મશ્રદ્ધા, પોતા ઉપર વિશ્વાસ

આત્મા અમર છે, તેનાં જ્ઞાન અને શાન્તિની હદ નથી. આખા વિશ્વને જણવાનું જ્ઞાન આત્મામાં છે. વિશ્વ ઉપર સત્તા ચલાવી શકે તેવું બળ આત્મામાં છે. તે આત્મા હું પોતે જ છું. અને મારા આત્મબળમાં પૂર્ણ વિશ્વાસ છે, તેમા કોઈ વિઘ્ન નાખી શકે જ નહિ, વિઘ્નોને હઠાવવાનું બળ મારામાં છે. ગમે તેવા સંકટો આવી પડે પણ મારી આત્મશ્રદ્ધા જરા પણ ડગશે નહિ. પ્રબળ ભયના પ્રસંગોમાં પણ હું મારું આત્મવિકાસનું કાર્ય ચાલુ જ રાખીશ. વાતોમા જ મારું જ્ઞાન નહિ રહે પણ તે સત્યને હું અત્યારે જ અમલમા મૂકું છું. અજ્ઞાન દશાથી મેં પોતે જ મારા પર નાખેલા બંધનો સિવાય મને બીજા બંધનો છે જ નહિ. એટલે તેને દૂર કરવા માટે પોતાને જ પુરુષાર્થ કરવાની જરૂર છે. કોઈ આવીને મને મદદ કરશે એમ તેના મોઢા સામે જોઈ ને બેસી રહેવાની મારી ટેવોને અત્યારથી જ રજા આપું છું. સુખ-દુ:ખ એ કાઇ વારસામા ઉતરેલી વસ્તુ નથી. એ તો મારી અવળા મહેનતનો બદલો છે હવે સવળી મહેનત કરીને તેને દૂર કરીશ. એ વાદળો વિખેરી શકાય તેવા છે. વિઘ્નોને મારે વિઘ્નરૂપે માનવા નથી, પણ તેની હયાતીથી જ મને પુરુષાર્થ કરવામાં વિશેષ પ્રોત્સાહન

ઉત્તર—૧ માત્ર પાઠ જ્ઞાનથી પ્રાય સામાન્ય પુણ્ય પ્રકૃતિ બધાય ૨ અર્થ જ્ઞાનથી ઘણી પુણ્ય પ્રકૃતિ અને થોડી નિર્જરા થાય, અને ૩ તત્વ (રહસ્ય) જ્ઞાનથી ઘણી નિર્જરા થાય તથા સત્ય સુખની પ્રાપ્તિ થાય છે, પાઠ જ્ઞાન ઉત્તમ વૃક્ષના પાંદડા સમાન છે, અર્થ જ્ઞાન ફૂલ સમાન અને તત્ત્વ જ્ઞાન ઉત્તમ ફળ સમાન છે એમ શ્રી ઠાણાગ સૂત્રમા ફરમાવ્યુ છે

(૧૨૩) પ્રશ્ન—સર્વ શાસ્ત્રોનુ કથન કેટલી નયોથી કહેવુ છે? અને તેની આજ્ઞાનુ પાલન કેટલી નયથી કરવુ જોઈએ?

ઉત્તર—શાસ્ત્ર કથન મુખ્ય બે નય-વ્યવહાર-નિશ્ચયથી કહેલ છે અને તેનુ પાલન પણ બન્ને નયથી કરવુ જોઈએ એ બન્ને નયના સમૂહને સ્યાદ્વાદ કહે છે એક જ નયને એકાન્તવાદ (મિથ્યાત્વ) કહે છે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ બાહ્ય ચારિત્ર છે અને યોગ કષાયનો ત્યાગ આભ્યતર ચારિત્ર છે

(૧૨૪) પ્રશ્ન—કેવા સુખની ચાહ કરનારને આત્મ-દર્શન અને આત્મજ્ઞાન પ્રકટ થઈ શકે?

ઉત્તર—ઇન્દ્રિય સુખ છોડીને આત્મિક સુખની ચાહ (ઇચ્છા) કરનારને આત્મદર્શન અને આત્મજ્ઞાન પ્રકટી શકે છે

(૧૨૫) પ્રશ્ન—કયા ગુણ પ્રકટ કરવાથી જન્મ મરણની જડ (સસાર સતતિ) નાશ પામે?

ઉત્તર—સમકિત ગુણ પ્રગટ થવાથી સસાર સતતિ મોક્ષ પ

નષ્ટ થાય છે, જેમ મૂળ કપાતાં વૃક્ષ નીચે પડે છે અને તેના ડાળી, પાંદડાં લીલાં છતાં વધી નથી શકતાં પણ સુકાઈ જાય છે. એ રીતે સમદૃષ્ટિનો સંસાર નથી વધતો, અને સકળ કર્મ ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

(૧૨૬) **પ્રશ્ન**—સ્વભાવ પર્યાય (હાલત) કઈ છે?

ઉત્તર—શુદ્ધ ગુણ જ સ્વભાવ પર્યાય છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર જ શુદ્ધ ગુણ છે.

(૧૨૭) **પ્રશ્ન**—વિભાવ પર્યાય કઈ છે?

ઉત્તર—અશુદ્ધ ગુણ વિભાવ પર્યાય છે. અજ્ઞાન, મિથ્યાત્વ, અને વિષય કષાય જીવની અશુદ્ધ હાલત છે.

(૧૨૮) **પ્રશ્ન—આત્માની સિદ્ધિનું પરમ અદ્ભુત નિમિત્ત કારણ કયું!**

ઉત્તર—શુદ્ધ ભાવ.

(૧૨૯) **પ્રશ્ન**—નિશ્ચય હિંસા કઈ છે?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ અને વિષય કષાય જ નિશ્ચય હિંસા છે. હિંસા જ સર્વ દુ:ખોનું મૂળ કારણ છે.

(૧૩૦) **પ્રશ્ન**—નિશ્ચય અહિંસા કઈ છે?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય કષાયનો ત્યાગ જ નિશ્ચય અહિંસા છે સમભાવ જ અહિંસા છે અને અહિંસા જ સુખોનુ મૂળ છે.

(૧૩૧) **પ્રશ્ન**—સમકિતની ઉત્પત્તિ, રક્ષા અને વૃદ્ધિ કયા ધ્યાનથી થાય છે? તથા સમદૃષ્ટિ જીવે એ ધ્યાન કેટલી વાર કરવુ જોઈએ?

ઉત્તર—સમકિતની ઉત્પત્તિ ધર્મ ધ્યાન (આત્મ

ચિંતવન)માથી થાય છે અને ધર્મધ્યાનથી જ સમકિતગુણની રક્ષા અને વૃદ્ધિ થાય છે

ધર્મધ્યાનનુ નિરંતર ચિંતવન કરવુ જોઈએ ઓછામા ઓછુ રાત દિવસમા ત્રણ વાર તો અવશ્ય ચિંતવન કરવુ જોઈએ શાસ્ત્રમા બે પહોર ધ્યાનની ખાસ આજ્ઞા છે

(૧૩૨) પ્રશ્ન—ધર્મધ્યાન કોને કહે છે?

ઉત્તર—ધર્મનો અર્થ સ્વભાવ (વસ્તુ સ્વભાવ ધર્મ) છે આત્માના સ્વભાવ (નિજગુણો)નુ ચિંતવન કરવુ એ જ ધર્મધ્યાન છે ધર્મધ્યાન (આત્મ ચિંતવન)ની આજ્ઞા વિચય (પદાર્થ—સ્વરૂપ-વિચાર) આદિ ચાર પ્રકાર છે એને વ્યવહાર-નિશ્ચયથી સમજીને ચિંતવન કરવુ જોઈએ

(૧૩૩) પ્રશ્ન—ઉપયોગના ત્રણ પ્રકાર કયા કયા છે?

ઉત્તર—શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગ।

(૧૩૪) પ્રશ્ન—એ ત્રણ પ્રકારના ઉપયોગના અર્થ શુ શુ છે?

ઉત્તર—૧-ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, વિષયાદિના વિચારો એ અશુભ ઉપયોગ છે એથી આ લોક અને પરલોકમા દુખ ભોગવવા પડે છે

૨-વિષય કષાય ઉપશાંત કરીને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા, વિનય, સરલતા, દાન, તપ, ભક્તિ આદિના વિચારો કરવા શુભ ઉપયોગ છે, આથી આ લોક અને પરલોકના બહુ સુખ મળે છે

૩-ઉપરના બન્ને વિચારો સિવાય આત્મવિચાર-આત્મસ્મરણ જ શુદ્ધ ઉપયોગ છે, એથી સર્વ દુખોનો નાશ થઈને અવિનાશી સત્ય સુખ પ્રાપ્ત થાય છે

(૧૩૫) **પ્રશ્ન**—ઉપયોગનુ જે ફળ બતાવ્યુ છે તેની સિદ્ધિનું પ્રમાણ બતાવો.

ઉત્તર—"पुण्ण पावेण पच्चयइ जीवा।"

અર્થ—પુણ્ય અને પાપથી જીવો લોકમા પીડા પામી રહ્યા છે.

सुह परिणामो पुण्णं, असुहो पावत्ति भणिय मन्नेसु।
परिणामो णण्णगदो, दुक्ख क्खय कारण समये॥

અર્થ—શુભ પરિણામ પુણ્યનુ કારણ છે, અશુભ પરિણામ પાપનુ કારણ છે અને અન્ય દ્રવ્યને છોડીને સ્વ સ્વરૂપમાં સ્થિતિ તે પરિણામ શુદ્ધોપયોગ છે, તેને શાસ્રમાં સર્વ દુ:ખોના ક્ષયનુ કારણ કહ્યું છે.

(૧૩૬) **પ્રશ્ન**—સમદષ્ટિ જીવ દરેક વસ્તુને કઈ નય (અપેક્ષા)થી જુએ અને જાણે કે જેથી સદા સમભાવ રહે અને કર્મ ક્ષય થઈ જાય?

ઉત્તર—પર્યાય (વિચિત્ર હાલત) છોડીને સમદષ્ટિ જીવ દરેક વસ્તુને દ્રવ્ય દષ્ટિથી દેખે. જેથી કદી રાગદ્વેષ ન થાય, સદા સમભાવ રહે અને ઘણાં કર્મો ક્ષય થાય: એવા આત્મા સદા સત્ય સુખ અનુભવે છે અને થોડા જ વખતમાં મોક્ષ સુખને પામે છે

(૧૩૭) **પ્રશ્ન**—સમકિત ગુણ કોને કહે છે?

ઉત્તર—જે ગુણ પ્રગટ થવાથી શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ અને નિશ્ચય થાય તેને સમકિત ગુણ કહે છે. એટલા જ માટે નિશ્ચય સમકિતનું લક્ષણ સ્વાનુભૂતિ કહેલ છે.

(૧૩૮) **પ્રશ્ન**—ચારિત્ર ગુણ કોને કહે છે?

ઉત્તર—બાહ્ય અને આભ્યંતર પાપ ક્રિયાના ત્યાગથી પ્રગટેલ આત્માની શુદ્ધિને ચારિત્ર કહે છે

(૧૩૯) પ્રશ્ન—બાહ્ય પાપ ક્રિયા કોને કહે છે?

ઉત્તર—હિંસા કરવી, જુઠું બોલવું, ચોરી કરવી, મૈથુન સેવવું અને પરિગ્રહ સંચય કરવો

(૧૪૦) પ્રશ્ન—આભ્યંતર પાપ ક્રિયા કોને કહે છે

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ ભય, શોક, દુગંછા અને ત્રણ વેદ વિગેરે રૂપ આત્માના મલિન (વિભાવ) પરિણામને આભ્યંતર પાપ ક્રિયા કહે છે

(૧૪૧) પ્રશ્ન—જીવ મલિન શા માટે થાય છે?

ઉત્તર—જીવમાં એક વૈભાવિક ગુણ છે તે શક્તિથી પર દ્રવ્યનું નિમિત્ત મળતા તે વિભાવ દશા—મલિન દશા પામે છે એટલા જ માટે પરવસ્તુનો ત્યાગ તે મોક્ષનું મુખ્ય સાધન બતાવેલ છે

संजोग मूल जीवाण, पत्ता दुक्ख परम्परा ।
तम्हा संजोग संबंध सव्व तिविहेण वोसिरे

જીવને દુઃખ મળવાનું મૂળ કારણ પરવસ્તુ (પુદ્ગલ શબ્દ વર્ણ—ગંધ—રસ—સ્પર્શાદિ નો) છે એથી જીવે અનંત દુઃખ ભોગવ્યું છે તેટલા માટે હું સર્વ પર દ્રવ્યના સંયોગોને ત્રિકરણ ત્રિયોગે તજું છું

(૧૪૨) પ્રશ્ન—જીવ શુદ્ધ કેવી રીતે થાય?

ઉત્તર—જેમ શત્રુ દુર્બળ પડ્યો હોય ને બધી શક્તિથી તેની પર ધસારો કરનારનો વિજય મળે છે, રોગ

કંઈક મંદ થયો હોય ને શ્રેષ્ઠ ઔષધિ, પથ્ય અને યોગ્ય સાધનો સેવે તો તે નીરોગ થાય છે, તેમ અનંત કાળે મનુષ્ય ભવ મળ્યો છે. તેમાં કર્મ શત્રુ દુર્બળ હોય છે, ને હવે જો સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને ધ્યાન દ્વારા તેના પર ઉત્કૃષ્ટ પુરુષાર્થથી ધસારો કરે તો કર્મ શત્રુ નાશ પામે. અને જીવ શુદ્ધ થાય. આ અવસરે ઉત્કૃષ્ટ પુરુષાર્થ સેવશે તેને અનંત જન્મ મરણ ઘટી શીઘ્ર મોક્ષનું અનંત સુખ મળશે

शिवमस्तु सर्व जगतः સર્વ જગતનું કલ્યાણ થાઓ. એ જ શુભ કામના 'ૐ શાન્તિ. શાન્તિ. શાન્તિઃ !

યોગીંદ્રદેવના આધ્યાત્મિક દોહરા

વ્રત તપ સંયમ શિયલ છે શિવકારણ વ્યવહાર;
નિશ્ચય કારણ મોક્ષનું, આત્મ અનુભવ સાર.
જાણે જીવ અજીવને ભેદવિજ્ઞાન વિચાર;
જિન મુનિ વદતા સૌ સદા, તે પામે ભવપાર.
વ્રત તપ સંયમ દાનથી, બાળ કહે શિવ થાય;
આત્માના અનુભવ વિના, કોઈ ન મોક્ષે જાય.
આત્મજ્ઞાન નહિ જ્યાં સુધી, ફોકટ ક્રિયા કલાપ;
ભટકે ત્રણે લોકમાં શિવ સુખ લહે ન આપ.
મોક્ષ સ્વભાવે હોય છે, બંધ વિભાવે હોય;
બંધ મોક્ષ પરિણામથી, અન્ય ન કારણ કોય

ॐ अर्हं नम

સમ્યક્ત્વ અર્થાત આત્મદર્શન*

(લેખક—સમકિત પ્રેમી)

આત્મામા અનત ગુણ છે એ બધામા સમકિત (આત્મદર્શન) ગુણ શ્રેષ્ઠ છે કેમકે આ ગુણ પ્રકટ થતા અન્ય બધા ગુણ વિશુદ્ધ થાય છે એ પ્રકટ્યા વિના બધા ગુણ મેલા રહે છે

દર્શન—જીવનની અનુભવ ભૂમિકા છે એના દ્વારા રસ લેવાય છે દર્શનનો સામાન્ય અર્થ 'આખથી દેખવુ' એવો થાય છે અહી એ સામાન્ય અર્થ ન લેવો જોઈએ અહી તો **દર્શન એટલે અનુભવ કે સાક્ષાત્કાર અર્થ છે** દર્શનશાસ્ત્ર આત્મા મા નુ શાસ્ત્ર છે જેટલે અશે સત્યનો—શુદ્ધાત્માનો અનુભવ થાય છે એટલે અશે દર્શન શુદ્ધ થઈ શકે છે શાસ્ત્રમા—'તત્ત્વાર્થ શ્રદ્ધાન' પરમ એટલે પ્રધાન, અર્થ એટલે તત્ત્વ પ્રધાનતત્ત્વ જે આત્મા છે, તેનો સત્ત્વ–અનુભવ કરવો એ સમકિતનુ ચિહ્ન છે

દર્શનનુ ફળ ત્યાગ છે, જેમ ઘઉમા કાકરા જોઈને તરત વીણી લેવાય છે, મકાનમા ઝેરી જીવ (પ્રાણી) હોય

---

* ૫ સુખલાલજીનો દર્શન સબધી લેખ 'ત્યાગ ભૂમિ'મા અને શ્રીમદ્ રાયચદના પરમાર્થિક વચનામૃતોમાથી કઈક વિશ્રામ લેઈ બ લ એ મજાનુભવે નો આભાર.

તો તરત દૂર કરવામાં આવે છે. તેમજ જ્યાં સત્ય દર્શન (સમકિત) પ્રકટે છે. ત્યાં સર્વદોષો દૂર કરવાની તીવ્ર રુચિ જાગે છે. અને જીવ થોડા વખતમા જ સિદ્ધ થઈ જાય છે.

જ્ઞાનપૂર્વક શાંત રસની પ્રાપ્તિ દર્શન–શુદ્ધિથી થાય છે જે મનુષ્ય બંધનને યથાર્થરૂપે જાણે છે. અને તેને દૂર કરવા–કાપવામાં જ સ્વતંત્રતા (સુખ) નું મૂળ છે, એવી માન્યતા રાખે છે તથા પુરુષાર્થ દ્વારા બંધનથી મુક્ત થાય છે તે સુખી થાય છે. એ રીતે જે વ્યક્તિ શરીરાદિ સ્થૂળ બંધન અને કામ, ક્રોધ, લોભ, મોહાદિ સૂક્ષ્મ બંધનથી બંધાયેલ આત્માઓને નિશ્ચય નય (સત્ય–સ્વરૂપ વિચાર)ની અપેક્ષાએ બધાને બંધનથી ભિન્ન, જ્ઞાન–સ્વરૂપ જાણે છે, અનુભવ કરે છે, નિશ્ચય કરે છે અને મોક્ષમાર્ગનું આચરણ કરે છે, તે જ મુક્ત થઈ શકે છે. એટલે મોક્ષ પ્રાપ્તિને માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા પરમ આવશ્યકીય છે.

' श्रद्धा परम दुल्लहा '—શ્રદ્ધા (સત્ય નિશ્ચય સમકિત) પરમ દુર્લભ છે એવું જે શાસ્ત્ર વચન છે તે સત્ય છે. કારણ એ છે કે, જીવને અનાદિ કાળથી વિષય (ભોગ), કષાય (ક્રોધાદિ) નો ગાઢ પરિચય હોવાથી જીવ પોતાના નિજ ગુણોને ભૂલી ગયો છે. જેમ કોઈ રાજપુત્ર બચપણથી જ ભીલપુત્રો સાથે રહેવાથી પોતાને ભીલપુત્ર સમજે છે, પણ જ્યારે કોઈ સત્પુરુષ તેને સ્વભાન કરાવે છે ત્યારે તે પોતાના રાજ્યકાર્ય હાથ ધરવાને તત્પર થઈ જાય છે. આ હાલત જીવની છે, અને આ જીવે કદાચ ધર્મપાલન કર્યું હશે તો પણ આત્મ-ધર્મની આરાધના ન હોવાથી તત્ત્વરુચિ બહુ ઓછી છે.

વિશેષત આ કાળમા સમકિતના આરાધક જીવોનો જન્મ પ્રાય ન્યૂન છે એટલે તો જીવોની તત્ત્વ રુચિ મદ થતી દેખાય છે જો કે આ કાળમા સમકિત ધર્મનુ આરાધન થઈ શકે છે, પરતુ એ ઉ ચ ભાવનાથી કે, જેથી સ્વાભાવિક પ્રેરણાત્મક બાળક જન્મથી જ દૂધ પીવા લાગે છે જીવાનો વિના શિખવ્યે વિષયભો ા તરફ વળે છે એ ક્રિયાઓ ઉદય જનિત પૂર્વ સસ્કારથી થાય છે આત્મ-જ્ઞાન, તત્ત્વ-જ્ઞાન, સમકિત ધર્મ એ ક્ષયોપશમ જનિત ગુણ છે જે પુરુષાર્થ કરે સદગુરુનો ઉપદેશ કે સત્શાસ્ત્ર શ્રવણના સસ્કારને સમજે તેને જ ક્રમ સત્ય પ્રાપ્ત થઈ શકે છે આજ અનેક જીવો અસદ્‌ગુરુ આદિમા સત્યપણુ કલ્પીને રોકાઈ જાય છે એનુ કારણ અવિવેક બુદ્ધિની ઊણપ છે કેટલીક વાર સત્સમાગમ થાય છે તો બલ વીર્ય આદિની એટલી તો શિથિલતા હોય છે કે ચિ તા અણિરત્ન સન્મુખ છતા લઈ શકાતો નથી કેટલાક જીવો શુષ્ક જ્ઞાન પ્રધાન છે, તો કેટલાક જીવો શુષ્ક ક્રિયા પ્રધાન છે જ્યા જ્ઞાન અને ક્રિયા બન્નેનો યોગ થાય છે ત્યા જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે

શુષ્ક જ્ઞાન—શાસ્ત્રમા જ્ઞાન અને ક્રિયા, વિચાર અને આચાર-થી સુખની પ્રાપ્તિ બતાવી છે જે ઠેકાણે એકાત ક્રિયાનો મોહ હોય છે ત્યા જ્ઞાન પ્રકટાવવાની શિક્ષા દેવાનુ કહ્યુ છે કેમ કે જ્ઞાનના અભાવે બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે આ વાક્યો ગ્રહણ કરીને શુષ્ક જ્ઞાની જીવો ક્રિયા

રહિત બનીને પોતે ચારિત્રહીન થઈ જાય છે. એ જ્ઞાની નહિ પણ અજ્ઞાની છે. જ્ઞાનનું ફળ જ ચારિત્ર છે. જ્યાં શુદ્ધ જ્ઞાન છે ત્યાં શુદ્ધ ચારિત્ર અવશ્ય હોય છે,

શુષ્ક ક્રિયા—કેટલાક જીવો ક્રિયા તો કરે છે; પરંતુ **તત્ત્વ બોધથી શૂન્ય હોય છે.** તેઓ શાસ્ત્રમાં શુષ્ક જ્ઞાનને સુધારવા માટે આપેલી શિક્ષા 'ક્રિયા વિનાનું જ્ઞાન એ ચંદનનો ભાર ઉઠાવનાર ગધેડા સમાન છે' ઈત્યાદિ વચનો વાંચીને નય પ્રમાણ સ્વરૂપ તત્ત્વ જ્ઞાનમાં પરવા વિનાના બની જાય છે તેઓ પણ સત્યને પહોંચી નથી શકતા. ઉત્તમ જીવોએ **જ્ઞાન** અને **ક્રિયા** બન્ને ગુણોને ધારણ કરીને પરમ સત્ય (શુદ્ધ આત્મ સ્વરૂપ) પ્રકટ કરવું જોઈએ

જે જીવો શુષ્ક જ્ઞાનના પ્રધાનપણામાં મોક્ષ માર્ગની કલ્પના કરે છે, તે જીવોને તથારૂપના ઉપદેશનું પોષણ પણ રહે છે. મોક્ષ માર્ગ તો **જ્ઞાન, દર્શન, ચારિત્ર** અને **તપ** એમ ચતુર્વિધ બતાવેલ છે **ક્રિયા પ્રધાન જીવો પહેલાં બે પદ (જ્ઞાન અને દર્શન)ને પ્રાયઃ ભૂલી જાય છે.** વળી **ચારિત્ર**નો અર્થ વેશ અને બાહ્ય વૃત્તિ માત્ર જ સમજે છે અને **તપ**નો અર્થ માત્ર ઉપવાસાદિ કરવા તે પણ બાહ્યસંજ્ઞાથી સમજતા હોય છે કદાપિ જ્ઞાન, દર્શનનું કંઈ કથન કરવું પડે તો સ્થૂળ વિષયના વિવેચનને જ્ઞાન, તેની પ્રતીતિને દર્શન અને કહેનારના વચનની પ્રતીતિમાં સમકિત સમ- લકીરની ફકીર માનવાવાળાઓ (ગાડરીઆ પ્રવાહમાં

તણાનારાઓ) નય, પ્રમાણ, તર્ક, ન્યાય તુલના અને વિવેકબુદ્ધિથી, આશયને ન સમજવાને લીધે શુષ્ક ક્રિયાવાન જીવો છે જે જીવો શુષ્ક અધ્યાત્મી (શુષ્ક જ્ઞાની) છે, તેઓ બાહ્ય ક્રિયા (પાંચ સમિતિ આદિ) અને શુદ્ધ વ્યવહાર (ધ્યાનાદિ)ને ઉઠાવવા (છોડવા)-મા મોક્ષ માર્ગ સમજે છે તે જીવો શાસ્ત્ર વચનને પૂરા સમજતા નથી અને હૃદયમા વિપરીત અર્થ જમાવે છે શાસ્ત્રોના ક્રિયાનો નિષેધ ઉચ્ચ ગુણસ્થાન વર્તી જીવોને માટે કહેલ છે એટલે કે તેઓ સ્વભાવત જ પૂર્ણ ક્રિયાવાન હોય છે તેથી જ તેમને કલ્પાતીત કહે છે એ પ્રમાદ દશામા નહિ પણ અપ્રમાદ દશામા હોય છે જ્યારે ક્રિયાની જરૂર જ નથી રહેતી આ ભાવોનુ જો પ્રમાદ દશામા પાલન કરવામા આવે તો ક્રિયા રહિતની શી દશા થાય? પાકા તરીયાને અવલંબનની જરૂર નથી હોતી, પરંતુ કાચો તરીયો કે જેને તરતા ન આવડતું હોય તે જો સમુદ્રમા કૂદે તો સાધન વિના પ્રાણ ખોવે છે એવી જ રીતે પ્રમાદ દશામા આત્મ ધ્યાનને માટે જે અવલંબનો બતાવ્યા છે તેને ન સ્વીકારનાર પતિત થાય છે

વ્યવહારના ત્રણ ભેદ છે—૧ શુદ્ધ વ્યવહાર, ૨ શુભ વ્યવહાર, અને ૩ સાધન વ્યવહાર

જે વ્યવહાર શુદ્ધતાની પૂર્ણતાને પ્રગટ કરે છે તે શ્રેષ્ઠ છે તેને શુદ્ધ વ્યવહાર કહે છે તે આદરવા યોગ્ય છે એનો આદર અવશ્ય કરવો જોઈએ એ નિશ્ચય રત્નત્રય છે ૧ સ્વાનુભૂતિ, સમકિત, ૨ સ્વરૂપ બોધ જ્ઞાન અને ૩ સ્વરૂપ રમણતા ચારિત્ર

ભોગોમાં સુખ બુદ્ધિ દૂર કરી શકાય છે. (વિષયોમાં સુખ મનાતું નથી.)

(૧૧) જીવાદિ નવ પદાર્થની યથાર્થ શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત છે. અને શુદ્ધ નિજાત્મ સ્વરૂપનો અનુભવ-પૂર્વક નિશ્ચય કરવો એ નિશ્ચય સમકિત છે.

(૧૨) સર્વ ગુણોની રત્ન–રાશિમાં સમકિત ગુણ જ સાર છે અને એ જ મોક્ષનું પ્રથમ પગથિયુ છે. સમકિત પ્રગટતાં જ વિષયભોગમા સુખદુ:ખ કલ્પના રૂપ વિકાર અને તેનું ફળ જન્મ–જરા–મરણનો નાશ થઈને અવિકારી આત્મિક સુખ પ્રકટે છે અને તેનું ફળ 'અવિચળ મોક્ષની પ્રાપ્તિ' છે.

(૧૩) સમદૃષ્ટિ પરદ્રવ્યને હેય (છોડવા યોગ્ય) અને નિજસ્વરૂપને ઉપાદેય (આદરવા યોગ્ય) જાણે છે, શ્રદ્ધા કરે છે અને યથાશક્તિ **પરદ્રવ્યને** છોડે છે. ચારિત્ર મોહના ઉદયથી સંપૂર્ણ ન છૂટે તો પણ અંતરંગ વિરક્તિનો અનુભવ કરે છે. અને ઉદાસીન (રાગ, દ્વેષ તથા ઉત્સુકતા રહિત) રહે છે. જેમ પ્રભુ મહાવીર અનુત્સુકપણે ગૃહવાસમાં રહ્યા હતા

(૧૪) બીજા ગુણી પુરુષોને જોઈને જે ઈર્ષ્યા (માત્સર્ય) કરે તે મિથ્યાત્વી છે. કારણ **ગુણની અપ્રીતિ અને દોષની પ્રીતિ એ મિથ્યાત્વનું ચિહ્ન છે.**

(૧૫) સમકિતથી જ્ઞાનની શુદ્ધિ થાય છે, જ્ઞાનથી ચારિત્રની શુદ્ધિ થાય છે, અને ચારિત્રથી નિર્વાણ મોક્ષની ... પ છે. નિર્વાણથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

આજે ઘણા મનુષ્યો ધર્મ–અધર્મનુ ફળ ભવિષ્યમા મળે છે તેમ સમજી તે માટે બેપરવાહ રહે છે તે ભૂલ છે કારણ શ્રી ઉત્ત ધ્યયન સૂત્રના પહેલા અધ્યાયમા કહ્યુ છે કે, "अप्पा दन्तो सुहीहोइ अस्सि लोए परत्थय" વિષય કષાયના ત્યાગ રૂપ આત્મદમનથી નિશ્ચયે આ લોક અને પરલોકમા સુખી થવાય છે અને પ્રત્યક્ષમા જ દેખાય છે કે ધર્મથી ચિત્તમા પ્રસન્નતા, નિર્ભયતા, સતોષ, સુબુદ્ધિ, વીરતા, ઉત્સાહાદિ માનસિક સુખ અને આરોગ્ય, બળ, વીર્ય, સ્વાશ્રયાદિ શારીરિક સુખ મળે છે જ્યારે હિંસા, અસત્ય, ચોરી મૈથુનાદિ અધર્મથી–ચિત્તની મલિનતા ભય, આતુરતા, પશ્ચાતાપ, દુર્બુદ્ધિ, કાયરતાદિ માનસિક દુ ખ અને રોગ, દુર્બળતા, અલ્પાયુ આદિ શારીરિક દુ ખ પ્રત્યક્ષમા અનુભવાય છે માટે અધર્મ છોડી ધર્મનુ પાલન કરવુ જીવમાત્ર માટે હિતકર છે

(૩૦) પ્રશ્ન—નવતત્ત્વ એ શુ છે?

ઉત્તર—જીવ અને અજીવની હાલત–અવસ્થા–એટલે પર્યાય છે જીવનો અજીવ (કર્મ) સાથે સબધ થવાથી પુણ્ય, પાપ, આશ્રવ અને બધ થાય છે તથા સબધ છૂટવાથી સવર, નિર્જરા અને મોક્ષ થાય છે એ રીતે બધા મળીને નવ તત્ત્વો થાય છે

(૩૧) પ્રશ્ન—જીવની શુદ્ધ હાલત (સ્વભાવ પર્યાય) અને અશુદ્ધ હાલત (વિભાવ પર્યાય) કઈ?

ઉત્તર—પુણ્ય, પાપ, આશ્રવ, અને બધ એ જીવની અશુદ્ધ દશા (પર્યાયો) છે, અને સવર, નિર્જરા તથા

મોક્ષ; એ જીવની શુદ્ધ દશા છે. અશુદ્ધ દશા સંસારનું કારણ છે, અને શુદ્ધ હાલત મોક્ષનું કારણ છે.

(૩૨) **પ્રશ્ન**—નવ તત્ત્વોનું સામાન્ય લક્ષણ શું?

ઉત્તર—જીવનું લક્ષણ-શુદ્ધ અવસ્થામા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ અને અનંત આત્મિક શક્તિ, અશુદ્ધ અવસ્થામા અલ્પ જ્ઞાન અથવા મિથ્યા જ્ઞાન, અલ્પ દર્શનશક્તિ અથવા મિથ્યાદર્શન, ઇંદ્રિયજન્ય સુખ–દુઃખ, રાગ–દ્વેષ, બાળવીર્ય અથવા પુરુષાર્થ.

(૨) **અજીવનુ** લક્ષણ–જડ, અચેતન.

(૩) **પુણ્ય**—બે પ્રકારે છે · ૧ ભાવપુણ્ય–શુભ પરિણામ (વિચાર) અને ૨ દ્રવ્યપુણ્ય–શુભ કાર્ય, શુભ કર્મદળ અને શાતાના સંયોગો.

(૪) **પાપ** બે પ્રકારે છે. ૧ ભાવ પાપ–અશુભ પરિણામ, ૨ દ્રવ્યપાપ–અશુભ કામ, અશુભ કર્મદળ અને અનિષ્ટ સંયોગો.

(૫) **આશ્રવ** બે પ્રકારે છે: ૧ ભાવાશ્રવ–શુભાશુભ પરિણામો, ૨ દ્રવ્યાશ્રવ–શુભાશુભ કામો (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ) અને શુભાશુભ કર્મદળનું એકત્ર થવુ

(૬) **સંવર**—બે પ્રકારે છે : ૧ ભાવસવર–શુદ્ધોપયોગ, રાગ–દ્વેષ–મોહ (મિથ્યાત્વ મોહનીય) રહિત પરિણામ ૨ દ્રવ્ય સવર–મન, વચન, કાયા તથા પાંચ ઇંદ્રિયો પર કાબૂ, અહિંસાદિ પાચ મહાવ્રતો, પાંચ સુમતિ આદિ

(૭) **નિર્જરા**—બે પ્રકારે છે : ૧ ભાવનિર્જરા–શુદ્ધોપયોગ (રાગ–દ્વેષ–મોહ રહિત પરિણામ), ધર્મ–ધ્યાન–

શુક્લધ્યાન ૨ દ્રવ્યનિર્જરા-અનશન (ઉપવાસ) ઉણોદરી આદિ ૧૨ પ્રકારના તપરૂપી નિર્જરાના કામ અને દેશથકી (અંશત) કર્મદળનું આત્માથી દૂર થવું

(૮) બંધ બે પ્રકાર છે ૧ ભાવબંધ-રાગ-દ્વેષ-મોહના પરિણામ ૨ દ્રવ્યબંધ-મન વચન કાયાની પ્રવૃત્તિ તથા કર્મદળનું જીવના પ્રદેશો સાથે એકમેક થવું

(૯) મોક્ષ પણ બે પ્રકાર છે ૧ ભાવમોક્ષ-પરમ વિશુદ્ધ વીતરાગ પરિણામ, અકષાયી, અજોગી અલેશી અવસ્થા (દશા) દ્રવ્યમોક્ષ-સ્થૂળ (ઉદારિક) શરીર, સૂક્ષ્મ (તૈજસ-કાર્મણ) શરીર અને આઠેય કર્મોનો સર્વથા ક્ષય થવો

(૩૩) પ્રશ્ન—વ્યવહાર સમકિતના ગુણથી શો ફાયદો થાય છે ?

ઉત્તર—વ્યવહાર સમકિત સાધન છે વ્યવહાર સમકિતના ગુણો તત્ત્વજ્ઞાન, વાચન, મનન અને સમ સંવેગાદિ ગુણો વડે ઉત્કૃષ્ટ ભાવના અને પુરુષાર્થથી નિશ્ચય સમકિત પ્રગટ ન થાય તો પણ વ્યવહાર સમકિતથી સુગતિ અને આત્માની નિર્મળતા તો અવશ્ય થાય છે મિથ્યાત્વમા ડૂબીને અનંત દુખી થવાના ઠેકાણાથી અને ભયંકર દુખોથી બચવા માટે પણ વ્યવહાર સમકિતનું સેવન પરમ હિતકારી છે

(૩૪) પ્રશ્ન—નિશ્ચય સમકિતની ઓળખાણ કેમ થાય ?

ઉત્તર—સ્વાનુભૂતિ એટલે શુદ્ધ આત્મ સ્વરૂપના અનુભવથી નિશ્ચય સમકિત જણાય છે જે અતીન્દ્રિય

(ઈન્દ્રિય સુખરહિત) આત્મિક, અવિકારી, નિર્વિકલ્પ સુખનો અનુભવ છે, તે જ નિશ્ચય સમકિતનું લક્ષણ છે.

(૩૫) **પ્રશ્ન**—પ્રકૃતિની અપેક્ષાએ સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—ચાર ૧ ક્ષાયિક, ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ અને ૪ વેદક સમકિત સાત પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય)નો ક્ષય-(બળ્યા બીજ માફક, જેમાંથી અંકુર ઉગી ન શકે તેમ)-નાશ કરવો તેને **ક્ષાયક સમકિત** કહે છે. (આ સાત પ્રકૃતિ જ અનંત સંસારમા ભ્રમણ કરાવનાર છે. તેનો નાશ થવાથી ભવ-ભ્રમણ મટી જાય છે) એ સાત પ્રકૃતિને ઉપશમાવે (ઢાંકે-ઠંડી પાડે પણ સત્તામાં હોય) જેમ ભારેલો અગ્નિ, તેને **ઉપશમ સમકિત** કહે છે. સાત પ્રકૃતિઓમાથી કેટલીક પ્રકૃતિનો ક્ષય કરે અને કેટલીકને ઉપશમાવે (ઢાકે-સત્તામાં તો હોય) તેને **ક્ષયોપશમ સમકિત** કહે છે. કેટલીક પ્રકૃતિઓનો ક્ષય કરે અને કેટલીકનો ઉદય થાય (વેદે) તેને **વેદક સમકિત** કહે છે.

(૩૬) **પ્રશ્ન**—વિશેષ પ્રકારે સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—નવ ભેદ છે ૧ ક્ષાયક, અને ૨ ઉપશમ સમકિતનો એકેક ભેદ ઉપર મુજબ છે. ક્ષયોપશમ સમકિતના ત્રણ ભેદ છે

(૧) અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય કરે અને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ ઉપશમાવે.

( ) અનંતાનુબંધીની ચાર અને મિથ્યાત્વ મોહનીય એ પાંચ પ્રકૃતિનો ક્ષય કરે અને બે પ્રકૃતિને ઉપશમાવે

(૩) છ પ્રકૃતિનો ક્ષય કરે અને સમકિત મોહનીય ઉપશમાવે

વેદક સમકિતમાં માત્ર સમકિત મોહનીયને વેદે અને છ યે પ્રકૃતિનો ક્ષય કરે, ઉપશમ કરે અથવા ક્ષયોપશમ કરે, તેના ચાર ભેદ છે—

(૧) સમકિત મોહનીય વેદે અને છ પ્રકૃતિ ક્ષપાવે તે **ક્ષાયક વેદક**

(૨) સમકિત મોહનીય વેદે અને છ પ્રકૃતિ ઉપશમાવે તે **ઉપશમ વેદક**

(૩) સમકિત મોહનીય વેદે અને ચાર અનંતાનુબંધીનો ક્ષય કરે તથા મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયને ઉપશમાવે તે પહેલી **ક્ષયોપશમ વેદક**

(૪) સમકિત મોહનીય વેદે અને પાંચ પ્રકૃતિ ચાર અનંતાનુબંધી અને મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે તથા મિશ્ર મોહનીયને ઉપશમાવે તે બીજી **ક્ષયોપશમ વેદક**

(૩૭) **પ્રશ્ન**—ચારેય પ્રકારના સમકિતમાં યથાર્થ તત્ત્વ, શ્રદ્ધા અને આત્મિક સુખના ન્યૂનાધિક્યતા હોય છે કે સમાનતા ?

ઉત્તર—ચારેય સમકિતમાં સ્થિતિની અપેક્ષાએ ભેદ છે, પરંતુ નિશ્ચય અને અનુભવની અપેક્ષાએ કંઈ ભેદ નથી સ્થિતિબંધ કૃત ભેદો હોવાથી સમકિતોની સ્થિતિ

(૪૧) **પ્રશ્ન**—દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિના અભાવે શું ફળ થાય?

ઉત્તર—વિપરીત (ઊંધો) નિશ્ચય, મિશ્ર નિશ્ચય અને સત્યમા મલિનતાવાળો નિશ્ચય, એ ત્રણેયનો નાશ થઈ યથાર્થ શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય થાય છે.

(૪૨) **પ્રશ્ન**—સમકિતી જીવ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં અભય, અડગ, સમભાવી કેવી રીતે રહી શકે?

ઉત્તર—સમકિતી આત્મા એટલો પ્રબળ, અને નિર્ભય થઈ જાય છે કે, તેને કોઈ પ્રકારની બીક નથી હોતી. તે ઇષ્ટ-અનિષ્ટ સંયોગોને જડ-પુદ્ગલની દશા (પર્યાય) સમજીને સ્વસ્વરૂપથી ડગતો નથી. તે વિચારે છે કે, હું આ જડ પદાર્થોથી જુદો છું, એકલો અનંત જ્ઞાન દર્શનાદિ ગુણ સ્વરૂપ છું, વિકારરહિત છુ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. આ બધા વિકારો પૌદ્ગલિક છે. શરીર, ઇંદ્રિય ભોગ, પરિવાર, **ધન, યશ, નિંદા, સુખ-દુઃખના નિમિત્તો એ સર્વ અનિત્ય (નાશવાન) છે. મારા ગુણોને એ વધારી કે ઘટાડી શકતા નથી.** હું પોતે જ કાયર બનીને હર્ષ, શોક, રાગ, દ્વેષ કરીને આત્માના જ્ઞાન-સુખાદિ ગુણોને મલિન દૂષિત-વિકારી કરું છું. પ્રથમ અજ્ઞાનપણાથી હું જ મારા આત્માને દુખી કરતો, હવે મેં સાચું સ્વરૂપ સમજી લીધું છે, તેથી સમભાવમાં જ રહીશ. મરણ થવાથી શરીરનો નાશ થાય છે. ચેતનરાજ તો સદા **ચૈતન્ય** રૂપે જ રહેવાનો; એમ વિચારીને સદા **અભય** રહે.

(૪૩) પ્રશ્ન—રોગ તથા મરણ ભય ઉપજે ત્યારે સમદ્દષ્ટિ શું વિચારે?

ઉત્તર—આ શરીર જડ છે, અચેતન છે, હાડ-માંસ-લોહી, મલ-મૂત્ર-કીડા અને નશાજાળથી ભરેલું છે, રોગ શરીરને પીડા કરી શકે છે શરીર જીવથી છુટું થાય તેને મરણ કહે છે, રોગ અને મરણ ચૈતન્યનું કંઈ નથી લઈ શકતા મારા આત્માનો ચારિત્ર ગુણ આત્મસ્વરૂપમાં રમણ કરવાનો છે, તે ભૂલીને શરીર મમત્વ, ભોગ-આનંદ આદિથી વેદના ભોગવી રહ્યો છું પણ જો હું આ (દુઃખ-વેદના) વખતે જ્ઞાન, વૈરાગ્ય અને આત્મભાવનાથી સમભાવે દુઃખ સહીશ તો સદાને માટે આવી શારીરિક વેદનાઓ અને મરણ દુઃખ છૂટી જશે જેમ લેણદાર આવ્યો, ખુશીથી દેવું (કરજ) દઈ દીધું, નવા ઝઘડા કે કરજ ન કર્યું તો સદાનો છુટકારો થયો એવી જ રીતે આ બધું દુઃખ માત્ર અજ્ઞાન અને વિષયસેવનનું ફળ છે હવે નવા બીજ નહિ વાવું તો ફળ ક્યાંથી લાગશે?

દોહા—સુખદુઃખ જાણે જીવ સહુ, સુખદુઃખ રૂપ ન જીવ;
સુખદુઃખ પુદ્ગલ પિંડ છે, જડતા રૂપ સદીવ
રોગ પીડે છે દેહને, નહિ જીવને ખાસ,
ઘર બળે અગ્નિ વડે, નહિ બળતું આકાશ
ઈત્યાદિક સદ્વિચારોથી આત્મિક અમૃતસુખનું પાન કરે

(૪૪) પ્રશ્ન—બધા સુખદુઃખના સમતા ધારી શકાય એવી શક્તિ ક્યારે આવે છે?

ઉત્તર—જીવ અજીવાદિ નવ તત્ત્વોનું દ્રવ્ય, ગુણ, પર્યાયથી જ્ઞાન કરીને **પર વસ્તુથી હું સદા ભિન્ન છું, એમ વારંવાર અંતર ઉપયોગપૂર્વક ભાવના કરવાથી ભેદજ્ઞાન સમકિત થાય છે.** એથી સદા પરમ સમતા રસનું જ પાન થાય છે અને રાગ, દ્વેષ, મોહ ફરકી શકતા નથી.

(૪૫) **પ્રશ્ન**—દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવાની શિક્ષા શેમા આપી છે?

ઉત્તર—શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં "મોક્ષ માર્ગ" નામે અધ્યયનમાં પ્રથમ જ્ઞાન શાનું કરવું? એમ બતાવતા પાંચમી ગાથામાં કહ્યુ છે કે, આ પાંચ પ્રકારના જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવળ જ્ઞાન) દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણવાના જ છે. એ જ્ઞાનને બધા તીર્થંકરોએ જ્ઞાન કહ્યુ છે. જ્યાં આવું જ્ઞાન નથી ત્યાં સમ્યક્ જ્ઞાન ન હોઇ શકે, કારણ કે જે વસ્તુને બરાબર ન સમજે તે સત્ય સ્વરૂપને કઈ રીતે જાણી શકે? શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે, આચાર્ય મહારાજ પોતાના શિષ્યોને બધા શાસ્ત્રોનું જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત આપે ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગના અંતર ઉપયોગ સહિત જ્ઞાનને નિશ્ચય જ્ઞાન કહ્યુ છે, અને ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગ, એ ત્રણેય અનુયોગોને વ્યવહાર જ્ઞાન કહ્યું છે.

(૪૬) **પ્રશ્ન**—દ્રવ્ય કોને કહે છે?

ઉત્તર—(૧) ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. (૨) જે ગુણ પર્યાયયુક્ત હોય તે દ્રવ્ય, (૩) જે ગુણોનું ભાજન

(પાત્ર-ગુણી) હોય તે દ્રવ્ય, (૪) ઉત્પાદ (ઉત્પન્ન થવુ) વ્યય (પર્યાય પણે નાશ થવો) અને ધ્રુવ (દ્રવ્ય રૂપે કાયમ રહેવુ), એ ત્રણ ગુણો ધરે તે દ્રવ્ય જેમ કે જીવ દ્રવ્ય, અજીવ દ્રવ્ય આદિ

(૪૭) પ્રશ્ન—ગુણ કોને કહે છે?

ઉત્તર—(૧) જે હમેશા દ્રવ્યના પૂર્ણ ભાગમા અને બધી હાલતમા રહે તે ગુણ

(૨) જે દ્રવ્યને ઓળખાવે તેને ગુણ કહે છે જેમ કે-જીવનો ગુણ જ્ઞાન, પુદ્ગલનો ગુણ વર્ણ, ગધ, રસ, સ્પર્શ ઇત્યાદિ

(૪૮) પ્રશ્ન—પર્યાય કોને કહેવી?

ઉત્તર—હાલત અથવા અવસ્થાને પર્યાય કહે છે જે રૂપાન્તર પામે-પલટની રહે તે પર્યાય

(૪૯) પ્રશ્ન—પર્યાયના પ્રકાર કેટલા?

ઉત્તર—બે ૧ શુદ્ધ પર્યાય અને ૨ અશુદ્ધ પર્યાય

(૫૦) પ્રશ્ન—શુદ્ધ પર્યાય કોને કહે છે?

ઉત્તર—(૧) જે બીજા દ્રવ્યના નિમિત્તે ન થાય તે શુદ્ધ પર્યાય (હાલત) છે

(૨) જે વિકાર રહિત હોય તે શુદ્ધ પર્યાય છે

(૩) જે સર્વકાળમા એક સરખુ પરિણમન કરે, શુદ્ધતાનો કદાપિ નાશ ન થાય તે શુદ્ધ પર્યાય છે જેમ કે જીવની શુદ્ધ પર્યાય સિદ્ધ સ્વરૂપ અને કેવળ જ્ઞાન-દર્શન આદિ

(૫૧) પ્રશ્ન—અશુદ્ધ પર્યાય કોને કહેવી?

ઉત્તર—(૧) જે બીજા દ્રવ્યના નિમિત્તે થાય તે અશુદ્ધ પર્યાય.

(૨) જે વિકાર સહિત હોય તે અશુદ્ધ પર્યાય.

(૩) જે સર્વકાળમાં એક સરખી ન રહે અને વિનાશિક હોય તે અશુદ્ધ પર્યાય છે. જેમ કે–જીવની અશુદ્ધ પર્યાય મનુષ્ય, તિર્યંચ, મતિ જ્ઞાન આદિ.

(૫૨) **પ્રશ્ન**—શુદ્ધ પર્યાયમાં જીવની કેવી હાલત (દશા) હોય છે?

ઉત્તર—શુદ્ધ પર્યાયમાં જીવના ચારેય ભાવ પ્રાણ શુદ્ધ હોય છે.

(૫૩) **પ્રશ્ન**—પ્રાણ કેટલા પ્રકારના છે?

ઉત્તર—બે પ્રકારના વ્યવહાર પ્રાણ અને નિશ્ચય પ્રાણ. (૧) વ્યવહાર પ્રાણના દશ ભેદ છે પાંચ ઈંદ્રિય મન, વચન, કાયા, શ્વાસોશ્છ્વાસ અને આયુષ્ય; એ દશ વ્યવહાર પ્રાણો કર્મનિમિત્તે જીવને પેદા થાય છે. નિશ્ચય પ્રાણના ચાર ભેદ છે· અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત શક્તિ. એ ચાર નિશ્ચય પ્રાણો સદા કાયમ રહે છે એથી જ જીવ નિશ્ચયનયે ત્રણ કાળમાં કાયમ–જીવિત રહે છે સંસારી જીવોના આ નિશ્ચય પ્રાણો રાગ–દ્વેષ, મોહાદિથી મલિન (દૂષિત) થઈ રહ્યા છે, પરંતુ તેનો સર્વદા નાશ કદી પણ નથી થતો. વ્યવહાર પ્રાણના નાશને વ્યવહારમાં મૃત્યુ કહે છે. સમદૃષ્ટિ આત્મા–મૃત્યુ અને ઉપસર્ગ આવ્યે પોતાને નિશ્ચય પ્રાણથી અજર–અમર–અવિનાશી માનીને અભય (પરમાનંદી) રહે છે.

બીજાના વ્યવહાર પ્રાણોને પીડા કરવાથી તે જીવ દુખ માને છે એને જ હિંસાનુ પાપ કહે છે તેના ફળ રૂપે પોતાને દુખ ભોગવવુ પડે છે વ્યવહાર પ્રાણ, શરીર, મન વગેરેને કષ્ટ દેવાથી સ્વ તથા પરને રાગ, દ્વેષ, ક્લેશ, ક્રોધ, શોકાદિ થાય છે, તે સ્વ તથા પરની નિશ્ચય હિંસા છે એટલા જ માટે કોઈને દુખ ન આપવુ જોઈએ

(૫૪) **પ્રશ્ન**—દુખ કેવી રીતે પેદા થાય છે?

ઉત્તર—ભયથી દુખ પેદા થાય છે

(૫૫) **પ્રશ્ન**—ભય કેવી રીતે થાય છે?

ઉત્તર—પ્રમાદથી

(૫૬) **પ્રશ્ન**—પ્રમાદ કોને કહે છે?

ઉત્તર—પ્ર=વિશેષ પ્રકારે+માદ=મૂઢ થવુ મૂર્છિત થવુ=આત્મસ્વરૂપને ભૂલી જઈને ઇંદ્રિયસુખ અને બાહ્ય-જડ પદાર્થોમા મમત્વ કરવું સુખદુખ માનવુ, તેનુ નામ પ્રમાદ છે

(૫૭) **પ્રશ્ન**—પ્રમાદ કેટલા પ્રકારના છે?

ઉત્તર—પાચ પ્રકારના (૧) મદ (ગર્વ), (૨) વિષય (ઇંદ્રિયભોગ), (૩) કષાય (ક્રોધ, માન, માયા, લોભ) (૪) નિદ્રા અને (૫) વિકથા (સ્વ પરહિત સિવાયની વાતો)

(૫૮) **પ્રશ્ન**—પ્રમાદ કોણ ઉપજાવે છે?

ઉત્તર—અજ્ઞાન (વિપરીત જાણવુ) અને મિથ્યાત્વ (વિપરીત માન્યતા)

(૫૯) **પ્રશ્ન**—દુખોનો નાશ કરવાનો ઉપાય શો?

ઉત્તર—સમ્યક્ જ્ઞાન અને સાચી સમજણ (સમકિત)

પૂર્વક પ્રમાદ છોડવો જોઈએ. પ્રમાદ છોડવાથી ભયનો નાશ થશે અને ભય નાશ થવાથી સકળ દુઃખોનો નાશ થઈ અક્ષય સુખ (સદા અભય) પ્રાપ્ત થશે.

(૬૦) **પ્રશ્ન**—સમદૃષ્ટિ જીવ સંસારના કામ કેવી રીતે કરે છે ?

ઉત્તર—જેમ કોઈ ચોરને કોટવાળે કાળું મોઢું કરીને ગધેડા પર બેસાડયો. એ કામ ચોરે હર્ષથી નહિ પણ પર-વશપણે કરવું પડે છે. તેવી જ રીતે સમદૃષ્ટિ જીવ કર્મ રૂપ કોટવાળની પરતંત્રતાથી સંસારના કામો ઉદાસીન (રાગ–દ્વેષ રહિત) ભાવે કરે છે. જેમ ધાવમાતા પુત્રને દૂધ પીવડાવે, રમાડે, લાડ લડાવે; પરંતુ મનમાં તે બાળકને પોતાનો પુત્ર માનવા જેટલું મમત્વ કરતી નથી. પોતાને પુત્રથી ભિન્ન ભાડુતી માતા સમજે છે તેમ સમદૃષ્ટિ આત્મા સંસારમાં આસક્તિ મૂકીને વિરક્ત રહે છે.

કોઈ વિકટ પ્રસંગે તપાવેલા લોઢાના પતરાવાળી ભૂમિ ઉપર માણસને ઉઘાડે પગે દોડવું પડે તો તે તેમાં આનંદ ન માને, વિશ્રામ લેવાનો વિચારેય ન કરે, એવી જ રીતે સમદૃષ્ટિ આત્મા વિષય–કષાયરૂપી વિભાવ અગ્નિથી તપ્ત સંસાર પ્રવૃત્તિ કરતી વખતે આનંદ ન માને ત્યાં વિશ્રામ ન લેતાં જલદી ઓળંગીને ઉપસ્થાન (સંયમ)માં વિશ્રામ લે છે.

(૬૧) **પ્રશ્ન**—સમદૃષ્ટિ આત્માને સંસારના કાર્યો કરતા છતાં પણ કર્મબંધન થોડું અને લીખુ કેમ થતું હશે ?

ઉત્તર—(૧) સમદૃષ્ટિ દરેક કાર્ય કરવામાં હિતાહિત,

લાભાલાભ, ન્યાયાન્યાય, સત્યાસત્યનો સંપૂર્ણ વિચાર રાખે છે અને અહિત, અલાભ અન્યાય અને અસત્યને છોડે છે

(૨) સાંસારિક કામોમાં શરીર, ધન, ભોગ અને બધા પદાર્થોમાં મમતા (મારાપણું) નથી રાખતો, પરંતુ જીવની અશુદ્ધ દશાની રોગની ચેષ્ટા તુલ્ય પ્રવૃત્તિ કરું છું એમ માને છે

(૩) અંતરંગ રુચિ—અભિલાષાપૂર્વક ભોગ નથી ભોગવતો

(૪) પ્રત્યેક કાર્યમાં વિરક્ત (અનાસક્ત) ભાવ રાખે છે ઉત્તમ કાર્ય કરતી વેળા વિચારે છે કે—હે ચેતન! આ ક્રિયા વિષય, કષાય તને ભયંકર દુ:ખ દેશે માટે એને છોડ ન છૂટે તો ઘટાડ તારા સ્વભાવ (ધર્મ) તો ક્રિયા, વિષય, કષાયને સર્વથા છોડીને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લીન થવાનો છે

સમદૃષ્ટિ જીવ સંસારના કામ ઉદાસીન (રાગ-દ્વેષ રહિત) ભાવ કરે છે જેથી કર્મોનું બંધન બહુ મંદ થાય છે કારણ રાગ-દ્વેષને નિમિત્તે જ સ્થિતિબંધ (અનુભાગબંધ) થાય છે

(૫) સમજુ શંકે પાપથી, અણસમજુ હરખાય,
એક લુખા એક ચીકણા, ઈણ વિધ કર્મ બંધાય.

નઠારી પ્રવૃત્તિ કરતી વખતે સમદૃષ્ટિ જીવ ઘણું દુ:ખ માને, ભય પામે, તેને ઘટાડવા પ્રયત્ન કરે જેથી લૂખા, રૂક્ષ કર્મ બંધાય છે અને નઠારી જીવો કર્મ કરવામાં હર્ષ-શોક કરવાથી ચીકણાં કર્મ બાંધે છે

સત્પુરુષાર્થ, સત્ય, અહિંસા પ્રમાણિકતા, સમભાવ,

ગુણાનુરાગ, ઉદાસીનતા, ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા અને નિર્લોભતા; આ ગુણોનું પાલન કરીને વ્યાપાર કાર્ય, ઘરકામ અને શરીરરક્ષા કરે છે, તેથી સમદૃષ્ટિ જીવોને કર્મ બંધન લૂખું અને થોડું થાય છે.

શિક્ષા—આજે સમદૃષ્ટિ, શ્રાવક અને સાધુ નામ ધરાવવા છતાં ઉપરના ગુણોની પ્રાપ્તિ અલ્પ છે. એવું જાણીને જો આ લોક તથા પરલોકના દુઃખોથી છુટવું હોય તો ઉપર કહેલા ગુણો પ્રકટ કરવા જોઈએ. સદ્ગુણોથી આ લોકમાં જ શાંતિ, તૃપ્તિ, નિર્ભયતા, ગુપ્ત આનંદ, સ્વપર ઉન્નતિ, પ્રેમવૃદ્ધિ અનુભવાય છે. તો પરલોકમાં પરમસુખ થાય તેમા શી શંકા! "कडेमाणे कडे" કરવા માંડે કે કર્યું કહેવું, કારણ અને કાર્યમાં અભેદ છે. જેટલે અંશે કારણ પ્રબળ તેટલે અંશે કાર્યની સિદ્ધિ થાય છે. માટે ઉત્તમ કારણો સેવતા જ તત્કાળ ઉત્તમ ફળ મળવું શરૂ થાય છે.

(૬૨) **પ્રશ્ન**—જીવના ચેતના ગુણના ભેદ કેટલા છે?

ઉત્તર—બે ભેદ છે. જ્ઞાનચેતના અને અજ્ઞાનચેતના.

(૬૩) **પ્રશ્ન**—જ્ઞાનચેતના એટલે શું?

ઉત્તર—રાગ-દ્વેષ-મોહ રહિત શુદ્ધ આત્મજ્ઞાન, આત્માનુભવ તે જ્ઞાન ચેતના છે.

(૬૪) **પ્રશ્ન**—જ્ઞાનચેતના ક્યારે પ્રકટે છે?

ઉત્તર—જ્ઞાનાવર્ણિય, દર્શનાવર્ણિય, મોહનીય અને અંતરાય; એ ચાર ઘાતી કર્મોનો સર્વથા નાશ થવાથી કેવળજ્ઞાન પ્રકટે છે. તેને પ્રતિપૂર્ણ જ્ઞાન ચેતના કહે છે.

(૬૫) **પ્રશ્ન**—જ્ઞાન ચેતનાની શરૂઆત ક્યારથી થાય છે?

ઉત્તર—અનતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને ત્રણ દર્શન (મિથ્યાત્વ મિશ્ર, સમકિત) મોહનીય એ સાતેય પ્રકૃતિ છોડવાથી સમકિત ગુણ (આત્મબોધ) પ્રકટે છે ત્યારથી બીજના ચદ્રમાની જેમ જ્ઞાન ચેતના શરૂ થાય છે ત્યાથી કઈક અશે અતીન્દ્રિય આત્મિક સુખને। અનુભવ પ્રકટ થાય છે

(૬૬) પ્રશ્ન—જ્ઞાન ચેતના પ્રગટાવવાનો ઉપાય શુ ?

ઉત્તર—અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહાદિ ઘટાડીને આત્મ ચિંતન કરવુ

(૬૭) પ્રશ્ન—અજ્ઞાન ચેતના કોને કહે છે ?

ઉત્તર—જે યથાર્થ આત્મ સ્વરૂપ ન સમજે, શરીર, ઈંદ્રિયો અને ભોગાદિમા મમત્વ નાખીને સુખ દુખ અને રાગદ્વેષના ભાવ કરે તે અજ્ઞાન ચેતના

(૬૮) પ્રશ્ન—અજ્ઞાન ચેતનાના કેટલાક ભેદ છે ?

ઉત્તર—બે કર્મ ચેતના અને કર્મફળ ચેતના

(૬૯) પ્રશ્ન—કર્મ ચેતના કોને કહેવી ?

ઉત્તર—મોહના ઉદયે અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી રાગ, દ્વેષ, મોહાદિમા પ્રવૃત્તિ થવી તે કર્મ ચેતના તેને કર્મબંધના પરિણામ કહે છે આ ભાવ કર્મ છે, એથી જ અનન્ત કર્મદલ (દ્રવ્ય કર્મ) આત્માને ચાટે છે

(૭૦) પ્રશ્ન—રાગ, દ્વેષ અને મોહના કેટલા ભેદ છે ?

ઉત્તર—આત્માના સુખ (ચારિત્ર) ગુણની ઘાતક ૧૩ પ્રકૃતિ (૪ કષાય અને ૯ નોકષાય) છે એમા સાત પ્રકૃતિ રાગની છે (૧) માયા (કપટ), (૨) લોભ, (૩) હાસ્ય,

(૪) રતિ (હર્ષ); (૫) પુરુષવેદ (સ્રીવાંછા), (૬) સ્રીવેદ (પુરુષવાંછા), (૭) નપુંસકવેદ (અતિવિકાર).

શિક્ષા—વર્તમાનમા વિકાર વધી ગયો છે. એથી જ નપુંસકત્વ વધારે દેખાય છે. પુરૂષત્વ તો વિરલમાં જ હોય છે. પુરુષ પણ વિશેષ વિકારથી નપુંસક બની જાય છે. આવી દશા જોઈને વિકારોને જીતવા અને બ્રહ્મચર્ય ગુણ વધારવો. એ માટે તામસી ખોરાક ત્યાગવો. વ્યાયામ, આસન, સત્સંગ, ઉત્તમ વાંચન, સદ્‌ભાવના, દષ્ટિસંયમ અને સુરિવાજોના સેવન વડે ફરી પુરુષત્વ મેળવવુ જરૂરી છે. દવાઓનાં પ્રપંચમાં ન ફસાવું. પૌષ્ટિક દવાઓ ક્ષણિક શક્તિ તો આપશે, પરંતુ આખરે બમણો વિકાર જગાડી વધુ ખરાબ હાલત કરશે. કુદરતી અને કાયમી પુરુષત્વ સાત્વિક ઉપાયોથી મળે છે.

દ્વેષની છ પ્રકૃતિ છે—૧ ક્રોધ, ૨ માન, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક અને ૬ દુર્ગચ્છા. (અરુચિ–નિંદા–ઘૃણા—અભાવ).

દર્શનમોહની ત્રણ પ્રકૃતિ છે–મિથ્યાત્વમોહ, મિશ્રમોહ અને સમક્તિમોહ

(૭૧) **પ્રશ્ન**—કર્મફળ ચેતના એટલે શું ?

ઉત્તર—સુખદુ:ખ ભોગવવું તે. એટલે કે કર્મઉદયના પરિણામ તે કર્મફળ ચેતના.

(૭૨) **પ્રશ્ન**—ચેતનાનું જ્ઞાન કરવાનો મતલબ શો ?

ઉત્તર—કર્મચેતના એટલે રાગ, દ્વેષ, મોહથી સર્વ દુ:ખ થાય છે કારણ કે સંસાર (જન્મ–જરા–મરણ)નું બીજ રાગ–દ્વેષ છે. અને કર્મફળ અર્થાત્ સુખદુ:ખની

બુદ્ધિ વડે જ—રાગદ્વેષ થાય છે એવુ જાણીને આ બન્ને અજ્ઞાન ચેતનાને છોડીને જ્ઞાનચેતના—સમભાવ—પ્રકટાવવો જેથી સદા સત્ય અવિનાશી સુખ ઉભય લોકમા પ્રાપ્ત થાય

(૭૩) પ્રશ્ન—સમદષ્ટિની વિશેષતા શી છે?

ઉત્તર—સમદષ્ટિ નિર્મોહી રહે છે સસારના કોઈ પદાર્થમા મમત્વ મોહ કે માલિકી (પોતાપણુ) ન માને કેવળ ઉદાસીન (રાગ—દ્વેષ રહિત) પ્રવૃત્તિ કરે છે વિષય જન્ય પ્રવૃત્તિ સદા ઘટાડે છે પરવશતાથી ન છૂટે તો અતરથી તેનો પશ્ચાતાપ કર્યા કરે છે, અને સમભાવ વધારે છે સમભાવ એ જ પરમ સુખ છે સર્વશાસ્ત્ર ને ચાદ પૂર્વ એ બધા સમભાવની ટીકા (વિસ્તારથી અર્થ) છે તે બધાનો સાર એક સમભાવ છે સુખદુ ખ લાભ—અલાભ માન—અપમાન બધ સમદષ્ટિ આમા સમભાવ રાખે

(૭૪) પ્રશ્ન—કર્તા, ભોક્તા અને જ્ઞાતાનો અર્થ શો?

ઉત્તર—રાગદ્વેષ, મોહના પરિણામને કર્મ ચેતના (કર્મબધક પરિણામ) કહે છે આથી જ જીવને કર્તાપણુ (કર્મનો કર્તા) કહેવાય છે

ઈષ્ટ—અનિષ્ટ સયોગોના સુખ વા દુ ખની બુદ્ધિ થવી તે કર્મફળ ચેતના (કર્મઉદય પરિણામ) આથી જ જીવનુ ભોક્તાપણું કહેવાય છે

રાગ, દ્વેષ, મોહને છોડી ઉદાસીન (સુખદુ ખ બુદ્ધિ રહિત) થવુ, સમભાવ—આત્માનુભવને જ્ઞાનચેતના કહે છે એ જીવનુ જ્ઞાતાપણું કહેવાય છે

કર્તા અને ભોક્તા બનવાથી નવો કર્મબંધ થાય છે. જ્ઞાતાપણાથી કર્મ ક્ષય થાય છે.

(૭૫) **પ્રશ્ન**—ચારિત્ર મોહના ઉદયથી સમદૃષ્ટિને શું થાય છે?

ઉત્તર—થોડી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થાય. પણ મમત્વ નહિ હોવાથી તથા ભેદ જ્ઞાન થવાથી તરત પશ્ચાતાપ કરી વિરક્ત બને. ચીકણા કર્મોના બંધ સમદૃષ્ટિને નથી થતા.

(૭૬) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહ અને ચારિત્ર મોહની જીવ પર શી અસર થાય છે?

ઉત્તર—મિથ્યાત્વ મોહને લીધે શરીર, ઇંદ્રિય, ભોગાદિમાં મમત્વ બુદ્ધિ થાય છે અને ચારિત્ર મોહના ઉદયથી ઇષ્ટ-અનિષ્ટ (હર્ષ, શોક, રાગ, દ્વેષ) બુદ્ધિ થાય છે. બંનેના અભાવમાં **વીતરાગ** દશા પ્રકટે છે.

(૭૭) **પ્રશ્ન**—ભેદજ્ઞાન એટલે શું?

ઉત્તર—સ્યાદ્વાદ સહિત દ્રવ્યાનુયોગનું વ્યવહાર-નિશ્ચયથી સ્વરૂપ સમજીને નિજાત્માને સકળ જીવાજીવ અન્ય દ્રવ્યોથી ભિન્ન જાણે, અનુભવ અને દ્રવ્યકર્મ (આઠ કર્મ), ભાવકર્મ (રાગ, દ્વેષ, મોહ) તથા નોકર્મ (શરીર ભોગાદિ)માં હું અને મારાપણાની (મમત્વ) બુદ્ધિ હતી, તે છોડીને પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ (સંશય, વિપરીત, અનધ્યવસાય દોષ રહિત) અનુભવે તે **ભેદજ્ઞાન,** એ જ **સમ્યક્-જ્ઞાન** કહેવાય છે.

દોહા

ભેદજ્ઞાન તે મુક્તિ છે, યુક્તિ કરો કયમ કોય,
વસ્તુ ભેદ જાણે નહીં, મુક્તિ કહો ક્યમ હોય? ૧
ભેદજ્ઞાન સાબુ બન્યો, સમરસ નિર્મળ નીર,
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર ૨

ચોપાઈ

ભેદજ્ઞાન સબવર જિનપાયા, સો ચેતન શિવરૂપ કહાયા,
ભેદજ્ઞાન જિનકે ઘટ નાહીં, તે જડ જીવ બંધે જગમાંહી ૩

દોહા

ભેદજ્ઞાનથી અળગો રહે, તેની ભવસ્થિતિ દૂર,
જનમ મરણ કરશે ઘણા, રહે સંસાર ભરપૂર ૪
ભેદજ્ઞાન અભ્યાસથી, જે મિથ્યાત્વ દૂર,
સમકિત સહેજે આવે નહીં વર્તે આનંદ પૂર ૫

(૭૮) પ્રશ્ન—સ્યાદ્વાદ (અનેકાન્તવાદ) એટલે શું?

ઉત્તર—સ્યાત્ = કથંચિત્–કોઈ અપેક્ષાએ + વાદ= કથન કરવું જે વચન કોઈ અપેક્ષાએ હોય અને જેને બીજી અપેક્ષાએ પણ ગૌણપણે સ્વીકારાય તે સ્યાદ્વાદ છે

(૭૯) પ્રશ્ન—સ્યાદ્વાદ (અનેકાન્તવાદ)નું લક્ષણ શું?

ઉત્તર—(૧) જે વ્યવહાર-નિશ્ચય બન્નેને ઉચિત સ્થાને વિધિપૂર્વક માન માત્ર એક જ પક્ષ (વ્યવહાર જ અથવા નિશ્ચય જ) ન માને

(૨) જે 'હા' અને 'ના'ની મર્યાદા વિધિપૂર્વક માને જેમ કે, પ્રવૃત્તિ ઘટાડવા યોગ્ય છે પરંતુ જ્યાં અશુભ પ્રવૃત્તિ થાય છે ત્યાં શુભ પ્રવૃત્તિ આદરણીય છે

નિદ્રા છોડવા જોઈએ, પરંતુ શરીર ન ચાલે, અસમાધિ થતી જણાય તો વિવેકપૂર્વક મર્યાદાથી આહાર, નિદ્રા આદિનું સેવન કરાય. એવા અનેક પ્રસગ છે. જ્યાં 'હા' અને 'ના' ની મર્યાદા જરૂરી છે. એકાન્ત (કેવળ) સ્થાપવા કે ઉત્થાપવાથી ગભીર નુકસાન થઈ જાય છે.

(૩) જે 'આમ જ છે' એમ ન માને, પરતુ 'આમ પણ છે' એમ માને જેમ કે જીવ 'નિત્ય જ' છે. એમ ન માનતા, દ્રવ્યની અપેક્ષાએ જીવને નિત્ય અને પર્યાય (હાલત)ની અપેક્ષાએ 'અનિત્ય' માને. એ જ રીતે પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ, અનત ગુણ, અનંત પર્યાય છે એ સર્વનો વિધિ-પૂર્વક સ્વીકાર કરે. 'જ' એકાંત અને 'પણ' અનેકાંત વચન છે

(૪) જે એકાન્ત જ્ઞાનથી જ કે એકાન્ત ક્રિયાથી જ મોક્ષ ન માને, પરંતુ જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ હોવાનું માને.

(૫) જેમ સૂર્યના પ્રકાશમાં બધા રત્ન, દીપક આદિના પ્રકાશ સમાઈ જાય છે, તેમજ સ્યાદ્વાદમાં બધા નય, અપેક્ષા અને આશયો સમાઈ જાય છે

(૮૦) **પ્રશ્ન**—સ્યાદ્વાદનું જ્ઞાન કરવાથી શો લાભ થાય?

ઉત્તર—સ્યાદ્વાદથી સત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. સ્યાદ્વાદથી જ મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનનો નાશ થઈને સમ્યક્જ્ઞાન–દર્શન પ્રકટે છે, બધી અપેક્ષાઓને બરાબર સમજવાથી એટલે કે સ્યાદ્વાદનું જ્ઞાન થવાથી 'સમભાવ' પ્રકટે છે, અને રાગ, દ્વેષ, વૈર, વિરોધ આદિનો નાશ થાય છે. જ્યાં રાગદ્વેષ, ખેંચતાણ, મતપક્ષ છે ત્યા સ્યાદ્વાદ (અનેકાંતવાદ)–સત્યસ્વરૂપ નથી, પરંતુ એકાન્તવાદ એટલે

મિથ્યાત્વ છે, માટે હે ચેતન ! તુ હમેશા અપેક્ષાવાદ (સ્યાદ્વાદ)ને સમજીને રાગ, દ્વેષ વૈરવિરોધ કલહ આદિ છોડીને પ્રશાતભાવી થા નવ શાસ્ત્રરૂપી શરીરમા સ્યાદ્વાદ તત્ત્વ પ્રાણુસ્વરૂપ છે તેનો સાર સમભાવ છે

(૮૧) પ્રશ્ન—સમકિત (આત્મબોધ) રૂપી બીજ કેવી ભૂમિમા ફૂલે ફળે છે ?

ઉત્તર—જે જીવોની જીવનભૂમિ (૧) હિંસા, (૨) અસત્ય, (૩) ચોરી, (૪) તીવ્ર વિષયવાસના, (૫) તૃષ્ણા, (૬) અતિક્રોધ, (૭) અહકાર, (૮) કપટ, (૯) લોભ, (૧૦) કુસપ, (૧૧) પરનિદા, (૧૨) સ્વપ્રશસા, (૧૩) કદાગ્રહ અને (૧૪) અવિવેક આ અનીતિના દોષો રૂપી કાકરા, કાટા, ખાડા દૂર કરીને સમભૂમિ બની છે જેમા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ, એ ચાર શુભભાવનાનુ પાણી સિંચાય છે એવી ભૂમિમા સમકિત બીજ ફૂલે ફાલે છે

(૮૨) પ્રશ્ન—મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનુ સ્વરૂપ શુ ?

ઉત્તર—મોક્ષનુ બીજ સમકિત છે અને સમકિતનુ બીજ ચાર ભાવનાઓને હમેશા શુભ અને શુદ્ધ સાધનરૂપ ચિંતવન કરવુ પરમ આવશ્યક છે

જીવ હમેશા વિચાર (ભાવના) તો કરે જ છે, પરતુ અશુભ ભાવના વધારે રહે છે માટે જ ભાવનાનુ સ્વરૂપ સમજીને શુદ્ધ ભાવનાનુ ચિંતવન કરવુ જોઈએ આ ચાર ભાવનાઓના પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે

૧ મૈત્રી ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહમૈત્રી-

સ્ત્રી, પુત્ર, ધન, ભોગાદિની બાહ્ય આનંદની અપેક્ષાએ પ્રીતિ (૨) શુભમૈત્રી–ઉપકારી સજ્જન આદિ પ્રત્યે પ્રીતિ, ભક્તિ તથા ઉત્તમ કામમા ઐક્ય. (૩) શુદ્ધ સાધન મૈત્રી-દેવ, ગુરુ, ધર્મ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રત્યે ભક્તિ અને મૈત્રી, (૪) શુદ્ધ મૈત્રી–અનંત જ્ઞાનાદિ નિજગુણો સાથે મૈત્રી (એકતાનો અનુભવ). હે ચેતન ! તું જ તારો મિત્ર છે તો તુજથી પરમાં રાગદ્વેષ શા માટે કરે છે ? (શ્રી આચારાંગ સૂત્ર)

૨ પ્રમોદ ભાવનાના ચાર પ્રકાર–(૧) મોહજન્ય હર્ષ–સ્વપર ભોગોપભોગની પ્રાપ્તિમાં આનંદ (૨) શુભ હર્ષ–દાન, પુણ્ય, સેવાભાવ, સુવિધા, નૈતિક ગુણોની પ્રાપ્તિમાં હર્ષ. (૩) શુદ્ધ સાધન હર્ષ–સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિમાં આનંદ. (૪) શુદ્ધાનંદ–આત્મિક સુખ, અવિકારી અતીન્દ્રિય, નિર્વિકલ્પ નિજ સુખમાં લીન થવું

૩ કરુણા ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય કરુણા–સ્વપરના ભોગપભોગ, ધનવૈભવ, પ્રશંસા આદિ ન મળવાથી દુઃખી થવું (૨) શુભ કરુણા–શારીરિક અને માનસિક પીડાથી દુ:ખી જીવો પર કરુણા થવી (૩) શુદ્ધ સાધન કરુણા–અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, કષાયથી સ્વ–પરને સદા અનંત દુ:ખી થતા જાણીને એ દોષો છોડીને સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વિષય સંયમ અને સમભાવ ગુણ પ્રકટ કરવા–કરાવવા. (૪) શુદ્ધ કરુણા–સ્વસ્વભાવ (આત્મ સ્વરૂપ) મા લીન રહેવુ. જ્ઞાનાદિ નિજગુણોની મલિનતાને જ દુઃખનું કારણ જાણીને આત્મગુણોની શુદ્ધિ કરવી.

૪ માધ્યસ્થ ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય સમભાવ–લજ્જા, ભય, લોભ, સ્વાર્થ યા અજ્ઞાનવશ શાંતિ ધરવી (૨) શુભ સમભાવ–અભય, સહનશીલતા, ગુણાનુરાગ ગંભીરતાના ગુણો તથા કલહ, કુસંપ, વૈર વિરોધ આદિથી થતા નુકસાન વિચારીને સમભાવ રાખવો (૩) શુદ્ધ સાધન સમભાવ–રાગદ્વેષ કરવાથી ભાવહિંસા થાય છે હું શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, મન વચન, માયા, કષાય કર્મ રહિત છું હું અનંતજ્ઞાન, દર્શન, સુખ, શક્તિસ્વરૂપ છું એવી ભાવના વડે સમભાવ ધારવો (૪) શુદ્ધ સમભાવ–પરમ સમતાની ભાવ જ મારો નિજગુણ છે તો હું વિભાવી કેમ બનું? રાગદ્વેષ શા માટે કરું? એવું વિચારીને નિજ-સ્વરૂપમાં લીન થાય

એ ચારેય ભાવનામાં પહેલો 'મોહજન્ય' ભેદ આલોક તથા પરલોકમાં દુઃખદાયી છે, અને પાપબંધનું કારણ છે બીજો 'શુભ ભેદ આલોક તથા પરલોકમાં બાહ્ય સુખદાયી અને પુણ્ય પ્રાપ્તિનું કારણ છે ત્રીજો 'શુદ્ધ સાધન ભેદ આ લોક–પરલોકના બાહ્ય તથા અભ્યંતર બન્નેના સુખદાયી અને ઘણા કર્મો ક્ષય કરવાનું કારણ છે અને ચોથો 'શુદ્ધ' ભેદ આલોક તથા પરલોકમાં પરમ સુખદાયી તેમ જ મોક્ષપ્રાપ્તિના પ્રધાન કારણ છે

(૮૩) **પ્રશ્ન**—સમકિત (આત્મબોધ) ગુણ સર્વોત્કૃષ્ટ કેમ કહેવાય છે?

ઉત્તર—જેમ કોઈ લાંબા કાળથી રોગથી દુઃખી છે જગતમાં રોગથી છૂટવાના ઉપાય છે, પરંતુ રોગનું

કે તેના ઉપાયનું જ્ઞાન તેને નથી. એવી જ રીતે આત્મા જડસંગી (પુદ્‌ગલાનંદી) થઈને અનાદિ કાળથી દુઃખી થાય છે. એ દુઃખોથી છુટવાનો માર્ગ બતાવવો એ જ્ઞાનનું કામ છે. માર્ગનો નિશ્ચય કરવો એ સમકિતનું કામ છે અને માર્ગ પર ચાલવું તે ચારિત્ર છે. માર્ગ બતાવી તો દીધો; પરંતુ નિશ્ચય ન હોય તો તે પર બરાબર ઠેઠ સુધી ચાલી નથી શકાતુ.

નિશ્ચય કર્યા વિના ચાલવું શરૂ કરાય તો ઊલટે માર્ગે જવાય છે. એટલા માટે **સુમાર્ગ નિશ્ચય** અર્થાત સમકિત ગુણ સર્વોત્કૃષ્ટ છે. માટે જ સમકિત પ્રકટ કરવામાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરવો જોઈએ.



આત્મધર્મ પર વિચારો

ગઝલ

રહે છે દૂર પરથી આ અમારો એકલો આત્મા,
સ્વાભાવોને ધર્મોને ને, રહ્યો છે નિજ ગુણોમા.
કદિ સંકલ્પ વિકલ્પો, તણી નહિ જાળ છે એમા,
અનેરું તત્ત્વ રૂડું આ, વસે છે નિત્ય ભાવોમાં,
રસે રૂપે અને ગંધે, સદા છે ભિન્ન આ આત્મા,
જરા એ મોહ માયાના, નહિ છે ભાવ કંઈ એમા.
ખરું હુ તત્ત્વ સમજીને રહુ ચેતન તણા રસમા,
ચિદાનન્દી સ્વરૂપ મારુ, નિહાળુ આજ ભીતરમાં.
સમેટી શક્તિઓ સર્વે, રહુ હુ આત્મ ક્રીડામા,
પ્રકાશે વિશ્વ આખુ અહા, સ્વભાવિક દિવ્ય તેજોમાં.

—**શ્રી અમૃતચંદ્ર આચાર્ય**

ॐ अर्हं नम

સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર

અથવા

મોક્ષની કુંચી

(ભાગ ૨–જો)



દોહા

પરમ નિરંજન પરમગુરુ, પરમ પુરુષ પરધાન,
વંદુ પરમ સમાધિગત, ભયભંજન ભગવાન

જિનવાણી પરમાણુ કર, સુગુરુ શીખ મન આણુ,
કહુ સમ્યકત્વ સ્વરૂપને, નિર્ણય કહુ વખાણુ

मोक्षमार्गस्य नेतारं भेतारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्गुणलब्धये ॥

અર્થ—મોક્ષ માર્ગે દોરનાર, કર્મદળ રૂપી પહાડોને શુક્લ ધ્યાનરૂપી વજ્રથી ચૂર્ણ કરનાર જગતના સકળ તત્ત્વોને યથાર્થ પૂર્ણ રૂપે જાણનારા મહાપુરુષોને તેવા જ ગુણો પ્રગટ કરવા માટે વંદુ છું

(પ્રથમ ભાગમાં ૮૩ પ્રશ્નો આપ્યા છે બાકી પ્રશ્નોનો ક્રમ નીચે પ્રમાણે છે)

(૮૪) **પ્રશ્ન**—ભગવાને પહેલા શું ઉપદેશ આપ્યો કે જે વાણીથી ચાર તીર્થની સ્થાપના થઈ? એવો કયો એક ગુણ પ્રકટાવવો જોઈએ કે જેથી સંસાર ભ્રમણ ટળે?

ઉત્તર—આત્મ-પદાર્થ-વિચાર હું કોણ છું? મારું શુદ્ધ સ્વરૂપ શુ છે? હુ કયાથી આવ્યો છું? કયાં જવાનો છું? આ બધી વસ્તુઓ અને લોક દેખાય છે તે કોણ છે? મારું શું કર્તવ્ય છે? અને હું શુ કરી રહ્યો છું? ઇત્યાદિ સ્વભાવ-વિભાવ-આદિનો વિચાર કરવો એ પ્રથમ ઉપદેશ છે. આ વિચારથી જ મનુષ્ય આત્મવાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી બને છે. આવા પુરુષો ચાર તીર્થમાં પ્રવેશ કરવાના અધિકારી હોય છે.

આવા વિચારો વિનાના આત્માનો અભ્યુદય નથી થતો તે જીવનને ઉન્નત બનાવી નથી શકતો. એવા મુનિ યા મનુષ્ય, મનુષ્ય છતાં પશુ કોટિમાં ગણાય છે પશુના જીવનમા અને સમ્યક્ જ્ઞાનહીન મનુષ્યના જીવનમાં કંઇ અંતર નથી હોતું. એમ આચાર્યોનુ કથન છે. કારણ કે મનુષ્યપણાની વિશેષતા આત્મજ્ઞાન કરવાથી જ મનાએલ છે

(૮૫) **પ્રશ્ન**—આત્માનો ઉદ્ધાર કોણ કરી શકે?

ઉત્તર—જે શુદ્ધ શ્રદ્ધા (સમકિત)ને શોધનાર હોય અર્થાત્ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી પ્રગટ કરવાનો જિજ્ઞાસુ હોય, પોતાના આતરિક ભાવોને વિચારે, આત્માના યથાર્થ સ્વરૂપને સમજવા માટે જે ભગીરથ પ્રયત્ન કરે છે તે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે, એ વાત નિઃસદેહ સાચી માનો એવી રીતે વિચારનારને સત્ય-મોક્ષ

માર્ગ મળી શકે છે અને તે દ્વારા તે ઇચ્છિત સ્થાનને મેળવી શકે છે તે જન્મ-મરણના બંધનથી મુક્ત થઈને સિદ્ધ-બુદ્ધ બને છે નિર્ગ્રંથ તીર્થંકરો એવા આત્મિક વિચારક નારા પુરુષોને જ આત્મવાદી (આત્મજ્ઞ) કહે છે

(૮૯) પ્રશ્ન—ચાર-વાદનો ક્રમ થઈ અપેક્ષાએ ગોઠવ્યો છે ?

ઉત્તર—પ્રથમ આત્મવાદ છે કારણ કે, આત્મા જ સૌથી શ્રેષ્ઠ તત્ત્વ છે અને પ્રથમ પોતાના સ્વરૂપને જાણવું પ નાવશ્યક છે જો આત્મા છે, તો અન્ય ત્રણેય વાદની સફળતા છે જો આત્મા નથી, તો અન્ય વા (પદાર્થ) પણ નિષ્ફળ (નિષ્પ્રયોજન) છે આત્માને માનનારા આસ્તિક છે જે જીવને જ નથી માનતા તે નાસ્તિક છે કેમ કે તેઓ પુણ્ય, પાપ, ક્રિયા, કર્મ કંઈ જ નથી માનતા. મૂળને માને તો જ થડ, ડાળીઓ પાંદડા, ફૂલ, ફળ આદિને માની શકાય, માટે પ્રથમ આત્માને જાણવાની જરૂર છે

બીજો લોકવાદ છે કારણ નિર્ગ્રંથ મતથી જે આત્મા (આત્મવાદી) સ્વરૂપને જાણી શકે તે જ લોકવાદી અર્થાત્ જગતના સત્ય સ્વરૂપને જાણનારા હોય છે કેમ કે જે પોતાના આંતરિક સ્વરૂપને નથી જાણી શકતા તે બાહ્ય સ્વરૂપને પણ યથાર્થ જાણી ન શકે આ રીતે આન્તર— બાહ્ય-જ્ઞાન પરસ્પર સાપેક્ષ છે આગમ પણ કહે છે કે —

जे एगं जाणइ, से सव्वं जाणइ જે એક આ માને જાણે છે તે બધાને જાણે છે એ રીતે સમ્યક્ જ્ઞાની

પાપપ્રકૃતિ કહે છે પરદ્રવ્યને ત્યાગી નિજગુણમાં સ્થિર થવું તે સુપુરુષાર્થ પંડિતવીર્ય (ઉત્તમ પુરુષાર્થ) શુદ્ધ ક્રિયા છે. તે નિર્જરાનું મુખ્ય કારણ છે. ક્રિયા–કર્મબંધન ૨૭ પ્રકારે થાય છે. વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની અપેક્ષાએ મનથી, વચનથી અને કાયાથી કરવું, કરાવવુ અને અનુમોદવુ. (૩×૩=૯×૩=૨૭ પ્રકારે). એ રીતે ક્રિયાના સ્વરૂપનુ જ્ઞાન તે ક્રિયાવાદ.

જે આત્માના સ્વરૂપને યથાર્થ જાણે છે તે લોકના સ્વરૂપને પણ જાણી શકે છે. અન્યથા સ્વલોક (આત્મા) પરલોક (પુદ્ગલાદિ દ્રવ્યો) ના જ્ઞાનના અભાવે પરલોકમાં પોતાપણુ માની બેસે છે, માટે જ આત્મસ્વરૂપના જ્ઞાતાને પરલોક (અન્ય દ્રવ્યો) ના જ્ઞાનના પણ કહ્યા છે. છ. કાયના લોકને પણ **ષટ્કાય** લોક કહે છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયથી ચતુર્ગતિમાં ભમવું પડે છે માટે તેને **કષાયલોક** કહે છે, માટે પરલોક (કષાયાદિ) છાંડવો જોઈએ. જે લોકના સ્વરૂપને સમજે છે તે જ સમજી શકે છે કે, આત્મા લોકમા ભટકે છે તેનુ મૂળ કારણ કર્મ છે. એવું જાણીને **કર્મવાદી** બની શકાય છે. અને કર્મોનું બંધન અશુદ્ધ ક્રિયાથી થાય છે આ બોધ–જ્ઞાન કર્મવાદીને જ થાય છે એટલે **કર્મવાદી** જ **ક્રિયાવાદી** થઈ શકે છે, એમ કહેવાયું છે. કર્મથી મુક્તિ–મોક્ષનો આધાર ક્રિયાપર છે માટે જ અંતમાં ક્રિયાવાદ લીધો છે.

'जो एग जाणई, सो सव्व जाणई,
जो सव्वं जाणई, सो एगं जाणई।'

—આચારાંગ સૂત્ર

જે એક—આત્મ સ્વરૂપને જાણે છે તે સર્વ (બધા દ્રવ્યો) ને જાણે છે અને જે સર્વને જાણે છે તે આત્માને જાણે છે માટે આત્મ-સ્વરૂપનુ જ્ઞાન કરવુ પરમાવશ્યક છે અને શ્રી આચારાગમા આદિ વચનમા આત્મ પદાર્થ વિચાર આત્મ-સ્વરૂપનુ યત્ન એટલા માટે જ ફરમાવ્યુ છે

શ્રી વીર પ્રભુએ દ્વાદશાગી બાર અગની પ્રરૂપણા કરી છે તેમા આદિ વચન 'આત્મ સ્વરૂપને ઓળખો' એ ઉપદેશ આપ્યો છે એથી સિદ્ધ થાય છે કે, દ્વાદશાગીનો સાર એક '**આત્મ-સ્વરૂપનો યથાર્થ બોધ**' છે બધુ જ્ઞાન-શાસ્ત્ર આત્માની મુક્તિ (મોક્ષ) ને માટે છે મોક્ષ આત્માની સત્ય સ્થિતિ જાણવાથી થાય છે જો આત્માને ન જાણે તો મોક્ષ કોનો કરવો ? આથી સ્પષ્ટ થાય છે કે, દ્વાદશાગી (જૈનાગમો) એ **જ્ઞાન-દીપક** છે, અને એના પ્રકાશ વડે આત્મ સ્વરૂપ રૂપી રત્ન શોધાય-જડે છે આત્મરત્ન પ્રાપ્ત થતા સર્વ જ્ઞાન કૃતાર્થ થાય છે

ચાર વાતનું જ્ઞાન કરવા માટે સમકિત છપ્પનીમા કહ્યુ છે કે—

આત્મ, લોક, કર્મ, ક્રિયા, શુદ્ધ વાદ છે ચાર !
ચિતવના સમકિત લહે જીવ જગત મોઝાર
આ આત્મજ્ઞાન એટલે કેટલા શાસ્ત્ર ને ગ્રંથોનો સાર —
લાખ વાતની વાત, કોટિ ગ્રન્થનો સાર છે
જો સુખ ચાહો ભ્રાત તો આતમ અનુભવ કરો
દ્વાદશાગી શ્રુતિ સિંધુ મથન કરી રત્ન નિકાસ્યો
સ્વ પર-ભેદ વિજ્ઞાન, શુદ્ધ ચારિત્ર પ્રકાશ્યો
એ જિન વાણીનો મહિમા

સવૈયા.

રાગ વિરોધ કુદેવ પ્રતીતિ વિનાશ સદા સબ લોક પ્રવાની,
અર્થ અનેક અભિધેય છે એક, ચઉ ગતિ વારણ મોક્ષ નિશાની.
આતમ રૂપ અનૂપની પ્રાપ્રતિ, કારણ રૂપ જિનેશ વખાણી,
યાતે નમે ને વખાણ કરે મુનિ, તે સમયાતમ શ્રી જિનવાણી.

ભાવાર્થ—રાગ, દ્વેષ અને કુદેવ, કુગુરુ, કુધર્મમાં પ્રતીતિ રૂપ દર્શન મોહનો સર્વથા વિનાશ કરવાવાળી જિન વાણી છે, તેનો વિસ્તાર બહુ છે, તેમાં અનેક વિષયોનુ સ્વરૂપ બતાવ્યુ છે, પરંતુ કહેવાની મુખ્ય વાત એક છે, તે આત્મ-સ્વરૂપ જે અનુપમ છે તેની પ્રાપ્તિ કરવી એ જ સાર છે આ જિન વાણી ચાર ગતિમા આનાદિ કાળથી જીવનુ ભવ ભ્રમણ થાય છે તે બંધ કરે છે. અનુપમ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિનું પ્રધાન કારણ (સાધન) છે. **જેવી રીતે રાત્રે ખોવાયેલ રત્નને શોધવા દીવાનો ઉપયોગ કરે છે. તેમાં દીવો સાધન છે. રત્ન ગોતવું સાધ્ય છે. આ જિન વાણી રૂપી દીવાથી આત્મ-સ્વરૂપ રૂપી રત્ન જે મોહાદિથી ઢંકાઈ ગયું છે તે શોધવાનું છે.** એવી ઉપકારક જિન વાણીને મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળા) જીવો નમસ્કાર કરે છે ને પ્રશંસે છે. તે સ્વ-પર સમય (દ્રવ્ય)નું કથન કરનાર પરમ પવિત્ર જિનવાણીનું જ્ઞાન કરવા પુરુષાર્થ કરવો જોઈએ.

(૮૮) **પ્રશ્ન**—જિનેશ્વર ભગવાન સમકિત કોને કહે છે?

ઉત્તર—भावेणं सदहंतस्त सम्मत्तं तं वियाहियं
(उ. अ. २८, गा. १५)

ભાવ (અંતર ઉપયોગ) પૂર્વક, ભાવ સહિત—દ્રવ્ય ભાવ પૂર્ણ બધી અપેક્ષાથી નવ તત્ત્વનું જ્ઞાન કરવું અને શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે એમ શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે ટૂંકામાં આત્માનો અનુભવ—સ્વાનુભૂતિ—જ સમ્યક્ત્વ છે કહ્યું છે કે—

દોહા—જે દર્શન દર્શન વિના, તે દર્શન નિરપેક્ષ,
જે દર્શન દર્શન થયા, તે દર્શન સાપેક્ષ

ભાવાર્થ—જે દર્શન (સમકિત) થી દર્શન (આત્મદર્શન, સ્વાનુભૂતિ) થતું નથી તે નિરપેક્ષ (મોક્ષની પ્રાપ્તિ રહિત) સમકિત (દ્રવ્ય સમકિત) છે પણ જે દર્શન (સમકિત)થી દર્શન (આત્માનુભવ) થાય છે તે સમકિત જ સાપેક્ષ (ભાવ સમકિત—મોક્ષ પ્રાપ્તિનું કારણ) છે, તે જ શુદ્ધ—નિશ્ચય—સમકિત કહેવાય છે

(૮૯) **પ્રશ્ન**—સમકિત કોઈ ખાસ ગચ્છ, સંઘાડા, સંપ્રદાય, સ્થાનક, મંદિર, મઠ યા ગુરુનું હોય છે કે બીજું કંઈ?

ઉત્તર—સમકિત આત્માનો ગુણ છે સમકિતની વ્યાખ્યા કરતા બધા શાસ્ત્રકારોએ **યથાર્થ તત્ત્વ શ્રદ્ધાને સમકિત કહ્યું છે**

तहियाण तु भावाण, सब्भावे उवएसण
भावेण सद्दहंतस्स सम्मत्त त वियाहियम्

(उ अ २८, गा १५)

ભાવાર્થ—યથાર્થ સ્વરૂપનો ભાવપૂર્વક નિશ્ચય કરવાને સમકિત કહે છે તે સ્વભાવથી, (સ્વયંબોધ થી)

અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે. એ રીતે ઉપજેલ ભાવ-પૂર્વકની તત્ત્વ શ્રદ્ધા, તેને સમકિત કહ્યુ છે.

આથી સ્પષ્ટ છે કે, આજે જે ખાસ ગચ્છ, સંપ્રદાય અથવા ગુરુ વિશેષનું સમકિત મનાય છે તે શાસ્ત્રો જોતાં ન્યાય સંપન્ન નથી લાગતું કોઈ સંઘાડા કે ગુરુનું સમકિત હોઈ જ ન શકે. આથી જ તો વર્તમાનમા અંદર અંદર ધર્મકલહ થાય છે, એ ઝઘડા છોડીને તત્ત્વ બોધ કરવો જોઈએ. "तत्त्वार्थ श्रद्धानं सम्यगूदर्शनम्" **યથાર્થ તત્ત્વના સ્વરૂપનો નિશ્ચય તેને સમકિત કહે છે.**

(૯૦) **પ્રશ્ન**—આજે આટલા બધા ગચ્છ, સઘાડા, ફિરકા, સપ્રદાય કેમ થઈ ગયા ?

ઉત્તર—પ્રાય **તત્ત્વ-જ્ઞાન**, તત્ત્વોનો અભ્યાસ છૂટી જવાથી, સ્યાદ્વાદ એટલે વ્યવહાર, નિશ્ચય, જ્ઞાન-દર્શન-ચારિત્રનો અભ્યાસ ન હોવાથી કોઈ ખાસ દેશ, કાળ, સંયોગ મુજબ જરા ક્રિયા ભેદ થયો કે તેમા આગ્રહ કરીને મતભેદ પેઠો તેથી પરસ્પર દ્વેષ બુદ્ધિ થઈ જો તત્ત્વોનો અભ્યાસ વધારાય અને વ્યવહાર-નિશ્ચય બરાબર સમજાય તો સપ્રદાય, સંઘાડા, મતમતાંતરો આદિ ભેદો દૂર થઈને પરસ્પર માધ્યસ્થ ભાવ-સમભાવ-નો અમૃત રસ વરસવા લાગે કદાપિ કારણવશ કંઈ ભેદ રહે તો તે પણ પ્રમોદ-ગુણાનુરાગ રૂપ જ રહી શકે છે, દ્વેષ રૂપ નહિ જેમ પ્રભુ મહાવીરના ૧૧ ગણધરો હતા. તેમના શિષ્ય સમૂહને ૯ ગચ્છમાં વહેંચ્યા હતા, પરંતુ એ તો પ્રમોદ ભેદ હતા. આજે આપણા ભેદો પ્રાયઃ દ્વેષમય થઇ

રહ્યા છે, તેનો સુધારો તત્ત્વ પ્રચાર (સ્યાદ્વાદના યથાર્થ જ્ઞાન) દ્વારા જ થઈ શકશે

(૯૧) **પ્રશ્ન**—શુદ્ધ, સમકિત ધારીને ઓછામાં ઓછું કેટલું જ્ઞાન હોવું જોઈએ?

ઉત્તર—૬ દ્રવ્ય, નવ તત્ત્વોનું નય-પ્રમાણથી હેય (છોડવા યોગ્ય), ઉપાદેય (આદરવા યોગ્ય) રૂપે યથાર્થ જ્ઞાન હોવું જોઈએ

(૯૨) **પ્રશ્ન**—ગ્રંથી-ભેદ થયા વિના સમકિત નથી થતું તો ગ્રંથી શાની છે અને કયે ઠેકાણે, કયા કર્મમાં અને કયા સુધી રહે છે? અને ગ્રંથી-ભેદ કયા ઉપાયોથી થઈ શકે?

ઉત્તર—ગ્રંથી મિથ્યાત્વ મોહ કર્મની તીવ્ર બંધન-ગ્રંથી—ને કહે છે. આ મિથ્યાત્વ મોહિનીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. ૬૯ ક્રોડાક્રોડ સાગરથી વધુ સ્થિતિના કર્મો ક્ષય અને દેશઉણા ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યાં ગ્રંથી-(ગ્રન્થી)-છે. અહીં સુધી તો યથા પ્રવૃત્તિ કરણ વાળા અભવી પણ આવી જાય છે પરંતુ યથાપ્રવૃત્તિકરણ (અનિત્ય-અશરણ ભાવના)ની ગ્રન્થી ભેદ નથી થઈ શકતો પરંતુ અપૂર્વ કરણ એટલે આત્મા ભાવનાથી ગ્રંથીના નાશ (ગ્રન્થી ભેદ) થઈ શકે છે અને અનિવૃત્તિ કરણ (શુદ્ધોપયોગના સ્થિરતા)માં સમકિતની પ્રાપ્તિ થાય છે

આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મોની સ્થિતિ

દેશઉણુ એક ક્રોડાક્રોડ સાગરોપમ રહે છે, ત્યારે **યથા-પ્રવૃત્તિ કરણુ** પ્રકટ થાય છે. એટલે અનિત્ય, અશરણુ ભાવનાથી ત્યાગ વૈરાગ્ય થાય છે, પરંતુ આત્માના અતીન્દ્રિય-નિરાકુલ શુદ્ધ ઉત્તમ ભાવના, એમાં વારંવાર ભેદ-ભાવના, એકત્વભાવના અને આત્મભાવનાનુ ચિંત્વન કરે, આથી અપૂર્વ કરણુની પ્રાપ્તિ થાય છે. (અપૂર્વ કરણુ એટલે પૂર્વે નહિ આવેલા શુદ્ધ પરિણામ.)

ગંઠી એટલે જીવની અનાદિ વિપરીત બુદ્ધિ (પરવસ્તુ–શરીર, ભોગાદિ–ને સ્વ–પોતાના–માનવા), વિભાવ પર્યાય (ચાર ગતિરૂપ જીવની અશુદ્ધ અવસ્થા)માં સ્વામિ-પણુ રાખવુ તેને મિથ્યાત્વરૂપી ગાંઠ કહે છે. તેનો નાશ **અપૂર્વકરણુ** (આત્મ–સ્વરૂપ વિચાર) થી કરવો જોઈએ. આ પરિણામોની જ્યારે વિશેષ શુદ્ધિ થાય છે ત્યારે અનિવૃત્તિકરણુ પ્રકટે છે. એના વડે જ **નિશ્ચય–સમકિત** પ્રાપ્તિ થાય છે સમકિત પ્રાપ્ત થવાથી નિશ્ચયે **શીઘ્ર મોક્ષ** થાય છે. જેમ પાણીનો ઘડો દોરડા સહિત ઊંડા કૂવામાં પડી જાય અને દોરડુ હાથ ન આવે ત્યા સુધી–કદી ઘણા કાળ સુધી પણુ–પાણી ન મળે, પરંતુ દોરડું હાથ આવતાં જ ઘડો અને પાણી બધુ શીઘ્ર મળી શકે છે. તેવી જ રીતે એક **સમકિત** ગુણુ પ્રકટવાથી નિશ્ચયે બધા ગુણો પ્રકટે છે મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર પણુ સમકિત પ્રકટતાં સમ્યક્ જ્ઞાન સમયક્ ચારિત્ર રૂપ થઈ જાય છે આત્માના બધા દૂષિત ગુણોને શુદ્ધ કરનાર માત્ર 'સમકિત' ગુણુ છે જેમ સૂર્યોદય થતાં જ બધો અંધકાર મટીને બધી વસ્તુઓ

પ્રકાશ પામે છે તેમ સમકિત પ્રકટતા બધા દોષો દૂર થઈ જાય છે જેમ જીવ વિનાનુ કલેવર, અંધ આગળ આરસી, બહેરા આગળ ગીત, આંકડા વિનાના મીંડા વ્યર્થ છે, તેમ સમકિત વિના બધુ વ્યર્થ છે માટે જ આત્માર્થીઓએ સમકિત પ્રાપ્તિ માટે ઉગ્ર પુરુષાર્થ કરવો એ જ કર્તવ્ય છે સમકિત વિનાની ઉત્તમ ક્રિયાઓથી પુણ્યપ્રાપ્તિ તો થાય છે, પરંતુ મોક્ષપ્રાપ્તિ નથી થઈ શકતી માટે જ સમકિત વિનાની સર્વ ક્રિયાઓ વ્યર્થ બતાવી છે કારણ મોક્ષ જ પરમો ત્કૃષ્ટ ધ્યેય છે

(૯૩) પ્રશ્ન—સમકિતના આઠ અંગ પ્રકટાવ્યા વિના સમકિત થઈ શકે કે નહિ ?

ઉત્તર—પૂર્ણ વસ્તુનો સર્વાંગ સુંદરતા હોવાથી ગણાય છે જેમ હાથ, પગ, માથુ છાતી આદિ અંગો મળીને જ શરીર બને છે તેમ જ આઠ અંગના ગુણોથી સમકિત સંપૂર્ણ ગણાય છે અંગમા જેટલી ન્યૂનતા (ઊણપ) હોય તેટલા પ્રમાણમા તે હીનાંગ કે વિકલાંગ કહેવાય છે અંગનો થોડો દોષ પણ ઠીક નથી તો વધુ ઊણપ તો વધુ મોટી ખામી ગણાય

(૯૪) પ્રશ્ન—સમકિતના અંગ કેટલા છે ?

ઉત્તર—૧ વ્યવહાર સમકિત ૨ નિશ્ચય સમકિત એ બંનેના આઠ આઠ અંગ છે

(૯૫) પ્રશ્ન—વ્યવહાર સમકિતના આઠ અંગોનું સ્વરૂપ શું ?

ઉત્તર—વ્યવહાર સમકિતના આઠ અંગ નીચે મુજબ—

(૧) નિઃશંકિત=શ્રીજિન વચનના શંકા ન રાખવી

આત્મા અજર અમર હોઈ ભય પ્રસંગે પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપી રત્નત્રયથી ડગવું નહિ.

(૨) निक्कंखिय=કુજ્ઞાન, કુદર્શન, વિષય, કષાયની વાંછા ન કરવી.

(૩) निव्वितिगिच्छा=પ્રતિકૂળ શબ્દ, ગંધ, રૂપ, રસ, સ્પર્શાદિ દુઃખના નિમિત્ત મળ્યે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ગ્લાનિ ન કરવી ધર્મકાર્યમાં ખેદ ન ધરવો. સ્વગુરુતા, પરલઘુતા ન કરવી તત્ત્વની અરુચિ ન કરવી. કોઈની નિંદા ન કરવી.

(૪) अमूढदिट्ठी—હરએક પ્રવૃત્તિ તથા દેવ, ગુરુ, ધર્મ-શાસ્ત્રમાં મૂઢતા ન રાખવી. યથાર્થ જ્ઞાનથી પ્રવૃત્તિ કરવી

(૫) उववूह—જ્ઞાન, દર્શન, ચારિત્રાદિગુણોની વૃદ્ધિ કરવી તે उववुहन છે કોઈ उपगूहन પણ કહે છે, उपगूह ઢાંકવુ સ્વગુણ અને પરદોષ પ્રકટ ન કરવા-ઢાંકવા.

(૬) थिरीकरण-સ્વ-પર-ને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સ્થિર કરવા. ઉત્તમ કાર્યોમાં દૃઢ કરવા.

(૭) वच्छलना—વિશેષ ગુણી પ્રત્યે અતિશય પૂજ્ય ભાવ, સમાનગુણી પ્રત્યે ગાઢ મૈત્રી, અલ્પગુણી પ્રત્યે અતિશય હિતબુદ્ધિ રાખીને સકળ સામગ્રીઓના ભોગે સેવાર્પણમાં સદા તત્પર રહેવુ. જેમ ગાય કે મૃગ પોતાના સંતાનની રક્ષા માટે સિંહની પણ સામે થાય છે

(૮) प्रभावना—स्व તથા पर માં જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો પ્રકટાવવા

એ રીતે વ્યવહાર સમકિતના આઠ અંગ પ્રકટ કર-

વાથી ઘણા પુણ્યની પ્રાપ્તિ તથા થોડી નિર્જરા થાય છે
એમા પણ જો બે ભાવના અને આત્મવિચારનો અભ્યાસ
વધારાય તો નિશ્ચય સમકિત ટકી શકે છે

(૯૬) પ્રશ્ન—નિશ્ચય સમકિતના આઠ અંગોનુ શુ
સ્વરૂપ છે ?

ઉત્તર—નિશ્ચય સમકિતના આઠ અંગ નીચે મુજબ —

(૧) નિશ્શંકિત= સમદૃષ્ટિ પોતાના જ્ઞાન, શ્રદ્ધા અને
ચારિત્રના નિશ્ચય હોય આત્મા અવિનાશી માન્યો જેથી
અભય હોય, કદી કોઈ નિમિત્ત વગે નહિ આત્માના ગુણોનો
સ્વાનુભવ થવાથી આત્મસ્વ ભાવથી ચલિત ટકી ન થાય

(૨) નિક્ષાંક્ષિત—જે કર્મફળની વાછા ન કરે અને
અન્ય વસ્તુના ધનની પણ વાછા ન કરે કારણ જે સ્વ
આત્મધ્યાનના લીન છે, તેને બીજી વાછા ન હોય શબ્દ,
રૂપ, ગધ, રસ અને સ્પર્શાદિ પુદ્ગલ ગુણ માને

(૩) નિર્વિચિકિત્સા—જે બધી વસ્તુઓના વિવિધ
ધર્મોમા ગ્લાનિ નથી કરતા, કર્મ ઉદયમા ખેદ નથી કરતા
પણ સદા સમભાવ રહે છે

(૪) અમૂઢદૃષ્ટિ —જે સ્વ અને પર દ્રવ્યના યથાર્થ
સ્વરૂપને જાણવાના મૂઢ ન હોય-મુઝાય નહિ સત્યા
સત્યના જ્ઞાતા વિવેકી હોય

(૫) ઉપગૂહન—આત્માને શુદ્ધ સ્વરૂપમા લગાડે
આત્મશક્તિ વધારે અન્ય દ્રવ્યોના બધા ધર્મોને ગોપવે
(ગૌણ કરે)

(૬) સ્થિતીકરણ—આત્માને સ્વસ્વરૂપથી ડગતા સ્થિર કરે

(૧૦૫) **પ્રશ્ન**—આત્મ સ્વરૂપનુ જ્ઞાન વાંચવું, બોલવું, લખવું તે કયા કર્મનો ક્ષયોપશમ છે?

ઉત્તર—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોયશમ છે.

(૧૦૬) **પ્રશ્ન**—આત્મસ્વરૂપનો અનુભવ કરવો એ કયા કર્મનો ક્ષયોપશમ છે?

ઉત્તર—દર્શન મોહનીયનો ક્ષયોપશમ છે દર્શન મોહનીયના અભાવમાં આત્મસ્વરૂપનો અનુભવ થાય છે

(૧૦૭) **પ્રશ્ન**—સમકિત, શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કોને કહે છે?

ઉત્તર—તત્વાર્થની સન્મુખ થવું એ શ્રદ્ધા છે, આત્મ-સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરવો એ પ્રતીતિ છે અને આત્મ-દર્શન એટલે આત્મઅનુભવ કરવો એ રુચિ છે. **સ્વ અને પરનું યથાર્થ ભેદ જ્ઞાન કરી શુદ્ધ આત્મસ્વરૂપનો નિશ્ચય કરે તેને સમકિત કહે છે.**

(૧૦૮) **પ્રશ્ન**—રાગ-દ્વેષ રૂપ વિષ-વૃક્ષોનું બીજ, સકળ દુઃખ દાવાનળનુ મુખ્ય કારણ અને સમસ્ત દોષોની સેનાનો રાજા કોણ?

ઉત્તર—મિથ્યાત્વ એટલે દર્શન મોહ

(૧૦૯) **પ્રશ્ન**—મોહ રૂપી અગ્નિ ત્રણ લોકમાં ફેલાઈ રહ્યો છે તે કયા પાણીથી શાન્ત થાય?

ઉત્તર—ભેદભાવના અર્થાત્ સમકિત ભાવનાથી શાંત થાય છે

(૧૧૦) **પ્રશ્ન**—જ્ઞાની અને અજ્ઞાની શી રીતે જણાય?

ઉત્તર—પર-દ્રવ્યમાં રાગદ્વેષ કરે તે અજ્ઞાની છે. પર-

દ્રવ્યને ભિન્ન જાણીને રાગદ્વેષ ઘટાડે તથા સમભાવમા રહે તે જ્ઞાની છે ચૌદ પૂર્વનો સાર સમભાવ છે બધા શાસ્ત્રો એ સમભાવનુ વિવેચન (વૃત્તિ, ટીકા) છે

(૧૧૧) પ્રશ્ન—મા માર્ગે સાથી પ્રથમ શુ છોડવુ જોઈએ ?

ઉત્તર—પાચ મિથ્યાત્વના સ્વરૂપને જાણીને છોડવા (મિથ્યાત્વનુ વિશેષ સ્વરૂપ સમકિત ભાવના તથા આ મજાગૃતિ ભાવનાથી જોઈ લેવુ)

(૧૧૨) પ્રશ્ન—સમકિતની શુદ્ધિ શાથી થાય છે?

ઉત્તર—નિરંતર તત્ત્વાભ્યાસથી

(૧૧૩) પ્રશ્ન—સમકિત રૂપી છ કે અરૂપી ?

ઉત્તર—સમકિત અરૂપી છે કારણ એ જીવના ગુણ છે જીવ અરૂપી છે એટલે તેનો ગુણ પણ અરૂપી છ

(૧૧૪) પ્રશ્ન—સમકિતઇન્દ્રિય સુખનો આનદ દેનાર છે કે અતીન્દ્રિય આનદ દેનાર?

ઉત્તર—સમકિત અતીન્દ્રિય આત્મિક આનદ દેનાર છે ઈન્દ્રિયોનો આનદ જીવના ચરિત્ર ગુણનો વિકાર—અશુદ્ધ અવસ્થા છે

(૧૧૫) પ્રશ્ન—આ તીર્થમા પ્રવેશ ક્યારે થઈ શકાય છે?

ઉત્તર—સમકિત ગુણ પ્રાપ્ત કરવાથી

(૧૧૬) પ્રશ્ન—સમદૃષ્ટિ આ મા ગુ. આદિની પરી ક્ષા કેવી રીતે કરે છે ?

ઉત્તર—નયપ્રમ ક્રિયા રત થયા, બાળ દેખે લિંગ
સમદૃષ્ટિની દૃષ્ટિમા, ઉત્તમ તત્ત્વ સુરંગ

ખોટી સમજણ. જ્યારે આ જીવ સાચી સમજણ કરી રાગ, દ્વેષ, મોહ, શરીર, ભોગાદિ છોડે છે ત્યારે ફરી તે કદી ગ્રહણ કરતો નથી. જેવી રીત સમજુ માણસ રત્નની ખાણમાંથી કાંકરા તજી રત્ન લે છે પણ અણસમજુ માણસ કાંકરા તજે છે, છતાં વગર સમજણે તે પાછા લઈ રત્ન ફેંકી દે છે. તેમ મિથ્યાત્વી નિર્જરા કરી દેવાદિ ભોગ મળતા પાછો ગૃદ્ધ બની દુર્ગતિમા જાય છે સમકિતીનો વૈરાગ્ય ને ત્યાગ નિત્ય રહે છે જ્યારે તે વિના અસ્થિર રહે છે.

(૧૨૦) **પ્રશ્ન**—સત્ય ઉપદેશ ક્યારે દઈ શકાય છે?

ઉત્તર—વ્યવહાર નિશ્ચય બન્ને નય (અપેક્ષા, અભિપ્રાય, આશય)નું જેને બરાબર જ્ઞાન હોય તેવો સમભાવી આત્મા જ સત્ય ઉપદેશ આપી શકે છે. વર્તમાનમાં આ બે ગુણોના અભાવે ઉપદેશ આપવાથી કલહ થતો દેખાય છે, અથવા સ્વ પર વિકાસ થતો નથી.

(૧૨૧) **પ્રશ્ન**—આ બે ગુણ જરૂરી શા માટે છે?

ઉત્તર—વ્યવહાર નિશ્ચયના જ્ઞાનથી સત્ય જણાય છે. જો તેનું જ્ઞાન નથી તો સત્ય પણ નથી જાણતું, તો સત્ય ઉપદેશ તો શી રીતે આપી શકે? સત્ય જાણવા છતાં સમભાવ ન હોય તો અસત્ય કહેવાય છે માટે જ સમભાવી જ્ઞાની જ સત્ય ઉપદેશ આપી શકે છે. ભગવાન પણ સર્વજ્ઞ અને વીતરાગ (બન્ને ગુણયુક્ત) હોવાને લીધે જ સત્ય ઉપદેષ્ટા (આપ્ત પુરુષ) કહેવાય છે.

(૧૨૨) **પ્રશ્ન**—મૂલ પાઠનુ જ્ઞાન, અર્થનું જ્ઞાન અને તત્ત્વરહસ્યના જ્ઞાનથી શું શુ ફળ મળે છે?

ઉત્તર—૧ માત્ર પાઠ જ્ઞાનથી પ્રાય સામાન્ય પુણ્ય પ્રકૃતિ બધાય ૨ અર્થ જ્ઞાનથી ઘણી પુણ્ય પ્રકૃતિ અને થોડી નિર્જરા થાય, અને ૩ તત્ત્વ (રહસ્ય) જ્ઞાનથી ઘણી નિર્જરા થાય તથા સત્ય સુખની પ્રાપ્તિ થાય છે પાઠ જ્ઞાન ઉત્તમ વૃક્ષના પાંદડા સમાન છે, અર્થ જ્ઞાન ફૂલ સમાન અને તત્ત્વ જ્ઞાન ઉત્તમ ફળ સમાન છે એમ શ્રી ઠાણાંગ સૂત્રમા ફરમાવ્યુ છે

(૧૨૩) પ્રશ્ન—સર્વ શાસ્ત્રોનુ કથન કેટલી નયોથી કર્યુ છે? અને તેની આજ્ઞાનુ પાલન કેટલી નયથી કરવુ જોઈએ?

ઉત્તર—શાસ્ત્ર કથન મુખ્ય બે નય- વ્યવહાર-નિશ્ચયથી કરેલ છે અને તેનુ પાલન પણ બન્ને નયથી કરવુ જોઈએ એ બન્ને નયના સમૂહને સ્યાદ્વાદ કહે છે એક જ નયને એકાન્તવાદ (મિથ્યાત્વ) કહે છે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ બાહ્ય ચારિત્ર છે અને યોગ કષાયનો ત્યાગ આભ્યંતર ચારિત્ર છે

(૧૨૪) પ્રશ્ન—કેવા સુખની ચાહ કરનારને આત્મ-દર્શન અને આત્મજ્ઞાન પ્રકટ થઈ શકે?

ઉત્તર—ઇન્દ્રિય સુખ છોડીને આત્મિક સુખની ચાહ (ઇચ્છા) કરનારને આત્મદર્શન અને આત્મજ્ઞાન પ્રકટી શકે છે

(૧૨૫) પ્રશ્ન—કયા ગુણ પ્રકટ કરવાથી જન્મ મરણની જડ (સસાર સતતિ) નાશ પામે?

ઉત્તર—સમકિત ગુણ પ્રકટ થવાથી સસાર સતતિ

નષ્ટ થાય છે, જેમ મૂળ કપાતાં વૃક્ષ નીચે પડે છે અને તેના ડાળી, પાંદડાં લીલાં છતાં વધી નથી શકતાં પણ સુકાઈ જાય છે. એ રીતે સમદષ્ટિનો સંસાર નથી વધતો, અને સકળ કર્મ ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

(૧૨૬) **પ્રશ્ન**—સ્વભાવ પર્યાય (હાલત) કઈ છે?

ઉત્તર—શુદ્ધ ગુણ જ સ્વભાવ પર્યાય છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર જ શુદ્ધ ગુણ છે.

(૧૨૭) **પ્રશ્ન**—વિભાવ પર્યાય કઈ છે?

ઉત્તર—અશુદ્ધ ગુણ વિભાવ પર્યાય છે. અજ્ઞાન, મિથ્યાત્વ, અને વિષય કષાય જીવની અશુદ્ધ હાલત છે.

(૧૨૮) **પ્રશ્ન—આત્માની સિદ્ધિનું પરમ અદ્ભુત નિમિત્ત કારણ કયું!**

ઉત્તર—શુદ્ધ ભાવ.

(૧૨૯) **પ્રશ્ન**—નિશ્ચય હિંસા કઈ છે?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ અને વિષય કષાય જ નિશ્ચય હિંસા છે. હિંસા જ સર્વ દુખોનું મૂળ કારણ છે.

(૧૩૦) **પ્રશ્ન**—નિશ્ચય અહિંસા કઈ છે?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય કષાયનો ત્યાગ જ નિશ્ચય અહિંસા છે સમભાવ જ અહિંસા છે અને અહિંસા જ સુખોનુ મૂળ છે.

(૧૩૧) **પ્રશ્ન**—સમકિતની ઉત્પત્તિ, રક્ષા અને વૃદ્ધિ કયા ધ્યાનથી થાય છે? તથા સમદૃષ્ટિ જીવે એ ધ્યાન કેટલી વાર કરવું જોઈએ?

ઉત્તર—સમકિતની ઉત્પત્તિ ધર્મ ધ્યાન (આત્મ

ચિંતવન)માથી થાય છે અને ધર્મધ્યાનથી જ સમકિતગુણની ગ્યા અને વૃદ્ધિ થાય છે

ધર્મધ્યાનનુ નિરંતર ચિંતવન કરવુ જોઈએ ઓછામા ઓછુ ત્રણ દિવસના ત્રણ વાર તો અવશ્ય ચિંતવન કરવુ જોઇએ શાસ્ત્રમા બે પહોર ધ્યાનની ખાસ આજ્ઞા છે

(૧૩૨) પ્રશ્ન—ધર્મધ્યાન કોને કહે છે?

ઉત્તર—ધર્મનો અર્થ સ્વભાવ વસ્તુ સ્વભાવ ધર્મ) છે આત્માના સ્વભાવ (નિજગુણો)નુ ચિંતવન કરવુ એજ ધર્મધ્યાન છે ધર્મધ્યાન (આત્મ ચિંતવન)ની આના વિચય (પદાર્થ—સ્વરૂપ-વિચાર) આદિ ચાર પ્રકાર છે એને વ્યવહાર-નિશ્ચયથી સમજીને ચિંતવન કરવુ જોઈએ

(૧૩૩) પ્રશ્ન—ઉપયોગના ત્રણ પ્રકાર કયા કયા છે?

ઉત્તર—શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગ

(૧૩૪) પ્રશ્ન—એ ત્રણ પ્રકારના ઉપયોગના અર્થ શું શું છે?

ઉત્તર—૧—ક્રોધ, માન, માયા લોભ રાગ દ્વેષ વિષયાદિના વિચારો એ અશુભ ઉપયોગ છે એથી આ લોક અને પરલોકમા દુખ ભોગવવા પડે છે

૨—વિષય કષાય ઉપશાંત કરીને અહિંસા સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા વિનય આરવના દાન, તપ ભક્તિ આદિના વિચારો કરવા શુભ ઉપયોગ છે, આથી આ લોક અને પરલોકમા બહુ સુખ મળે છે

૩—ઉપરના બન્ને વિચારો સિવાય આ નિર્વિકાર—આત્મસ્વરૂપમાં જ શુદ્ધ ઉપયોગ છે એથી સર્વ દુખોનો નાશ થઈને અવિનાશી સત્ય સુખ પ્રાપ્ત થાય છે

તો તરત દૂર કરવામાં આવે છે. તેમજ જ્યાં સત્ય દર્શન (સમકિત) પ્રકટે છે. ત્યાં સર્વદોષો દૂર કરવાની તીવ્ર રુચિ જાગે છે. અને જીવ થોડા વખતમાં જ સિદ્ધ થઈ જાય છે.

જ્ઞાનપૂર્વક શાંત રસની પ્રાપ્તિ દર્શન-શુદ્ધિથી થાય છે. જે મનુષ્ય બંધનને યથાર્થરૂપે જાણે છે. અને તેને દૂર કરવા-કાપવામાં જ સ્વતંત્રતા (સુખ) નું મૂળ છે, એવી માન્યતા રાખે છે તથા પુરુષાર્થ દ્વારા બધનથી મુક્ત થાય છે તે સુખી થાય છે. એ રીતે જે વ્યક્તિ શરીરાદિ સ્થૂળ બંધન અને કામ, ક્રોધ, લોભ, મોહાદિ સૂક્ષ્મ બધનથી બંધાયેલ આત્માઓને નિશ્ચય નય (સત્ય-સ્વરૂપ વિચાર)ની અપેક્ષાએ બધાને બંધનથી ભિન્ન, જ્ઞાન-સ્વરૂપ જાણે છે, અનુભવ કરે છે, નિશ્ચય કરે છે અને મોક્ષમાર્ગનુ આચરણ કરે છે, તે જ મુક્ત થઈ શકે છે. એટલે મોક્ષ પ્રાપ્તિને માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા પરમ આવશ્યકીય છે

'श्रद्धा परम दुल्लहा'—શ્રદ્ધા (સત્ય નિશ્ચય સમકિત) પરમ દુર્લભ છે. એવું જે શાસ્ત્ર વચન છે તે સત્ય છે. કારણ એ છે કે, જીવને અનાદિ કાળથી વિષય (ભોગ), કષાય (ક્રોધાદિ) નો ગાઢ પરિચય હોવાથી જીવ પોતાના નિજ ગુણોને ભૂલી ગયો છે જેમ કોઈ રાજપુત્ર બચપણથી જં ભીલપુત્રો સાથે રહેવાથી પોતાને ભીલપુત્ર સમજે છે, પણ જ્યારે કોઈ સત્પુરુષ તેને સ્વભાન કરાવે છે ત્યારે તે પોતાના રાજ્યકાર્ય હાથ ધરવાને તત્પર થઈ જાય છે. આ હાલત જીવની છે, અને આ જીવે કદાચ ધર્મપાલન કર્યું હશે તો પણ આત્મ-ધર્મની આરાધના ન હોવાથી તત્ત્વરુચિ બહુ ઓછી છે.

વિવેચન આ કાળમા સમક્તિના આરાધક જીવોનો જન્મ પ્રાય ન્યૂન છે એટલે તો જીવોની તત્ત્વ રુચિ મંદ થતી દેખાય છે જો કે આ કાળમા સમકિત ધર્મનુ આરાધન થઈ શકે છે, પરન્તુ એ દ્રવ્ય ભાવનાથી કે, જેથી સ્વભાવિક પ્રેરણા જાગે બાળક જન્મથી જ દૂધ પીવા લાગે છે જુવાનો વિના શિખવ્યે વિષયમા રત થાય છે એ ક્રિયાઓ ઉદય જનિત પૂર્વ સંસ્કારથી થાય છે આત્મ-જ્ઞાન, તત્ત્વ-જ્ઞાન સમકિત ધર્મ એ ક્ષયોપશમ જનિત ગુણ છે જે પુરુષાર્થ કરે સદ્ગુરુના ઉપદેશ કે સત્શાસ્ત્ર શ્રવણના રહસ્યને સમજે, તેને જ પરમ સત્ય પ્રાપ્ત થઈ શકે છે આજ અનેક જીવો અસદ્ગુરુ આદિમા સત્યપણુ કલ્પીને રોકાઈ જાય છે એનુ કારણ અવિવેક બુદ્ધિની ઉણપ છે કેટલીક વાર સત્સમાગમ થાય છે તો બલ વીર્ય આદિની એટલી તો શિથિલતા હોય છે કે ચિંતા મણિરત્ન સન્મુખ છતા લઈ શકાતો નથી કેટલાક જીવો શુષ્ક જ્ઞાન પ્રધાન છે તો કેટલાક જીવો શુષ્ક ક્રિયા પ્રધાન છે જ્યા જ્ઞાન અને ક્રિયા બન્નેનો યોગ હોય છે ત્યા જ સત્યની પ્રાપ્તિ થાય છે

શુષ્ક જ્ઞાન—શાસ્ત્રમા જ્ઞાન અને ક્રિયા વિચાર અને આચાર-થી સુખની પ્રાપ્તિ બતાવી છે જો કેટલાક એકાન્ત ક્રિયાના મોહ હોય છે ત્યા જ્ઞાન પ્રકટાવવાની શિક્ષા દેવાનુ કહ્યુ છે કેમ કે જ્ઞાનના અભાવે બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે આ શબ્દો પ્રહણ કરીને શુષ્ક જ્ઞાની જીવો ક્રિયા

બીજો શુભ વ્યવહાર તે છે જે યથાર્થ વસ્તુ સ્વરૂપનો બોધ અને નિશ્ચયથી રહિત છે ત્યાં સુધી પુણ્ય પ્રાપ્તિનું કારણ છે. જ્યારે શુભમાં ઉચ્ચ ભાવના પ્રકટ થાય ત્યારે તે શુદ્ધનું સાધન થઈ જાય છે. એ વ્યવહાર રત્નત્રય છે. યથાર્થ તત્ત્વ નિશ્ચય, યથાર્થ પ્રમાણ, નયપૂર્વક તત્ત્વબોધ અને કષાયની મંદતા.

ત્રીજો સાધન વ્યવહાર છે. જેમ કે—વેશ, ઉપકરણો, બાહ્યસમાચારી ક્રિયા આદિ જે દેશકાળમાં હિતકર હોય તેવો ઉપદેશ પ્રધાન આચાર્યાદિ આપે છે એ જ સાધન વ્યવહાર છે. આ વ્યવહાર જ્યાં સુધી ઇષ્ટની સિદ્ધિ શુદ્ધ અને શુભની સાધના કરે ત્યાં સુધી હિતકર છે. દેશકાળ બદલાયે સાધન વ્યવહાર બદલવા પડે છે. બાલ જીવ સાધન વ્યવહારમાં સર્વસ્વ સમજી બેસે છે. ધર્મક્રિયાની વિધિ એક સાધન હોવાથી સદા સરખી રહેતી નથી. જેમ મધ્યમ કોટિના મુનિઓ માટે રોજ બન્ને વખત પ્રતિક્રમણ આવશ્યક છે, ફરજીઆત છે. જ્યારે ઉચ્ચ કોટિના મુનિઓ માટે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરવાની આજ્ઞા છે.

આથી એટલું તો સિદ્ધ છે કે, રાગ–દ્વેષ, વિષય કષાય પર વિજય કરવાનું સાધ્ય (ધ્યેય) સર્વ માટે સમાન છેઃ પરંતુ બાહ્ય સાધન પલટતા રહે છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર્યોએ ઉપકાર બુદ્ધિથી એવી કેટલીયે નવીનતાઓ કરી છે એમના શિષ્યો એ સાધનોમાં સર્વસ્વની બુદ્ધિ કરીને અત્યાગ્રહ કરે છે તથા

સમકિત અને મિથ્યાત્વની કલ્પના આ સાધનોથી કરે છે, એ જ્ઞાનની ખામી છે શાસ્ત્રકારોએ સાધનમાં મમત્વ ન કરવાની અને શુભમાં શુદ્ધ બુદ્ધિ ન કરવાની શિક્ષા આપતા આ દોષોને છોડાવવાની અને શુદ્ધ વ્યવહારને કામમાં લાવવા માટે ફરમાવ્યું છે કે, મેરુ પર્વત જેટલા ધર્મોપકરણ વ્યવહારમાં ધાર્યાં તો પણ કંઈ ન થયું આ વચનોને ગ્રહણ કરીને શુષ્ક જ્ઞાનીઓ ક્રિયાનો ઉચ્છેદ કરે છે, એ પણ ઉચિત નથી આ રીતે ક્રિયામાં રુચિ રાખનારાઓનો એવા જ સાધનોમાં આગ્રહ અને કલહ કરવો અનુચિત છે બન્ને દૃષ્ટિવાળા વસ્તુ સ્વરૂપને બરાબર સમજીને યથાર્થ વિચાર (જ્ઞાન) અને આચાર (ક્રિયા) વાળા બને તો સત્ય (સમકિત) પ્રકટ થઈ શકે છે

(स्व लिखितम्)

યોગીન્દ્રદેવના આધ્યાત્મિક દોહરા

મિથ્યા દર્શન વશ દુઃખી ધરે અહં મમકાર
જિનવર બહિરાતમ કહે તે ભમશે સંસાર
જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન
ક્ષણમાં શિવસુખ વરે ન ધરે દેહ નવીન
સમ્યગ્ દર્શન તેજ છે આત્માનું એ અંગ
મગ્ન રહે નિજ રૂપમાં તે ચારિત્ર વિશાળ
નિશ્ચયથી ને વર્ણ્યા સિદ્ધરૈ સિદ્ધ કર્મ ફરક
અન્તર આતમ તે સૌ સત્ય કહાવના

ભોગોમાં સુખ બુદ્ધિ દૂર કરી શકાય છે. (વિષયોમાં સુખ મનાતું નથી.)

(૧૧) જીવાદિ નવ પદાર્થની યથાર્થ શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત છે. અને શુદ્ધ નિજાત્મ સ્વરૂપનો અનુભવ-પૂર્વક નિશ્ચય કરવો એ નિશ્ચય સમકિત છે.

(૧૨) સર્વ ગુણોની રત્ન-રાશિમા સમકિત ગુણ જ સાર છે અને એ જ મોક્ષનુ પ્રથમ પગથિયુ છે. સમકિત પ્રગટતા જ વિષયભોગમા સુખદુઃખ કલ્પના રૂપ વિકાર અને તેનુ ફળ જન્મ-જરા-મરણનો નાશ થઈને અવિકારી આત્મિક સુખ પ્રકટે છે. અને તેનું ફળ 'અવિચળ મોક્ષની પ્રાપ્તિ' છે.

(૧૩) સમદૃષ્ટિ પરદ્રવ્યને હેય (છોડવા યોગ્ય) અને નિજસ્વરૂપને ઉપાદેય (આદરવા યોગ્ય) જાણે છે, શ્રદ્ધા કરે છે અને યથાશક્તિ **પરદ્રવ્યને** છોડે છે. ચારિત્ર મોહના ઉદયથી સંપૂર્ણ ન છૂટે તો પણ અંતરંગ વિરકિતનો અનુભવ કરે છે. અને ઉદાસીન (રાગ, દ્વેષ તથા ઉત્સુકતા રહિત) રહે છે. જેમ પ્રભુ મહાવીર અનુત્સુકપણે ગૃહવાસમાં રહ્યા હતા

(૧૪) બીજા ગુણી પુરુષોને જોઈને જે ઈર્ષ્યા (માત્સર્ય) કરે તે મિથ્યાત્વી છે. કારણ **ગુણની અપ્રીતિ અને દોષની પ્રીતિ એ મિથ્યાત્વનું ચિહ્ન છે.**

(૧૫) સમકિતથી જ્ઞાનની શુદ્ધિ થાય છે, જ્ઞાનથી ચારિત્રની શુદ્ધિ થાય છે, અને ચારિત્રથી નિર્વાણ મોક્ષની પ્રાપ્તિ થાય છે નિર્વાણથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

જેટલા સિદ્ધ થયા છે, તે બધા જ્ઞાન, દર્શન ચારિત્ર રૂપી રત્નત્રયની પૂર્ણતા પ્રકટ કરીને થયા છે એમાંથી એકેય ગુણ અપૂર્ણ હોય તો મુક્તિ નથી થતી એ બધા ગુણો પ્રકટ કરવાનો પુરૂષાર્થ કરવો એ જ હિતમાર્ગ છે

(કાવ્ય)

મોક્ષ ઉપાય કહ્યો જિનરાજે, સમ્યગ્ દર્શન જ્ઞાન ચરિત્ર,
તેમાં સમ્યગ્દર્શન મુખ્ય, થયો નિજ બોધ કહે સુચરિત્ર
જે ન સમ્યગ્ આગમ જાને, કર્મ પરિણામ યથાવત્ મિત્ર,
ઘાતી ખપાય ને કેવળ પાય, અઘાતી હણે લે મોક્ષ પવિત્ર,

(૧૬) સમદ્દષ્ટિને એવી વિવેક શક્તિ પ્રગટ થાય છે કે, તેને સત્ શાસ્ત્ર અને કુશાસ્ત્ર સત્ રૂપ જ પરિણમે છે ત્યારે મિથ્યાદ્દષ્ટિને વિવેક શક્તિનો અભાવ હોવાથી સત્ અને અસત્ શાસ્ત્ર અસત્ રૂપે જ પરિણમે છે,

(૧૭) વ્યવહાર અને નિશ્ચય બન્ને બેહાને બરાબર સમજનારા દોષોને દૂર કરી સુખ પામે છે જે વ્યવહાર-નિશ્ચય બન્નેને યથાર્થ જાણે તે જ સમદ્દષ્ટિ થઈ શકે છે આરંભ (ક્રિયાદિ કામ) પરિગ્રહ (ધન ભોગાદિ) થી જેને જ્ઞાનપૂર્વક અરુચિ થઈ ગઈ હોય તે જ સમકિતને પાત્ર થઈ શકે છે

(૧૮) દર્શન - દર્શનાવરણ કર્મના અભાવે જે દર્શન ગુણ પ્રગટે છે તે દેખવા રૂપ શક્તિને ધારણ કરનારો ગુણ છે ત્યાં દર્શનનો અર્થ સામાન્ય બોધ છે વસ્તુનું અસ્તિત્વ (સત્તા માત્ર) જાણવું 'વસ્તુ છે' એટલું જાણવું એ દર્શન છે, અને પદાર્થનો વિશેષ ગુણ પર્યાય (આકાર) જાણવું જ્ઞાન છે જ્ઞાનાવરણ કર્મના

(૨૨) જેને સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ રૂપ સમ્યક્ માર્ગમાં ઉત્સાહ હોય, તેની પ્રશંસા કરે, તેમાં સુખ માને, તે જ સુમાર્ગગામી છે તે સમકિત ગુણની રક્ષા કરે છે

(૨૩) પરિગ્રહ ભોગાદિમાં જેને ઉત્સાહ હોય, જે તેની પ્રશંસા કરે, એમાં સુખ માને, તે જીવ અજ્ઞાની છે, કુમાર્ગ ગામી (મોહમયી) છે તે સમ્યક્‌ત્વનો નાશ કરે છે.

(૨૪) ષટ્ દ્રવ્ય. નવતત્ત્વને દ્રવ્યગુણ પર્યાય, સામાન્ય વિશેષ, નય-પ્રમાણ-નિક્ષેપ, વ્યવહાર-નિશ્ચય વડે યથાર્થ જાણીને જે નિજ આત્માને પરદ્રવ્યથી ભિન્ન અનુભવે છે. તે જ સમ્યગ્દર્શી જીવ છે દ્રવ્યાનુયોગ એ તત્ત્વ વિચાર, ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પ્રાપ્તિનું કારણ છે એટલા માટે જ સમદૃષ્ટિ જીવે હંમેશા તત્ત્વભાવના ભાવવી જોઈએ. આત્માને કર્મોનું બંધન અશુદ્ધભાવ ક્રોધાદિયુક્ત કષાય ભાવથી થાય છે અને પુન. ક્રોધાદિ રહિત શુદ્ધ ભાવ, **આત્મસ્વરૂપ ચિંતવનથી બાંધેલા કર્મોનો ક્ષય થાય છે. એટલા માટે શુદ્ધભાવ રાખવા પરમ હિતાવહ છે**

(૨૫) સમદૃષ્ટિ આત્મા સમકિતભાવના, આત્મભાવના, એકત્વભાવના, અન્યત્વ (ભિન્ન) ભાવના આદિ ચિંતવે છે તે સમકિતી આત્મા દેવ, દાનવ, કિન્નર, કિંપુરુષ, જ્યોતિષી, વૈમાનિક દેવ અને વિદ્યાધરદ્વારા બધી બુદ્ધિ શક્તિ સંપત્તિથી બનાવેલી ઋદ્ધિ-ભોગ સામગ્રી જોઈને એ બધાને ઇન્દ્રજાળની જેવી અસાર ગણે છે. જેમ મદારી હાથચાલાકીથી કાંકરીનો રૂપિયો બતાવે છે એ રૂપિયાની ઇચ્છા બુદ્ધિમાન મનુષ્ય નથી કરતો. કેમકે તે ચિરસ્થાયી

નથી એ રીતે જ સમકિતી આત્મા બધી ભોગ સામગ્રીને વિનાશી, અનિત્ય, અને દુઃખવર્ધક માને છે તેથી તે તેને ચાહતો નથી તેમાં ગૃદ્ધ થતો નથી જે શુદ્ધ ભાવથી દેવતાના વૈભવનેય નથી ચાહતો તો પછી મનુષ્યના મલિન અને દુઃખપૂર્ણ ભોગોની ઇચ્છા શાની કરે? ન જ કરે

(૭૬) બંધ અને મોક્ષનો આધાર ભાવો ઉપર છે ભાવોની અશુદ્ધિનો આધાર નિમિત્ત-સંયોગો-ઉપર છે તે અશુભ નિમિત્ત મળે તો અશુદ્ધ ભાવ થાય ને જીવને બહુ દુઃખ ભોગવવું પડે છે ભાવોની શુદ્ધિ માટે શાસ્ત્રકારોએ ઉત્તમ ભાવનાઓનું અવલંબન લેવા માટે ખાસ આજ્ઞા આપી છે જ્યાં સુધી મધ્યમ અવસ્થા છે, ત્યાં સુધી અવલંબનપૂર્વક ભાવોની શુદ્ધિ થઇ શકે છે નિરાવલંબી ધ્યાન-શુક્લધ્યાન-પ્રાપ્તિનું સાધન પણ ધર્મધ્યાન છે માટે જ મૈત્રી પ્રમોદ, કરુણા, માધ્યસ્થ એ ચાર ભાવના અનિત્ય -અશરણ આદિ બાર ભાવના જીવ-જીવાદિ તત્ત્વ ભાવના તથા ઉત્તમ વાચન મનન, ચિંતવન દ્વારા ભાવોની શુદ્ધિ કરવી જોઈએ

(૭૭) શાસ્ત્રના તત્ત્વભાવના ચિંતવવા ખાસ ફરમાન છે તે આ પ્રમાણે ચિંતવવી —

હું આત્મા ! અનંતજ્ઞાન, દર્શન સુખ શક્તિ (વીર્ય) સ્વરૂપ છું મારી શુદ્ધ સ્વાય (દશા) નિજ રૂપ ના ભા ભાન ભાન છે દેહધારી મનુષ્યાદિ થવું એ મારી અશુદ્ધ પર્યાય (દશા) છે અનંત જ્ઞાન-સુખાદિ મારા શુદ્ધ ગુણ પર્યાય છે અજ્ઞાન વિષય કષાય આદિ અશુદ્ધ ગુણ પર્યાય

છે; જડપુદ્‌ગલમાં રાગદ્વેષ કરવાથી મારી શુદ્ધતા મલિન થાય છે. તેથી જ આશ્રવ અને બંધ થાય છે જો રાગ, દ્વેષ, મોહાદિને છોડીશ તો જ સંવર નિર્જરા ધારીને મોક્ષ પ્રાપ્ત કરી શકીશ. આ પ્રકારે વિસ્તારથી તત્ત્વભાવના ચિંતવે.

(૨૮) તત્ત્વભાવના ચિંતવવાનું દૃષ્ટાન્ત-કોઈ અચાનક સ્ત્રી યા પુરુષ આદિ દૃષ્ટિગોચર થઈ જાય તો દૃષ્ટિને તત્કાળ પાછી ખેંચીને જે રૂપાદિ નજરે આવ્યા તેના વિચારોનો નાશ કરવા માટે એવો વિચાર કરે કે-' આ સ્ત્રી (પુરુષ) જીવતત્ત્વની અશુદ્ધ પર્યાય છે. આ સ્ત્રીનું શરીર, રૂપ, વસ્ત્રાભૂષણ આદિ પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે. તેના હાવભાવથી જીવના ચારિત્રગુણનો વિકાર થઈને વિષયની જાગૃતિ થઈ છે. એનાથી આ જીવ આશ્રવ અને બંધ કરે છે જો હુ એથી વિકારી બનીશ તો મારા જ્ઞાન અને ચારિત્ર ગુણ વિકારી બનીને મને પણ આશ્રવ અને બંધ થશે. આ રૂપ સદા વિનાશી, દુઃખગર્ભિત અને જીવનું અધ.પતન કરનાર છે. હુ આત્મા રૂપ, રસ, ગ ધ, સ્પર્શ રહિત છુ તો એમાં મોહિત કેમ થાઉ ? એવો વિચાર કરવાથી સંવર-નિર્જરા ઉપજાવીને મોક્ષ મેળવી શકાય ? એ રીતે હરેક સ્થાને અનિત્યાદિ વૈરાગ ભાવના અને જીવાદિ તત્ત્વ ભાવનાનું ચિ તવન ક્રવુ જોઈએ.

(૨૯) ચોથે ગુણસ્થાને (સમકિત સ્થાને) થી જીવને નીચેની પ્રકૃતિઓ બ ધાતી નથી

અનંતાનુબંધીનો ચોક, મિથ્યાત્વ મોહનીય, સ્ત્રી વેદ અને નપુસક વેદ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સત્યાનગૃદ્ધી-

નિદ્રા, નર્કાયુષ્ય, નર્કગતિ, નર્કાનુપૂર્વિ, તિર્યંચાયુષ્ય, તિર્યંચ ગતિ, તિર્યંચાનુપૂર્વિ, નીચગોત્ર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, તેન્દ્રિય, ચતુરિન્દ્રિય, પહેલા સિવાયના પાંચ સંઘયણ પાંચ સંઠાણ, અશુભ વિહાયોગતિ, આતાપ નામ, ઉદ્યોત નામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, દુર્ભગ, દુસ્વર, અનાદેય એ ૪૧ કર્મ પ્રકૃતિઓનો બંધ ચોથા ગુણસ્થાને અને આગળ નથી થતો કેમ કે સમદ્દષ્ટિને તીવ્ર અશુભ પરિણામ નથી હોતા આમાની ઘણીયે પ્રકૃતિઓ આજ આપણા ઉદયમા છે, અને આપણું હાડબંધન અને મજબૂતી જોતા તે વજ્ર ઋષભ નારાચ (હાડ, બંધન ખાત્રી ત્રણય વજ્રના) નથી તેથી માલૂમ પડે છે કે, આપણે પૂર્વભવમા સમકિતની આરાધના નથી કરી હવે જો સમકિત (આત્મબોધ આત્માનુભવ, આત્મનિશ્ચય) ની આરાધના કરશુ તો બધા દુઃખોથી છુટાશે

(૩૦) મિથ્યાત્વ દશાના શુભ ક્રિયા કરવાથી પુણ્ય બંધ થાય છે તેના ફળમા વૈભવ, સંપત્તિ, ભોગાદિ મળે છે તેના તે જીવ ગૃદ્ધ-મોહી થઈને નર્ક નિગોદાદિ દુર્ગતિમા જાય છે દેવતાઓ પણ ભોગગૃદ્ધ થવાથી પૃથ્વી પાણી, વનસ્પતિ અને તિર્યંચાદિમા ઉત્પન્ન થાય છે જ્યારે સમદ્દષ્ટિ જીવને સકામ નિર્જરા અને નિર્મળ પુણ્ય (પુણ્યાનુબંધી પુણ્ય)ની પ્રાપ્તિ થાય છે ત્યારે તે મળેલા વૈભવ-સમ્પત્તિનો સત્કાર્યમા ઉપયોગ કરીને ત્યાગી થઈ મોક્ષમાર્ગ આરાધી શકે છે સમદ્દષ્ટિને સમ્પત્તિ હિતકર થાય છે ત્યારે મિથ્યાદ્દષ્ટિને અહિતકર થાય છે એથી એટલુ સ્પષ્ટ થાય છે કે, જો આપણે મળેલી સમ્પત્તિથી

સત્‌કાર્ય ન કરી શક્યા તો મિથ્યાત્વ ભવમાં બાંધેલા પુણ્યની આ સમ્પત્તિથી ભવિષ્યમા કુગતિમાં જવું પડશે. એમ જાણીને ભોગોપભોગ છોડી મળેલી સમ્પત્તિ, બુદ્ધિ, બળ, આયુષ્યને સત્કર્મમાં લગાડવા જોઈએ. પુણ્ય-પાપ પ્રકૃતિના બંધના ચાર પ્રકાર છે.

(૧)—પુણ્યાનુબંધીપુણ્ય—જે વિવેકપૂર્વક સમકિત સહિત શુભ પ્રવૃત્તિ કરે છે. જ્યાં માનાદિ વાંછા અથવા કોઈ અભિલાષા નથી તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. પુણ્ય અર્થાત્ સુખ અને અનુબંધ એટલે પછી પણ સુખ, સમ્પત્તિ, બળ, બુદ્ધિ મળે છે, કે જેનો તે સદુપયોગ કરી શકે છે. અને વૈભવનો શીઘ્ર ત્યાગ કરી શકે છે જેમ કે, ભરત ચક્રવર્તી આદિ.

(૨)—પુણ્યાનુબંધીપાપ—મિથ્યા દર્શનમાં શુભ પ્રવૃત્તિ કરવાથી જે પુણ્ય થાય એથી વૈભવ, સમ્પત્તિ, બળ, બુદ્ધિ આદિ મળે છે એનો પૂરો સદુપયોગ થવો કઠણ છે. પ્રાય એથી ભોગ વૃદ્ધિ થઈને કુગતિ મળે છે. જેવા કે, બ્રહ્મદત્ત ચક્રવર્તી પુણ્ય એટલે સુખની પછી (અનુબંધ) પાપ (દુઃખ) પ્રાપ્ત થાય તેને પુણ્યાનુબંધી પાપ કહે છે.

(૩)—પાપાનુબંધીપુણ્ય—સમદૃષ્ટિ—વિવેકી આત્મા અમુક પાપ કાર્ય લાચારી (નિરુપાય) થી કરે છે. જેમ કે શરીર નિર્વાહ માટે ભોજન આદિ કરવું. વ્યાપાર રોજગાર કરવો ઇત્યાદિ એ કાર્યો કરતી વખતે એ જીવનાં હૃદયમા વિરક્તિ અને પાપને માટે પશ્ચાતાપ થાય છે. એથી તે જે ક્રિયા કરે છે તેથી પાપ બંધન તો થાય છે, પરંતુ પશ્ચાતાપ યુક્ત હોવાથી તેના ફળમાં તે સમભાવ

દેહધારી) પ્રાણી માત્ર છે. મનુષ્ય શબ્દનો અર્થ 'મનુ'ના સંતાન પણ કરાય છે. જો કે સૌ 'મનુ'ના સંતાન છે. પણ મનુની સંતાન હોવાનુ ગૌરવ ધારણ કરનારા થોડા છે. સાચા પુત્રો તો તે છે કે જે પૂર્વજના ગૌરવને ધારણ કરી શકે. મનુ તે છે કે જે, યુગ નિર્માણ કરે. એટલે કે સમાજની નીચી હાલત સુધારીને યુગબદલો કરે, ઉન્નત બનાવે. જૈન શાસ્ત્રોમા મનુઓ (કુલ કરો)ના જે ઉલ્લેખ મળે છે, એથી સાફ માલૂમ પડે છે કે, એમનાથી જ યુગ (કર્મભૂમિ)ની આદિમાં સમાજની આવશ્યકતાને પૂર્ણ થઈ હતી આજે પણ સમાજની આવશ્યકતાઓ (જરૂરીઆતો) મનુષ્ય પૂરી કરે છે સમાજમા યુગાન્તર ઊભો કરે છે. તે જ મનુના સંતાન છે

જો કે પ્રત્યેક મનુષ્યમાં એટલી શક્તિ કે યોગ્યતા હોઈ ન શકે. છતાં પ્રત્યેક મનુષ્ય મનુના સતાન હોવાના ગૌરવને સાચવી શકે છે એક જ માણસ યુગાન્તર ઉપજાવે એવું કંઈ નથી ઈમારત જેવા સાધારણ કામને પણ એકલો કારીગર નથી બનાવી શકતો, તો યુગાન્તર (જુગ ફેર) કરવો એ તો મોટી વાત છે હા, આપણે યુગાન્તર કરવા માટે કંઈક કરી-છૂટીએ એટલું બની શકે છે જો ઈમારતમાં એક ઈટ પણ આપણે મૂકી-ગોઠવી શકીએ તો પણ કારીગર-કાર્યકર્તા કહેવાઈશું, મનુનુ કાર્ય કરી શકીશુ એ જ મનુષ્યત્વ છે.

એક બીજો કવિ મનુષ્યનું વિવેચન નીચે મુજબ કરે છે.

आहार निद्राभय मैथुनं च सामान्य मेतत्पशुभिर्नराणम्।
धर्मोहितेषामधिको विशेषो, धर्म हीना: पशुभि: समाना:॥

ભાવાર્થ—આહાર, ઊંઘ, ભય, અને મૈથુનમાં તો મનુષ્ય અને પશુ સરખા છે મનુષ્યમાં ધર્મની જ માત્ર વિશેષતા છે જે મનુષ્યમાં ધર્મ નથી તે પશુ જેવા છે

આ કવિએ મનુષ્યત્વનું ચિહ્ન ધર્મ માન્યું છે જે ધર્મને ધારણ કરી શકયો તે જ સાચો મનુષ્ય છે ધર્મનો વિષય બહુ ઊંડો અને વિશાળ છે એ વિષય ઉપર તો કેટલાય ગ્રંથ લખો લખી શકાય એટલે જ અહીં ધર્મના વિષય પર વિવેચન નથી કર્યું તો પણ એટલું તો કહું છું કે, ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે સમ્યગ્દર્શન (સમકિત)ના કાંઈક ... વાચી શબ્દ સમ્યક્ત્વ છે સમ્યગ્દર્શનના પર્યાય છે અને મિથ્યાત્વથી જ પશુત્વ છે એ કવિએ સમ્યક્ત્વથી જ મનુષ્યત્વ અને મિથ્યાત્વના મહિમા ટુકડામાં બતાવ્યા છે

नरत्वेऽपि पशूयन्ते मिथ्यात्वग्रस्तचेतसः ।
पशुत्वेऽपि नरायन्ते सम्यक्त्वव्यक्तचेतनाः ॥

ભાવાર્થ—જેનું ચિત્ત મિથ્યાત્વથી દૂષિત છે તે મનુષ્ય છતાં પશુ છે અને જેનો આત્મા સમ્યક્ત્વથી નિર્મળ થયો છે તે પશુ છતાં મનુષ્ય છે આથી માલૂમ જણાય છે કે મનુષ્યત્વના ઈજારા મનુષ્યોને જ નથી મળ્યા અને મનુષ્ય થવાથી જ મનુષ્યત્વ નથી મળી જતું પશુઓમાં પણ એવા પશુ હોય છે કે જેને આપણે મનુષ્ય ભાવથી કહી શકીએ અને મનુષ્યોમાં પણ એવા છે કે જેને આપણે પશુ કહી શકીએ એથી માલૂમ પડે છે કે મનુષ્ય હોવા છતાં મનુષ્યત્વ નહિ ... મનુષ્ય જીવનની ગાથાના ચાર ટુકડાના નીચેની ... ટુકડા બધું મનુષ્યત્વ બતાવી છે તેમાં મનુષ્યત્વ ... મનુષ્યત્વ મેળવવાનો અર્થ ... છે મંગળ જીવન બનાવવા માટેની હવે નીચેની વાત રજૂ કરું છું

વર્તમાનમાં તેને ખેલની વસ્તુ બનાવી દીધી છે. જે માનવોમાં મનુષ્યત્વ નથી, શ્રદ્ધા નથી, તેઓ પણ સંયમી થવાનો ડોળ કરે છે. સંયમની જેવી ધૂળધાણી થઇ છે તેવી આજે કોઈની નથી થઈ.

સંયમના ગૌણ સાધનોને સંયમ સમજવો એ મોટી ભૂલ છે. ઉપવાસ, રસપરિત્યાગ, વિવિધવેશ, સ્ત્રી (પતિ) પરિવારનો ત્યાગ આદિ સંયમના સાધનો છે, પણ સંયમ નથી. ત્યારે સંયમ શું છે? ક્યાં છે?

મનને વશ કરવું, કષાયોને દૂર કરવા એ સંયમ છે. કોઇ મનુષ્ય આપણુ અતિ અનિષ્ટ કરતો હોય તેના ઉપર પણ જેને ક્રોધ ન આવે, જેને પોતાની વિદ્વતા તથા સંપત્તિનુ અભિમાન નથી જે યશ–કીર્તિનો ભિખારી નથી, જેના હૃદયમાં ઇર્ષ્યા નથી, જે બીજાના યશને જોઈ આનંદે છે, જે કુસંપનો શત્રુ છે, વિશ્વપ્રેમની જ જેની રાગવૃત્તિ છે, જે છળકપટથી દૂર છે, જે મોટી મોટી ઋદ્ધિઓને પણ માટી સમજે છે, જે ઉદારતાનો ભંડાર છે, પાપીઓને જોઇને તિરસ્કાર ન કરતાં તેના પર દયા કરે છે, વિરોધીઓ સાથે પણ જે મિત્રતાથી વર્તે છે. જે સહનશીલતાનો ભંડાર છે, તે જ સંયમી છે, તે જ સાધુ છે, તે જ જગતનો પ્રાતઃ સ્મરણીય છે પરંતુ એવો સંયમ મુશ્કેલ છે. ત્યાગીનો વેશ ધરનારા (સાધુ) માત્ર જગતમાં ૬૦ કરોડ લગભગ છે. તેમાથી એવા કેટલા છે કે જેમણે **પાણીની લીટી જેવા કષાય પાતળા પાડયા?** જેમનામા સાચો ત્યાગ અને સાચી ઉદાસીનતા છે? એવી વ્યક્તિઓ આગળીઓ પર નહિ તો આગળીના ટેરવા પર ગણાય તેટલી હશે એટલા માટે ઉત્તરાધ્યયનમા સંયમને દુર્લભ કહ્યો છે

આ ચાર વસ્તુઓ જે મેળવી શકે છે તેનું જીવન સફળ બને છે

પોતાની સ્ત્રીમાં સંતોષી રહેવાથી, કોઈની ઈર્ષ્યા ન કરવાથી, ક્રોધ, માન, માયા, લોભ ઘણા જ મંદ-થોડા કરવાથી, સરલ સ્વભાવી થવાથી, અને બ્રહ્મચર્ય પાળવાથી ઈત્યાદિ કારણોથી આત્મા, પુરુષપણે ઉત્પન્ન થવાય તેવું પુરુષવેદ-કર્મ બાંધે છે ૪

સ્ત્રી-પુરુષ સંબંધી અનંગ-કામ સેવા કરવાથી, તીવ્ર વિષયની અભિલાષા રાખવાથી, ક્રોધાદિ કષાયની પ્રબળ પરિણતિ ધરવાથી, અને બળાત્કારે સતી સ્ત્રી પુરુષોના શીયળ ખંડન કરવાથી નપુંસકપણે ઉત્પન્ન થાય તેવું નપુંસકવેદ નામનું કર્મ આત્મા બાંધે છે

સાધુ-પુરૂષોની નિંદા કરવાથી, ધર્મ પરાયણ જીવોને ધર્મમાં વિઘ્ન કરવાથી, મદિરા માંસ આદિનો ત્યાગ કરનારા જીવોની આગળ તે તે વસ્તુના ગુણોનું સારું વર્ણન કરી તેના ત્યાગના પરિણામ મોળાં પાડવાથી કે પડાવવાથી અલ્પ ચારિત્રના માર્ગને દૂષિત કરવાથી, અથવા કહેવાથી, સંસાર અવસ્થાના ગુણોનું વર્ણન કરવાથી અને શાંત થયેલા કષાયને ઉદીરણા-પ્રેરણા કરીને જાગૃત કરવાથી આત્મા ચારિત્રમોહનીય કર્મ બાંધે છે ૪

છઠ્ઠા પાઠનો સાર

કર્મનો અર્થ શું? ૧ આઠ કર્મોનાં નામો ૨ કયું કર્મ આત્માની કઈ શક્તિને દબાવે છે? ૩ જ્ઞાનાવરણીય કર્મ શાથી બંધાય? ૪ દર્શનાવરણીય કર્મ શાથી બંધાય?

૫. વેદનીય કર્મ શાથી બંધાય ? ૬. સમક્તિમોહનીય કર્મ શાથી બંધાય ? ૭. ચારિત્રમોહનીય કર્મ શાથી બંધાય ? ૮.

પાઠ ૭ મો

(ક્રિયા વડે કરાય તે કર્મ

મનુષ્ય અને પશુ આદિનો નાશ કરવાથી, અનેક જીવોને સંહાર થાય તેવાં શસ્ત્રો આદિ ઉત્પન્ન કરવાથી, તેવાં કાર્યનો પ્રારંભ કરવાથી, હદ ઉપરાંત પરિગ્રહ મેળવવાથી. નિર્દયતા વાપરવાથી, માંસ ભક્ષણ કરવાથી, વેરવિરોધ વધારવાથી, રૌદ્ર–ભયંકર પરિણામવાળી લાગણીઓ મનમાં ઉત્પન્ન કરવાથી, મરે ત્યાં સુધી પણ ક્રોધાદિ કષાયો ટકાવી રાખે પણ સમાધાન ન કરે તેવા પરિણામ રાખવાથી, જીવોનો સંહાર થાય તેટલું પ્રબળ અસત્ય બોલવાથી, પરદ્રવ્ય અપહરણ કરવાથી, વારંવાર વિષય સેવનથી અને ઇંદ્રિયોને આધીન જીવન જીવવાથી આત્મા નરકનું આયુષ્ય બાંધે છે. ૫

સત્યાસત્યનો વિચાર ન કરવા રૂપ મનની મૂઢતાથી, પોતાને અને બીજાને પીડા ઉત્પન્ન કરે તેવા આર્ત્તધ્યાનની મુખ્યતાવાળા વર્તનથી, કરેલાં પાપને છુપાવવાથી, અસત્ય માર્ગનો ઉપદેશ આપવાથી, ધર્મમાર્ગનો નાશ કરવાથી, છળ, પ્રપંચ કરવાથી, આરંભ પરિગ્રહ વધારવાથી ઇત્યાદિ કારણે આત્મા તિર્યંચનું–પશુઆદિનું આયુષ્ય બાંધે છે ૫.

જરૂરિયાત જેટલો થોડો આરંભ કરવાથી, થોડો

પરિગ્રહ રાખવાથી, નમ્રતા રાખવાથી સરલતા ધારવાથી, ધર્મધ્યાનમા પ્રીતિ વધારવાથી, મધ્યસ્થ પરિણામ રાખવાથી, ઉપકાર બુદ્ધિ એ થોડામાથી થોડુ જરૂરિયાતવાળાને આપવાથી, દેવ અને ગુરુનુ પૂજન કરવાથી, સત્ પુરુષોનુ સ માન કરવાથી, પ્રિય અને સત્ય બોલવાથી, નિર્મળ બુદ્ધિ રાખવાથી અને બધા કામોમા મધ્યસ્થપણે રહેવાથી ઇત્યાદિ કારણે આત્મા મનુષ્યપણે ઉત્પન્ન થાય તેવુ આયુષ્ય બાધે છે

શગવાળુ ચારિત્ર પાળવાથી ત્યાગ માર્ગ લેવાથી ગૃહસ્થ ધર્મના વ્રતો પાળવાથી, આત્મિકજાગૃતિ વિના પણ પૂર્વના કર્મ ઓછા થાય તેવા પ્રવૃત્તિ કરવાથી, નાની પુરુષોની સોબતથી, ધર્મ સાભળવાથી, સત્પાત્રોને દાન દેવાથી, તપ કરવાથી, અજ્ઞાન તપ કરવાથી સારા પરિણામપૂર્વક મરણ થવાથી ઇત્યાદિ કારણે આત્મા દેવગતિને લાયક દેવનુ આયુષ્ય બાધે છે ૫

અન્યની નિદા કરવાથી પોતાની પ્રશસા કરવાથી, હિસા કરવાથી, જુઠુ બોલવાથી ચોરી કરવાથી વિષય સેવવાથી, આરભ વધારવાથી, પરિગ્રહ રાખવાથી કઠોર વચન બોલવાથી, વાચાળતાએ કરી વિના પ્રયોજનને બાહુ બોલ કરવાથી, આક્રોશ કરવાથી બીજાના સૌભાગ્યનો નાશ કરવાથી કામણ ટુમણ કરવાથી કુતુહલ [illegible] લાય મૂકવાથી, ચોરી કરવાથી [illegible] વધારવાથી, [illegible] અપજાનાથી, [illegible] દેવ [illegible] પોતાનો નિર્વાહ કરવાથી, [illegible]

આરામ, પ્રતિમા, એ આદિનો વિનાશ કરવાથી; અંગારા પાડવા ઇત્યાદિ કર્મોથી આત્મા અશુભ નામ કર્મ બાંધે છે. તે કર્મના ફળ તરીકે વિના પ્રયોજને નિંદાય છે ૬.

સરલ સ્વભાવ રાખવાથી, સમ્યગ્ દર્શન ધારવાથી ગુણાનુરાગ વધારવાથી, મનની ચપળતા ઓછી કરવાથી સત્યના પક્ષમ રહેવાથી, નીતિપૂર્વક જીવનનિર્વાહ કરવાથી, અહિંસા પાળવાથી, સત્ય બોલવાથી, ચોરીનો ત્યાગ કરવાથી, શાયળ પાળવાથી, સંતોષી થવાથી, થોડું બોલવાથી. દુઃખી જીવોને મદદ કરવાથી, સુખી જીવોને દેખી ખુશી થવાથી, અલ્પ કષાય કરવાથી ધર્મનાં સ્થાનોનો ઉદ્ધાર કરવાથી, સંસારથી વિરક્ત રહેવાથી, પ્રમાદ ન કરવાથી, ક્ષમા રાખવાથી અને ધર્મી મનુષ્યોનુ સ્વાગત કરવાથી ઈત્યાદિ કારણે આત્મા શુભ નામ કર્મ બાંધે છે. તે કર્મના ફળ તરીકે લોકોમા પ્રશંસાદિ મેળવે છે. ૬.

પરની નિંદા કરવાથી, અવજ્ઞા કરવાથી, હાંસી કરવાથી, ગુણ લોપવાથી, જુઠા દોષો કહેવાથી, પોતાની પ્રશંસા કરવાથી, અછતા ગુણ બોલવાથી છતાં દોષને ઢાંકવાથી અને જાતિ કુળઆદિનો ગર્વ કરવાથી, આત્મા નીચા કુળમાં ઉત્પન્ન થાય તેવું નીચ ગોત્ર બાંધે છે. ૭

ગુણીના ગુણોની પ્રશંસા કરવાથી, કર્યા ગુણને જાણવાથી પોતાના દોષોના નિંદા કરવાથી, જાતિ કુળનું અભિમાન ન કરવાથી, નિરાભિમાની વર્તન રાખવાથી, મનથી, વચનથી અને શરીરથી જ્ઞાની તથા ગુણીનો વિનય

કરવાથી, ઉચ્ચ ગોત્રમા જન્મ પામવા રૂપ ઉચ્ચ ગોત્ર કર્મ બધાય છે

દાન આપનારને અટકાવવાથી, દાન લેનારને વિઘ્ન કરવાથી, ધર્મકાર્યમા કે કોઈને મદદ આપવાના કાર્યમા પ્રયત્ન કરનારને અટકાવવાથી એકવાર ઉપયોગમા આવે તે ભોગ, વારવાર એક વસ્તુ ઉપયોગમા આવે તે ઉપભોગ, આ ભોગોપભોગના કાર્યમા જીવોને અટકાવનાર આત્મા અતરાય કર્મ બાધે છે તેને લઈને, આત્માની અનત વીર્ય ગુણની શક્તિ દબાઈ જાય છે ૮

આત્મા પોતાની શક્તિનો આ પ્રમાણે દુરુપયોગ કરીને કર્મ બાધે છે, અને ચાર ગતિમાં સુખ દુખાદિનો અનુભવ કરતો પરિભ્રમણ કરે છે

સારાંશ પ્રશ્નો

૧ નરકનુ આયુષ્ય શાથી બધાય ? ૨ તિર્યંચનુ આયુષ્ય શાથી બધાય ? ૩ મનુષ્યનુ આયુષ્ય શાથી બધાય ? ૪ દેવનુ આયુષ્ય શાથી બધાય ? ૫ શુભ નામ કર્મ કયા કારણોથી બધાય ? ૬ અશુભ નામ કર્મ શાથી બધાય ? ૭ ઉચ્ચ ગોત્ર શા કારણોથી બધાય ? ૮ નીચ ગોત્ર શાથી બધાય ? ૯ અંતરાય કર્મ શાથી બધાય ?

પાઠ ૮ મો

કર્મ બાંધવાની વિધિ

આત્માએ મિથ્યાત્વાદિ હેતુને લઈને કર્મના પુદ્ગલો એકઠાં કરેલા છે તેનો બંધ ચાર પ્રકારે થાય છે. કર્મનો સ્વભાવ, ૧ કર્મની સ્થિતિ. ૨ કર્મનો રસ. ૩ અને કર્મના પ્રદેશો. ૪ જેને પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશ કહે છે. દષ્ટાંતથી આ હકીકત વધારે સ્પષ્ટ થશે. એક લાડુનું દષ્ટાંત છે: તેમાં લાડુનો સ્વભાવ, લાડુની સ્થિતિ, લાડુનો રસ અને લાડુનાં પરમાણુઓ, આ ચાર બાબતોનો સમાવેશ થાય છે.

જેમ પિત્ત, કફ અને વાતને દૂર કરનાર ત્રણે જાતનાં જુદાં જુદાં દ્રવ્યોથી બનેલો લાડુ પિત્તને દૂર કરનાર દ્રવ્યોથી પિત્તને દૂર કરે છે, કફને દૂર કરનાર દ્રવ્યોથી કફને દૂર કરે છે અને વાયુને દૂર કરનાર દ્રવ્યોની વાયુને દૂર કરે આ સ્વભાવ કહેવાય છે. ૧.

આ લાડુ પંદર દિવસ, વીસ દિવસ, કે મહિના સુધી ઋતુના સ્વભાવ પ્રમાણે અને અંદર નાખવામાં આવેલા દ્રવ્યના પ્રમાણમાં બગડતા નથી તે લાડુની સ્થિતિ કહેવાય છે. ૨.

કોઈ લાડુમા ઘી તથા ગોળ યા સાકર સરખા ભાગે, બમણી કે ચાર ગણી પણ નાખવામાં આવે છે. આ રસ કહેવાય છે. ૩.

કોઈ લાડુમા લોટ વધારે હોય છે, અથવા ઓછો હોય છે આ પ્રદેશ–પરમાણુનો જથ્થો કહેવાય છે ૪

આ હકીકત સમજાવી, હવે કર્મ બધના પ્રબધમા તેનો વિચાર કરીએ કોઈ કર્મનો સ્વભાવ જ્ઞાનને દબાવવાનો, કોઈ કર્મનો સ્વભાવ દર્શનને, કોઈનો ચારિત્રને, કોઈનો આત્માની અનત શક્તિને કોઈનો યશ કે અપયશ ફેલાવવાનો, કોઈ કર્મનો દેવાદિ ગતિમા લઈ જવાનો કોઈ કર્મનો ઉચ્ચનીચ ગોત્રમા જન્મ આપવાનો અને કોઈ કર્મનો સ્વભાવ સુખદુ ખ આપવાનો હોય છે આ સર્વ કર્મનો સ્વભાવ બધ કહેવાય છે ૧

કોઈ કર્મની સ્થિતિ સો વરસની, હજાર વરસની, લાખ વરસની, પલ્યોપમની કે સાગરોપમની હોય છે ત્યા સુધી સુખ, દુ ખ, આયુષ્ય, મોહ, અજ્ઞાન આદિ આપે છે, તે કર્મની સ્થિતિ કહેવાય છે અર્થાત્ તેને સ્થિતિબધ કહે છે ૨

કોઈ કર્મમા દુ ખ આપવાનો તીવ્ર રસ હોય છે, કોઈ કર્મમા સુખશાતિ આપવાનો તીવ્ર રસ હોય છે, કોઈ કર્મના મદ–થોડો રસ સુખદુ ખ આપવાનો હોય છે તેને લઈને ઘણુ કે થોડુ સુખદુ ખ આ જીવ ભોગવે છે, તે રસબધ કહેવાય છે ૩

કોઈ કર્મમા પરમાણુ ઘણા હોય અને રસ થોડો હોય કોઈ કર્મના પરમાણુ થોડા હોય અને રસ ઘણો હોય આ કારણથી જીવ થોડા વખતમા ઘણુ સુખદુ ખ

વિવિધતાઓ દેખાય છે, તે સર્વ જાણતાં કે અજાણતાં બાંધેલા શુભાશુભ કર્મ પ્રકૃતિનું જ પરિણામ છે. એમ સમજીને મનુષ્યે આત્મભાનમાં જાગૃતિ મેળવીને પોતાનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરવી. ભવિષ્યમાં ગતિ કેવી મેળવવી તે તમારા અત્યારના ચાલુ પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. તમારી ભવિષ્યની જિંદગીના ઉત્પાદક તમે જ છો. તમે જેવા થવા ધારશો અને જેવો પ્રયત્ન કરશો તેવા થશો.

સારાંશવાળા પ્રશ્નો

કર્મનો સ્વભાવ. ૧. કર્મની સ્થિતિ. ૨. કર્મનો રસ. ૩. કર્મના પરમાણું. ૪. તીવ્ર રસવાળી લાગણીઓ, ૫. મંદ રસવાળી લાગણીઓ. ૬. કષાયથી બંધ કોનો થાય? ૭. મનાદિયોગથી બંધ કોનો થાય? ૮. વિવિધતાનું કારણ? ૯. ભવિષ્યની ગતિનો આધાર? ૧૦

પાઠ ૯ મો

વિચારશક્તિ અને તેનું પરાવર્તન

આત્માની વાર વાર પરિણમન પામતી શક્તિને વિચાર અથવા પરિણામ કહેવામાં આવે છે આત્મા પોતાની સ્વરૂપ સ્થિરતા મૂકીને નીચે આવવાથી રાગદ્વેષમાં મળતાં પરિણામોપણે પરિણમે છે. આ આત્માની એક શક્તિ છે.

પણ રાગદ્વેષ સાથે જોડાવાથી તે અશુદ્ધ શક્તિ કહેવાય છે આ શક્તિ પ્રથમ મનમા, વચનમા અને છેવટે શરીરમા ઇંદ્રિયો દ્વારા પ્રગટ થાય છે

આ વિચારશક્તિ ચાર ભાગમા વહેંચાય છે અશુદ્ધ વિચાર, ૧ અશુભ વિચાર, ૨ શુભ વિચાર, ૩ શુદ્ધ વિચાર ૪ બીજા શબ્દોમા કહીએ તો રૌદ્ર, આર્ત, ધર્મ અને શુક્લ આ ચાર પ્રકારના વિચારોનુ પરાવર્તન થઈ શકે છે જો પરાવર્તન કરતા આવડે તો અધમશક્તિ ઉચ્ચ સ્વરૂપમા ફેરવાઈ જઈને આત્માની મહાન શક્તિઓ પ્રગટ કરે છે અને આત્મા પરમ શાન્તિમા મગ્ન રહે છે પ્રથમ ચાર પ્રકારના પરિણામો બતાવીને પછી તેને ઉચ્ચ ભૂમિ તરફ કેમ પલટાવવા તે કહીશુ

ક્રૂરતા ભરેલા, કઠોરતાવાળા, નિષ્ઠુરતા અને નિર્દયતાવાળા, જીવાનો ઘાત કરવાના, કરાવવાના, રીબાવીને મારવાના મારીને રાજી થવાના વિચારો, અશુદ્ધ વિચારો છે હિંસાને પોષણ મળે તેવા શાસ્ત્રો બનાવવાના, જીવોનો નાશ થાય તેવુ અસત્ય બોલવાના, ચોરી કરવાના, દેશ, જાગીર, જમીન સ્ત્રી, જાનવર, લક્ષ્મી આદિ લૂંટી કે પડાવી લેવાના વિચારો અશુદ્ધ પરિણામ ઉત્પન્ન કરનારા છે ધનાદિના રક્ષણ નિમિત્તે જીવોનો નાશ કરવાના વિચારો કરવા તથા તીવ્ર ક્રોધના પરિણામ પ્રબળ લોભના અને મમત્વની હાનિના બચાવ અર્થે જીવોના સંહાર કરવાના વિચારો આ સર્વ અશુદ્ધ પરિણામો છે ૧

પાંચ ઇંદ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આદિ વિષયોને મેળવવા નિમિત્ત, જે જે વિચારો ઉત્પન્ન થાય છે, તે અશુભ પરિણામ છે. વહાલા મનુષ્યોના વિયોગથી, અનિષ્ટ વસ્તુના સંયોગથી, રોગની ઉત્પત્તિથી અને ઇચ્છિત વસ્તુ મેળવવાના ઇરાદાથી જે જે વિકલ્પો કરવામાં આવે છે, તે બધા અશુભ વિચારો અથવા આત્માના અશુભ પરિણામો છે. ૨

ધર્મનિમિત્તે, પરમાર્થે માટે, અન્યને સુખી કરવા અર્થે પરોપકારી જીવન ગુજારવા માટે જે જે વિચારો કરવામાં આવે છે તે સર્વે શુભ પરિણામ ઉત્પન્ન કરનારાં છે. ૩

આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતન કરવાના, આત્મ સ્વરૂપમાં સ્થિરતા થાય તેવાં ધ્યાન સમાધિના પ્રયત્નવાળા, સ્વરૂપ સન્મુખ થવામાં મદદગાર જે જે વિચારો કરવામાં આવે છે, તે શુદ્ધ પરિણામ છે. ૪

અશુદ્ધ વિચારથી નરકગતિની પ્રાપ્તિ થાય છે. અશુભ વિચારોથી તિર્યંચની ગતિ મળે છે શુભ વિચારથી મનુષ્યની તથા દેવની ગતિ થાય છે. અને શુદ્ધ વિચારોથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ પરિણામની શક્તિને તેનાથી ઉચ્ચ વિચારોમાં બદલાવી શકાય છે. તેમજ નીચેની હલકી સ્થિતિમાં પણ પલટી શકાય છે. હલકી સ્થિતિમાં વિચારોને લાવી મૂકવા

તે કામ સહેલુ અને લાબા કાળના અભ્યાસને લીધે કોઈના શીખવાડ્યા વિના આવડે તેવુ છે સારા વિચારો કરવા માટે જરા પુરુષાર્થ-મહેનત કરવાની જરૂર રહે છે, પણ ટેવ પડ્યા પછી તેને માટે પણ વિશેષ મહેનત કરવી પડતી નથી

આપણને ટાઢ વાતી હોય તો આપણે ગરમી ઉત્પન્ન કરીએ તેથી ટાઢના પરમાણુ ગરમીના રૂપમા બદલાઈ જાય છે તાપ લાગતો હોય તો શીતળ પરમાણુ ઉત્પન્ન કરવા તાપના પરમાણુ શીતળતામા બદલાય છે અંધારુ વિશેષ હોય તો આપણે દીવા આદિનો પ્રકાશ કરીએ છીએ, તેથી અંધારાના પુદ્ગલો પ્રકાશના રૂપમા બદલાય છે આવી જ રીતે જ્યારે આપણા મનમા અશુદ્ધ કે અશુભ વિચારવાળા પરિણામો ઉત્પન્ન થતા હોય ત્યારે આપણે શુદ્ધ કે શુભ પરિણામવાળા વિચારો તેને ઠેકાણે લાવી મૂકવા, એટલે કે અશુદ્ધ કે અશુભ પરિણામ શુદ્ધ કે શુભના રૂપમાં પલટાઈ જશે અંધારાને દૂર કરવા માટે પ્રકાશ લાવવાની જેટલી મહેનત છે તેથી પણ ઓછી મહેનત વિચારોને પલટાવવામા છે, કેમકે પ્રકાશ તો બહારથી લાવવો પડે છે આ તો તે સ્થાને તરત જ બીજા વિચારો લાવી મૂકાય છે વિચારો બદલાવ્યા કે તરત જ તે વિચારોનો પ્રવાહ શરૂ થાય । દાખલા આ અશુદ્ધ કે અશુભ વિચાર છે' એટલો પોતાના મનથી નિર્ણય કરતાં [illegible] જાગૃતિ સિવાય પણ નિમિત્ત મળતા આવેલા વિચારો

વૃત્તિનો પ્રવાહ બદલતાં આવડ્યો કે ગુણ સ્થાનકની ભૂમિકાઓ વધવાનું કામ સહેલું થઈ પડશે. મનુષ્યોમાં વિચારના પ્રમાણમાં જ મુખ્યતાએ ગુણસ્થાનની ભૂમિકા હોય છે. એક મનુષ્ય વ્યવહારથી સાધુ હોય છતાં વિચારો હલકા હોય તો તેનામાં ગુણસ્થાન નીચું જ હોય છે, અને એક ગૃહસ્થ છતાં વિચારો ઉચ્ચ ભૂમિકાના અનુભવતો હોય તો તેનું ગુણસ્થાન ઉચ્ચ પ્રકારનું હોય છે, વિચાર અને વર્તનના પ્રમાણમા જ ગુણસ્થાનની ભૂમિકાઓ બદલાયા કરે છે.

નવમા પાઠના સારવાળા પ્રશ્નો

પરિણામ કોને કહેવાં? આત્માની અશુદ્ધ શક્તિ? અશુદ્ધ વિચાર? અશુભ વિચાર? શુભ વિચાર? શુદ્ધ વિચાર? વિચારોનું ફળ? વિચારો કેમ બદલાવવા? કર્મ ગ્રંથનું રહસ્ય? ગુણસ્થાનકની ઉચ્ચતા કોને આધારે?

પાઠ ૧૦ મો

બંધનમુક્તિ

અજ્ઞાન દશામા આત્મા પોતાની શકિતનો ઉપયોગ રાગદ્વેષ સાથે કરે છે, એ કારણથી આત્મા અને કર્મનાં પુદ્ગલોનો સંબંધ ટકી રહે છે. તે કારણોને દૂર કરવાથી કર્મ પુદ્ગલોનો સંબંધ છૂટી જાય છે તેનું નામ કર્મબંધનથી મુક્તિ છે.

— આત્મા જે વસ્તુ છે તેને તે રૂપે જાણવી તે મિથ્યાત્વનું વિરોધી સમ્યગ્ દર્શન છે. આત્મા નિત્ય છે, સત્ય છે, પવિત્ર છે, આનંદસ્વરૂપ છે એને બરાબર સમજવાથી અને પ્રવૃત્તિના સર્વ પ્રસંગોમાં તે ભાન જાળવી રાખવાથી, મિથ્યાત્વથી આવતાં કર્મ પુદ્ગલો અટકી જાય છે. આ સત્યનો પ્રકાશ પ્રબળ થતાં વિવિધ પ્રકારની માયિક ઇચ્છાઓ ઓછી થઈ જાય છે અને જે કંઈ થાય છે તે પોતાને અને પરને આનંદરૂપ થાય તેવી થાય છે. તેમ થતાં અવિરતિ નામનો કર્મ સંબંધ કરાવનાર સાધન [illegible] લાગણીઓથી આવતાં કર્મો પણ અટકી જાય છે.

આત્મા તરફ જેમ જેમ પ્રેમ વધતો જાય તેમ તેમ ઇચ્છાઓ આત્માને પોષણ મળે તેવી જ થાય છે, અને લઈને ક્રોધ, માન, માયા અને લોભની પ્રવૃત્તિ પણ મંદ થઈ જાય છે કેમકે પુદ્ગલ મેળવવાની ઇચ્છા માટે જ ક્રોધાદિનો ઉપયોગ કરે છે, તે ઇચ્છા ઓછી થતાં ક્રોધાદિની પ્રવૃત્તિ પણ ઓછી જ કરે અને [illegible] પ્રવૃત્તિ મંદ થતાં તે પ્રસંગે ગમે તેટલા મન વચન શરીરની પ્રવૃત્તિ હોય છતાં તે નિરસ [illegible] પુદ્ગલને આકર્ષવાનું બળ તેમાં [illegible] આત્માના કર્મ પુદ્ગલ [illegible] અને [illegible] અજ્ઞાન દશામાં [illegible] આ [illegible] ના કારણે [illegible]

[illegible]

આત્માના જુદા જુદા ભેદો કહેવાય છે. તેની સમજ અહીં આપવામાં આવે છે. દેહ ધારણ કરનારા જીવોને ગતિની અપેક્ષાએ ચાર ભાગમાં વહેંચવામાં આવે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી.

દેવોમાં સામાન્ય મનુષ્ય કરતાં જ્ઞાન અને શક્તિ વધારે હોય છે. તીર્થંકરદેવ, સામાન્ય કેવલી અને અપ્રમત્ત દશાવાળા મહાત્માઓની અપેક્ષાએ તો દેવોમાં પણ જ્ઞાન અને શક્તિ ઓછી હોય છે. દેવોના શરીરો સુંદર, નીરોગી, મળ-પ્રસ્વેદ વિનાના અને પવિત્ર પુદ્ગલોનાં બનેલાં હોય છે. તેમના શરીરમાં રુધિર, માંસ, હાડ વગેરે હોતાં નથી, સુંદર આકૃતિ, તેજસ્વી કાંતિ અને મહાન પ્રતાપી ભવ્ય દેખાય તે તેમના પવિત્ર, પુન્ય કર્મોનો પ્રત્યક્ષ પુરાવો છે તેઓ આપણી માફક આહાર ખાતા નથી. ખાવાની ઈચ્છા થાય ત્યારે મનમાં સંકલ્પ કરે છે. સંકલ્પ થતા જ ઉત્તમ પુદ્ગલો તેમના શરીરમાં દાખલ થાય છે, અમૃતના ઓડકાર આવે તેમ. તેથી તેમની ક્ષુધા શાંત થાય છે, અને દેહને પોષણ મળે છે. મનુષ્યોની માફક દેવો ગર્ભમાં ઉત્પન્ન થતા નથી. તેઓ દેવશૈય્યામાં (સૂવાલાયક સુંદર બિછાનામાં) ઉત્પન્ન થાય છે. જન્મ થતાં જ બત્રીસ વર્ષની યુવાન વયવાળાની માફક દિવ્યરૂપે દેખાવ આપે છે.

દેવો વૃદ્ધ થતા નથી, અકાળે મરણ પામતા નથી, નિરંતર યુવાવસ્થા ટકી રહે છે, છ માસ આગળથી તેમને

મરણની ખબર પડે છે તે પ્રસંગે ગળામાં રહેલા પુષ્પોની માળા કરમાય છે કલ્પવૃક્ષો ગાવતા દેખે છે કાંઈક વિસ્મૃતિ થાય છે મુખની કાન્તિ ઝાંખી પડે છે દેવોમાં આત્મમાર્ગની જાગૃતિ જેમને હોય છે તે ત્યાં પણ પરમાત્મના માર્ગ તરફ પોતાનું પ્રયાણ ચાલુ રાખે છે તીર્થંકર દેવ અને બીજા જ્ઞાનીઓની પાસે તેઓ આવે છે ધર્મ સાંભળે છે પ્રભુના માર્ગમાં આગળ વધતા જીવોને મદદ કરે છે મનના સંકલ્પથી કાર્ય સિદ્ધ કરવાની શક્તિ તેમને હોય છે તેઓ ધારે તો અનેક જીવોને મદદ કરી શકે, દુઃખીને સુખી કરી શકે, જ્ઞાની પુરુષોનો સમાગમ કરાવી આપી ધર્મમાં આગળ વધારી શકે, ધર્મની ઉન્નતિ કરી શકે, પણ સામાની તૈયારી તેવી હોવી જોઈએ દેવો નિમિત્ત કારણ થઈ શકે અને તેને લઈને તેઓ પુન્ય ઉપાર્જન કરી, મનુષ્યપણે જન્મ લઈ નહિવાઈથી પોતાનો માર્ગ સુગમ કરી શકે છે દેવોના મરણને ચ્યવન કહે છે મરણ થતાં કપૂરની માફક તેમના શરીરના પુદ્ગલો વિખરાઈ જાય છે તેમાં દુર્ગંધ હોતી નથી

મનુષ્યોની માફક દેવોમાં સ્ત્રીઓ હોય છે તેમને દેવી દેવાંગના, અપ્સરા આદિ કહે છે કામવાસના બન્નેમાં હોય છે છતાં મનુષ્યાદિની માફક દેવો ગર્ભ ધારણ કરતી નથી વિશેષ પુણ્ય યોગે ઉપપાદ શય્યામાં જન્મ હોય છે

દેવો ચાર વિભાગમાં વેચાયેલા છે વૈમાનિક દેવ,

ભુવનપતિદેવ, જ્યોતિષિદેવ અને વ્યંતર દેવ. વૈમાનિક દેવો ઉત્તમ પંક્તિના છે. તેજસ્વી, વિશેષ શક્તિવાળા અને પ્રભાવશાળી પ્રબળ પુન્ય પ્રકૃતિવાળા છે તેઓની વસ્તી બાર દેવલોક, નવગ્રવેયક, પાંચ અનુત્તર વિમાનમાં છે. તે સ્થાન ચંદ્ર–સૂર્ય કરતાં ઘણું ઊંચે છે અને એક એકથી વિશેષ આગળ છે. અનુત્તર વિમાનના દેવો ઘણા જ પવિત્ર અને શાંતિમય જીવન ગુજારનારા છે. આત્મપરાયણ રહી આનંદમાં ઝીલે છે. સદા બ્રહ્મચારી હોય છે, બે દેવલોકથી આગળ દેવીઓની ઉત્પત્તિ નથી. ૧.

જ્યોતિષના દેવો પાંચ ભાગમા વેચાયેલા છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચે જાતિના દેવોનાં વિમાનો છે. તેમા તેઓ રહે છે. તે વિમાનો આપણે જોઈ શકીએ છીએ. કેટલાક વિમાનો ચાલતાં છે અને ઘણાં વિમાનો સ્થિર રહે છે. પૃથ્વી વિશાળ છે તેના ઘણા ભાગોમાં અનેક સૂર્ય અને ચંદ્રો છે, આ જ્યોતિષચક્ર એ બીજા વિભાગના પાંચ જાતિના દેવોથી ભરપૂર છે. ૨.

ભુવનપતિ અને વ્યંતરના દેવો આ પૃથ્વીની નીચે છે. તેઓના રહેવાના નિવાસને ભુવન કહે છે તે ઉપરથી તે દેવો ભુવનપતિ કહેવાય છે. વ્યંતરના રહેવાનાં સ્થાનો તેઓની ઉપર છે. તેઓના સ્થાનોને નગર કહે છે. તેની ઉત્પત્તિનાં સ્થાનો તો આપણી નીચે છે, પણ ક્રીડા કરવાનાં

સ્થાનો આ પૃથ્વી ઉપર પણ હોય છે તેઓ સુખી અને શક્તિવાળા તો છે, છતા ઉપરના દેવો કરતા ઘણી ઓછી શક્તિ અને સુખ પણ ઓછુ હોય છે તેઓના આયુષ્યો ઘણા મોટા હોય છે, છતા નીચેના દેવોના આયુષ્યો, ઉપરના દેવો કરતા ઓછા હોય છે, નીચલા દેવોમા ભૂત, પ્રેત, વ્યતર, પિશાચ રાક્ષસ, ઇત્યાદિનો સમાવેશ થાય છે તેમા જ્ઞાન પણ હોય છે, અજ્ઞાન પણ હોય છે દુખ પણ હોય છે પૂર્વના પુણ્યોદયથી તેઓ પાંચ ઇંદ્રિયોના અનુકૂળ સુખ ભોગવે છે, અને પુન્ય પૂર્ણ થતા પાછા મનુષ્યાદિ ગતિમા આવે છે આ પુણ્ય પ્રકૃતિવાળા દેહધારી દેવોના જીવોની સમજ કહી

આશય પ્રશ્નો

દેહ કોણ ધારણ કરે છે? આ માના ભેદ શાથી પડે છે? વૈમાનિક દેવો કયા હોય છે? જ્યોતિષના દેવો કયા હોય છે? ભુવનપતિ દેવો કયા હોય છે? વ્યતર દેવો કયા હોય છે? દેવભૂમિમા જન્મ શાથી મળે છે?

પાઠ ૧૨ મો

મનુષ્ય તિર્યંચાદિની સમજ

મનુષ્યોની, જુદા જુદા દેશોની અપેક્ષાએ અને કામ-ધંધાના અંગે ઘણી જાતિઓ છે. છતાં સ્ત્રી, પુરુષ અને નપુંસક એ ત્રણ વિભાગોમાં બધી મનુષ્ય જાતિનો સમાવેશ થાય છે. ચારે ગતિમાંથી મનુષ્યપણે જીવો જન્મ લઈ શકે છે. એક સ્થળે આયુષ્ય પૂર્ણ કરીને જીવ બીજી ગતિમાં જન્મ લેવા જતાં સાથે આ જન્મમાંથી તૈજસ અને કાર્મણ શરીરને લઈ જાય છે. અન્ય દર્શનકારો આ શરીરને સૂક્ષ્મ શરીર અને કારણ શરીર કહે છે. તૈજસ શરીર આહારાદિનું પાચન કરે છે, તેમાં ગરમી વિશેષ છે. કાર્મણ શરીરમાં કર્મના સંસ્કારો રહે છે. આ જિંદગીમાં કરેલાં કર્મના બીજભૂત સંસ્કારો બીજા જન્મ સાથે જ રહે છે આ શરીરની મદદથી જીવ જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં નવું સ્થૂળ શરીર બાંધવાનું કામ શરૂ કરે છે. સ્ત્રી-પુરુષના સંયોગથી ગર્ભસ્થાનમા આવી પડેલા રુધિર અને વીર્યમાં પ્રથમ જીવ આવે છે, અને તેનો આહાર સાથે લાવેલા શરીરથી લઈને; શરીર બાંધવાની શરૂઆત તેનાથી જ કરે છે. શરીર પછી ઈંદ્રિયોની શક્તિ બાંધે છે. પછી શ્વાસોશ્વાસ લેવાની શક્તિ બાંધે, પછી ભાષા બોલવાની અને છેવટે મનની શક્તિ તૈયાર થાય છે. આ છ શક્તિ-

એને છ પર્યાપ્તિ કહે છે આમાથી દશ પ્રાણ પ્રગટ થાય છે પાચ ઇંદ્રિયો, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય, આ દશ પ્રાણ કહેવાય છે આને આધારે જીવ શરીરમા ટકી રહે છે, અને શરીર પુન્ય પાપ રૂપ પ્રકૃતિને આધારે ટકી રહે છે આ દશ પ્રાણને નુકસાન કરવુ તે હિંસા છે, કેમકે તે ઉપર જીવને મમતા હોવાથી તેને દુખ થાય છે દશ પ્રાણના વિયોગથી મરણ કહેવાય છે આ દેહની ઉત્પત્તિ રુધિર-રજ અને વીર્યમાથી છે જીવને પોષાણ અંદરથી જ મળે છે ગર્ભમાથી બહાર જન્મ લીધા પછી દૂધ અને અનાજ-પાણી આદિથી આ દેહનુ પોષણ થાય છે, વૃદ્ધિ પામે છે અને તે જ દેહનુ જેને મરણ કહે છે તે ઘના આ પરમાણુઓ પાછા વિખરાઈ જાય છે પરમાણુઓ વિખરાઈ જવા તે મરણ છે આત્માથી પ્રાણનુ જુદા પડવાપણુ તે મરણ છે, છતા દેહને તથા પ્રાણને ઉત્પન્ન કરનાર-પ્રાણના રૂપમા પરમાણુને જોડનાર આત્મા તેનાથી જુદો છે, તેનુ મરણ થતુ નથી તે તો આ દેહને મૂકીને આ જન્મમા કરેલ કર્માનુસાર બીજા સ્થાને જાય છે ત્યા દેહ ધારણ કરે છે સુખદુખનો ત્યા અનુભવ કરે છે પાછો ત્યા આ પ જ મને લાયક કર્મ કરી આયુષ્ય બાંધી બીજી ગતિમા જન્મે છે આ પ્રમાણે આત્મા શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના પોતાને ઓળખ્યા વિના ચારે ગતિમા વિષમ જન્મ મરણ કરે છે

તિર્યંચ ગતિના જીવો

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ, બે ઇંદ્રિય, તેન્દ્રિય, ચારઇન્દ્રિય અને પાંચ ઇંદ્રિયવાળાં પશુ–પક્ષી એ સર્વ જાતિના જીવોને તિર્યંગ કહેવામા આવે છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવર કહેવાય છે. અને બે ઇન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઇંદ્રિય, પાંચ ઇંદ્રિયવાળા જીવો ત્રસ કહેવાય છે. પૃથ્વી, પાણી. અગ્નિ વાયુ અને વનસ્પતિમાં જીવ છે. તેઓમાં જ્ઞાન અને શક્તિ ઘણી ઓછી હોય છે. તેમને એક શરીર–સ્પર્શ ઇંદ્રિય હોય છે. વનસ્પતિ સિવાયના જીવોના આયુષ્યો ઓછા હોય છે.વનસ્પતિમા મોટા વૃક્ષાદિનાં આયુષ્ય મોટા હોય છે. દુ:ખ વિશેષ હોય છે. જ્ઞાનશક્તિની ઓછાશના લીધે પ્રગટ વિકાસ પામેલા જીવનના અભાવે તેઓ દુ:ખ ઓછું વેઠે છે. પૃથ્વી હવા, પાણી, ગરમી, અને વનસ્પતિએ તેઓના મુખ્ય આહાર છે. વનસ્પતિના જીવો પોતાના મૂળ દ્વારા અને બહારની હવા આદિમાથી ખોરાક મેળવી પોતાનું શરીર વધારે છે, આ પ્રગટ દેખાતા એકેન્દ્રિય જીવોથી બીજા પ્રગટ નહિ દેખાતા પાંચે જાતના સ્થાવરસૂક્ષ્મ જીવો હોય છે. તે એટલા સૂક્ષ્મ જીવો છે કે જે પહાડને ભેદીને ચાલ્યા જાય અને બળતી અગ્નિની જ્વાળાની વચમાં થઈને ચાલ્યા જાય છતાં તેઓને અટકાવી શકાતા નથી તેમ તે બળતા પણ નથી. આ જીવોને નિગોદના જીવો કહે છે. નિગોદના જીવો ઘણા સૂક્ષ્મ છે તેમ જ જીવો કરતા ઘણા છે. આ સર્વનો સમાવેશ સ્થાવર

જીવ ક્યાંથી ક્યાં ઉડે છે? સ્થાવર કોને કહે છે? ત્રસ જીવો કયા? નારકીના જીવો ક્યાં છે! તેઓમાં કયા ભેદ હોય? નરકમા શા માટે જીવો જાય છે?

પાઠ ૧૩ મો

આત્મદષ્ટિ

આપણી આંખો આપણા દેહને દેખે છે છતાં આંતર-નેત્રોથી આપણે દેહની અંદર રહેલી આત્મશક્તિને દેખીએ તો તે આત્મદષ્ટિ કહેવાય છે. ઘણા જીવોની દષ્ટિ અને પ્રવૃત્તિ તપાસતાં માલૂમ પડશે કે તેઓની દેહ ઉપર દષ્ટિ છે, તેને લઈ ને કોઈપણ મનુષ્ય અથવા પશુને દેખી તે એમ જ કહેશે કે આ ધોળો છે, રાતો છે, જાડો છે, પાતળો છે, લાંબો છે, ટૂંકો છે, અથવા કામી છે, ક્રોધી છે, લોભી છે, કપટી છે, અભિમાની છે, દ્વેષી છે, સંતોષી છે કે વિરાગી છે, વક્તા છે કે લબાડ છે. વગેરે વિચાર કરતાં સમજાશે કે આ તેના માનવમાં કે કહેવામાં કોઈ દેહના ધર્મ છે, તો કોઈ મનના ધર્મ છે, તો કોઈ વચનના ધર્મ છે, તેનો તે આત્મામાં આરોપ કરી કહે છે, પણ ખરી રીતે તો શરીર, વચન અને મનના ધર્મોને ભેદીને રહેલા આત્માને જોનારા જીવો ઘણા જ થોડા છે.

એક પુષ્ટ ગાયને દેખીને ચમારની દૃષ્ટિ તેના ચામડા ઉપર જશે કે ગાયનુ ચામડુ સારુ અને મોટુ છે જો કસાઈ હશે, તો તેની દૃષ્ટિ ગાયના માસ ઉપર જશે કે આ ગાયમા માસ ઘણુ સારુ અને ઘણુ છે જો તે ભરવાડ હશે તો તેની દૃષ્ટિ ગાયના દૂધ ઉપર જશે કે ગાય દૂધ ઘણુ આપે તેવી છે જો ખેડૂત હશે તો તેની દૃષ્ટિ ગાય મજબૂત હોવાથી તેના સતતિમા બળદ સારા થાય તેનો વિચાર કરશે જો ગાયનો પૂજક હશે તો ગાયને પૂજ્ય માનીને પગે લાગશે જો તત્ત્વ દૃષ્ટિવાળો તે મનુષ્ય હશે તો તેની અદર રહેલ આત્મા સામે દૃષ્ટિ કરી આત્માના જ્ઞાનાદિ ગુણોનો વિચાર કરશે આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે જીવની જેવી દૃષ્ટિ હશે તેવી જ સામી વસ્તુ તેને સમજાશે અને આનદ કે ખેદ, હર્ષ કે શોક રાગ કે દ્વેષ ઉત્પન્ન કરવામા નિમિત્ત કારણ છે

આપણી સારી કે ખોટી દૃષ્ટિ થી સામેની વસ્તુ બદલાઈ જતી નથી પણ આપણી દૃષ્ટિના પ્રમાણમા સામેની વસ્તુ કર્મ બધનના સબધમા નિમિત્ત કારણ બને છે દેહ દૃષ્ટિવાળાને અનત શક્તિવાન આત્મા પણ દેહરૂપે દેખાય છે અને આત્મદૃષ્ટિવાળાને દેહ પ્રગટ દેખાય છે છતા તેની અદર જે ચૈતન્ય શક્તિની સત્તાથી આ મસ્તા દેહ રહેલો છે, તે વિશ્વની દર્શની છે, તે દેખાય છે મનુષ્યે એ દેહદૃષ્ટિ મટી દર્શન મટાડી વિશેષ જાગૃત કરવાની જરૂર છે આ મટાડી તેના ઉપયોગ સદા આત્મા ઉપર રહેવો જોઈએ છે નિરતર

આત્મ ઉપયોગે પરિણમવાની ટેવથી આત્મસ્વરૂપ પ્રગટે અને નિરંતર દેહદષ્ટિ રાખવાથી–દેહ આકારે ઉપયોગ પરિણમાવવાથી–રાગ–દ્વેષ વધે છે, નવીન કર્મબંધ થાય છે અને આત્મા સદા દેહ સાથે બંધાઈ રહે છે.

આપણા દેખવામા દેહ આવે છે. છતા તેની અંદર આત્માને કેવી રીતે દેખવો તે એક દષ્ટાંતથી સમજીએ આ કલ્પિત દષ્ટાંત છે, છતા વસ્તુસ્થિતિ સમજવામા ઉપયોગી છે.

એક જાડો આંધળા કાચનો મોટો કિલ્લો છે. તેને ઝીણાં, બારીક, ઘણાં જાળીવાળાં છિદ્રો છે, તે સિવાય મોટાં છિદ્રો નવથી દશ છે. આ કિલ્લો કાળા, ધોળા આદિ અનેક વર્ણનો છે. તે કાચના કિલ્લાની અંદર લાલ વર્ણનો બીજો નાનો કિલ્લો છે, આનો રંગ ઘણા ભાગે લાલ રંગને મળતો છે. તેની અંદર કાચનો ત્રીજો કિલ્લો છે આ કિલ્લો મૂળ ધોળો છે, છતાં તે એટલો બધો મેલો છે લગભગ કાળા રંગ જેવો લાગે છે

આ ત્રીજા કિલ્લાની અંદર વીજળી કે ચંદ્ર, સૂર્યના પ્રકાશ પણ પાછો હઠાવે તેવા પ્રકાશવાળો એક દીવો છે. તે ત્યાં રહ્યા છતાં ત્રણે કિલ્લાને ભેદીને પ્રકાશ રૂપે બહાર આવે છે કાળો કિલ્લો છે, પણ આ દીપક પ્રબળ પ્રકાશવાળો હોવાથી તેને ભેદીને તેનો પ્રકાશ રાતા કિલ્લામાં આવે છે, અને રાતા કિલ્લાને ભેદીને જાડા આંધળા કાચના કિલ્લાને પણ તે પ્રકાશ ભેદી નાખે છે. તે જાડા કાચના પણ ઝીણાં છિદ્રો દ્વારા બહારના પદાર્થો આ પ્રકાશવડે વિશેષ સ્પષ્ટ રૂપમા દેખાય છે–

આટલુ નાનુ દૃષ્ટાંત તેના ઉપનય (કહેવાના આશય) ને વિશેષ સ્પષ્ટ કરી આપે છે જેમકે પહેલા આધળા ભાઇનો કિલ્લો તે આપણા સર્વ જીવોનુ આ સ્થૂલ-ઔદારિક શરીર છે તેમા ઝીણા જાળીવાળા છિદ્ર તે શરીરમા રોમ છે આ સ્પર્શ ઇંદ્રિય દ્વારા નીકળતા પ્રસ્વેદની મદદથી ટાઢ, તાપ સુંવાળુ બરછટ વગેરેનો બોધ થાય છે

આ બીજો કિલ્લો તે તેજસ શરીર તે સાથે લાગ લાગ્યુ છે જેનાથી શરીરમા પાચનક્રિયા થયા કરે છે લોહી આદિનુ ફરવુ નિયમિત થાય છે તે ઉષ્ણ ગરમ સ્વભાવનુ હોવાથી લાલ રંગવાળુ કહેલુ છે તેની મદદથી સ્થૂલ શરીરમા વૃદ્ધિ હાનિ થાય છે

ત્રીજુ કાર્મણ શરીર છે જેને કારણ શરીર પણ [illegible] કહે છે તેમા કર્મના બધા સંસ્કારો રહે છે તે [illegible] છે [illegible] કર્મના સંસ્કારોની વિવેચન [illegible] [illegible] કર્યુ છે તેની મલિનતા કે નિર્મળતાની અધિકતાને લીધે આત્મપ્રકાશનુ ઓછુ કે [illegible] પ્રકાશવાનુ થાય છે અને તે કારણે ગરીબ કે મહાન પુરુષ તરીકે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દીપક [illegible] [illegible] આત્મા [illegible] [illegible] વિશેષ નિર્મળ હોય તો આત્મા [illegible] [illegible] [illegible] આત્મા મહાત્મા [illegible] [illegible] પરમ [illegible] [illegible] [illegible] [illegible] ઈત્યાદિની મહત્તાને [illegible]

ખરછટ, ટાઢો, ઊનો, રૂક્ષ, સ્નિગ્ધ વગેરે સ્પર્શો રહેલા છે. આત્મામાં શબ્દ નથી. પુદ્‌ગલોમાં સારા-ખોટા વિવિધ પ્રકારના શબ્દો રહેલા છે, આત્મા અદૃશ્ય અને અરૂપી છે, પુદ્‌ગલો દૃશ્ય પણ છે, તેમ રૂપી પણ છે. ટૂંકામાં શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેમાં હોય છે તે પુદ્‌ગલો છે.

ધર્માસ્તિકાયમાં રૂપ નથી, છતાં તે અજીવ પદાર્થ છે. તેમાં જીવ પુદ્‌ગલોને ગતિ આપવાનો ગુણ છે. આત્માનો જ્ઞાન-ગુણ છે, માટે આત્મા ધર્માસ્તિકાયથી જુદો છે, તેમાં જ્ઞાન ગુણ નથી.

અધર્માસ્તિકાયનો ગુણ જીવ પુદ્‌ગલોને સ્થિરતા આપવાનો છે. આત્મામાં જ્ઞાન ગુણ છે તેથી આત્મા અધર્માસ્તિકાયથી જુદો છે.

જીવ પુદ્‌ગલોને અવકાશ—માર્ગ આપવાનો ગુણ આકાશનો છે આત્મામાં જ્ઞાન-ગુણ છે તેથી આત્મા આકાશથી જુદો છે.

કાળમાં નવાં-જૂનાં કરવાનો ગુણ છે. આત્મામાં જ્ઞાન-ગુણ છે, તેથી આત્મા કાળથી પણ જુદો છે.

પાંચ ઇંદ્રિયો, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય વગેરે દ્રવ્ય પ્રાણો છે તે પણ પુદ્‌ગલો જ છે. આત્મા જ્ઞાન, શાશ્વત આનંદ, શાશ્વત જીવન અને અનંતશક્તિ વગેરે ભાવ પ્રાણવાળો છે માટે દ્રવ્ય-પ્રાણથી આત્મા ભિન્ન છે.

પુણ્ય-પાપથી આત્મા જુદો છે સુખ આપનાર શુભ કર્મના પુદ્‌ગલો તે પુણ્ય છે અને દુઃખ આપનાર અશુભ કર્મના ખરાબ પુદ્‌ગલો તે પાપ છે આત્મા ચૈતન્ય સ્વભાવ અને આનંદરૂપ હોવાથી પુણ્ય પાપથી જુદો છે

આશ્રવ અને સંવરથી આત્મા જુદો છે કર્મોનું આવવું તે આશ્રવ અને કર્મ પુદ્‌ગલોને આવતા અટકાવવા તે સંવર આત્મા જ્ઞાનસ્વરૂપ છે આશ્રવ તથા સંવરને જાણનાર છે

નિર્જરા તે આત્મા નથી આત્મપ્રદેશથી જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્‌ગલોનું થોડે થોડે ભાગે ખરી પડવું દૂર થવું તે નિર્જરા છે આ નિર્જરા તે કર્મપુદ્‌ગલોની રૂપાંતર દશા છે ને આત્મા નથી

બંધ તે પણ આત્મા નથી કર્મ અને આત્માના મેળાપ થવો-સંયોગ થવો તે બંધ કહેવાય છે આત્મા જ્ઞાનસ્વરૂપ છે

સર્વ કર્મ દ્રવ્યોનું આત્માથી અલગ થવું તે કર્મ મોક્ષ છે તે આત્માનું લક્ષણ નથી જ્ઞાન દર્શન ચારિત્ર સહિત આત્મા તે ભાવ મોક્ષ છે તે આત્મા છે

આઠે કર્મથી મુક્તિ તે આત્મા નથી પણ કર્મરહિત અલગ જ્ઞાનાદિ અનંત શક્તિયુક્ત ચૈતન્ય તત્ત્વ આત્મા છે

આ પ્રમાણે વિચાર કરી જડ ચૈતન્ય બન્નેનો અલગ સ્વભાવ કહ્યો અને જુદા છે એક બીજાનું

ચૈતન્ય જડ થતું નથી. પૂર્વે કહી આવ્યા તે પ્રમાણે બન્ને દ્રવ્યોના સ્વભાવો જુદા જુદા જાણવા અને તે પ્રમાણે અનુભવવા તે આત્માની જાગૃત દશા છે. આ આત્મજ્ઞાન તે જ મોક્ષ દેવાવાળું છે. આત્માને જાણવાની મુખ્ય-યા-પહેલી જરૂરિયાત છે જેણે આત્માને જાણ્યો તેણે આ સર્વ વિશ્વને જાણ્યું-સમજવું જેણે આ વિશ્વને જાણ્યું તેણે ખરી રીતે આત્માને જાણ્યો છે. પોતે આત્મા છે છતાં પોતે પોતાને ન જાણે તો પછી કર્મબંધનથી આત્માને છોડવાની ક્રિયા કોને માટે કરવી? કોના આધારે કરવી? આત્મા જાણ્યો હોય તો જ બંધ મોક્ષ તરફ પ્રવૃત્તિ અને નિવૃત્તિ સંભવે. વર વિનાની જાન શા કામની? કોને ઘેર જઈને ઊભી રહે? તેમ જ્ઞાન વિનાની ક્રિયા શા કામની? કોના માટે કરવી? માટે બધી ક્રિયાઓ કરવા પહેલા આત્માનું જ્ઞાન પ્રથમ અવશ્ય મેળવવું.

સારાંશ પ્રશ્નો

આત્માના ગુણો? જડના ગુણો? ધર્માસ્તિકાયનો ગુણ? અધર્માસ્તિકાયનો ગુણ? આકાશનો ગુણ? કાળનો ગુણ? પુણ્ય એટલે શુ? પાપ એટલે શું? આશ્રવ એટલે શું? સંવર એટલે શું? બંધ એટલે શું? નિર્જરા એટલે શુ? દ્રવ્યમોક્ષ એટલે શું? ભાવમોક્ષ એટલે શું? પ્રથમ કોને જાણવો?

પાઠ ૧૫ મો

પ્રેમ અને પરોપકાર

કોઈપણ જાતના સ્વાર્થ વગર સર્વ જીવ તરફ સમાન દૃષ્ટિ રાખી તેમના ભલાને ખાતર મદદ આપવી અને કરવું અને પરમાત્માના માર્ગ તરફ આગળ વધારવા તે પ્રેમનું લક્ષણ છે. જ્યાં સ્વાર્થને અંગે એકબીજાને મદદ કરાય ત્યાં પ્રેમ નથી. પ્રેમ સદા નિસ્પૃહ ભાવે આપવાને જ તત્પર હોય. તેમાં બદલાની આશા હોતી નથી. બદલાની આશા હોય ત્યાં પ્રેમ ન જ હોય. આપણે તેના ઉપર ઉપકાર કર્યો છે, અને સામો મનુષ્ય આપણો ઉપકાર માને એવી આશા હોય ત્યાં પ્રેમ દૂષિત થયેલો સમજવો. પ્રેમના [illegible] જો મોટામાં મોટો ઉપકાર બીજા ઉપર કર્યો હોય છતાં તે સામો માણસ જિંદગીપર્યંત તેની પાસે ન આવે અથવા કાંઈ બદલો ન આપે તો પણ પ્રેમી આત્માના મનમાં તે માટે જરા પણ ખોટું આવવાનું જ નહિ. તેમ તે સંબંધી વાત પણ તે બીજા આગળ કહેવાની આશા માટે કે તેની કદર થવા માટે કરવાનો જ નહિ. પ્રેમમાં નાત જાત સગાં [illegible] દેશી પરદેશી આદિના પ્રતિબંધો હોય જ નહિ. પ્રેમી આખા વિશ્વને પોતાના અંગત મનુષ્યોની માફક ચાહે છે. શત્રુ-મિત્ર ભાવ તેના હૃદયમાંથી નીકળી ગયેલો જ હોય છે. પ્રેમી એક પરમાત્માની જ પ્રાર્થના કરે છે. પોતાના દુઃખો કે [illegible]

સંબંધી હકીકતો પરમાત્મા આગળ રજૂ કરે છે, કુદરતમાંથી જે પ્રત્યુત્તર મળે છે તેનો આનાકાની વિના આદરપૂર્વક સ્વીકાર કરે છે. પ્રેમની આગળ લાગવગ વાપરવાની જરૂર જ નથી. પોતાનું કે પારકું એવો ભેદ પ્રેમી આગળ હોય જ નહિ, હોય તો તે પ્રેમી જ નથી. પ્રેમી સદા મસ્ત રહે છે, સદા નિર્ભય હોય છે. પ્રેમીનુ મૂળ પરમાત્માં હોય છે, અને તેનો વિસ્તાર વિશ્વના સર્વ જીવોમા તે પ્રગટાવે છે. પ્રેમી જેવું પવિત્ર પાત્ર મળવું મુશ્કેલ છે. પ્રેમી આખા વિશ્વના જીવોને પ્રેમથી ચાહે છે સર્વનું ભલું કરવું તે તેનો મુદ્રાલેખ હોય છે, પોતે કષ્ટ સહન કરીને પણ બીજાનું ભલું કરે છે. તે કાર્ય કોઈની પણ જાણમાં આવે તેમ તેઓ ઇચ્છતા નથી. પ્રેમીઓ પરમાત્માને પિછાણનાર હોય છે. પરમાત્માની મહાન શક્તિઓ તેના પ્રેમ ગુણને લઈને તેમા પ્રગટ થયેલી હોય છે. આત્માને જાણ્યા અને અનુભવ્યા વિના પ્રેમી થઈ શકાતું નથી, પરોપકારી તો થઈ શકાય છે. જેમણે વિશ્વની સાથે પ્રેમ બાંધ્યો છે, જે પોતાના આત્મા સમાન વિશ્વને જાણે છે તે જ ખરા પ્રેમી મહાત્મા છે.

આવા પ્રેમની શક્તિ પોતાનામા પ્રગટ ન થઈ હોય ત્યાં સુધી મનુષ્યોએ પરોપકારી જીવન ગાળવું જોઈએ. પરને ઉપકાર કરવો અને પ્રત્યક્ષ રીતે તેની પાસેથી બદલાની આશા ન રાખવી તે પરોપકારનું લક્ષણ છે પરોપકારમાં ઊંચા પ્રકારનું પણ અંદરખાનેથી માન હોય. પ્રેમની અપેક્ષાએ પરોપકારનો દરજ્જો ઉતરતો છે છતા એકલપેટા સ્વાર્થી જીવોની

એ રીતે જોતાં પરોપકારનો દરજ્જો ઘણો ઊંચો છે પરોપકારી મનુષ્ય પોતાના સ્વાર્થને જતો કરે છે ખરો છતાં ઊંડા ણમાં તેનું સારું પરિણામ આવવાથી સુખ આશા તો હોય છે પણ પરોપકારી જીવન તેને ધીમે ધીમે પ્રેમ નક્કી થઈ જાય છે પરોપકારીમાં પોતે કરેલા પ ૫કારથી પોતાના ભાવિ સ્વભાવ ઘણી સુંદર આશા હોય છે પણ તે ચારે સ્થિતિમાં તો ઉત્તમ જ ગણાય

પોતાનું પેટ તો કાગડા અને કુતરાઓ પણ ભરે છે, પણ બીજાના દુઃખને દૂર કરવામાં પોતાના જીવનનો ભોગ આપનારા થોડા જ હોય છે મહાન પુરુષ કહે છે કે તમારી શક્તિ અનુસાર બીજાને તમે મદદ કરો તથા તમારે જેટલી મદદ તમારાથી ઉચ્ચ શક્તિવાળાઓ તમને પૂરી પાડશે. તમે પૂર્ણ નથી તેમ ઈચ્છા કે જરૂરિયાત વિનાના પણ તમે નથી એ માટે જ બીજાની ઈચ્છાઓ કે જરૂરિયાતો પૂરી પાડો તેથી તમારી ઈચ્છાઓ કે જરૂરિયાત પણ પૂરી પાડવામાં આવશે

મનુષ્યોએ એવો વિચાર ન કરવો કે અમારી પાસે કોઈ સાધન કે શક્તિ નથી તેથી અમે કેવી રીતે મદદ કરીએ ? તમારી પાસે જે સાધન કે જે કંઈ શક્તિ હોય તેમાંથી થોડું તેમાંથી પણ થોડું ખરી જરૂરિયાતવાળાને તમે આપો તમે ભૂખ્યા કે તરસ્યા ને ખાવાપીવાનું આપો કે આપણા પાડોશી પરદેશી અજાણ્યાને ... ખરી જરૂરિયાતવાળાને પાણીનો ...

તમે જ્ઞાનશાળાઓ બંધાવી ન શકો તો પણ અશક્ત જીવોને રોટલાનો કટકો તો આપી શકો જ, તમે ધર્મશાળાઓ બંધાવી ન શકો તો પણ એક ટાઢથી ધ્રુજતા કે તાપથી બળતા અથવા વરસાદથી ભીંજાતા મનુષ્યને સૂવા, બેસવા, કે ઊભા રહેવાને તમારો ઓટલો તો આપી શકો જ. તમે દવાખાનાઓ દર્દીઓ માટે કદાચ ન ખોલી શકો, પણ કાંઈ સાધન વગરના, રોગથી પીડાયેલા તમારા પાડોશીને દવા તો લાવી આપી શકો જ અથવા સૂંઠ, મરી, પીપર, કરીયાતુ કે ચૂરણ જેવી સામાન્ય ચીજ તો આપી શકો જ. તમે સામા મનુષ્યોનાં દુઃખ દૂર ન પણ કરી શકો. છતાં મીઠા શબ્દોમા દિલાસો તો આપી શકો જ દુઃખમા ડૂબેલા મનુષ્યને રાહત આપવાને દિલાસો પણ અર્ધું દુઃખ દૂર કરી શકે છે ધર્મનાં મોટા ભાષણો ભલે તમે ન આપી શકો, છતાં પણ ગુરુ મહારાજ પાસેથી સાંભળેલી ધર્મ સંબંધી હકીકત બીજાને સંભળાવી તો શકો જ. ભૂલા પડેલાને તમે સામે ગામ ન પહોંચાડી શકો, છતા તે ગામનો રસ્તો તો બતાવી શકો જ.

આ પ્રમાણે નાના નાના ઉપકારનાં કામો કરવાની ટેવ રાખવાથી તમારામાં છેવટે મહાન કાર્ય કરવાની શક્તિ પણ પ્રગટ થશે. પરોપકાર પોતે ન કરી શકે તો જે પરોપકાર કરનારા હોય તેમની સાથે આ દુઃખી જીવોનો મેળાપ કરાવી આપવો. જેનામાં આપવાની શક્તિ છે તેને મદદ લેવાવાળા મળતા નથી, મદદની જેને જરૂર છે તેને મદદ આપનાર મળતા નથી, તેનો મેળાપ કરાવી આપવો તે પણ પરોપકાર છે.

દરેક મનુષ્યે સવારમાં ઊઠીને એક એવો નિયમ લેવો જ જોઈએ કે આખા દિવસમાં હું પરોપકારનું એક પણ કાર્ય કર્યા સિવાય રહીશ નહિ આમ કરવાથી પરોપકાર કરવાની ઘડી નહીં તમારા હાથમાં આવશે વળી દરેક ક્ષણે તમારી મનોવૃત્તિઓ પરોપકાર કરવા તરફ [illegible] કરશે [illegible] પરોપકારી જીવન ગુજારનાર તરફ મહાન પ્રભુના આશીર્વાદ ઉતરે [illegible] [illegible] હૃદય નિર્મળ અને નિરભિમાની બને [illegible] [illegible] [illegible] [illegible] કાની લાયકાત લેવામાં [illegible] [illegible] [illegible] આત્માની અનંત શક્તિ [illegible] પરોપકાર કર્યો બહાર આવે છે, કારણ કે દુનિયાના ઉદ્ધારક [illegible] [illegible] [illegible] કોટિમાં આવે છે [illegible] [illegible] [illegible] [illegible] પ્રેમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છેવટે પરમાત્માનો [illegible] [illegible] [illegible] [illegible] આત્મશક્તિના [illegible] [illegible] પરમાત્મ [illegible] [illegible] આ સર્વ પરોપકારી અને પ્રેમી [illegible] શુભ કરવાનું [illegible]

સવાલો પ્રશ્નો

માને એવી સમકિત ભાવનાથી મિથ્યાત્વ (વિપરીત બુદ્ધિનો નાશ થાય છે.

(વિશેષ પ્રકારે સમકિત ભાવના ચિંતવન કરવા [illegible] માટે 'આ મજાગૃતિ ભાવના અને સમકિત સ્વરૂપ ભાવના'ના પુસ્તકો જોવા)

(૧૭) પ્રશ્ન—સત્ય જાણવું કે મિથ્યા જાણવું એ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી છે ને?

ઉત્તર—સત્યપણું કે મિથ્યાપણું એ જ્ઞાનાવરણનું [illegible] નહિ પણ મિથ્યાત્વના ઉદયથી [illegible] જ્ઞાનાવરણના તીવ્ર ઉદયથી જ્ઞાન ઓછું પડે અને જ્ઞાનાવરણના [illegible] જ્ઞાન વધતું જાય. [illegible]

[illegible]

(૧૮) પ્રશ્ન—[illegible]

ઉત્તર—મિથ્યા જ્ઞાનનો અર્થ એવો નથી કે, મકાનને મકાન કે જીવને જીવ ન જાણે. સમકિત વિના અનેક શાસ્ત્રોનો અર્થ, ભાવાર્થ. તથા, નય, પ્રમાણ. નિક્ષેપનાં વિસ્તૃત જ્ઞાનથી પદાર્થ સ્વરૂપ ખૂબ બારીકાઈથી સમજે. બંધ-મોક્ષનાં સ્વરૂપને સમજે જગતના પદાર્થો અને ભાવોને બરાબર જાણે. પણ આ બધું જાણપણું જ્યાં સુધી **સ્વાનુભૂતિ** (આત્મસ્વરૂપનો નિશ્ચય અનુભવ) ન થાય ત્યાં સુધી **મિથ્યા** મનાય છે. કારણ કે જો આત્મસ્વરૂપનો અનુભવ ન હોય તો ખીરમા પડેલી કડછીની માફક એનું જ્ઞાન શુષ્ક છે. **સકળ જ્ઞાનનો સાર એક આત્મસ્વરૂપનો અનુભવ કરવો એ જ છે.** આપણો જીવ અનંતવાર હજારો શાસ્ત્ર શીખ્યો, છતાં શુદ્ધ આત્મ, સ્વરૂપનો અનુભવ ન કરવાથી અજ્ઞાની રહ્યો છે જે રાગ-દ્વેષ, મોહ(દર્શન મોહનીય)ને છોડે તે થોડું જ્ઞાન છતાંયે આત્માનુભવ કરી લે છે ત્યારે જગતના સર્વ જડ-ચેતન પદાર્થોને નિજ આત્માથી ભિન્ન અનુભવે, ઇન્દ્રિય-જન્ય વિષય સુખ જેને અંતરથી રોગ રૂપ કડવા માલૂમ પડે છે. જે અવિકારી અતીન્દ્રિય નિર્વિકલ્પ આત્મિક સુખનો આસ્વાદ કરે છે, જે જ્ઞાનમાં આત્માનુ નિજ સ્વરૂપ પ્રતિ ભાસે છે તેજ 'સમ્યક્ જ્ઞાન' છે. એવુ સમ્યક્ જ્ઞાન પ્રકટ્યાથી દાન દેવું, શીલ પાળવુ, સંયમ પાળવો, તપ કરવું વગેરે કષ્ટ રૂપ માલૂમ નથી પડતું, પરંતુ દાન દેવામાં મળ ત્યાગ રૂપ સુખ થાય છે સંયમ પાળવામાં સત્ય સુખની પ્રતિતી થાય છે. તપમાં અપૂર્વ આનંદ

[illegible] છે નીચેની માફક [illegible] નથી થતી તેમ શીત પાડવાના પોતાના [illegible] સ્વભાવ સમજાય છે

(૧૫) પ્રશ્ન—સમકિતનું [illegible]

ઉત્તર—(અ) [illegible], [illegible] આદિ [illegible] (જેવું છે તેવું) સ્વરૂપ શ્રદ્ધા-નિશ્ચય [illegible] અનુભવ તે સમકિત અથવા આત્મજ્ઞાન છે

(બ) 'સ્વાનુભૂતિ' આત્માના સ્વરૂપનો અનુભવ [illegible] સમકિત કહેવાય

(૧૬) પ્રશ્ન—સમકિતના લક્ષણ [illegible] જુદાં બતાવ્યાં છે તો કયું લક્ષણ ઠીક [illegible]?

ઉત્તર—[illegible] [illegible] બતાવ્યાં છે [illegible] [illegible] [illegible] જેવું સ્વરૂપ [illegible] [illegible]

(૧૭) પ્રશ્ન—[illegible]

ઉત્તર—[illegible]

(૧૮) **પ્રશ્ન**—નિશ્ચય સમકિતનું લક્ષણ શું ?

ઉત્તર—અંતરંગમાં અનંતાનુબંધી (પરવસ્તુને પોતાની માનીને ક્રોધાદિનું કરવું તે), ક્રોધ. માન, માયા (કપટ), લોભ, મિથ્યાત્વ મોહનીય (ખોટામાં આનન્દ-મમત્વ), મિશ્ર મોહનીય (કંઈક સત્ય-કંઈક અસત્યમાં આનંદ), સમકિત મોહનીય (સત્યમાં કિંચિત્ શંકાદિ સેવન); એ સાત પ્રકૃતિઓનો ક્ષય કરે અને બાહ્યમાં આત્મસ્વરૂપનો અનુભવ કરે એ (સ્વાનુભૂતિ) નિશ્ચય સમકિતનું લક્ષણ છે.

(૧૯) **પ્રશ્ન**—સ્વાનુભૂતિ એટલે શું ?

ઉત્તર—મતિજ્ઞાનાવરણીની પેટા પ્રકૃતિ (સ્વાનુભૂતિ આવરણ નામની પ્રકૃતિ) છે તે દૂર થવાથી સ્વાનુભૂતિ (આત્માનુભવ) પ્રકટે છે. આ ગુણ જ્ઞાનનો છે, તે પણ નિશ્ચય સમકિત થયા પછી જ પ્રકટે છે તેથી જ સમકિતના લક્ષણમાં પણ બતાવાય છે જે શુદ્ધ આત્માનુભવ થવો તે નિશ્ચય સમકિત છે.

(૨૦) **પ્રશ્ન**—કર્મ પ્રકૃતિના પ્રકાર ૧૪૮ યા ૧૫૮ છે. તેમા આ પ્રકૃતિ કેમ નથી બતાવી ?

ઉત્તર—આત્માના અસંખ્ય ભાવ, લેશ્યા પરિણામ હોય છે તેથી જુદી જુદી અસખ્ય પ્રકૃતિ(જાતિ)ના કર્મબધ થાય છે, પરતુ મુખ્ય આઠ જ કહ્યા છે. જેને આઠ કર્મ કહે છે એની ઉત્તર પ્રકૃત્તિ ૧૪૮ કે ૧૫૮ કહી છે કારણ સમજાવવા માટે ખાસ જરૂરી (આવશ્યક) ભેદો જ પડાય છે. જેમ કે જીવોના કર્મોદય પ્રમાણે અનંત

એમ થઈ શકે, છતાં ૫૬૩ ભેદ જ કહ્યા છે કારણ કે સમજાવવાને માટે અમુક મર્યાદિત વર્ગ પાડવા પડે છે પુન અનંત ભેદે જીવ રહ્યા છે

(૭૧) પ્રશ્ન—આત્માને જાણવો તે સમકિત, એવું કથન શાસ્ત્રોમાં કોઈ સ્થળે છે?

ઉત્તર—હા, અનેક સ્થળે એ ભાવ નીકળે છે શ્રી પન્નવણા સૂત્ર, આવશ્યક સૂત્ર, અને ઉત્તરાધ્યયનના મોક્ષ માર્ગ અધ્યયનમાં દર્શન-સમકિતનું વિવેચન કરતાં ચાર લક્ષણના પહેલું 'પરમત્થસંથવો' પરમ એટલે પ્રધાન, અર્થ એટલે તત્ત્વ, સર્વ તત્ત્વમાં એક નિજ આત્મા જ પ્રધાનતત્ત્વ છે તેનો સંસ્તવ-પરિચય કરે, અનુભવ કરે, એમ કહ્યું છે વળી શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે જે આત્માનુભવ કરે છે તે અન્યત્ર રાચતા નથી, બીજા બાહ્ય પદાર્થોમાં મોહાતા નથી, મગ્ન થતા નથી જે અન્યત્ર નથી રાચતા તેજ આત્મામાં રમે છે—રમણ કરે છે એ જ ન્યાયે સમકિત જીવને ધાવ માતાની જેમ ભિન્ન અનુભવનારો કહ્યો છે સમકિત સંસારમાં રાતાપણું—વૃદ્ધિપણું—મમત્વ—નથી રાખતો શ્રી આચારાંગ સૂત્રમાં એમ પણ કહ્યું છે કે, જે મૂળ સં-અગ્ર કર્મ—અર્થાત્ મિથ્યાત્વનો નાશ કરે તે આત્મદર્શન કરે છે અને તેને મરણ ભય નથી રહેતો

(૭૨) પ્રશ્ન—તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમકિત કહ્યું છે, તેનો અર્થ શો?

ઉત્તર—તત્ત્વ એટલે ભાવ (ધર્મ સ્વભાવ, સાર-વસ્તુ

સ્વરૂપ) અને અર્થ એટલે પદાર્થ. જે પદાર્થનો જે સાચો સ્વભાવ (ધર્મ) છે, તેનું જે શ્રદ્ધાન્ તેને સમકિત કહે છે. કારણ કે કેવળ અર્થ એટલે પદાર્થ શ્રદ્ધામાં સમકિત માને તો યથાર્થતા-સત્યતાનું વિશેષણ ન હોવાથી વિપરીત પદાર્થ માનવામાંયે સમકિત થઈ જાય. માટે જ યથાર્થ વસ્તુ સ્વરૂપ પદાર્થના નિશ્ચયને જ **સમકિત** કહ્યું છે તે જ બરાબર છે.

(૨૩) **પ્રશ્ન**—જગત્‌માં મુખ્ય તત્ત્વ કેટલા છે?

ઉત્તર—બે, જીવ અને અજીવ.

(૨૪) **પ્રશ્ન**—જીવ તથા અજીવના વિશેષ પ્રકારે કેટલા ભેદ છે?

ઉત્તર—એક અપેક્ષા એ છ ભેદ છે, જેને છ દ્રવ્યો કહે છે તથા બીજી અપેક્ષાએ નવ ભેદ છે, તેને નવ તત્ત્વ કહે છે. એ બધા ભેદો જીવ-અજીવની અવસ્થા (પર્યાય) છે.

(૨૫) **પ્રશ્ન**—છ દ્રવ્યના નામ અને ગુણ કહો.

ઉત્તર—(૧) **ધર્માસ્તિકાયનો ચલન સહાયક ગુણ છે.** જેમ માછલીને ચાલવામાં પાણી સહાયક છે, પ્રેરણા નથી કરતું, તેમજ જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્માસ્તિકાય સહાયક છે, પણ પ્રેરક નથી.

(૨) **અધર્માસ્તિકાયનો સ્થિર સહાયક ગુણ છે.** જેમ ગ્રીષ્મ ઋતુમાં થાકેલા મનુષ્યને શીતળ વૃક્ષની છાંયા બેસવામા સહાયક છે, પ્રેરક નથી

(૩) **આકાશાસ્તિકાયનો જગા-સ્થાન-અવકાશ**

દેવાનો ગુણ છે જેમ દૂધમા સાકર ને બીજામા મીલીને
સ્થાન-જગા મળે છે, તેમ આકાશ અવ . આપીને રહે
પાની જગા આપે છે એક આકાશ પ્રદેશ પર જીવ પુદ્ગલના
અનત પ્રદેશ રાખવાની શક્તિ વિ. . છે એ ખાન સ્વભાવ
છે જેમ નાના જળચર પ્રાણી પાણીમા જીવે છે, જ્યારે
હાથી, સિંહ વગેરે ડૂબી જાય છે અને મોટા મચ્છ પણ
પાણીની બહાર મરી જાય છે આ માત્ર સ્વભાવની
વિશેષતા છે

(૪) કાલ દ્રવ્યનો વર્તવાનો ગુણ છે જેના નિમિત્તે નવા પદાર્થો જૂના થાય છે અને જૂના પદાર્થો રૂપાન્તર પામી નવા થાય છે

(૫) જીવ દ્રવ્યનુ લક્ષણ ચેતના છે તેના ગુણ છે અનત જ્ઞાન, અનત દર્શન, અનત આત્મિક સુખ, અનત આ મશક્તિ વગેરે

(૬) પુદ્ગલ દ્રવ્ય-પુદ એટલે મળવુ, ગલ એટલે ગળવુ-વિખરાવુ વાદળની જેમ એકઠા થવુ અને વિખરાવાનો સ્વભાવ છે

પુદ્ગલના મુખ્ય ચાર ગુણ કહ્યા છે ૧ વર્ણ, ૨ ગધ, ૩ રસ અને ૪ સ્પર્શ

(૨૬) પ્રશ્ન—કેટલાક લોકો પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ આદિને જુદા જુદા સ્વતત્ર તત્ત્વો માને છે તે શુ ઠીક ગણાય?

ઉત્તર—નહિ કારણ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ જુદા જુદા સ્વતત્ર તત્ત્વો નથી એનુ બીજુ

રૂપ બને છે. જેમકે માટી અને પાણીના યોગે વનસ્પતિ બને છે, તે અગ્નિરૂપ થઈ જાય છે. વળી પાછી તે અગ્નિ રાખ થઈને માટી બની જાય છે પાણી ઉકળવાથી વરાળ થઈને વાયુ રૂપ બને છે બે વાયુ (હાઈડ્રોજન અને ઓક્સિજન) મળવાથી પાણી થઈ જાય છે. **એક પરમાણુ બીજા રૂપે બની જાય છે, પરંતુ કદીયે તેનું અસ્તિત્વ નાશ નથી પામતું. એ જૈન સિદ્ધાન્ત આજે સાયન્સથી સિદ્ધ થયેલ છે.** અને એટલા માટે જ સાયન્સનુ મૂળ સૂત્ર એ થયુ કે, કોઈ પદાર્થનો સર્વથા નાશ નથી થતો, સદા નિત્ય રહે છે. અને એ-પર્યાયોની-અપેક્ષાએ બધા પદાર્થોને અનિત્ય પણ માની શકાય છે અને મૂળ વસ્તુ(દ્રવ્ય)ની અપેક્ષાએ સર્વ વસ્તુ નિત્ય છે.

સારાંશ :—દ્રવ્યની અપેક્ષાએ પદાર્થો નિત્ય છે. પર્યાય (અવસ્થા—હાલત)ની અપેક્ષાએ પદાર્થો અનિત્ય છે.

(૨૭) **પ્રશ્ન**—જ્ઞાનથી શું લાભ થાય છે?

ઉત્તર—વસ્તુને બરાબર સમજવાથી રાગ, દ્વેષ, હર્ષ, શોક નથી થતા. સદા સમભાવ રહે છે. તથા પુદ્‌ગલમાં શરીર, ધન, ભોગ, અન્ન, વસ્ત્ર, ઘરેણાં, મકાન, સ્તુતિ, નિંદા આદિ બધાનો સમાવેશ થઈ જાય છે. એને મળવા વિખરવાના સ્વભાવવાળા જાણનાર વિવેકી આત્માઓ તેમાં મોહ (આસકિત, મમત્વ) નથી કરતા. કારણ એ વસ્તુઓ નાશવાન છે એમ પ્રતીતે છે. ઊલટો તે મળેલ સાધનોનો સદુપયોગ કરી લેવા માટે ... રહે છે. લોભ કદી નથી કરતા. શુદ્ધ શીલ પાળે

ગંદખાનામાં બીજું
કે મારું કામ-ક્રોધાદિને ન એક દુઃખ ભંડાર રૂપ
નરખાનું મેળવવા જેવું નિંદનીય ને દુઃખ ભંડાર રૂપ શરીર અને ભોગ
માન છ તપદ્રવ્યો ભગ કે છે મારું શરીર અને નિજ
જનો શુદ્ધ ભાવ રાખે છે કારણ તેને રાગ-દ્વેષ નથી
થતા એ રીતે છ દ્રવ્યનું યથાતથ્ય જ્ઞાન થવાથી વીતરાગ
ભવ પ્રાપ્તી અનંત સુખની પ્રાપ્તિ થાય છે

(૧) પ્રશ્ન—ધર્મ શબ્દના કેટલા અર્થ છે?

ઉત્તર—ધર્મ શબ્દના અભિપ્રાયથી અનેક અર્થ છે એટલે વસ્તુનો સ્વભાવ તે ધર્મ (વત્થુ સહાવો ધમ્મો) જેમકે જીવનો કે વસ્તુનું શુદ્ધ સ્વરૂપ તે ધર્મ છે એ ધર્મ તેના સ્વાભાવિક ચાર ગુણ અનંત જ્ઞાનાદિ છે ગુણોથી જ જીવ સદા જીવપણામાં કાયમ રહે છે

બીજો અર્થ—ધર્મ એટલે દુઃખમાં પડતા જીવને ધારી રાખે-બચાવી શકે તે ધર્મ (અહિંસા, સત્ય, દાન, તપ આદિ કે જેનાથી જીવ સુખ પામે છે) આ જીવના પરિણામ છે એટલે કે ચારિત્ર ગુણની પર્યાય (હાલત) છે

ત્રીજો અર્થ—ધર્મ એટલે કર્તવ્ય-ફરજ છે

આ બધા અર્થમાં ધર્મને એક ગુણ માન્યો છે વળી જૈન શાસ્ત્રોમાં પારિભાષિક ધર્મ શબ્દ એક અજીવ અરૂપી તત્ત્વનું નામ પણ કહ્યું છે જે ચાલવામાં સહાયક છે આ એક સંજ્ઞા વિશેષ છે

બંનેમાં 'ચાલવામાં સહાયક થવું' એટલી તો સમાન શક્તિ જ શકે છે, કારણ અહિંસા આદિ ભાવધર્મથી જીવ ઊંચી ગતિમાં ચાલ્યો જાય છે

(૨૯) **પ્રશ્ન**—અધર્મ શબ્દના કેટલા અર્થ છે?

ઉત્તર—જુદી જુદી અપેક્ષાએ અધર્મ શબ્દનાએ અનેક અર્થ થઈ શકે છે.

(૧) વસ્તુનો મૂળ સ્વભાવ દૂષિત-વિકારી હોય તે અધર્મ. જેમ જીવના સ્વાભાવિક ચાર મૂળ ગુણો દૂષિત હોય ત્યારે

(૧) અજ્ઞાન

(૨) મિથ્યાત્વ (કુદર્શન, મોહાંધતા).

(૩) ઇન્દ્રિયજન્ય સુખદુ:ખ રાગ દ્વેષ (કુચારિત્ર)

(૪) કુપુરુષાર્થ (બાળ વીર્ય) હિંસા, વિષય, કષાયમાં પ્રવૃત્તિ થવી, એ ચારેય કામને અધર્મ કહે છે. ધર્મથી સુખ, શાંતિ, આનંદ રહે છે, ત્યારે અધર્મથી જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, ચિતા આદિ અનત દુ ખ ભોગવવા પડે છે

બીજો અર્થ—જે દુર્ગતિ-દુ:ખમાં પડતાને બચાવી ન શકે તે અધર્મ. હિંસા, અસત્ય, ચોરી, વિષયસેવન, તૃષ્ણા, નિન્દા, ક્રોધ, માન, કપટ, લોભ, કલહ આદિ અઢાર પાપસ્થાનક અધર્મ છે.

ત્રીજો અર્થ—અકર્તવ્ય-જે કામ ન કરવા યોગ્ય હોય તેને કરવુ તે અધર્મ.

ચોથો અર્થ—જૈન શાસ્ત્રમાં પારિભાષિક અધર્મ શબ્દ એક અરૂપી અજીવ તત્ત્વનું પણ નામ છે, એ સજ્ઞા વિશેષ છે જે સ્થિર કરવામાં સહાય કરે

બન્નેમા 'સ્થિર રહેવામા સહાયપણુ' એ સાદૃશતા છે કારણ કે ભાવિ અધર્મ-હિસાદિ કામોથી દુ:ખપૂર્ણ સસારમા જ રહે છે ઊચે નથી જઈ શકાતું.

આજે ઘણા મનુષ્યો ધર્મ-અધર્મનું ફળ ભવિષ્યમા મળે છે તેમ સમજે તે માટે બેધ થાય તે છે તે બૂત છે માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અધ્યાયમા કહ્યુ છે કે, "અપ્પાણમેવ દમતાય અસ્સિ લોએ પરત્થ ય" વિષય કષાયના ત્યાગ રૂપ આત્મદમનથી નિશ્ચયે આ લોક અને પરલોકમા સુખી થવાય છે અને પ્રત્યક્ષના જ દેખાય છે કે ધર્મથી ચિત્તમા તનમનના નિર્મળતા, સતોષ, સુબુદ્ધિ, વીરતા, ઉદાર્યાદિ માનસિક સુખ અને આરોગ્ય, બળ, વીર્ય, સ્વાધ્યાયાદિ શારીરિક સુખ મળે છે જ્યારે હિંસા, અસત્ય, ચોરી મૈથુનાદિ અધર્મથી-ચિત્તની મલિનતા ભય, આતુરતા, પશ્ચાત્તાપ દુર્બુદ્ધિ, કાયરતાદિ માનસિક દુખ અને રોગ, દુર્બળતા અલ્પાયુ આદિ શારીરિક દુખ પ્રત્યક્ષમા અનુભવાય છે માટે અધર્મ છોડી ધર્મનુ પાલન કરવુ જીવમાત્ર માટે હિતકર છે

(૩૦) પ્રશ્ન—નવતત્ત્વ એ શુ છે?

ઉત્તર—જીવ અને અજીવની ભાવ-અવસ્થા-એટલે પર્યાય છે જીવનો અજીવ (કર્મ) સાથે સબધ થવાથી પુણ્ય, પાપ, આશ્રવ અને બધ થાય છે તથા સબધ છૂટવાથી સવર, નિર્જરા અને મોક્ષ થાય છે એ રીતે બધા મળીને નવ તત્ત્વો થાય છે

(૩૧) પ્રશ્ન—જીવની શુદ્ધ ભાવત (સ્વભાવ પર્યાય) અને અશુદ્ધ ભાવત (વિભાવ પર્યાય) કઈ?

ઉત્તર—પુણ્ય, પાપ, આશ્રવ, અને બધ એ જીવની અશુદ્ધ દશા (પર્યાયો) છે. અને સવર, નિર્જરા તથા મોક્ષ ૨

મોક્ષ; એ જીવની શુદ્ધ દશા છે. અશુદ્ધ દશા સંસારનું કારણ છે, અને શુદ્ધ હાલત મોક્ષનું કારણ છે.

(૩૨) **પ્રશ્ન**—નવ તત્ત્વોનું સામાન્ય લક્ષણ શું?

ઉત્તર—જીવનું લક્ષણ-શુદ્ધ અવસ્થામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ અને અનંત આત્મિક શક્તિ, અશુદ્ધ અવસ્થામાં અલ્પ જ્ઞાન અથવા મિથ્યા જ્ઞાન, અલ્પ દર્શનશક્તિ અથવા મિથ્યાદર્શન, ઇંદ્રિયજન્ય સુખ-દુઃખ, રાગ-દ્વેષ, બાળવીર્ય અથવા પુરુષાર્થ.

(૨) **અજીવનું** લક્ષણ-જડ, અચેતન.

(૩) **પુણ્ય**—બે પ્રકારે છે: ૧ ભાવપુણ્ય-શુભ પરિણામ (વિચાર) અને ૨ દ્રવ્યપુણ્ય-શુભ કાર્ય, શુભ કર્મદળ અને શાતાના સંયોગો.

(૪) **પાપ** બે પ્રકારે છે. ૧ ભાવ પાપ-અશુભ પરિણામ, ૨ દ્રવ્યપાપ-અશુભ કામ, અશુભ કર્મદળ અને અનિષ્ટ સંયોગો.

(૫) **આશ્રવ** બે પ્રકારે છે: ૧ ભાવાશ્રવ-શુભાશુભ પરિણામો, ૨ દ્રવ્યાશ્રવ-શુભાશુભ કામો (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ) અને શુભાશુભ કર્મદળનું એકત્ર થવું

(૬) **સંવર**—બે પ્રકારે છે: ૧ ભાવસંવર-શુદ્ધોપયોગ, રાગ-દ્વેષ-મોહ (મિથ્યાત્વ મોહનીય) રહિત પરિણામ. ૨ દ્રવ્ય સંવર-મન, વચન, કાયા તથા પાંચ ઇંદ્રિયો પર કાબૂ, અહિંસાદિ પાંચ મહાવ્રતો, પાંચ સુમતિ આદિ.

(૭) **નિર્જરા**—બે પ્રકારે છે. ૧ ભાવનિર્જરા-શુદ્ધોપયોગ (રાગ-દ્વેષ-મોહ રહિત પરિણામ), ધર્મ-ધ્યાન-

શુક્લધ્યાન ૨ દ્રવ્યનિર્જરા—અનશન (ઉપવાસ) ઉણોદરી આદિ ૧૨ પ્રકારના તપરૂપી નિર્જરાના કારણ અને દેશથકી (અંશત) કર્મદળનું આત્માથી દૂર થવું

(૮) બંધ બે પ્રકારે છે ૧ ભાવબંધ—રાગ-દ્વેષ-મોહના પરિણામ ૨ દ્રવ્યબંધ—મન, વચન, કાયાની પ્રવૃત્તિ તથા કર્મદળનું જીવના પ્રદેશો સાથે એકમેક થવું

(૯) મોક્ષ પણ બે પ્રકારે છે ૧ ભાવમોક્ષ—પરમ વિશુદ્ધ વીતરાગ પરિણામ, અકષાયી, અજોગી, અલેશી અવસ્થા (દશા) દ્રવ્યમોક્ષ—સ્થૂળ (ઔદારિક) શરીર, સૂક્ષ્મ (તૈજસ-કાર્મણ) શરીર અને આઠે કર્મોનો સર્વથા ક્ષય થવો

(૩૩) પ્રશ્ન—વ્યવહાર સમકિતના ગુણથી શો ફાયદો થાય છે?

ઉત્તર—વ્યવહાર સમકિત સાધન છે વ્યવહાર સમકિતના ગુણો તત્ત્વજ્ઞાન, વાચન, મનન અને સમ સુવે આદિ ગુણો વડે ઉત્કૃષ્ટ ભાવના અને પુરુષાર્થથી નિશ્ચય સમકિત પ્રગટ ન થાય તો પણ વ્યવહાર સમકિતથી સુગતિ અને આત્માની નિર્મળતા તો અવશ્ય થાય છે મિથ્યાત્વના કૂવામાં અનંત દુખી થવાના ઠેકાણાથી અને ભયંકર દુખોથી બચવા માટે પણ વ્યવહાર સમકિતનું સેવન પરમ હિતકારી છે

(૩૪) પ્રશ્ન—નિશ્ચય સમકિતની ઓળખાણ કેમ થાય?

ઉત્તર—સ્વાનુભુતિ એટલે શુદ્ધ આત્મ સ્વરૂપના અનુભવથી નિશ્ચય સમકિત જણાય છે જે અતીન્દ્રિય

(ઈન્દ્રિય સુખરહિત) આત્મિક. અવિકારી. નિર્વિકલ્પ સુખનો અનુભવ છે, તે જ નિશ્ચય સમકિતનું લક્ષણ છે.

(૩૫) **પ્રશ્ન**—પ્રકૃતિની અપેક્ષાએ સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—ચાર. ૧ ક્ષાયિક, ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ અને ૪ વેદક સમકિત. સાત પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય)નો ક્ષય-(બળ્યા બીજ માફક, જેમાથી અંકુર ઉગી ન શકે તેમ)-નાશ કરવો તેને **ક્ષાયક સમકિત** કહે છે. (આ સાત પ્રકૃતિ જ અનંત સંસારમા ભ્રમણ કરાવનાર છે. તેનો નાશ થવાથી ભવ-ભ્રમણ મટી જાય છે) એ સાત પ્રકૃતિને ઉપશમાવે (ઢાકે-ઠંડી પાડે પણ સત્તામા હોય) જેમ ભારેલો અગ્નિ, તેને **ઉપશમ સમકિત** કહે છે. સાત પ્રકૃતિઓમાંથી કેટલીક પ્રકૃતિનો ક્ષય કરે અને કેટલીકને ઉપશમાવે (ઢાંકે-સત્તામાં તો હોય) તેને **ક્ષયોપશમ સમકિત** કહે છે. કેટલીક પ્રકૃતિઓનો ક્ષય કરે અને કેટલીકનો ઉદય થાય (વેદે) તેને **વેદક સમકિત** કહે છે.

(૩૬) **પ્રશ્ન**—વિશેષ પ્રકારે સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—નવ ભેદ છે. ૧ ક્ષાયક, અને ૨ ઉપશમ સમકિતનો એકેક ભેદ ઉપર મુજબ છે. ક્ષયોપશમ સમકિતના ત્રણ ભેદ છે

(૧) અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય કરે અને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ ઉપશમાવે

ભિન્ન ભિન્ન છે. અનુભાગ-રસોદયકૃત ભેદ કંઈ પણ નથી. બધા ભેદોમાં આત્માના નિજ સ્વરૂપને અનુભવ સુખનો દેનાર એક જ **સમ્યક્ત્વ** ગુણ છે. જેમ નિર્મળ પાણીમાં પડેલું રત્ન બરાબર પ્રકાશે છે અને કીચડના નીતરેલા પાણીમાં રહેલું રત્ન સંયોગવશ કોઈ વાર પ્રકાશતા અટકે પણ છે, એવી જ રીતે ક્ષાયિક સમકિત શુદ્ધ જળવત્ સાદિઅનંત સદાને માટે કાયમ રહે છે.

(૩૮) **પ્રશ્ન**—ચાર પ્રકારના બંધમાં ફળ દેનાર બંધ કયો છે?

ઉત્તર—પ્રકૃતિ, સ્થિતિ અને પ્રદેશ બંધ ફળ દેવામાં કે કોઈ ગુણનો ઘાત કરવામાં સમર્થ નથી. માત્ર અનુભાગ બંધ, રસ બંધ જે કષાયથી જ ઉત્પન્ન થાય છે તે ફળ દેવા સમર્થ છે.

(૩૯) **પ્રશ્ન**—સમકિત પ્રકટ થવામાં અંતરંગ કારણ કર્મ પ્રકૃતિની અપેક્ષાએ સાત પ્રકૃતિનો અભાવ છે. તો સાત પ્રકૃતિ જીવને શું અસર કરે છે?

ઉત્તર—અનંતાનુબંધી અનંત (અનંત—અંતરહિત ઘણા) અનુબંધ (રસની તીવ્રતા) વાળા ક્રોધ, માન, માયા, લોભ, જે અનંત કર્મ વર્ગણાનો બંધ કરે છે, અનંત સંસારનું કારણ છે, અનંત જ્ઞાન સુખ આદિ આત્મિક ગુણોનો ઘાત કરે છે તેને અનંતાનુબંધી કહે છે. પર વસ્તુઓને પોતાની માનીને તેમા રાચવું, સ્વસ્વરૂપને ભૂલવું વગેરે તેની અસર છે જેમ ઘણા નશા(કેફ)થી શાણો માણસ પણ સાર

(૪૧) **પ્રશ્ન**—દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિના અભાવે શું ફળ થાય?

ઉત્તર—વિપરીત (ઊંધો) નિશ્ચય, મિશ્ર નિશ્ચય અને સત્યમાં મલિનતાવાળો નિશ્ચય; એ ત્રણેયનો નાશ થઈ યથાર્થ શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય થાય છે.

(૪૨) **પ્રશ્ન**—સમકિતી જીવ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં અભય, અડગ, સમભાવી કેવી રીતે રહી શકે?

ઉત્તર—સમકિતી આત્મા એટલો પ્રબળ, અને નિર્ભય થઈ જાય છે કે, તેને કોઈ પ્રકારની બીક નથી હોતી. તે ઇષ્ટ-અનિષ્ટ સંયોગોને જડ-પુદ્ગલની દશા (પર્યાય) સમજીને સ્વસ્વરૂપથી ડગતો નથી તે વિચારે છે કે, હું આ જડ પદાર્થોથી જુદો છું, એકલો અનંત જ્ઞાન દર્શનાદિ ગુણ સ્વરૂપ છું, વિકારરહિત છું, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. આ બધા વિકારો પૌદ્ગલિક છે. શરીર, ઇંદ્રિય ભોગ, પરિવાર, **ધન, યશ, નિંદા, સુખ-દુઃખના નિમિત્તો એ સર્વ અનિત્ય (નાશવાન) છે. મારા ગુણોને એ વધારી કે ઘટાડી શકતા નથી.** હું પોતે જ કાયર બનીને હર્ષ, શોક, રાગ, દ્વેષ કરીને આત્માના જ્ઞાન-સુખાદિ ગુણોને મલિન દૂષિત-વિકારી કરું છું. પ્રથમ અજ્ઞાનપણાથી હું જ મારા આત્માને દુઃખી કરતો, હવે મેં સાચું સ્વરૂપ સમજી લીધુ છે, તેથી સમભાવમાં જ રહીશ. મરણ થવાથી શરીરનો નાશ થાય છે. ચેતનરાજ તો સદા **ચૈતન્ય** રૂપે જ રહેવાનો, એમ વિચારીને સદા **અભય** રહે.

ઉત્તર—જીવ અજીવાદિ નવ તત્ત્વોનું દ્રવ્ય, ગુણ, પર્યાયથી જ્ઞાન કરીને પર વસ્તુથી હું સદા ભિન્ન છું. એમ વારંવાર અંતર ઉપયોગપૂર્વક ભાવના કરવાથી ભેદજ્ઞાન સમકિત થાય છે. એથી સદા પરમ સમતા-રસનું જ પાન થાય છે અને રાગ, દ્વેષ, મોહ ફરકી શકતા નથી.

(૪૫) પ્રશ્ન—દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવાની-શિક્ષા શેમા આપી છે ?

ઉત્તર—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં "મોક્ષ માર્ગ" નામે અધ્યયનમાં પ્રથમ જ્ઞાન શાનું કરવું ? એમ બતાવતા પાંચમી ગાથામાં કહ્યુ છે કે, આ પાંચ પ્રકારના જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ જ્ઞાન) દ્રવ્ય; ગુણ અને પર્યાયને જાણવાના જ છે. એ જ્ઞાનને બધા તીર્થંકરોએ જ્ઞાન કહ્યું છે. જ્યાં આવું જ્ઞાન નથી ત્યાં સમ્યક્ જ્ઞાન ન હોઇ શકે, કારણ કે જે વસ્તુને બરાબર ન સમજે તે સત્ય સ્વરૂપને કઈ રીતે જાણી શકે ? શ્રી અનુ-યોગદ્વાર સૂત્રમા કહ્યું છે કે, આચાર્ય મહારાજ પોતાના શિષ્યોને બધા શાસ્ત્રોનું જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત આપે. ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગના અતર ઉપયોગ સહિત જ્ઞાનને નિશ્ચય જ્ઞાન કહ્યું છે, અને ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગ; એ ત્રણેય અનુ-યોગોને વ્યવહાર જ્ઞાન કહ્યું છે.

(૪૬) પ્રશ્ન—દ્રવ્ય કોને કહે છે ?

ઉત્તર—(૧) ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. (૨) જે ગુણ પર્યાયયુક્ત હોય તે દ્રવ્ય, (૩) જે ગુણોનું ભાજન

ઉત્તર—(૧) જે બીજા દ્રવ્યના નિમિત્તે થાય તે અશુદ્ધ પર્યાય.

(૨) જે વિકાર સહિત હોય તે અશુદ્ધ પર્યાય.

(૩) જે સર્વકાળમાં એક સરખી ન રહે અને વિનાશિક હોય તે અશુદ્ધ પર્યાય છે. જેમ કે-જીવની અશુદ્ધ પર્યાય મનુષ્ય, તિર્યંચ, મતિ જ્ઞાન આદિ.

(૫૨) **પ્રશ્ન**—શુદ્ધ પર્યાયમાં જીવની કેવી હાલત (દશા) હોય છે?

ઉત્તર—શુદ્ધ પર્યાયમાં જીવના ચારેય ભાવ પ્રાણ શુદ્ધ હોય છે.

(૫૩) **પ્રશ્ન**—પ્રાણ કેટલા પ્રકારના છે?

ઉત્તર—બે પ્રકારના વ્યવહાર પ્રાણ અને નિશ્ચય પ્રાણ. (૧) વ્યવહાર પ્રાણના દશ ભેદ છે. પાંચ ઈંદ્રિય મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, એ દશ વ્યવહાર પ્રાણો કર્મનિમિત્તે જીવને પેદા થાય છે. નિશ્ચય પ્રાણના ચાર ભેદ છે: અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત શક્તિ. એ ચાર નિશ્ચય પ્રાણો સદા કાયમ રહે છે. એથી જ જીવ નિશ્ચયનયે ત્રણ કાળમાં કાયમ-જીવિત રહે છે. સંસારી જીવોના આ નિશ્ચય પ્રાણો રાગ-દ્વેષ, મોહાદિથી મલિન (દૂષિત) થઈ રહ્યા છે, પરંતુ તેનો સર્વદા નાશ કદી પણ નથી થતો. વ્યવહાર પ્રાણના નાશને વ્યવહારમાં મૃત્યુ કહે છે. સમદૃષ્ટિ આત્મા-મૃત્યુ અને ઉપસર્ગ આવ્યે પોતાને નિશ્ચય પ્રાણથી અજર-અમર-અવિનાશી માનીને અભય (પરમાનંદી) રહે છે.

ગુણાનુરાગ, ઉદાસીનતા, ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા અને નિર્લોભતા; આ ગુણોનું પાલન કરીને વ્યાપાર કાર્ય, ઘરકામ અને શરીરરક્ષા કરે છે, તેથી સમદૃષ્ટિ જીવોને કર્મ બંધન લૂખું અને થોડું થાય છે.

શિક્ષા—આજે સમદષ્ટિ, શ્રાવક અને સાધુ નામ ધરાવવા છતા ઉપરના ગુણોની પ્રાપ્તિ અલ્પ છે. એવું જાણીને જો આ લોક તથા પરલોકના દુઃખોથી છુટવું હોય તો ઉપર કહેલા ગુણો પ્રકટ કરવા જોઈએ. સદ્ગુણોથી આ લોકમાં જ શાતિ, તૃપ્તિ, નિર્ભયતા, ગુપ્ત આનદ, સ્વપર ઉન્નતિ, પ્રેમવૃદ્ધિ અનુભવાય છે. તો પરલોકમાં પરમસુખ થાય તેમાં શી શંકા! "**कडेमाणेकडे**" કરવા માંડે કે કર્યું કહેવું, કારણ અને કાર્યમાં અભેદ છે જેટલે અંશે કારણ પ્રબળ તેટલે અંશે કાર્યની સિદ્ધિ થાય છે માટે ઉત્તમ કારણો સેવતાં જ તત્કાળ ઉત્તમ ફળ મળવું શરૂ થાય છે.

(૬૨) **પ્રશ્ન**—જીવના ચેતના ગુણના ભેદ કેટલા છે?

ઉત્તર—બે ભેદ છે. જ્ઞાનચેતના અને અજ્ઞાનચેતના.

(૬૩) **પ્રશ્ન**—જ્ઞાનચેતના એટલે શું?

ઉત્તર—રાગ-દ્વેષ-મોહ રહિત શુદ્ધ આત્મજ્ઞાન, આત્માનુભવ તે જ્ઞાન ચેતના છે

(૬૪) **પ્રશ્ન**—જ્ઞાનચેતના કયારે પ્રકટે છે?

ઉત્તર—જ્ઞાનાવર્ણિય, દર્શનાવર્ણિય, મોહનીય અને અંતરાય; એ ચાર ઘાતી કર્મોનો સર્વથા નાશ થવાથી કેવળજ્ઞાન પ્રકટે છે તેને પ્રતિપૂર્ણ જ્ઞાન ચેતના કહે છે

(૬૫) **પ્રશ્ન**—જ્ઞાન ચેતનાની શરૂઆત કયારથી થાય છે?

ઉત્તર—અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા લોભ અને ત્રણ દર્શન (મિથ્યાત્વ મિશ્ર, સમકિત) મોહનીય, એ સાતેય પ્રકૃતિ છોડવાથી સમકિત ગુણ (આત્મબોધ) પ્રકટે છે ત્યાંથી બીજના ચંદ્રમાની જેમ જ્ઞાન ચેતના શરૂ થાય છે ત્યાથી કંઈક અંશે અનીન્દ્રિય આત્મિક સુખનો અનુભવ પ્રગટ થાય છે

(૬૬) પ્રશ્ન—જ્ઞાન ચેતના પ્રગટાવવાનો ઉપાય શું?

ઉત્તર—અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહાદિ ઘટાડીને આત્મ ચિંતન કરવું

(૬૭) પ્રશ્ન—અજ્ઞાન ચેતના કોને કહે છે?

ઉત્તર—જે યથાર્થ આત્મ સ્વરૂપ ન સમજે, શરીર, ઈંદ્રિયો અને ભોગાદિમા મમત્વ રાખીને સુખ દુખ અને રાગદ્વેષના ભાવ કરે તે અજ્ઞાન ચેતના

(૬૮) પ્રશ્ન—અજ્ઞાન ચેતનાના કેટલાક ભેદ છે?

ઉત્તર—બે કર્મ ચેતના અને કર્મફળ ચેતના

(૬૯) પ્રશ્ન—કર્મ ચેતના કોને કહેવી?

ઉત્તર—મોહના ઉદયે અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી રાગ, દ્વેષ મોહાદિક પ્રવૃત્તિ થવી તે કર્મ ચેતના તેને કર્મબંધના પરિણામ કહે છે આ ભાવ કર્મ છે, એથી જ અનન્ત કર્મદલ (દ્રવ્ય કર્મ) આત્માને ચોંટે છે

(૭૦) પ્રશ્ન—રાગ, દ્વેષ અને મોહના કેટલા ભેદ છે?

ઉત્તર—આત્માના સુખ (ચારિત્ર) ગુણની ઘાતક ૧૩ પ્રકૃતિ (૪ કષાય અને ૯ નોકષાય) છે એમા સાત પ્રકૃતિ રાગની છે (૧) માયા (કપટ), (૨) લોભ, (૩) હાસ્ય,

(૪) રતિ (હર્ષ), (૫) પુરૂષવેદ (સ્ત્રીવાંછા), (૬) સ્ત્રીવેદ (પુરુષવાંછા), (૭) નપુંસકવેદ (અતિવિકાર).

શિક્ષા—વર્તમાનમાં વિકાર વધી ગયો છે. એથી જ નપુંસકત્વ વધારે દેખાય છે. પુરૂષત્વ તો વિરલમાં જ હોય છે. પુરુષ પણ વિશેષ વિકારથી નપુંસક બની જાય છે. આવી દશા જોઈને વિકારોને જીતવા અને બ્રહ્મચર્ય ગુણ વધારવો. એ માટે તામસી ખોરાક ત્યાગવો. વ્યાયામ, આસન, સત્સંગ, ઉત્તમ વાંચન, સદ્‌ભાવના, દષ્ટિસંયમ અને સુરિવાંજોના સેવન વડે ફરી પુરુષત્વ મેળવવુ જરૂરી છે. દવાઓનાં પ્રપંચમાં ન ફસાવું. પૌષ્ટિક દવાઓ ક્ષણિક શક્તિ તો આપશે, પરંતુ આખરે બમણો વિકાર જગાડી વધુ ખરાબ હાલત કરશે. કુદરતી અને કાયમી પુરુષત્વ સાત્વિક ઉપાયોથી મળે છે.

દ્વેષની છ પ્રકૃતિ છે—૧ ક્રોધ, ૨ માન, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક અને ૬ દુર્ગચ્છા. (અરુચિ–નિંદા–ઘૃણા–અભાવ).

દર્શનમોહની ત્રણ પ્રકૃતિ છે–મિથ્યાત્વમોહ, મિશ્રમોહ અને સમક્તિમોહ

(૭૧) **પ્રશ્ન**—કર્મફળ ચેતના એટલે શું ?

ઉત્તર—સુખદુ:ખ ભોગવવું તે. એટલે કે કર્મઉદયના પરિણામ તે કર્મફળ ચેતના.

(૭૨) **પ્રશ્ન**—ચેતનાનું જ્ઞાન કરવાનો મતલબ શો ?

ઉત્તર—કર્મચેતના એટલે રાગ, દ્વેષ, મોહથી સર્વ દુ:ખ થાય છે કારણ કે સંસાર (જન્મ–જરા–મરણ)નું રાગ–દ્વેષ છે. અને કર્મફળ અર્થાત્ સુખદુ:ખની

કર્તા અને ભોક્તા બનવાથી નવો કર્મબંધ થાય છે. જ્ઞાતાપણાથી કર્મ ક્ષય થાય છે.

(૭૫) **પ્રશ્ન**—ચારિત્ર મોહના ઉદયથી સમદૃષ્ટિને શું થાય છે?

ઉત્તર—થોડી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થાય. પણ મમત્વ નહિ હોવાથી તથા ભેદ જ્ઞાન થવાથી તરત પશ્ચાતાપ કરી વિરક્ત બને ચીકણા કર્મોના બંધ સમદૃષ્ટિને નથી થતા.

(૭૬) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહ અને ચારિત્ર મોહની જીવ પર શી અસર થાય છે?

ઉત્તર—મિથ્યાત્વ મોહને લીધે શરીર, ઇંદ્રિય, ભોગાદિમા મમત્વ બુદ્ધિ થાય છે અને ચારિત્ર મોહના ઉદયથી ઇષ્ઠ-અનિષ્ટ (હર્ષ, શોક, રાગ, દ્વેષ) બુદ્ધિ થાય છે. બંનેના અભાવમાં **વીતરાગ** દશા પ્રકટે છે.

(૭૭) **પ્રશ્ન**—ભેદજ્ઞાન એટલે શું?

ઉત્તર—સ્યાદ્વાદ સહિત દ્રવ્યાનુયોગનું વ્યવહાર-નિશ્ચયથી સ્વરૂપ સમજીને નિજાત્માને સકળ જીવાજીવ અન્ય દ્રવ્યોથી ભિન્ન જાણે, અનુભવ અને દ્રવ્યકર્મ (આઠ કર્મ), ભાવકર્મ (રાગ, દ્વેષ, મોહ) તથા નોકર્મ (શરીર ભોગાદિ)માં હું અને મારાપણાની (મમત્વ) બુદ્ધિ હતી, તે છોડીને પોતાનુ શુદ્ધ આત્મ સ્વરૂપ (સંશય, વિપરીત, અનધ્યવસાય દોષ રહિત) અનુભવે તે **ભેદજ્ઞાન,** એ જ **સમ્યક્-જ્ઞાન** કહેવાય છે.

નિદ્રા છોડવા જોઈએ, પરંતુ શરીર ન ચાલે, અસમાધિ થતી જણાય તો વિવેકપૂર્વક મર્યાદાથી આહાર, નિદ્રા આદિનું સેવન કરાય. એવા અનેક પ્રસંગ છે. જ્યાં 'હા' અને 'ના' ની મર્યાદા જરૂરી છે. એકાન્ત (કેવળ) સ્થાપવા કે ઉત્થાપવાથી ગંભીર નુકસાન થઈ જાય છે.

(૩) જે 'આમ જ છે' એમ ન માને, પરંતુ 'આમ પણ છે' એમ માને જેમ કે જીવ 'નિત્ય જ' છે. એમ ન માનતા, દ્રવ્યની અપેક્ષાએ જીવને નિત્ય અને પર્યાય (હાલત)ની અપેક્ષાએ 'અનિત્ય' માને એ જ રીતે પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ, અનંત ગુણ, અનંત પર્યાય છે. એ સર્વનો વિધિ-પૂર્વક સ્વીકાર કરે 'જ' એકાંત અને 'પણ' અનેકાંત વચન છે

(૪) જે એકાન્ત જ્ઞાનથી જ કે એકાન્ત ક્રિયાથી જ મોક્ષ ન માને, પરતુ જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ હોવાનું માને.

(૫) જેમ સૂર્યના પ્રકાશમાં બધા રત્ન, દીપક આદિના પ્રકાશ સમાઈ જાય છે, તેમજ સ્યાદ્વાદમાં બધા નય, અપેક્ષા અને આશયો સમાઈ જાય છે

(૮૦) **પ્રશ્ન**—સ્યાદ્વાદનુ જ્ઞાન કરવાથી શો લાભ થાય?

ઉત્તર—સ્યાદ્વાદથી સત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. સ્યાદ્વાદથી જ મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનનો નાશ થઈને સમ્યક્જ્ઞાન–દર્શન પ્રકટે છે, બધી અપેક્ષાઓને બરોબર સમજવાથી એટલે કે સ્યાદ્વાદનું જ્ઞાન થવાથી 'સમભાવ' પ્રકટે છે, અને રાગ, દ્વેષ, વૈર, વિરોધ આદિનો નાશ થાય છે જ્યાં રાગદ્વેષ, ખેંચતાણ, મતપક્ષ છે ત્યાં સ્યાદ્વાદ (અનેકાતવાદ)–સત્યસ્વરૂપ નથી; પરંતુ એકાન્તવાદ એટલે

મિથ્યાત્વ છે, માટે હે ચેતન ! તુ હમેશા અપેક્ષાવાદ (સ્યાદ્વાદ)ને સમજીને રાગ, દ્વેષ વૈરવિરોધ, ક્લેશ આદિ છોડીને યથાતભાવી થા સર્વ શાસ્ત્રરૂપી શરીરમા સ્યાદ્વાદ તત્ત્વ પ્રાણસ્વરૂપ છે તેનો સાર સમભાવ છે

(૮૧) પ્રશ્ન—સમક્તિ (આત્મબોધ) રૂપી બીજ કેવી ભૂમિમા ફૂલે ફળે છે ?

ઉત્તર—જે જીવોની જીવનભૂમિ (૧) હિસા, (૨) અસત્ય, (૩) ચોરી, (૪) તીવ્ર વિષયવાસના, (૫) તૃષ્ણા, (૬) અતિક્રોધ, (૭) અહકાર, (૮) કપટ, (૯) લોભ, (૧૦) કુસપ, (૧૧) પરનિદા, (૧૨) સ્વપ્રશસા, (૧૩) કદાગ્રહ અને (૧૪) અવિવેક એ અનીતિના દોષો રૂપી કાકરા, કાટા, ખાડા દૂર કરીને સમભૂમિ બની છે જેમા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર શુભભાવનાનુ પાણી સિચાય છે એવી ભૂમિમા સમક્તિ બીજ ફૂલે ફાલે છે

(૮૨) પ્રશ્ન—મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનુ સ્વરૂપ શુ !

ઉત્તર—મોક્ષનુ બીજ સમક્તિ છે અને સમકિતનુ બીજ ચાર ભાવનાઓને હમેશા શુભ અને શુદ્ધ સાધનરૂપ ચિતવન કરવુ પરમ આવશ્યક છે

જીવ હમેશા વિચાર (ભાવના) તો કરે જ છે, પરતુ અશુભ ભાવના વધારે રહે છે માટે જ ભાવનાનુ સ્વરૂપ સમજીને શુદ્ધ ભાવનાનુ ચિતવન કરવુ જોઈએ આ ચાર ભાવનાઓના પ્રત્યેકના ચાર-ચાર ભેદ છે

૧ મૈત્રી ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહમૈત્રી-

સ્ત્રી, પુત્ર, ધન, ભોગાદિની બાહ્ય આનંદની અપેક્ષાએ પ્રીતિ (૨) શુભમૈત્રી–ઉપકારી સજ્જન આદિ પ્રત્યે પ્રીતિ, ભક્તિ તથા ઉત્તમ કામમા ઐક્ય (૩) શુદ્ધ સાધન મૈત્રી–દેવ, ગુરુ, ધર્મ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રત્યે ભક્તિ અને મૈત્રી, (૪) શુદ્ધ મૈત્રી–અનંત જ્ઞાનાદિ નિજગુણો સાથે મૈત્રી (એકતાનો અનુભવ). હે ચેતન ! તું જ તારો મિત્ર છે તો તુજથી પરમાં રાગદ્વેષ શા માટે કરે છે ? (શ્રી આચારાંગ સૂત્ર).

૨ પ્રમોદ ભાવનાના ચાર પ્રકાર–(૧) મોહજન્ય હર્ષ–સ્વપર ભોગોપભોગની પ્રાપ્તિમાં આનંદ (૨) શુભ હર્ષ–દાન, પુણ્ય, સેવાભાવ, સુવિધા, નૈતિક ગુણોની પ્રાપ્તિમાં હર્ષ (૩) શુદ્ધ સાધન હર્ષ–સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિમાં આનંદ. (૪) શુદ્ધાનંદ–આત્મિક સુખ, અવિકારી અતીન્દ્રિય, નિર્વિકલ્પ નિજ સુખમાં લીન થવું.

૩ કરુણા ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય કરુણા–સ્વપરના ભોગપભોગ, ધનવૈભવ, પ્રશંસા આદિ ન મળવાથી દુઃખી થવુ (૨) શુભ કરુણા–શારીરિક અને માનસિક પીડાથી દુ:ખી જીવો પર કરુણા થવી (૩) શુદ્ધ સાધન કરુણા–અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, કષાયથી સ્વ–પરને સદા અનંત દુ:ખી થતા જાણીને એ દોષો છોડીને સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વિષય સંયમ અને સમભાવ ગુણ પ્રકટ કરવા–કરાવવા. (૪) શુદ્ધ કરુણા–સ્વસ્વભાવ (આત્મ સ્વરૂપ) માં લીન રહેવું જ્ઞાનાદિ નિજગુણોની

:તાને જ દુઃખનું કારણ જાણીને આત્મગુણોની શુદ્ધિ કરવી.

૪ માધ્યસ્થ ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય સમભાવ—લજ્જા, ભય, લાભ સ્વાર્થ યા અજ્ઞાનવશ શાંતિ ધરવી (૨) શુભ સમભાવ—ઐક્ય, સહનશીલતા ગુણાનુરાગ ગંભીરતાના ગુણો તથા કર્તવ્ય સમજી, વેર વિરોધ આદિથી થતા નુકસાન વિચારીને સમભાવ રાખવો (૩) શુદ્ધ સાધન સમભાવ—રાગદ્વેષ કરવાથી ભાવહિંસા થાય છે હું શરીર રૂપ, ... સ્પર્શ મન વચન કાયા, કષાય કર્મ રહિત છું હું અનંતજ્ઞાન, દર્શન સુખ શક્તિ-સ્વરૂપ છું એવી ભાવના વડે સમભાવ ધારવો (૪) શુદ્ધ સમભાવ—પરમ સમતા જ ભાવ જ મારો નિજગુણ છે તો હું વિભાવી કેમ બનું? રાગદ્વેષ શા માટે કરું? એવું વિચારીને નિજ-સ્વરૂપમાં લીન થાય

એ ચારેય ભાવનામાં પહેલો 'મોહજન્ય' ભેદ આલોક તથા પરલોકમાં દુઃખદાયી છે, અને પાપબંધનું કારણ છે બીજો 'શુભ' ભેદ આલોક તથા પરલોકમાં બાહ્ય સુખદાયી અને પુણ્ય પ્રાપ્તિનું કારણ છે ત્રીજો 'શુદ્ધ સાધન' ભેદ આ લોક-પરલોકમાં બાહ્ય તથા અભ્યંતર બન્નેના સુખદાયી અને ઘણા કર્મો ક્ષય કરવાનું કારણ છે અને ચોથો 'શુદ્ધ' ભેદ આલોક તથા પરલોકમાં પરમ સુખદાયી તેમ જ મોક્ષપ્રાપ્તિમાં પ્રધાન કારણ છે

(૮૩) પ્રશ્ન—સમકિત (આત્મબોધ) ગુણ સર્વોત્કૃષ્ટ કેમ કહેવાય છે?

ઉત્તર—જેમ કોઈ લાંબા કાળથી રોગથી દુઃખી છે જગતમાં રોગથી છૂટવાના ઉપાય છે, પરંતુ

કે તેના ઉપાયનું જ્ઞાન તેને નથી. એવી જ રીતે આત્મા જડસંગી (પુદ્ગલાનંદી) થઈને અનાદિ કાળથી દુ:ખી થાય છે. એ દુ:ખોથી છુટવાનો માર્ગ બતાવવો એ જ્ઞાનનું કામ છે. માર્ગનો નિશ્ચય કરવો એ સમકિતનું કામ છે અને માર્ગ પર ચાલવું તે ચારિત્ર છે. માર્ગ બતાવી તો દીધો; પરંતુ નિશ્ચય ન હોય તો તે પર બરાબર ઠેઠ સુધી ચાલી નથી શકાતું.

નિશ્ચય કર્યા વિના ચાલવું શરૂ કરાય તો ઊલટે માર્ગે જવાય છે. એટલા માટે **સુમાર્ગ નિશ્ચય** અર્થાત સમકિત ગુણ સર્વોત્કૃષ્ટ છે. માટે જ સમકિત પ્રકટ કરવામાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરવો જોઈએ.



આત્મધર્મ પર વિચારો

ગઝલ

રહે છે દૂર પરથી આ અમારો એકલો આત્મા,
સ્વાભાવોને ધર્યાને તે, રહ્યો છે નિજ ગુણોમા.
કદિ સંકલ્પ વિકલ્પો, તણી નહિ જાળ છે એમા,
અનેરું તત્ત્વ રૂડું આ, વસે છે નિત્ય ભાવોમા,
રસે રૂપે અને ગંધે, સદા છે ભિન્ન આ આત્મા,
જરા એ મોહ માયાના, નદિ છે ભાવ કંઈ એમાં.
ખરું હું તત્ત્વ સમજીને રહું ચેતન તણા રસમા,
ચિદાનન્દી સ્વરૂપ મારું, નિહાળુ આજ ભીતરમા.
સમેટી શક્તિઓ સર્વે, રહુ હુ આત્મ ક્રીડામા,
પ્રકાશે વિશ્વ આખુ અહા, સ્વભાવિક દિવ્ય તેજોમા.

—શ્રી અમૃતચંદ્ર આચાર્ય

ૐ અર્હં નમ

સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર

અથવા

મોક્ષની કુંચી

(ભાગ ૨-જો)



દોહા

પરમ નિરંજન પરમગુરૂ, પરમ પુરૂષ પરધાન,
વંદુ પરમ સમાધિગત, ભયભંજન ભગવાન
જિનવાણી પ્રમાણ કર, સુગુરૂ શીખ મન આણ
કહુ સમ્યકત્વ સ્વરૂપને નિર્ણય કહુ વખાણ

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ॥

અર્થ—મોક્ષ માર્ગે દોરનાર, કર્મ દળ રૂપી પહાડોને શુક્લ ધ્યાનરૂપી વજ્રથી ચૂર્ણ કરનાર, જગતના સકળ તત્વોને યથાર્થ પૂર્ણ રૂપે જાણનારા મહાપુરૂષોને તેવા જ ગુણો પ્રગટ કરવા માટે વંદુ છું

(પ્રથમ ભાગમાં ૮૩ પ્રશ્નો આપ્યા છે બાકી પ્રશ્નોનો સંગ્રહ નીચે પ્રમાણે છે)

જ **લોકવાદી** હોય છે. લોક સ્વરૂપને માનનાર જ **કર્મ-વાદી** હોય છે, એટલે કે જગતના કાર્ય-કારણ ભાવનો જ્ઞાતા થઈ શકે છે એ રીતે કર્મવાદી થયા બાદ **ક્રિયા-વાદી** એટલે સમ્યક્ અને **મિથ્યા** પ્રવૃત્તિ (કર્તવ્યા-કર્તવ્ય) નું સ્વરૂપ અને રહસ્ય સમજનાર બની શકે છે. **ક્રિયા-વાદી આત્મા** આત્મહિતની પ્રવૃત્તિ આચરીને અંતે કર્મ-મુક્ત બની **અજર-અમર પદ** મેળવી શકે છે. પ્રભુ મહાવીરના મોક્ષ માર્ગનો એ જ યથાર્થ ક્રમ છે.

(૮૭) **પ્રશ્ન**—શ્રી આચારાંગ સૂત્રનું પહેલું અધ્યયન 'શાસ્ત્ર પરિજ્ઞા' નામનું છે. અને તેને પહેલો ઉદ્દેશ 'આત્મ તત્ત્વ વિચાર' નામનો છે તેમાં કહ્યુ છે કે, "હું કોણ છુ ? કયાંથી આવ્યો ? મારું શું સ્વરૂપ છે ? એને જે સમજે તેને જ આત્મવાદી, લોકવાદી, કર્મવાદી ક્રિયાવાદી કહેવા" અને ચાર વાદનો જ્ઞાતા જ સમકિત પ્રાપ્તિ કરી શકે છે. તો ચારવાદનું સ્વરૂપ શુ ?

ઉત્તર—ચાર વાદના સ્વરૂપમાં પ્રથમ **આત્મવાદ.** વાદ એટલે સ્વરૂપ કહેવુ. આત્માના યથાર્થ સ્વરૂપ કહેવા—બતાવવા—ને આત્મવાદ કહે છે. દ્રવ્ય ગુણ, પર્યાય, વ્યવહાર—નિશ્ચય, નય—પ્રમાણ દ્વારા આત્માના સામાન્ય અને વિશેષ ધર્મોનુ યથાર્થ સ્વરૂપ જાણીને આત્માનો નિશ્ચય કરનારને **આત્મવાદી** કહે છે.

૨ લોકવાદ—દ્રવ્ય લોક (ષટ્દ્રવ્ય), ક્ષેત્રલોક (ચૌદ રાજુ), કાળલોક (હર સમય ઘટે વધે તે અગુરુલઘુ પર્યાય), ભાવલોક—આત્માના ગુણપર્યાય જેવા કે—અનંત-

જ્ઞાન, અનત દર્શન, અનત અતીન્દ્રિય નિરાકુલ આત્મિક સુખ અને અનત આત્મવીર્ય આ ગુણોનુ શુદ્ધ પરિણુમન તે શુદ્ધ પર્યાય છે અને આ ગુણોને મલિન કરીને પરિણુમન થવુ તે અશુદ્ધ પર્યાય છે જેમ કે-મિથ્યાજ્ઞાન, મિથ્યા દર્શન ઇંદ્રિયજન્ય સુખદુ ખ બાલવીર્ય (કુપુરુષાર્થ) એટલે કે અશુદ્ધ પર્યાય અશુદ્ધ લોક છે અને શુદ્ધ પર્યાય તે શુદ્ધ લોક છે

દોહા

यह जग शामी भगत् यमें त न काज,

तर घटम जो वस, तामे तग गज १

૩ કર્મવાદ કર્મનુ સ્વરૂપ-દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનુ સ્વરૂપ જાણુવુ દ્રવ્યકર્મ=આઠ કર્મોનો સમુહ જે આત્મપ્રદેશને વળગેલો છે ભાવકર્મ=જે ભાવો વડે આઠ કર્મ બધાય છે તે રાગ-દ્વેષ મોહાદિ પરિણામ નોકર્મ=કર્મોના ફળ જેવા કે,-શરીર, ઇન્દ્રિયો, વિષયો, ભોગ ખાનપાન, વસ્ત્રપાત્ર ઉપાધિ, ધન-વૈભવ, સ્ત્રી પતિ-પુત્ર-પરિવાર, ચેલા-ચેલી-ભક્તલોકો નિન્દા-સ્તુતિ, દુ ખ-સુખના સયોગ માત્ર નોકર્મ છે

૪ ક્રિયાવાદ—કર્મોનુ બધન અશુદ્ધ ક્રિયાથી થાય છે, અને કર્મોની મુક્તિ-કર્મક્ષય-શુદ્ધ ક્રિયાથી થાય છે એવી ક્રિયાનુ વિસ્તારપૂર્વક બરાબર જ્ઞાન કરવુ ક્રિયા એટલે પુરુષાર્થ-વીર્ય, જ્યાસુધી કુપુરુષાર્થ છે, આત્મ ધર્મ છોડીને પરદ્રવ્યના શુભ કે અશુભ પુરુષાર્થ કરવાથી શુભાશુભ બધ થાય છે તેને અનુક્રમે પુણ્યપ્રકૃતિ તથા

પાપપ્રકૃતિ કહે છે. પરદ્રવ્યને ત્યાગી નિજગુણમા સ્થિર થવુ તે સુપુરૂપાર્થ પંડિતવીર્ય (ઉત્તમ પુરૂપાર્થ) શુદ્ધ ક્રિયા છે. તે નિર્જરાનું મુખ્ય કારણ છે. ક્રિયા–કર્મબંધન ૨૭ પ્રકારે થાય છે. વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની અપેક્ષાએ મનથી, વચનથી અને કાયાથી કરવું, કરાવવુ અને અનુમોદવુ. (૩×૩=૯×૩=૨૭ પ્રકારે). એ રીતે ક્રિયાના સ્વરૂપનું જ્ઞાન તે ક્રિયાવાદ.

જે આત્માના સ્વરૂપને યથાર્થ જાણે છે તે લોકના સ્વરૂપને પણ જાણી શકે છે. અન્યથા સ્વલોક (આત્મા) પરલોક (પુદ્‌ગલાદિ દ્રવ્યો) ના જ્ઞાનના અભાવે પરલોકમાં પોતાપણું માની બેસે છે, માટે જ આત્મસ્વરૂપના જ્ઞાતાને પરલોક (અન્ય દ્રવ્યો) ના જ્ઞાનના પણ કહ્યા છે. છ કાયના લોકને પણ **ષટ્‌કાય** લોક કહે છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયથી ચતુર્ગતિમા ભમવુ પડે છે. માટે તેને **કષાયલોક** કહે છે, માટે પરલોક (કષાયાદિ) છાંડવો જોઈએ. જે લોકના સ્વરૂપને સમજે છે તે જ સમજી શકે છે કે, આત્મા લોકમા ભટકે છે તેનું મૂળ કારણ કર્મ છે એવુ જાણીને **કર્મવાદી** બની શકાય છે. અને કર્મોનું બંધન અશુદ્ધ ક્રિયાથી થાય છે આ બોધ–જ્ઞાન કર્મવાદીને જ થાય છે એટલે **કર્મવાદી** જ **ક્રિયાવાદી** થઈ શકે છે, એમ કહેવાયું છે. કર્મથી મુક્તિ–મોક્ષનો આધાર ક્રિયાપર છે. માટે જ અંતમાં ક્રિયાવાદ લીધો છે

'जो एगं जाणई, सो सव्व जाणई;
जो सव्वं जाणई, सो एगं जाणई ।'

—આચારાંગ સૂત્ર

જે એક—આત્મ સ્વરૂપને જાણે છે તે સર્વ (બધા દ્રવ્યો) ને જાણે છે અને જે સર્વને જાણે છે તે આત્માને જાણે છે માટે આત્મ—સ્વરૂપનુ જ્ઞાન કરવુ પરમાવશ્યક છે અને શ્રી આચારાગમા આદિ વચનમા આત્મ પદાર્થ વિચાર આત્મ—સ્વરૂપનુ કથન એટલા માટે જ ફરમાવ્યુ છે

શ્રી વીરપ્રભુએ દ્વાદશાગી બાર અગની પ્રરૂપણા કરી છે તેમા આદિ વચન 'આત્મ સ્વરૂપને ઓળખો' એ ઉપદેશ આપ્યો છે એથી સિદ્ધ થાય છે કે, દ્વાદશાગીનો સાર એક 'આત્મ—સ્વરૂપનો યથાર્થ બોધ' છે બધુ જ્ઞાન—શાસ્ત્ર આત્માની મુક્તિ (મોક્ષ) ને માટે છે મોક્ષ આત્માની અન્ય સ્થિતિ જાણવાથી થાય છે જે આત્માને ન જાણે તો મોક્ષ કોનો કરવો? આથી સ્પષ્ટ થાય છે કે, દ્વાદશાગી (જૈનાગમો) એ જ્ઞાન—દીપક છે, અને એના પ્રકાશ વડે આત્મ સ્વરૂપ રૂપી રત્ન શોધાય—જડે છે આ મરત્ન પ્રાપ્ત થતા **સર્વ જ્ઞાન કૃતાર્થ થાય છે**

ચાર વાદનુ જ્ઞાન કરવા માટે સમકિત છપ્પનીમા કહ્યુ છે કે—

આત્મ, લોક, કર્મ, ક્રિયા, શુદ્ધ વાદ છે ચાર!
ચિતવતા સમકિત લહે, જીવ જગત મોઝાર
આ આત્મજ્ઞાન એટલે કેટલા શાસ્ત્રને ગ્રથોનો સાર –
લાખ વાતની વાત, ક્રોડ ગ્રન્થનો સાર છે,
જો સુખ ચાહો ભ્રાત, તો આતમ અનુભવ કરો
દ્વાદશાગી શ્રુતિ સિંધુ મથન કરી રતન નિકાસ્યો
સ્વ પર—ભેદ વિજ્ઞાન, શુદ્ધ ચારિત્ર પ્રકાશ્યો
એ જિન વાણીનો મહિમા

સવૈયા.

રાગ વિરોધ કુદેવ પ્રતીતિ વિનાશ સદા સબ લોક પ્રવાની,
અર્થ અનેક અભિધેય છે એક, ચઉ ગતિ વારણ મોક્ષ નિશાની.
આતમ રૂપ અનૂપની પ્રાપ્રતિ, કારણ રૂપ જિનેશ વખાણી,
યાતે નમે ને વખાણ કરે મુનિ, તે સમયાતમ શ્રી જિનવાણી.

ભાવાર્થ—રાગ, દ્વેષ અને કુદેવ, કુગુરુ, કુધર્મમાં પ્રતીતિ રૂપ દર્શન મોહનો સર્વથા વિનાશ કરવાવાળી જિન વાણી છે, તેનો વિસ્તાર બહુ છે, તેમાં અનેક વિષયોનુ સ્વરૂપ બતાવ્યું છે, પરંતુ કહેવાની મુખ્ય વાત એક છે, તે આત્મ-સ્વરૂપ જે અનુપમ છે તેની પ્રાપ્તિ કરવી એ જ સાર છે. આ જિન વાણી ચાર ગતિમાં આનાદિ કાળથી જીવનુ ભવ ભ્રમણ થાય છે તે બંધ કરે છે. અનુપમ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિનું પ્રધાન કારણ (સાધન) છે. **જેવી રીતે રાત્રે ખોવાયેલ રત્નને શોધવા દીવાનો ઉપયોગ કરે છે. તેમાં દીવો સાધન છે. રત્ન ગોતવું સાધ્ય છે. આ જિન વાણી રૂપી દીવાથી આત્મ-સ્વરૂપ રૂપી રત્ન જે મોહાદિથી ઢંકાઈ ગયું છે તે શોધવાનું છે.** એવી ઉપકારક જિન વાણીને મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળા) જીવો નમસ્કાર કરે છે ને પ્રશંસે છે. તે સ્વ-પર સમય (દ્રવ્ય)નુ કથન કરનાર પરમ પવિત્ર જિનવાણીનુ જ્ઞાન કરવા પુરુષાર્થ કરવો જોઈએ.

(૮૮) **પ્રશ્ન**—જિનેશ્વર ભગવાન સમકિત કોને કહે છે?

ઉત્તર—भावेणं सदहंतस्स सम्मत्तं तं वियाहियं

(**उ. अ. २८, गा. १५**)

ભાવ (અંતર ઉપયોગ) પૂર્વક, ભાવ સહિત—દ્રવ્ય ભાવ પૂર્ણ બધી અપેક્ષાથી નવ તત્ત્વનું જ્ઞાન કરવું અને શ્રદ્ધા કરવી તે સમ્યક્ત્વ છે એમ શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે ટૂંકામાં આત્માનો અનુભવ—સ્વાનુભૂતિ—જ સમ્યક્ત્વ છે કહ્યું છે કે—

દોહા—જે દર્શન દર્શન વિના, તે દર્શન નિરપેક્ષ,
જે દર્શન દર્શન થયા તે દર્શન સાપક્ષ

ભાવાર્થ—જે દર્શન (સમકિત) થી દર્શન (આત્મદર્શન, સ્વાનુભૂતિ) થતું નથી તે નિરપેક્ષ (મોક્ષની પ્રાપ્તિ રહિત) સમકિત (દ્રવ્ય સમકિત) છે પણ જે દર્શન (સમકિત)થી દર્શન (આત્માનુભવ) થાય છે તે સમકિત જ સાપેક્ષ (ભાવ સમકિત—મોક્ષ પ્રાપ્તિનું કારણ) છે, તે જ શુદ્ધ—નિશ્ચય—સમકિત કહેવાય છે

(૮૯) પ્રશ્ન—સમકિત કોઈ ખાસ ગચ્છ, સંઘાડા, સંપ્રદાય, સ્થાનક, મંદિર, મઠ યા ગુરુનું હોય છે કે બીજું કંઈ?

ઉત્તર—સમકિત આત્માનો ગુણ છે સમકિતની વ્યાખ્યા કરતા બધા શાસ્ત્રકારોએ **યથાર્થ તત્ત્વ શ્રદ્ધાને સમકિત કહ્યું છે**

नहियाण तु भावाण, सब्भावे उवएसण
भ वेण सद्दहतस्स सम्मत्त त वियाहियम

(उ अ २८, गा १५)

ભાવાર્થ—યથાર્થ સ્વરૂપનો ભાવપૂર્વક નિશ્ચય કરવાને સમકિત કહે છે તે સ્વભાવથી, (સ્વક્ષયોપશમથી)

અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે. એ રીતે ઉપજેલ ભાવપૂર્વકની તત્ત્વ શ્રદ્ધા, તેને સમકિત કહ્યુ છે.

આથી સ્પષ્ટ છે કે. આજે જે ખાસ ગચ્છ, સંપ્રદાય અથવા ગુરુ વિશેષનું સમકિત મનાય છે તે શાસ્ત્રો જોતાં ન્યાય સંપન્ન નથી લાગતુ. કોઈ સંઘાડા કે ગુરુનું સમકિત હોઈ જ ન શકે. આથી જ તો વર્તમાનમા અંદર અંદર ધર્મકલહ થાય છે, એ ઝઘડા છોડીને તત્ત્વ બોધ કરવો જોઈએ. "तत्त्वार्थ श्रद्धान सम्यग्दर्शनम्" **યથાર્થ તત્ત્વના સ્વરૂપનો નિશ્ચય તેને સમકિત કહે છે.**

(૯૦) **પ્રશ્ન**—આજે આટલા બધા ગચ્છ, સંઘાડા, ફિરકા, સંપ્રદાય કેમ થઈ ગયા?

ઉત્તર—પ્રાયઃ **તત્ત્વ-જ્ઞાન**, તત્ત્વોનો અભ્યાસ છૂટી જવાથી, સ્યાદ્વાદ એટલે વ્યવહાર, નિશ્ચય, જ્ઞાન-દર્શન-ચારિત્રનો અભ્યાસ ન હોવાથી કોઈ ખાસ દેશ, કાળ, સંયોગ મુજબ જરા ક્રિયા ભેદ થયો કે તેમાં આગ્રહ કરીને મતભેદ પેઠો. તેથી પરસ્પર દ્વેષ બુદ્ધિ થઈ જો તત્ત્વોનો અભ્યાસ વધારાય અને વ્યવહાર-નિશ્ચય બરાબર સમજાય તો સંપ્રદાય, સંઘાડા, મતમતાંતરો આદિ ભેદો દૂર થઈને પરસ્પર માધ્યસ્થ ભાવ-સમભાવ-નો અમૃત રસ વરસવા લાગે કદાપિ કારણવશ કંઈ ભેદ રહે તો તે પણ પ્રમોદ-ગુણાનુરાગ રૂપ જ રહી શકે છે, દ્વેષ રૂપ નહિ જેમ પ્રભુ મહાવીરના ૧૧ ગણધરો હતા. તેમના શિષ્ય સમૂહને ૯ ગચ્છમાં વહેચ્યા હતા, પરંતુ એ તો ભેદ હતા આજે આપણા ભેદો પ્રાય દ્વેષમય થઈ

રહ્યા છે તેનો સુધારો તત્ત્વ પ્ર ાર (સ્યાદ્વાદના યર્થાથ જ્ઞાન) દ્વારા જ થઈ શકશે

(૮૧) પ્રશ્ન—શુદ્ધ, સમકિત ધારીને ઓછામા ઓછુ કેટલુ ના‍ન હોવુ જોઈએ ?

ઉત્તર—૭ દ્રવ્ય નવ તત્ત્વોનુ નય-પ્રમાણ‍ાી હેય (છો વા યોગ્ય), ઉપાદેય (આ ર વા યોગ્ય) રૂપે યથાર્થ જ્ઞાન હોવુ જોઈએ

(૮૨) પ્રશ્ન—ગ ઠી-ભેદ થયા વિના સમકિત નથી થતુ, તો ઠી શાની છે અને ક્યે ગણે ક્યા કર્મમા અને ક્યા સુ ી હે છે ? અને ગ ઠી-ભેદ કયા ઉપાયોથી થઈ શકે ?

ઉત્તર—ગ ઠી મિથ્યાત્વ મોહ કર્મની તીન બ ધન-પ્રથી-ને કહે છે આ મિથ્યાત્વ મોહિનીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રિતો કો ાક્રોડ સા ાોપમની છ ૬૯ કોડાકોડ સાગરથી વધુ સ્થિતિના કર્મો ક્ષય અને દેશઉણા કોડાકોડ સા ાોપમની સ્થિતિ બાકી રહે ત્યા ગ ઠી-(ગ્રન્થી)-છે ત્યાં સુધી તો યથા પ્રવૃત્તિ કરણ વાળા અભવી પણ આવી શકે છે, પરતુ યથાપ્રવૃત્તિ ણ (અનિત્ય-અશરણ ભાવના)ની ગ્રન્થી ભેદ નથી થઈ શકતો, પર તુ અપૂર્વ કરણ એટલે આત્મા ભાવનાથી ગ ઠીનો નાશ (ગ્રન્થી ભેદ) થઈ શકે છે અને અનિવૃત્તિ કરણ (શુદ્ધોપયોગમા સ્થિ તા)મા સમકિતની પ્રાપ્તિ થાય છે

આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મોની સ્થિતિ

દેશઉણુ એક ક્રોડાક્રોડ સાગરોપમ રહે છે, ત્યારે **યથા-પ્રવૃત્તિ કરણુ** પ્રકટ થાય છે. એટલે અનિત્ય, અશરણુ ભાવનાથી ત્યાગ વૈરાગ્ય થાય છે, પરંતુ આત્માના અતીન્દ્રિય-નિરાકુલ શુદ્ધ ઉત્તમ ભાવના, એમાં વારંવાર ભેદ-ભાવના, એકત્વભાવના અને આત્મભાવનાનું ચિંત્વન કરે, આથી અપૂર્વ કરણુની પ્રાપ્તિ થાય છે. (અપૂર્વ કરણુ એટલે પૂર્વે નહિ આવેલા શુદ્ધ પરિણામ.)

ગંઠી એટલે જીવની અનાદિ વિપરીત બુદ્ધિ (પરવસ્તુ–શરીર, ભોગાદિ–ને સ્વ–પોતાના–માનવા), વિભાવ પર્યાય (ચાર ગતિરૂપ જીવની અશુદ્ધ અવસ્થા)માં સ્વામિ-પણું રાખવું તેને મિથ્યાત્વરૂપી ગાંઠ કહે છે તેનો નાશ **અપૂર્વકરણુ** (આત્મ–સ્વરૂપ વિચાર) થી કરવો જોઈએ. આ પરિણામોની જ્યારે વિશેષ શુદ્ધિ થાય છે. ત્યારે અનિવૃત્તિકરણુ પ્રકટે છે. એના વડે જ **નિશ્ચય–સમકિત** પ્રાપ્તિ થાય છે. સમકિત પ્રાપ્ત થવાથી નિશ્ચયે **શીઘ્ર મોક્ષ** થાય છે જેમ પાણીનો ઘડો દોરડા સહિત ઊંડા કૂવામાં પડી જાય અને દોરડુ હાથ ન આવે ત્યાં સુધી–કદી ઘણા કાળ સુધી પણ–પાણી ન મળે, પરતુ દોરડુ હાથ આવતા જ ઘડો અને પાણી બધું શીઘ્ર મળી શકે છે. તેવી જ રીતે એક **સમકિત** ગુણ પ્રકટવાથી નિશ્ચયે બધા ગુણો પ્રકટે છે મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર પણ સમકિત પ્રકટતાં સમ્યક્ જ્ઞાન સમયક્ ચારિત્ર રૂપ થઈ જાય છે આત્માના બધા દૂષિત ગુણોને શુદ્ધ કરનાર માત્ર 'સમકિત' ગુણ છે. જેમ સૂર્યોદય થતાં જ બધો અંધકાર મટીને બધી વસ્તુઓ

પ્રકાશ પામે છે તેમ સમકિત પ્રકટતા બધા દોષો દૂર થઈ જાય છે, જેમ જીવ વિનાનુ કલેવર, અધ આગળ આરસી, બહેરા આગળ ગીત, આકડા વિનાના મીડા વ્યર્થ છે, તેમ સમકિત વિના બધુ વ્યર્થ છે માટે જ આત્માર્થીઓએ સમકિત પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરવા એ જ કર્તવ્ય છે સમકિત વિનાની ઉત્તમ ક્રિયાઓથી પુણ્યપ્રાપ્તિ તો થાય છે, પરંતુ મોક્ષપ્રાપ્તિ નથી થઈ શકતી માટે જ સમકિત વિનાની સર્વ ક્રિયાઓ વ્યર્થ બતાવી છે કારણ મોક્ષ જ પરમોત્કૃષ્ટ ધ્યેય છે

(૯૩) પ્રશ્ન—સમકિતના આઠ અગ જાળવ્યા વિના સમકિત થઈ શકે કે નહિ ?

ઉત્તર—પૂર્ણ વસ્તુને સર્વાગ સુદરતા હોવાથી ગણાય છે જેમ હાથ, પગ, માથુ, છાતી આદિ અગો મળીને જ શરીર બને છે તેમ જ આઠ અગના ગુણોથી સમકિત સપૂર્ણ ગણાય છે અગમા જેટલી ન્યૂનતા (ઊણપ) હોય તેટલા પ્રમાણમા તે હીનાગ કે વિકલાગ કહેવાય છે અગનો થોડો દોષ પણ ઠીક નથી તો વધુ ઊણપ તો વધુ મોટી ખામી ગણાય

(૯૪) પ્રશ્ન—સમકિતના અગ કેટલા છે ?

ઉત્તર—૧ વ્યવહાર સમકિત ૨ નિશ્ચય સમકિત એ બન્નેના આઠ આઠ અગ છે

(૯૫) પ્રશ્ન—વ્યવહાર સમકિતના આઠ અગોનુ સ્વરૂપ શુ ?

ઉત્તર—વ્યવહાર સમકિતના આઠ અગ નીચે મુજબ —

(૧) નિસ્સંકિય=શ્રીજિન વચનમા શકા ન રાખવી

(૭) वच्छलता—જે પોતાના સ્વરૂપમાં વિશેષ અનુરાગ રાખે, જ્ઞાન, દર્શન, ચારિત્રને અભેદ બુદ્ધિએ જુએ. જેથી જ્ઞાનાદિની હાનિમાં સ્વની (પોતાની) ભાવહિંસા જાણે છે. જેથી તેની રક્ષામાં પૂર્ણ વાત્સલ્ય-ભાવ યુક્ત છે.

(૮) प्रभावना—प्र વિશિષ્ટ પ્રકારે + भव ઉપજવું જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ નિજગુણોને પ્રકટ કરવા એ પ્રભાવના છે

સમકિતના આઠ ગુણોના અભાવે સમકિતનો અભાવ અને ઘણા કર્મોનું બંધન થાય છે તથા આ લોક પરલોકમાં નિરંતર દુઃખ ભોગવવુ પડે છે. નિશ્ચય સમકિતના આઠ અંગ પ્રકટયે શીઘ્ર મોક્ષ થાય છે. માટે જ આઠેય અંગ પ્રકટાવવાનો પુરુષાર્થ કરવો પરમ હિતકારી છે

(૯૭) **પ્રશ્ન**—સમકિતભ્રષ્ટ હોય તે મૂલભ્રષ્ટ છે કે ઉત્તર ભ્રષ્ટ ?

ઉત્તર—સમકિત ભ્રષ્ટ તે મૂલ ભ્રષ્ટ છે. કારણ તે આત્માનો મૂળ ગુણ છે.

(૯૮) **પ્રશ્ન**—સમકિત મૂળ મોક્ષમાર્ગ છે કે ઉત્તર મોક્ષ માર્ગ ?

ઉત્તર—મૂળ મોક્ષમાર્ગ છે

(૯૯) **પ્રશ્ન**—શું હિતકારી (કલ્યાણકારી) અને શું અહિતકારી છે તેનો નિર્ણય કરાવનાર કોણ છે ?

ઉત્તર—સમકિત

(૧૦૦) **પ્રશ્ન**—સમકિતનો વેરી કોણ ?

ઉત્તર—મિથ્યાત્વ એટલે વિપરીત બુદ્ધિ.

(૧૦૧) પ્રશ્ન—જ્ઞાનનો વેરી કોણ?

(૧૦૨) પ્રશ્ન—ચારિત્રનો વેરી કોણ?

ઉત્તર—કષાય એટલે રાગદ્વેષ

ઉત્તર—અજ્ઞાન એટલે તત્ત્વોનો અબોધ

(૧૦૩) પ્રશ્ન—શાસ્ત્રમા ચાર અનુયોગ કહ્યા છે એમા નિશ્ચય અનુયોગ કેટના અને વ્યવહાર અનુયોગ કેટલા છે?

ઉત્તર—નિશ્ચયમા એક દ્રવ્યાનુયોગ અને વ્યવહારમા ત્રણ અનુયોગ (૧) પ્રથમાનુયોગ (ધર્મકથાનુયોગ) (૨) કરણચરણાનુયોગ (ક્રિયા ચારિત્રનુ કથન), (૩) ગણિતાનુ યોગ છે

દોહો

વિના દ્રવ્ય અનુયોગ વિચાર
ચરણકરણનો નહિ કો સાર,
સમ્મતિ ગ્રંથે ભાખ્યુ ઇસ્યુ,
તે તો બુધજન મનમા વસ્યુ ૧

(૧૦૪) પ્રશ્ન—મોક્ષનું ઉપાદાન કોને કહે છે અને મોક્ષનું ઉપાદાન કારણ કોને કહે છે?

ઉત્તર—મોક્ષનુ ઉપાદાન જીવમાત્રને છે કારણ ભવ્ય, અભવ્ય જીવની સત્તામા કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ અનત ગુણ ભર્યા છે અને ઉપાદાન કારણ પુરુષાર્થ દ્વાર ભવ્યને જ પ્રાપ્ત થાય છે કારકચક્ર પલટે એટલે સસાર તરફની રુચિ બદલાઈને આત્મસન્મુખ તીવ્ર રુચિ થવી તેની સિદ્ધિનુ મરણ ઉઠાણ કમ્મ બલ પુરુષાકાર પરાક્રમ જ મોક્ષમાર્ગ છે

ભાવાર્થ—અજ્ઞાની–બાલ–જીવ લિંગ (વેશ, નામ, સંપ્રદાય) આદિ દ્રવ્ય ચિન્હના વિચારથી પરીક્ષા કરે છે. મધ્ય કોટીના જીવ ક્રિયા, આચાર, વર્તાવ જોઈને પરીક્ષા કરે છે, અને સમદૃષ્ટિ ઉત્તમ તત્ત્વથી પરીક્ષા કરે છે અને તત્ત્વ–શુદ્ધિમા જ આનંદ માને છે.

(૧૧૭) **પ્રશ્ન**—જૈન સમાજમા ઘણા કાળથી લોકો મુનિ ધર્મ પાળતા, મુનિઓની સેવા કરતા, વ્યાખ્યાન વાંચતાં, સાંભળતાં પ્રશ્નોત્તર કરતાં અને થોકડા આદિ જ્ઞાન ધરાવતા દેખાય છે, તે છતા ઘણાંયને જીવ અને પુદગલની ભિન્નતાનું **ભેદજ્ઞાન** દેખાતું નથી. એનું શું કારણ હશે? તથા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, યશ. વાંછા આદિ પ્રતિદિન ઘટવાને બદલે વધતા કેમ દેખાય છે?

ઉત્તર—દ્રવ્યાનુયોગના યથાર્થ જ્ઞાન અને ભેદ ભાવના અભાવે!

(૧૧૮) **પ્રશ્ન**—શ્રી ભગવતી સૂત્રમાં સાર રૂપ શું ફરમાવ્યુ છે?

ઉત્તર—શ્રી ભગવતી સૂત્રમાં ફરમાવ્યું છે કે—

મન જુદું છે અને આત્મા જુદો છે.
વચન જુદુ છે અને આત્મા જુદો છે.
કાયા જુદી છે અને આત્મા જુદો છે.

મન, વચન, કાયા એ નામ કર્મના ઉદયના ફળ છે, આત્મિક ગુણો નથી. એ જુદા છે, રૂપી છે, કર્મના વિકાર છે, આ ત્રણ પ્રવૃત્તિઓથી કર્મ બંધાય છે. એને આત્માથી ભિન્ન જાણીને મન, વચન, કાયા ઉપર પૂરો સંયમ (કાબૂ)

ખોટી સમજણ. જ્યારે આ જીવ સાચી સમજણ કરી રાગ, દ્વેષ, મોહ, શરીર, ભોગાદિ છોડે છે ત્યારે ફરી તે કદી ગ્રહણ કરતો નથી. જેવી રીતે સમજુ માણસ રત્નની ખાણમાંથી કાંકરા તજી રત્ન લે છે પણ અણસમજુ માણસ કાંકરા તજે છે, છતા વગર સમજણે તે પાછા લઈ રત્ન ફેંકી દે છે. તેમ મિથ્યાત્વી નિર્જરા કરી દેવાદિ ભોગ મળતાં પાછો ગૃદ્ધ બની દુર્ગતિમા જાય છે. સમકિતીનો વૈરાગ્ય ને ત્યાગ નિત્ય રહે છે જ્યારે તે વિના અસ્થિર રહે છે.

(૧૨૦) **પ્રશ્ન**—સત્ય ઉપદેશ ક્યારે દઈ શકાય છે?

ઉત્તર—વ્યવહાર નિશ્ચય બન્ને નય (અપેક્ષા, અભિપ્રાય, આશય)નું જેને બરાબર જ્ઞાન હોય તેવો સમભાવી આત્મા જ સત્ય ઉપદેશ આપી શકે છે. વર્તમાનમાં આ બે ગુણોના અભાવે ઉપદેશ આપવાથી કલહ થતો દેખાય છે, અથવા સ્વ પર વિકાસ થતો નથી.

(૧૨૧) **પ્રશ્ન**—આ બે ગુણ જરૂરી શા માટે છે?

ઉત્તર—વ્યવહાર નિશ્ચયના જ્ઞાનથી સત્ય જણાય છે. જો તેનું જ્ઞાન નથી તો સત્ય પણ નથી જાણતું, તો સત્ય ઉપદેશ તો શી રીતે આપી શકે? સત્ય જાણવા છતાં સમભાવ ન હોય તો અસત્ય કહેવાય છે. માટે જ સમભાવી જ્ઞાની જ સત્ય ઉપદેશ આપી શકે છે. ભગવાન પણ સર્વજ્ઞ અને વીતરાગ (બન્ને ગુણયુક્ત) હોવાને લીધે જ સત્ય ઉપદેષ્ટા (આપ્ત પુરુષ) કહેવાય છે

(૧૨૨) **પ્રશ્ન**—મૂલ પાઠનું જ્ઞાન, અર્થનું જ્ઞાન અને તત્ત્વરહસ્યના જ્ઞાનથી શુ શુ ફળ મળે છે?

ઉત્તર—૧ માત્ર પાઠ જ્ઞાનથી પ્રાય સામાન્ય પુણ્ય પ્રકૃતિ બંધાય ૨ અર્થ જ્ઞાનથી ઘણી પુણ્ય પ્રકૃતિ અને થોડી નિર્જરા થાય, અને ૩ તત્ત્વ (રહસ્ય) જ્ઞાનથી ઘણી નિર્જરા થાય તથા સત્ય સુખની પ્રાપ્તિ થાય છે પાઠ જ્ઞાન ઉત્તમ વૃક્ષના પાંદડા સમાન છે અર્થ જ્ઞાન ફૂલ સમાન અને તત્ત્વ જ્ઞાન ઉત્તમ ફળ સમાન છે એમ શ્રી ઠાણાંગ સૂત્રમાં ફરમાવ્યુ છે

(૧૨૩) પ્રશ્ન—સર્વ શાસ્ત્રોનુ કથન કેટલી નયોથી કર્યુ છે? અને તેની આજ્ઞાનુ પાલન કેટલી નયથી કરવુ જોઈએ?

ઉત્તર—શાસ્ત્ર કથન મુખ્ય બે નય–વ્યવહાર-નિશ્ચયથી કરેલ છે અને તેનુ પાલન પણ બન્ને નયથી કરવુ જોઇએ એ બન્ને નયના સમૂહને સ્યાદ્વાદ કહે છે એક જ નયને એકાન્તવાદ (મિથ્યાત્વ) કહે છે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ બાહ્ય ચારિત્ર છે અને યોગ કષાયનો ત્યાગ આભ્યંતર ચારિત્ર છે

(૧૨૪) પ્રશ્ન—કયા સુખની ચાહ કરનારને આત્મ-દર્શન અને આત્મજ્ઞાન પ્રકટ થઈ શકે?

ઉત્તર—ઇન્દ્રિય સુખ છોડીને આત્મિક સુખની ચાહ (ઇચ્છા) કરનારને આત્મદર્શન અને આત્મજ્ઞાન પ્રકટી શકે છે

(૧૨૫) પ્રશ્ન—કયા ગુણ પ્રકટ કરવાથી જન્મ મરણની જડ (સંસાર સંતતિ) નાશ પામે?

ઉત્તર—સમકિત ગુણ પ્રકટ થવાથી સંસાર સંતતિ

નષ્ટ થાય છે, જેમ મૂળ કપાતાં વૃક્ષ નીચે પડે છે અને તેના ડાળી, પાંદડાં લીલા છતાં વધી નથી શકતાં પણ સુકાઈ જાય છે. એ રીતે સમદૃષ્ટિનો સંસાર નથી વધતો, અને સકળ કર્મ ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

(૧૨૬) **પ્રશ્ન**—સ્વભાવ પર્યાય (હાલત) કઈ છે ?

ઉત્તર—શુદ્ધ ગુણ જ સ્વભાવ પર્યાય છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર જ શુદ્ધ ગુણ છે.

(૧૨૭) **પ્રશ્ન**—વિભાવ પર્યાય કઈ છે ?

ઉત્તર—અશુદ્ધ ગુણ વિભાવ પર્યાય છે. અજ્ઞાન, મિથ્યાત્વ, અને વિષય કષાય જીવની અશુદ્ધ હાલત છે.

(૧૨૮) **પ્રશ્ન—આત્માની સિદ્ધિનું પરમ અદ્ભુત નિમિત્ત કારણ કયું !**

ઉત્તર—શુદ્ધ ભાવ.

(૧૨૯) **પ્રશ્ન**—નિશ્ચય હિંસા કઈ છે ?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ અને વિષય કષાય જ નિશ્ચય હિંસા છે હિંસા જ સર્વ દુઃખોનું મૂળ કારણ છે

(૧૩૦) **પ્રશ્ન**—નિશ્ચય અહિંસા કઈ છે ?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય કષાયનો ત્યાગ જ નિશ્ચય અહિંસા છે. સમભાવ જ અહિંસા છે અને અહિંસા જ સુખોનું મૂળ છે

(૧૩૧) **પ્રશ્ન**—સમકિતની ઉત્પત્તિ, રક્ષા અને વૃદ્ધિ કયા ધ્યાનથી થાય છે ? તથા સમદૃષ્ટિ જીવે એ ધ્યાન કેટલી વાર કરવું જોઈએ ?

ઉત્તર—સમકિતની ઉત્પત્તિ ધર્મ ધ્યાન (આત્મ

ચિંતવન)માંથી થાય છે અને ધર્મધ્યાનથી જ સમકિતગુણની રક્ષા અને વૃદ્ધિ થાય છે

ધર્મધ્યાનનુ નિરંતર ચિંતવન કરવુ જોઈએ ઓછામા ઓછુ નાન દિવસમા ત્રણ વાર તો અવશ્ય ચિંતવન કરવુ જોઈએ શાસ્ત્રમા બે પહોર ધ્યાનની ખાસ આજ્ઞા છે

(૧૩૨) **પ્રશ્ન**—ધર્મધ્યાન કોને કહે છે?

ઉત્તર—ધર્મનો અર્થ સ્વભાવ (વસ્તુ સ્વભાવ ધર્મ) છે **આત્માના સ્વભાવ (નિજગુણો)નુ ચિંતવન કરવુ એ જ ધર્મધ્યાન છે** ધર્મધ્યાન (આત્મ ચિંતવન)ની આજ્ઞા વિચય (પદાર્થ—સ્વરૂપ-વિચાર) આદિ સોળ પ્રકાર છે એને વ્યવહાર-નિશ્ચયથી સમજીને ચિંતવન કરવુ જોઈએ

(૧૩૩) **પ્રશ્ન**—ઉપયોગના ત્રણ પ્રકાર કયા કયા છે?

ઉત્તર—શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગ.

(૧૩૪) **પ્રશ્ન**—એ ત્રણ પ્રકારના ઉપયોગના અર્થ શુ શુ છે?

ઉત્તર—૧-ક્રોધ, માન, માયા લોભ રાગ દ્વેષ, વિષયાદિના વિચારો એ અશુભ ઉપયોગ છે એથી આ લોક અને પરલોકના દુખ ભોગવવા પડે છે

૨-વિષય કષાય ઉપશાન્ત કરીને અહિંસા સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા વિનય સરલતા, દાન તપ, ભક્તિ આદિના વિચારો કરવા શુભ ઉપયોગ છે, આથી આ લોક અને પરલોકના બન્ને સુખ મળે છે

૩-ઉપર ના બન્ને વિચારો સિવાય આત્મવિચાર-આત્મસ્મરણ જ શુદ્ધ ઉપયોગ છે એથી સર્વ દુખોનો નાશ થઈને અવિનાશી સત્ય સુખ પ્રાપ્ત થાય છે

(૧૩૫) **પ્રશ્ન**—ઉપયોગનું જે ફળ બતાવ્યુ છે તેની સિદ્ધિનુ પ્રમાણ બતાવો.

ઉત્તર—"पुण्ण पावेण पच्चयइ जीवा।"

અર્થ—પુણ્ય અને પાપથી જીવો લોકમા પીડા પામી રહ્યા છે.

सुह परिणामो पुण्णं, असुहो पावत्ति भणिय मन्नेसु!
परिणामो णण्णगदो, दुक्ख क्खय कारणं समये॥

અર્થ—શુભ પરિણામ પુણ્યનુ કારણ છે, અશુભ પરિણામ પાપનું કારણ છે અને અન્ય દ્રવ્યને છોડીને સ્વ સ્વરૂપમાં સ્થિતિ તે પરિણામ શુદ્ધોપયોગ છે, તેને શાસ્ત્રમાં સર્વ દુખોના ક્ષયનું કારણ કહ્યું છે.

(૧૩૬) **પ્રશ્ન**—સમદૃષ્ટિ જીવ દરેક વસ્તુને કઈ નય (અપેક્ષા)થી જુએ અને જાણે કે જેથી સદા સમભાવ રહે અને કર્મ ક્ષય થઈ જાય?

ઉત્તર—પર્યાય (વિચિત્ર હાલત) છોડીને સમદૃષ્ટિ જીવ દરેક વસ્તુને દ્રવ્ય દૃષ્ટિથી દેખે જેથી કદી રાગદ્વેષ ન થાય, સદા સમભાવ રહે અને ઘણાં કર્મો ક્ષય થાય. એવા આત્મા સદા સત્ય સુખ અનુભવે છે અને થોડા જ વખતમાં મોક્ષ સુખને પામે છે.

(૧૩૭) **પ્રશ્ન**—સમકિત ગુણ કોને કહે છે?

ઉત્તર—જે ગુણ પ્રગટ થવાથી શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ અને નિશ્ચય થાય તેને સમકિત ગુણ કહે છે. એટલા જ માટે નિશ્ચય સમકિતનુ લક્ષણ સ્વાનુભૂતિ કહેલ છે.

(૧૩૮) **પ્રશ્ન**—ચારિત્ર ગુણ કોને કહે છે?

ઉત્તર—બાહ્ય અને આભ્યંતર પાપ ક્રિયાના ત્યાગથી પ્રગટેલ આત્માની શુદ્ધિને ચારિત્ર કહે છે

(૧૩૯) પ્રશ્ન—બાહ્ય પાપ ક્રિયા કોને કહે છે?

ઉત્તર—હિંસા કરવી, જુઠું બોલવું, ચોરી કરવી, મૈથુન સેવવું અને પરિગ્રહ સંચય કરવો

(૧૪૦) પ્રશ્ન—આભ્યંતર પાપ ક્રિયા કોને કહે છે

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, ક્રોધ માન, માયા લોભ, હાસ્ય, રતિ અરતિ ભય, શોક દુગંછા અને ત્રણ વેદ વિકાર રૂપ આત્માના મલિન (વિભાવ) પરિણામને આભ્યંતર પાપ ક્રિયા કહે છે

(૧૪૧) પ્રશ્ન—જીવ મલિન શા માટે થાય છે?

ઉત્તર—જીવમાં એક વૈભાવિક ગુણ છે તે શક્તિથી પર દ્રવ્યનું નિમિત્ત મળતા તે વિભાવ દશા—મલિન દશા પામે છે એટલા જ માટે પરવસ્તુનો ત્યાગ તે મોક્ષનું મુખ્ય સાધન બનાવેલ છે

सजोग मूल जीवाण पत्ता दुक्ख परंपरा ।
तम्हा सव्व सजोग सव्व तिविहेण वोसिर

જીવને દુઃખ મળવાનું મૂળ કારણ પરવસ્તુ (પુદ્ગલ શબ્દ વર્ણ—ગંધ—રસ—સ્પર્શાદિ આદિ) છે અથી જીવ અનંત દુઃખ ભોગવુ છે તેટલા માટે હું સર્વ પરદ્રવ્યના સંયોગોને ત્રિકરણ ત્રિયોગે તજુ છુ

(૧૪૨) પ્રશ્ન—જીવ શુદ્ધ કેવી રીતે થાય?

ઉત્તર—જેમ શત્રુ દુર્બળ પડ્યો હોય ને બધી શક્તિથી તેની પર ધસારો કરે તો વિજય મળે છે તેમ

કંઈક મંદ થયો હોય ને શ્રેષ્ઠ ઔષધિ, પથ્ય અને યોગ્ય સાધનો સેવે તો તે નીરોગ થાય છે, તેમ અનંત કાળે મનુષ્ય ભવ મળ્યો છે. તેમાં કર્મ શત્રુ દુર્બળ હોય છે, ને હવે જો સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને ધ્યાન દ્વારા તેના પર ઉત્કૃષ્ટ પુરુષાર્થથી ધસારો કરે તો કર્મ શત્રુ નાશ પામે. અને જીવ શુદ્ધ થાય. આ અવસરે ઉત્કૃષ્ટ પુરુષાર્થ સેવશે તેને અનંત જન્મ મરણ ઘટી શીઘ્ર મોક્ષનું અનંત સુખ મળશે

शिवमस्तु सर्व जगतः સર્વ જગતનુ કલ્યાણ થાઓ. એ જ શુભ કામના 'ॐ શાન્તિ. શાન્તિ· શાન્તિ· !

યોગીંદ્રદેવના આધ્યાત્મિક દોહરા

વ્રત તપ સંયમ શિયલ છે શિવકારણ વ્યવહાર;
નિશ્ચય કારણ મોક્ષનું, આત્મ અનુભવ સાર.
જાણે જીવ અજીવને, ભેદવિજ્ઞાન વિચાર;
જિન મુનિ વદતા સૌ સદા, તે પામે ભવપાર.
વ્રત તપ સંયમ દાનથી બાળ કહે શિવ થાય;
આત્માના અનુભવ વિના, કોઈ ન મોક્ષે જાય.
આત્મજ્ઞાન નહિ જ્યા સુધી, ફોકટ ક્રિયા કલાપ;
ભટકે ત્રણે લોકમા શિવ સુખ લહે ન આપ.
મોક્ષ સ્વભાવે હોય છે, બંધ વિભાવે હોય;
બંધ મોક્ષ પરિણામથી, અન્ય ન કારણ કોય

ॐ अर्हं नम

સમ્યક્ત્વ અર્થાત આત્મદર્શન*

(લેખક—સમકિત પ્રેમી)

આત્મામા અનત ગુણ છે એ બધામા સમકિત (આત્મદર્શન) ગુણ શ્રેષ્ઠ છે કેમકે આ ગુણ પ્રકટ થતા અન્ય બધા ગુણ વિશુદ્ધ થાય છે એ પ્રકટયા વિના બધા ગુણ મેલા રહે છે

દર્શન—જીવનની અનુભવ ભૂમિકા છે એના દ્વારા સમ લેવાય છે દર્શનનો સામાન્ય અર્થ 'આખથી દેખવુ' એવો થાય છે અહી એ સામાન્ય અર્થ ન લેતા જોઈએ અહી તો દર્શન એટલે અનુભવ કે સાક્ષાત્કાર અર્થ છે દર્શનશાસ્ત્ર સાક્ષાત્કારનુ શાસ્ત્ર છે જેટલે અશે સત્યનો—શુદ્ધાત્માનો અનુભવ થાય છે એટલે અશે દર્શન શુદ્ધ થઈ શકે છે શાસ્ત્રના— પરમાર્થ સમ્યક્ત્વ પરમ એટલે પ્રધાન, અર્થ એટલે તત્ત્વ પ્રધાનતત્ત્વ જે આત્મા છે, તેનો સસ્વાદ—અનુભવ કરવો એ સમકિતનુ ચિહ્ન છે

દર્શનનુ ફળ આમ છે, જેમ ઘડામા કાકરા જોઈને તરત વીણી લેવાય છે મકાનમા ઝેરી જીવ (પ્રાણી) હોય

* પ સુખલાલજીનો દર્શન સબધી લેખ 'ધર્મ ભૂમિકા'માં અને શ્રીમદ્ રાજચદ્રના પરમાર્થિક વચનામૃતોમાથી કઈક વિચાર લેઈ [illegible] નો આભાર.

તો તરત દૂર કરવામાં આવે છે. તેમજ જ્યાં સત્ય દર્શન (સમકિત) પ્રકટે છે. ત્યાં સર્વદોષો દૂર કરવાની તીવ્ર રુચિ જાગે છે. અને જીવ થોડા વખતમાં જ સિદ્ધ થઈ જાય છે.

જ્ઞાનપૂર્વક શાંત રસની પ્રાપ્તિ દર્શન-શુદ્ધિથી થાય છે. જે મનુષ્ય બંધનને યથાર્થરૂપે જાણે છે અને તેને દૂર કરવા-કાપવામાં જ સ્વતંત્રતા (સુખ) નું મૂળ છે, એવી માન્યતા રાખે છે તથા પુરુષાર્થ દ્વારા બંધનથી મુક્ત થાય છે તે સુખી થાય છે. એ રીતે જે વ્યક્તિ શરીરાદિ સ્થૂળ બંધન અને કામ, ક્રોધ, લોભ, મોહાદિ સૂક્ષ્મ બંધનથી બંધાયેલ આત્માઓને નિશ્ચય નય (સત્ય-સ્વરૂપ વિચાર)ની અપેક્ષાએ બધાને બંધનથી ભિન્ન, જ્ઞાન-સ્વરૂપ જાણે છે, અનુભવ કરે છે, નિશ્ચય કરે છે અને મોક્ષમાર્ગનું આચરણ કરે છે, તે જ મુક્ત થઈ શકે છે. એટલે મોક્ષ પ્રાપ્તિને માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા પરમ આવશ્યકીય છે

' श्रद्धा परम दुल्लहा '—શ્રદ્ધા (સત્ય નિશ્ચય સમકિત) પરમ દુર્લભ છે એવુ જે શાસ્ત્ર વચન છે તે સત્ય છે. કારણ એ છે કે, જીવને અનાદિ કાળથી વિષય (ભોગ), કષાય (ક્રોધાદિ) નો ગાઢ પરિચય હોવાથી જીવ પોતાના નિજ ગુણોને ભૂલી ગયો છે જેમ કોઈ રાજપુત્ર બચપણથી જ ભીલપુત્રો સાથે રહેવાથી પોતાને ભીલપુત્ર સમજે છે, પણ જ્યારે કોઈ સત્પુરુષ તેને સ્વભાન કરાવે છે ત્યારે તે પોતાના રાજ્યકાર્ય હાથ ધરવાને તત્પર થઈ જાય છે. આ હાલત જીવની છે, અને આ જીવે કદાચ ધર્મપાલન કર્યું હશે તો પણ આત્મ-ધર્મની આરાધના ન હોવાથી તત્ત્વરુચિ બહુ ઓછી છે.

વિવેચન આ કાળમાં સમકિતના આરાધક જીવોનો જન્મ પ્રાય ન્યૂન છે એટલે તો જીવોની તત્ત્વ રુચિ મંદ થતી દેખાય છે જો કે આ કાળમાં સમકિત ધર્મનું આરાધન થઈ શકે છે, પરંતુ એ ઉદય ભાવનાથી કે, જેથી સ્વભાવિક પ્રેરણા જાગે બાળક જન્મથી જ દૂધ પીવા લાગે છે યુવાનો વિના શિખવ્યે વિષયભોગ તરફ વળે છે એ ક્રિયાઓ ઉદય જનિત પૂર્વ સંસ્કારોથી થાય છે આત્મ-જ્ઞાન, તત્ત્વ-જ્ઞાન, સમકિત ધર્મ એ ક્ષયોપશમ જનિત ગુણ છે જે પુરુષાર્થ કરે સદ્‌ગુરુનો ઉપદેશ કે સત્શાસ્ત્ર શ્રવણના રહસ્યને સમજે, તેને જ પરમ સત્ય પ્રાપ્ત થઈ શકે છે આજ અનેક જીવો અસદ્‌ગુરુ આદિમાં સત્યપણું કલ્પીને રોકાઈ જાય છે એનું કારણ સદ્‌વિવેક બુદ્ધિની ઊણપ છે કેટલીક વાર સત્સમાગમ થાય છે તો બલ વીર્ય આદિની એટલી તો શિથિલતા હોય છે કે ચિંતા મણિરત્ન સન્મુખ છતાં લઈ શકાતો નથી કેટલાક જીવો શુષ્ક જ્ઞાન પ્રધાન છે, તો કેટલાય જીવો શુષ્ક ક્રિયા પ્રધાન છે જ્યાં જ્ઞાન અને ક્રિયા બંનેનો યોગ હોય છે ત્યાં જ સત્યની પ્રાપ્તિ થાય છે

શુષ્ક જ્ઞાન—શાસ્ત્રમાં જ્ઞાન અને ક્રિયા, વિચાર અને આચાર-થી સુખની પ્રાપ્તિ બતાવી છે જે ઠેકાણે એકાંત ક્રિયાનો મોહ હોય છે ત્યાં જ્ઞાન પ્રકટાવવાની શિક્ષા દેવાનું કહ્યું છે કેમ કે જ્ઞાનના અભાવે બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે આ શબ્દો ગ્રહણ કરીને શુષ્ક જ્ઞાની જીવો ક્રિયા

રહિત બનીને પોતે ચારિત્રહીન થઈ જાય છે. એ જ્ઞાની નહિ પણ અજ્ઞાની છે. જ્ઞાનનું ફળ જ ચારિત્ર છે. જ્યાં શુદ્ધ જ્ઞાન છે ત્યાં શુદ્ધ ચારિત્ર અવશ્ય હોય છે,

શુષ્ક ક્રિયા—કેટલાક જીવો ક્રિયા તો કરે છે, પરંતુ **તત્ત્વ બોધથી શૂન્ય હોય છે.** તેઓ શાસ્ત્રમા શુષ્ક જ્ઞાનને સુધારવા માટે આપેલી શિક્ષા 'ક્રિયા વિનાનુ જ્ઞાન એ ચંદનનો ભાર ઉઠાવનાર ગધેડા સમાન છે' ઈત્યાદિ વચનો વાંચીને નય પ્રમાણ સ્વરૂપ તત્ત્વ જ્ઞાનમાં પરવા વિનાના બની જાય છે. તેઓ પણ સત્યને પહોંચી નથી શકતા. ઉત્તમ જીવોએ **જ્ઞાન** અને **ક્રિયા** બન્ને ગુણોને ધારણ કરીને પરમ સત્ય (શુદ્ધ આત્મ સ્વરૂપ) પ્રકટ કરવું જોઇએ

જે જીવો શુષ્ક જ્ઞાનના પ્રધાનપણામાં મોક્ષ માર્ગની કલ્પના કરે છે, તે જીવોને તથારૂપના ઉપદેશનું પોષણ પણ રહે છે. મોક્ષ માર્ગ તો **જ્ઞાન, દર્શન, ચારિત્ર** અને **તપ** એમ ચતુર્વિધ બતાવેલ છે. **ક્રિયા પ્રધાન જીવો પહેલાં બે પદ (જ્ઞાન અને દર્શન)ને પ્રાયઃ ભૂલી જાય છે.** વળી **ચારિત્રનો** અર્થ વેશ અને બાહ્ય વૃત્તિ માત્ર જ સમજે છે અને **તપનો** અર્થ માત્ર ઉપવાસાદિ કરવા તે પણ બાહ્યસંજ્ઞાથી સમજતા હોય છે. કદાપિ જ્ઞાન, દર્શનનુ કંઈ કથન કરવું પડે તો સ્થૂળ વિષયના વિવેચનને જ્ઞાન, તેની પ્રતીતિને દર્શન અને કહેનારના વચનની પ્રતીતિમાં સમકિત સમ-જાય છે. લકીરની ફકીર માનવાવાળાઓ (ગાડરીઆ પ્રવાહમાં

તણાનારાઓ) નય, પ્રમાણ, તર્ક, ન્યાય, તુલના અને વિવેકબુદ્ધિથી, આશયને ન સમજવાને લીધે શુષ્ક ક્રિયાવાન જીવો છે જે જીવો શુષ્ક અધ્યાત્મી (શુષ્ક જ્ઞાની) છે, તેઓ બાહ્ય ક્રિયા (પાચ સમિતિ આદિ) અને શુદ્ધ વ્યવહાર (ધ્યાનાદિ)ને ઉઠાવવા (છોડવા)મા મોક્ષ માર્ગ સમજે છે ને જીવો શાસ્ત્ર વચનને પૂરા સમજતા નથી અને હૃદયમા વિપરીત અર્થ જમાવે છે શાસ્ત્રોમા ક્રિયાનો નિષેધ ઉચ્ચ ગુણસ્થાન વર્તી જીવોને માટે કહેલ છે એટલે કે તેઓ સ્વભાવત જ પૂર્ણ ક્રિયાવાન હોય છે તેથી જ તેમને કલ્પાતીત કહે છે એ પ્રમાદ દશામા નહિ પણ અપ્રમાદ દશામા હોય છે જ્યાં ક્રિયાની જરૂર જ નથી રહેતી આ ભાવોનુ જો પ્રમાદ દશામા પાલન કરવામા આવે તો ક્રિયા રહિતની શી દશા થાય? પાકા તરીયાને અવલંબનની જરૂર નથી હોતી, પણ કાચા તરીયા કે જેને તરતા ન આવડતું હોય તે જો સમુદ્રમા કૂદે તો સાધન વિના પ્રાણ ખોવે છે એવી જ રીતે પ્રમાદ દશામા આત્મ રમણને માટે જે અવલંબનો બનાવ્યા છે તેને ન સ્વીકારનારા પતિત થાય છે

વ્યવહારના ત્રણ ભેદ છે—૧ શુદ્ધ વ્યવહાર, ૨ શુભ વ્યવહાર, અને ૩ સાધન વ્યવહાર

જે વ્યવહાર શુદ્ધતાની પૂર્ણતાને પ્રગટ કરે છે તે ધ્યેય છે તેને શુદ્ધ વ્યવહાર કહે છે તે આદરવા યોગ્ય છે એનો આદર અવશ્ય કરવો જોઈએ એ નિશ્ચય લક્ષણ છે ૧ સ્વાનુભૂતિ, સમકિત, ૨ સ્વરૂપ બોધ જ્ઞાન અને ૩ સ્વરૂપ રમણતા ચારિત્ર.

બીજો શુભ વ્યવહાર તે છે જે યથાર્થ વસ્તુ સ્વરૂપનો બોધ અને નિશ્ચયથી રહિત છે ત્યાં સુધી પુણ્ય પ્રાપ્તિનું કારણ છે. જ્યારે શુભમાં ઉચ્ચ ભાવના પ્રકટ થાય ત્યારે તે શુદ્ધનું સાધન થઈ જાય છે. એ વ્યવહાર રત્નત્રય છે. યથાર્થ તત્ત્વ નિશ્ચય, યથાર્થ પ્રમાણ, નયપૂર્વક તત્ત્વબોધ અને કપાયની મંદતા.

ત્રીજો સાધન વ્યવહાર છે. જેમ કે–વેશ, ઉપકરણો, બાહ્યસમાચારી ક્રિયા આદિ જે દેશકાળમાં હિતકર હોય તેવો ઉપદેશ પ્રધાન આચાર્યાદિ આપે છે. એ જ સાધન વ્યવહાર છે. આ વ્યવહાર જ્યાં સુધી ઈષ્ટની સિદ્ધિ શુદ્ધ અને શુભની સાધના કરે ત્યાં સુધી હિતકર છે. દેશકાળ બદલાયે સાધન વ્યવહાર બદલવા પડે છે. બાલ જીવ સાધન વ્યવહારમાં સર્વસ્વ સમજી બેસે છે. ધર્મક્રિયાની વિધિ એક સાધન હોવાથી સદા સરખી રહેતી નથી. જેમ મધ્યમ કોટિના મુનિઓ માટે રોજ બન્ને વખત પ્રતિક્રમણ આવશ્યક છે, ફરજીઆત છે. જ્યારે ઉચ્ચ કોટિના મુનિઓ માટે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરવાની આજ્ઞા છે.

આથી એટલું તો સિદ્ધ છે કે, રાગ–દ્વેષ, વિષય કષાય પર વિજય કરવાનું સાધ્ય (ધ્યેય) સર્વ માટે સમાન છે: પરંતુ બાહ્ય સાધન પલટતા રહે છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર્યોએ ઉપકાર બુદ્ધિથી એવી કેટલીયે નવીનતાઓ કરી છે. એમના શિષ્યો એ સાધનોમાં સર્વસ્વની બુદ્ધિ કરીને અત્યાગ્રહ કરે છે તથા

સમકિત અને મિથ્યાત્વની કલ્પના આ સાધનોથી કરે છે, એ જ્ઞાનની ખામી છે શાસ્ત્રકારોએ સાધનમા મમત્વ ન કરવાની અને શુભમા શુદ્ધ બુદ્ધિ ન કરવાની શિક્ષા આપતા આ દોષોને છોડાવવાની અને શુદ્ધ વ્યવહારને કામમા લાવવા માટે ફરમાવ્યુ છે કે, મેરુ પર્વત જેટલા ધર્મોપકરણ વ્યવહારના ધારણ કર્યા તો પણ કઈ ન થયુ આ વચનોને આગળ કરીને શુષ્ક જ્ઞાનીઓ ક્રિયાનો ઉચ્છેદ કરે છે, એ પણ ઉચિત નથી આ રીતે ક્રિયામા રુચિ રાખનારાઓનો એવા જ સાધનોમા આગ્રહ અને કલહ કરવો અનુચિત છે બન્ને દૃષ્ટિવાળા વસ્તુ સ્વરૂપને બરાબર સમજીને યથાર્થ વિચાર (જ્ઞાન) અને આચાર (ક્રિયા) વાળા બને તો સત્ય (સમકિત) પ્રગટ થઈ શકે છે

(વર લિખિતમ્)

પા ડી દ્રદેવના આધ્યાત્મિક દોહરા

મિથ્યા દર્શન વશ થકી ધરે અજ્ઞ મમકાર
જિનવર બહિરાતમ કહે તે ભમશે સંસાર
જેમ રમતુ મન વિષયમા તેમ જો આત્મે લીન
ક્ષણમા શિવરૂપ વરે ન ધરે દેહ નવીન
સમ્યગ્ દર્શન તેજ છે આત્માનુ ઓળખાણુ
ચેતન રહે નિજ રૂપમા તે ચરિત્ર પિછાન
નિશ્ચયમા તે વળી સિદ્ધો સિદ્ધ થવા કારણ
અંતર આતમ તે કહે સમ્યક ગુણવાન

સમકિત સ્વરૂપ*

(૧) શ્રી ઋષભદેવ સ્વામીથી વર્ધમાન સ્વામી સુધીના સર્વ પ્રભુઓને નમસ્કાર કરીને દર્શન સ્વરૂપને સંક્ષેપમા કહું છું.

(૨) શ્રી જિનેશ્વર દેવે ગણધરાદિને ધર્મોપદેશ આપ્યો છે તેનું મૂળ દર્શન છે જ્યાં સુધી સમકિત નથી ત્યાં ધર્મ પણ નથી. મૂળ વિના થડ, ડાળો. પુષ્પ, ફળાદિ કયાંથી હોય? જે દર્શનભ્રષ્ટ છે તેને મોક્ષ પ્રાપ્તિ અતિ દુર્લભ છે. વૃક્ષનું મૂળ કપાતાં ફળ કયાંથી લાગે? પણ જો થડ અને ડાળીઓ કપાવ્યા છતા પણ જો મૂળ બચેલું હોય તો ફરીથી વૃક્ષ બનીને ફળ આવી શકે છે. તેવી જ રીતે કોઈ ચારિત્ર ભ્રષ્ટ હોય, પરંતુ દર્શન શુદ્ધ હોય તો તેને ચારિત્ર તો ફરીથી સાપડે છે અને મોક્ષ પણ મળી શકે છે.

(૩) જે દર્શન (આત્માનુભવ)થી રહિત અને ઘણા પ્રકારના શાસ્રોને જાણે છે તે આરાધના રહિત થવાથી સંસારના ભ્રમણ કરે છે.

(૪) જે દર્શન રહિત છે તે ભલે અનેક હજારો, ક્રોડો, વર્ષ સુધી ઉગ્ર તપ કરતા રહે તો પણ બોધિ એટલે સમ્યક્ જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપ સ્વ સ્વરૂપનો લાભ મેળવી શકતા નથી

(૫) આ પંચમ કાળમાં જડ (મંદ બુદ્ધિ) વક્ર

---

* શ્રી દર્શન-સમકિત પાહુડમાથી સંગ્રાહિત

ભોગોમાં સુખ બુદ્ધિ દૂર કરી શકાય છે. (વિષયોમાં સુખ મનાતું નથી.)

(૧૧) જીવાદિ નવ પદાર્થની યથાર્થ શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત છે અને શુદ્ધ નિજાત્મ સ્વરૂપનો અનુભવ-પૂર્વક નિશ્ચય કરવો એ નિશ્ચય સમકિત છે.

(૧૨) સર્વ ગુણોની રત્ન–રાશિમાં સમકિત ગુણ જ સાર છે અને એ જ મોક્ષનુ પ્રથમ પગથિયુ છે. સમકિત પ્રગટતાં જ વિષયભોગમાં સુખદુ:ખ કલ્પના રૂપ વિકાર અને તેનું ફળ જન્મ–જરા–મરણનો નાશ થઈને અવિ-કારી આત્મિક સુખ પ્રકટે છે. અને તેનું ફળ 'અવિચળ મોક્ષની પ્રાપ્તિ' છે.

(૧૩) સમદૃષ્ટિ પરદ્રવ્યને હેય (છોડવા યોગ્ય) અને નિજસ્વરૂપને ઉપાદેય (આદરવા યોગ્ય) જાણે છે, શ્રદ્ધા કરે છે અને યથાશક્તિ **પરદ્રવ્યને** છોડે છે. ચારિત્ર મોહના ઉદયથી સંપૂર્ણ ન છૂટે તો પણ અંતરંગ વિરક્તિનો અનુભવ કરે છે. અને ઉદાસીન (રાગ, દ્વેષ તથા ઉત્સુકતા રહિત) રહે છે. જેમ પ્રભુ મહાવીર અનુત્સુકપણે ગૃહવાસમાં રહ્યા હતા.

(૧૪) બીજા ગુણી પુરુષોને જોઈને જે ઈર્ષ્યા (માત્સર્ય) કરે તે મિથ્યાત્વી છે. કારણ **ગુણની અપ્રીતિ અને દોષની પ્રીતિ એ મિથ્યાત્વનું ચિહ્ન છે.**

(૧૫) સમકિતથી જ્ઞાનની શુદ્ધિ થાય છે, જ્ઞાનથી ચારિત્રની શુદ્ધિ થાય છે, અને ચારિત્રથી નિર્વાણ મોક્ષની પ્રાપ્તિ થાય છે. નિર્વાણથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

જેટલા સિદ્ધ થયા છે તે બધા જ્ઞાન, દર્શન ચારિત્ર રૂપી રત્નત્રયની પૂર્ણતા પ્રકટ કરીને થયા છે એમાંથી એકેય ગુણ અપૂર્ણ હોય તો મુક્તિ નથી થતી એ બધા ગુણો પ્રકટ કરવાનો પુરુષાર્થ કરવો એ જ હિતકારી છે

(કાવ્ય)

મોક્ષ ઉપાય કહ્યા જિન જે સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્ર
તેમાં સમ્યગ્દર્શન મુખ્ય થયા નિજ બોધ ફેલ સુચરિત્ર
જે નર સમ્યગ્ આગમ જાણે તે પરિણામે યથાવત્ મિત્ર
ધાની ખપાય ને કેવળ પાય બધાની હણે શે મોક્ષ પવિત્ર

(૧૬) સમદૃષ્ટિને એવી વિવેક શક્તિ પ્રાપ્ત થાય છે કે, તેને સત્શાસ્ત્ર અને કુશાસ્ત્ર સત્ રૂપ જ પરિણમે છે ત્યા મિથ્યા-દૃષ્ટિને વિવેક શક્તિનો અભાવ હોવાથી સત્ અને અસત્ શાસ્ત્ર અસત્ રૂપ જ પરિણમે છે

(૧૭) વ્યવહાર અને નિશ્ચય બન્નેને બદાને બરાબર સમજના । દાપાન કર કરી સુખ પામે છે જે વ્યવહાર-નિશ્ચય બન્નેને યથાર્થ જાણે તે જ સમદૃષ્ટિ થઇ શકે છે આરંભ (હિંસાદિ કામ) પરિગ્રહ (ધન ભોગાદિ) થી જેને જ્ઞાનપૂર્વક અરુચિ થઇ ગઇ હોય તે જ સમકિતને પાત્ર થઈ શકે છે

(૧૮) દર્શન - દર્શનાવરણ કર્મના અભાવ જે દર્શન ગુણ પ્રકટ છે તે દેખવા રૂપ શક્તિને ધારણ કરનારો ગુણ છે ત્યા દર્શનનો અર્થ સામાન્ય બોધ છે વસ્તુનું અસ્તિત્વ (સત્તા માત્ર) જાણવું 'વસ્તુ છે' એટલું જાણવું એ દર્શન છે, અને પદાર્થનો વિશેષ ગુણ પર્યાય (આકાર) જાણવું જ્ઞાન છે જ્ઞાનાવરણ કર્મના ક્ષ. । ।

અભાવે જ્ઞાન ગુણ પ્રકટે છે. જ્ઞાનનું ફળ સ્વ-પરને વિશિષ્ટ પ્રકારે જાણવાનું છે. નિશ્ચય નય અર્થાત્ સત્ય સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપને અવિચલ રૂપે જાણવું એ જ્ઞાન છે અને દેખવું તે દર્શન છે. આ પુસ્તકમાં 'દર્શન' ગુણ **દર્શન મોહનીયના અભાવે પ્રકટ થનાર ગુણના અર્થમાં લીધેલ છે.**

(૧૯) આઠેય કર્મોનો રાજા મોહનીય કર્મ છે. અને મોહનીયની ૨૮ પ્રકૃતિમાં મિથ્યાત્વ મોહનીય નામે પ્રકૃતિ સૌથી મોટી છે એટલે કે બધી કર્મ પ્રકૃતિમા 'મિથ્યાત્વ' પ્રકૃતિ મોટી છે. એની સ્થિતિ પણ ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. માટે જ જીવનું વધુમા વધુ અહિત કરનાર મિથ્યાત્વ મોહ સિવાય બીજું કોઈ નથી. એમ શાસ્ત્રકારો કહે છે. જ્યારે મિથ્યા દર્શન મોહનીય પ્રકૃતિનો અભાવ થાય છે, ત્યારે જે શુદ્ધ દર્શન ગુણ પ્રકટ થાય છે, તેનું બીજું નામ સમકિત છે. આ દર્શન–સમકિતનુ કાર્ય છે, યથાર્થ સ્વરૂપ નિશ્ચય એને શ્રદ્ધા પણ કહે છે. સમ્યગ્દર્શન-સમકિત પ્રકટ થવાથી આત્મા સ્વસ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરે છે, જેથી અનાદિકાળની તેની વિપરીત માન્યતા શરીર, ઇન્દ્રિય, ભોગ, બાહ્ય પદાર્થોમાં મારાપણાની (મમત્વ) બુદ્ધિનો નાશ થઈને જીવ અનંત જ્ઞાન, સુખાદિ પૂર્ણ શુદ્ધ આત્મ–તત્ત્વને માનતો થકો મોક્ષ પ્રાપ્ત કરે છે.

(૨૦) વિચાર કરવાથી બરાબર સમજાય છે કે, જ્યાં સુધી મિથ્યાત્વ છે, અસત્યપણુ છે, ત્યાં સુધી બધો ગુણ સમુદાય વિપરીત જ રહેશે. જેમ એક માણસ પોતાને ગામ જાય છે, ગામ પહોંચવાને ગાડી, ઘોડા આદિ સાધન પણ

છે, પરતુ જો ન્નો જ ઊંધો છે તો છતે સાધને તે પોતાને ગામ પહોચી નહિ શકે તે જ રીતે મોક્ષ પ્રાપ્ત કરવામા અનેક ગુણો સાધન છે પરતુ સમકિત (સત્ય શ્રદ્ધા) સૌથી શ્રેષ્ઠ છે જ્યા સુધી એ ગુણ ન હોય ત્યા સુધી બીજા ગુણો ઈષ્ટ ફળ નથી દેતા જેમ સાચો માગ સાથ આવતા બાકી બધા સાધન ગામ પહોચાડવામા સહાયક બને છે, તેમ જ સમકિત ગુણ પ્રકટ થતા અન્ય ગુણોની સહાયતાથી આ મા નિઃસંધાન મોક્ષ જલદી પહોચ છે

(૨૧) સમકિત ગુણ પ્રકટ કરવાની પાત્રતા નીચના આઠ ગુણ ધારવાથી આવ છે—

(૧) વાત્સલ્યભાવ જેમ ગાયને વાછરડાની પ્રેમ હોય છે તેમ જ જીવ માત્ર તરફ હિત બુદ્ધિ થવી

(૨) અધિક ગુણી—ગમે તે જાત કુળ કે સ્થાનનો હોય તેના વિનય કરવા, અવહેલી ન કરવા

(૩) અનુકંપા—કોઈ પણ દુખી જીવન દેખીને તેનુ દુ ખ દૂર કરવા માટે સદા નવ સમ્પત્તિનો ત્યાગ કરવા દાન દેવુ

(૪) મા ત્મા ના સદા પ્રસન્ન થવુ

(૫) પોતાના ગુણ અને પરાયા દોષોને ગાપવ દાઢ

(૬) સત્ય માગથી ... નિ ...

(૭) ગુણાનુ—(વરવના) શુભ થવુ ... પ્રાપ્તિ ન ગાધો થાય છે

(૮) સત્યના શ્રાવક ધર્મને સત પાળી અને નવ જિના વચનનુ જ પાલન કરવુ આ ગુણથી બધા ગુણોની શુદ્ધિ થાય છે

(૨૨) જેને સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ રૂપ સમ્યક્ માર્ગમાં ઉત્સાહ હોય, તેની પ્રશંસા કરે, તેમાં ગુણ માને, તે જ સુમાર્ગગામી છે. તે સમકિત ગુણની રક્ષા કરે છે.

(૨૩) પરિગ્રહ ભોગાદિમાં જેને ઉત્સાહ હોય, જે તેની પ્રશંસા કરે, એમાં સુખ માને, તે જીવ અજ્ઞાની છે, કુમાર્ગ ગામી (મોહકર્મથી) છે તે સમ્યક્ત્વનો નાશ કરે છે.

(૨૪) ષટ્ દ્રવ્ય, નવતત્ત્વને દ્રવ્યગુણ પર્યાય, સામાન્ય વિશેષ, નય–પ્રમાણ–નિક્ષેપ, વ્યવહાર–નિશ્ચય વડે યથાર્થ જાણીને જે નિજ આત્માને પરદ્રવ્યથી ભિન્ન અનુભવે છે. તે જ સમ્યગ્દર્શી જીવ છે. દ્રવ્યાનુયોગ એ તત્ત્વ વિચાર, ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પ્રાપ્તિનું કારણ છે. એટલા માટે જ સમદૃષ્ટિ જીવે હંમેશા તત્ત્વભાવના ભાવવી જોઈએ. આત્માને કર્મોનું બંધન અશુદ્ધભાવ ક્રોધાદિયુક્ત કષાય ભાવથી થાય છે અને પુનઃ ક્રોધાદિ રહિત શુદ્ધ ભાવ, **આત્મસ્વરૂપ ચિંતવનથી બાંધેલા કર્મોનો ક્ષય થાય છે. એટલા માટે શુદ્ધભાવ રાખવા પરમ હિતાવહ છે**

(૨૫) સમદૃષ્ટિ આત્મા સમકિતભાવના, આત્મભાવના, એકત્વભાવના, અન્યત્વ (ભિન્ન) ભાવના આદિ ચિંતવે છે. તે સમકિતી આત્મા દેવ, દાનવ, કિન્નર, કિંપુરુષ, જ્યોતિષી, વૈમાનિક દેવ અને વિદ્યાધરદ્વારા બધી બુદ્ધિ શક્તિ સંપત્તિથી બનાવેલી ઋદ્ધિ–ભોગ સામગ્રી જોઈને એ બધાને ઇન્દ્રજાળની જેવી અસાર ગણે છે. જેમ મદારી હાથચાલાકીથી કાંકરીનો રૂપિયો બતાવે છે એ રૂપિયાની ઇચ્છા બુદ્ધિમાન મનુષ્ય નથી કરતો. કેમકે તે ચિરસ્થાયી

નથી. એ રીતે જ સમકિતી આત્મા બધી ભોગ સામગ્રીને વિનાશી અનિત્ય, અને દુઃખવર્ધક માને છે તેથી તે તેને ચાહતો નથી તેમાં ગૃદ્ધ થતો નથી, જો શુદ્ધ ભાવથી દેવતાના વૈભવને પણ નથી ચાહતો તો પછી મનુષ્યના મલિન અને દુઃખપૂર્ણ ભોગોની ઇચ્છા તો ક્યાંથી કરે? ન જ કરે

(૨૮) બંધ અને મોક્ષનો આધાર ભાવો ઉપર છે ભાવોની અશુદ્ધિનો આધાર નિમિત્ત—સંયોગો—ઉપર છે જો અશુભ નિમિત્ત મળે તો અશુદ્ધ ભાવ થઈને જીવને બહુ દુઃખ ભોગવવું પડે છે ભાવોની શુદ્ધિ માટે શાસ્ત્રકારોએ ઉત્તમ ભાવનાઓનું અવલંબન લેવા માટે ખાસ આજ્ઞા આપી છે જ્યાં સુધી મધ્યમ અવસ્થા છે, ત્યાં સુધી અવશ્ય મનપૂર્વક ભાવોની શુદ્ધિ થઈ શકે છે નિરાવલંબી ધ્યાન—શુક્લધ્યાન—પ્રાપ્તિનું સાધન પણ ધર્મધ્યાન છે માટે જ મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ એ ચાર ભાવના અનિત્ય—અશરણ આદિ બાર ભાવના જીવ-જીવાદિ તત્ત્વ ભાવના તથા ઉત્તમ વાચન, મનન, ચિંતવન દ્વારા ભાવોની શુદ્ધિ કરવી જોઈએ

(૨૯) આત્માના તત્ત્વભાવના ચિંતવવા ખાસ [illegible] છે તે આ પ્રકારે ચિંતવવી —

હું આત્મા છું અનંતજ્ઞાન દર્શન સુખ, શક્તિ (વીર્ય) સ્વરૂપ છું મારી શુદ્ધ પર્યાય (દશા) સિદ્ધ પરમાત્મા સમાન છે દેહધારી મનુષ્યાદિ થવું, એ મારી અશુદ્ધ પર્યાય (દશા) છે અનંત જ્ઞાન-સુખાદિ મારી શુદ્ધ ગુણ પર્યાય છે અજ્ઞાન વિષય, કષાય આદિ અશુદ્ધ ગુણ પર્યાય

છે. જડપુદ્‌ગલમાં રાગદ્વેષ કરવાથી મારી શુદ્ધતા મલિન થાય છે. તેથી જ આશ્રવ અને બંધ થાય છે. જો રાગ, દ્વેષ, મોહાદિને છોડીશ તો જ સંવર નિર્જરા ધારીને મોક્ષ પ્રાપ્ત કરી શકીશ. આ પ્રકારે વિસ્તારથી તત્ત્વભાવના ચિંતવે.

(૨૮) તત્ત્વભાવના ચિંતવવાનું દૃષ્ટાન્ત–કોઈ અચાનક સ્ત્રી યા પુરુષ આદિ દૃષ્ટિગોચર થઈ જાય તો દૃષ્ટિને તત્કાળ પાછી ખેંચીને જે રૂપાદિ નજરે આવ્યા તેના વિચારોનો નાશ કરવા માટે એવો વિચાર કરે કે–'આ સ્ત્રી (પુરુષ) જીવતત્ત્વની અશુદ્ધ પર્યાય છે. આ સ્ત્રીનું શરીર, રૂપ, વસ્ત્રાભૂષણ આદિ પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે તેના હાવભાવથી જીવના ચારિત્રગુણનો વિકાર થઇને વિષયની જાગૃતિ થઈ છે. એનાથી આ જીવ આશ્રવ અને બંધ કરે છે. જો હું એથી વિકારી બનીશ તો મારા જ્ઞાન અને ચારિત્ર ગુણ વિકારી બનીને મને પણ આશ્રવ અને બંધ થશે. આ રૂપ સદા વિનાશી, દુ:ખગર્ભિત અને જીવનું અધ:પતન કરનાર છે હું આત્મા રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિત છુ તો એમાં મોહિત કેમ થાઉ ? એવો વિચાર કરવાથી સંવર–નિર્જરા ઉપજાવીને મોક્ષ મેળવી શકાય ? એ રીતે હરેક સ્થાને અનિત્યાદિ વૈરાગ ભાવના અને જીવાદિ તત્ત્વ ભાવનાનું ચિંતવન કરવું જોઈએ.

(૨૯) ચોથે ગુણસ્થાને (સમકિત સ્થાને) થી જીવને નીચેની પ્રકૃતિઓ બંધાતી નથી.

અનંતાનુબંધીનો ચોક, મિથ્યાત્વ મોહનીય, સ્ત્રી વેદ અને નપુસક વેદ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સત્યાનગૃ

નિદ્રા, નર્કાયુષ્ય નર્કગતિ, નર્કાનુપૂર્વિ, તિર્યંચાયુષ્ય, તિર્યંચ ગતિ, તિર્યંચાનુપૂર્વિ નીચગોત્ર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, તેન્દ્રિય, ચતુરિન્દ્રિય પહેલા સિવાયના પાંચ સંઘયણ, પાંચ સંઠાણ, અશુભ વિહાયોગતિ, આતાપ નામ, ઉદ્યોત નામ, સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત દુર્ભગ, દુસ્વર, અનાદેય એ ૪૧ કર્મ પ્રકૃતિઓનો બંધ ચોથા ગુણસ્થાને અને આગળ નથી થતો. કેમ કે સમદૃષ્ટિને તીવ્ર અશુભ પરિણામ નથી હોતા. આમાંની ઘણીયે પ્રકૃતિઓ આજ આપણા ઉદયમાં છે, અને આપણું સંઘયણ અને મજબૂતી જોતાં તે વજ્ર ઋષભ નારાચ (હા, બંધન આવી ત્રણેય વજ્રના) નથી તેથી માલૂમ પડે છે કે, આપણે પૂર્વભવમાં સમકિતની આરાધના નથી કરી. હવે જો સમકિત (આત્મબોધ, આત્માનુભવ, આત્મનિશ્ચય) ની આરાધના કરશું તો બધા દુઃખોથી છુટાશે

(૭૦) મિથ્યાત્વ દશામાં શુભ ક્રિયા કરવાથી પુણ્ય બંધ થાય છે તેના ફળમાં વૈભવ, સંપત્તિ, ભોગાદિ મળે છે તેમાં તે જીવ ગૃદ્ધ-મોહી થઈને નર્ક, તિર્યંચાદિ ગતિમાં જાય છે દેવતાઓ પણ ભોગગૃદ્ધ થવાથી પૃથ્વી, પાણી વનસ્પતિ અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે જ્યારે સમદૃષ્ટિ જીવને સકામ નિર્જરા અને નિર્મળ પુણ્ય (પુણ્યાનુબંધી પુણ્ય)ની પ્રાપ્તિ થાય છે ત્યારે તે મળેલા વૈભવ-સંપત્તિનો સત્કાર્યમાં ઉપયોગ કરીને ત્યાગી થઈ મોક્ષમાર્ગ આરાધી શકે છે સમદૃષ્ટિને સંપત્તિ હિતકર થાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિને અહિતકર થાય છે એથી એવું સ્પષ્ટ થાય છે કે, જે આપણે મળેલી સંપત્તિથી

સત્કાર્ય ન કરી શક્યા તો મિથ્યાત્વ ભવમા બાંધેલા પુણ્યની આ સમ્પત્તિથી ભવિષ્યમા કુગતિમાં જવુ પડશે. એમ જાણીને ભાગ્યોગભોગ છોડી મળેલી સમ્પત્તિ, બુદ્ધિ, બળ, આયુષ્યને સત્કર્મમાં લગાડવા જોઈએ પુણ્ય—પાપ પ્રકૃતિના બંધના ચાર પ્રકાર છે.

(૧)—પુણ્યાનુબંધીપુણ્ય—જે વિવેકપૂર્વક સમકિત સહિત શુભ પ્રવૃત્તિ કરે છે. જ્યા માનાદિ વાંછા અથવા કોઈ અભિલાષા નથી તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. પુણ્ય અર્થાત્ સુખ અને અનુબંધ એટલે પછી પણ સુખ, સમ્પત્તિ, બળ, બુદ્ધિ મળે છે, કે જેનો તે સદુપયોગ કરી શકે છે. અને વૈભવનો શીઘ્ર ત્યાગ કરી શકે છે. જેમ કે, ભરત ચક્રવર્તી આદિ.

(૨)—પુણ્યાનુબંધીપાપ—મિથ્યા દર્શનમાં શુભ પ્રવૃત્તિ કરવાથી જે પુણ્ય થાય એથી વૈભવ, સમ્પત્તિ, બળ, બુદ્ધિ આદિ મળે છે એનો પૂરો સદુપયોગ થવો કઠણ છે. પ્રાયઃ એથી ભોગ વૃદ્ધિ થઈને કુગતિ મળે છે. જેવા કે, બ્રહ્મદત્ત ચક્રવર્તી. પુણ્ય એટલે સુખની પછી (અનુબંધ) પાપ (દુઃખ) પ્રાપ્ત થાય તેને પુણ્યાનુબંધી પાપ કહે છે

(૩)—પાપાનુબંધીપુણ્ય—સમદૃષ્ટિ—વિવેકી આત્મા અમુક પાપ કાર્ય લાચારી (નિરુપાય) થી કરે છે. જેમ કે શરીર નિર્વાહ માટે ભોજન આદિ કરવુ. વ્યાપાર રોજગાર કરવો ઇત્યાદિ. એ કાર્યો કરતી વખતે એ જીવનાં હૃદયમાં વિરક્તિ અને પાપને માટે પશ્ચાતાપ થાય છે. એથી તે જે ક્રિયા કરે છે તેથી પાપ બંધન તો થાય છે, પરંતુ પશ્ચાતાપ યુક્ત હોવાથી તેના ફળમાં તે સમભાવ

નાખી શકે છે તેથી સંસાર વૃદ્ધિ થતી નથી પાપ એટલે દુઃખની પછી પુણ્ય (સુખ) પાપના ફળમાં દુઃખકારી સંયોગ મળે છે પરંતુ સમભાવ રહેવાથી પાછું સુખ મળે છે

૪—પાપાનુબંધીપાપ—મિથ્યાત્વી જીવ હિંસા, વિષય કષાયની પ્રવૃત્તિ કરતા બાંધે છે હિંસાદિ પાપ તો છે જ એના ફળમાં દુઃખ મળે છે એ દુઃખમય હાલતમાં પુન પાપ કાર્ય રુદન, ચિંતા ભય શોકાદિ કરીને નવા પાપ બાંધે છે જેથી પાપ (દુઃખ) નો અનુબંધ-પાછળ પણ દુઃખ થાય છે એને પાપાનુબંધીપાપ કહે છે

આ ચાર બંધનોમાંથી પુણ્યાનુબંધીપુણ્ય શુભ છે પાપાનુબંધીપુણ્ય મધ્યમ છે અને પુણ્યાનુબંધીપાપ ને પાપાનુબંધીપાપ અનિષ્ટ છે એનું યથાર્થ જ્ઞાન સદ્‌ગુરુ પાસે કરીને જે હિતમાં હોય તે આદરવું

(૭૧) નિમિત્ત વશ આત્માના ત્રણ પ્રકાર છે —

૧ બહિરાત્મા—શરીર, ઇન્દ્રિય અને ભોગાદિમાં મમતા રાખનાર—મિથ્યાત્વી

૨ અંતરાત્મા પોતાને શરીર, ભોગાદિથી ભિન્ન શુદ્ધ જ્ઞાન સુખાદિ સ્વરૂપ આત્માને અનુભવનાર અર્થાત્ સમદૃષ્ટિ આત્મા

૩ પરમાત્મા—સિદ્ધ સ્વરૂપી નિરાકાર, નિરંજન—વીતરાગ આત્મા

સમકિતી જીવ આમ ભાવનાને પામીને પરમાત્મપદ લે છે

(मोक्ष पाहुड)

સફળ—જીવન

(લેખક—પં. દરબારીલાલજી ન્યાયતીર્થ)

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનની પહેલી ગાથાનો ભાવાર્થ.

એક રીતે જીવન મળવું મોંઘું નથી. પ્રાણીને મરણ બાદ પૈસા ટકા ખર્ચ્યા વિના મફતમાં જ જીવન મળી જ જાય છે. આ રીતે જીવન સસ્તું છે. તેટલું જ મોંઘું બલ્કે તેથી યે મોંઘું **સફળ—જીવન** છે. લાખો મનુષ્યોમાંથી એકાદ જ આત્મા પોતાના જીવનને સફળ બનાવે છે. જીવન મળવું સરળ છે, પણ સફળતાના સાધન મળવા મુશ્કેલ છે. ઉત્તરાધ્યયનમાં ચાર વાતો દુર્લભ દેખાડી છે. કે જે જીવનની સફળતા માટે આવશ્યક કહી શકાય.

चत्तारि परमङ्गाणि, दुल्लहाणीह जंतुणो;
माणुसत्तं सुइ सद्धा, संजमम्मिय वीरियं ।

પ્રાણીને ચાર વસ્તુઓ મળવી બહુ મુશ્કેલ છે મનુષ્યત્વ, શાસ્ત્ર જ્ઞાન, શ્રદ્ધા અને સંયમ પાલન કરવાની શક્તિ.

મનુષ્ય પર્યાય વિષે જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે તેની દુર્લભતા દેખીને દંગ થઈ જઈએ છીએ. મુઠ્ઠીભર માણસો સિવાય સંસારમાં અનંત જીવરાશિ છે. આજે વૈજ્ઞાનિક લોકો પણ પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિ સ્થાવર જીવસમૂહને જીવ માને છે. આ બધી પર્યાયોને છોડીને બે ઇંદ્રિયાદિ કીડા, મકોડા, પશુ, પક્ષી, આદિના શરીરોથી બચીને મનુષ્ય બનવું કેટલું મુશ્કેલ છે?

અહીં કેવળ મનુષ્ય પર્યાયની જ દુર્લભતા નથી દેખાડી કિન્તુ મનુષ્યત્વની દુર્લભતા બતાવી છે મનુષ્ય ભવ મળવો એક વાત છે, અને મનુષ્યત્વ પ્રાપ્ત કરવુ બીજી વાત છે જણાયેલી દુનિયામા લગભગ ૧।। અબજ મનુષ્ય નખ્યા છે પરતુ મનુષ્યત્વવાળા માણુસોની ગણત્રી કરવામા આવે તો આગળીના ટેરવા પર ગણાય તેટલા માણુસો જ નીકળશે એટલે જ શાસ્ત્રમા તો મનુષ્યભવની દુલર્ભતાને બદલે મનુષ્યત્વની દુલર્ભતાનુ કથન કર્યું છે આ વાત ખાસ નોંધવા જેવી છે વિચારવા જેવી છે

સત્ય છે કે, મનુષ્યભવ મળતા છતા પણ જો મનુષ્યત્વ પ્રાપ્ત ન કર્યું તો મનુષ્યજીવન શુ કામનુ ? અહીં તો પ્રશ્ન જ એ છે કે મનુષ્યત્વ આખિર છે શુ ? કે જે ન મળવાથી મનુષ્યજન્મ જ વ્યર્થ મનાય

મનુષ્યભવ મળ્યે મનુષ્યનો આકાર મળે છે, પરતુ મનુષ્યત્વ માટે આકારની નહિ—ગુણોની જરૂર છે એક કવિએ કહ્યુ છે કે જ્યા સુધી ગુણીઓમા મનુષ્યની ગણના ન થાય ત્યા સુધી તેની મા પુત્રવતી નથી ગણાતી

गुणी गण गजनारम न पतति कटिनी मुसममादस्य ।
मनाम्बा यदि सुतिनी वद बन्ध्याकीदृशी नाम ॥

ભાવાર્થ—ગુણી લોકોની ગણત્રી કરતી વખતે જેના નામ પર આગળી ન પડી એટલે જેનુ નામ ગુણી તરીકે ન ગણાયુ એવા પુત્રની માતા જો પુત્રવતી કહેવાય તો વન્ધ્યા (વાઝણી) કોને કહેવી ?

આથી સાફ જણાય છે કે સત્ગુણો ધારે તે જ મનુષ્ય છે બાકીના મનુષ્ય નહિ પણ મનુષ્યાકાર (વાનર

દેહધારી) પ્રાણી માત્ર છે મનુષ્ય શબ્દનો અર્થ 'મનુ'ના સંતાન પણ કરાય છે. તો કે સૌ 'મનુ'ના સંતાન છે. પણ મનુની સંતાન હોવાનું ગૌરવ ધારણ કરનારા થોડા છે. સાચા પુત્રો તો તે છે કે જે પૂર્વજના ગૌરવને ધારણ કરી શકે. મનુ તે છે કે જે, યુગ નિર્માણ કરે. એટલે કે સમાજની નીચી હાલત સુધારીને યુગપલ્ટો કરે, ઉન્નત બનાવે. જૈન શાસ્ત્રોમા મનુઓ (કુલ કરો)ના જે ઉલ્લેખ મળે છે, એથી સાફ માલુમ પડે છે કે, એમનાથી જ યુગ (કર્મભૂમિ)ની આદિમાં સમાજની આવશ્યકતાને પૂર્ણ થઈ હતી. આજે પણ સમાજની આવશ્યકતાઓ (જરૂરીઆતો) મનુષ્ય પૂરી કરે છે સમાજમા યુગાન્તર ઊભો કરે છે તે જ મનુના સંતાન છે.

જો કે પ્રત્યેક મનુષ્યમાં એટલી શક્તિ કે યોગ્યતા હોઈ ન શકે. છતાં પ્રત્યેક મનુષ્ય મનુના સંતાન હોવાનાં ગૌરવને સાચવી શકે છે એક જ માણસ યુગાન્તર ઉપજાવે એવું કંઈ નથી ઈમારત જેવા સાધારણ કામને પણ એકલો કારીગર નથી બનાવી શકતો, તો યુગાન્તર (જુગ ફેર) કરવો એ તો મોટી વાત છે હા, આપણે યુગાન્તર કરવા માટે કંઈક કરી-છૂટીએ એટલું બની શકે છે. જો ઈમારતમા એક ઈટ પણ આપણે મૂકી-ગોઠવી શકીએ તો પણ કારીગર-કાર્યકર્તા કહેવાઈશુ, મનુનુ કાર્ય કરી શકીશું. એ જ મનુષ્યત્વ છે.

એક બીજો કવિ મનુષ્યનું વિવેચન નીચે મુજબ કરે છે

आहाव निद्रा भय मैथुनं च, सामान्य मेतत्पशुभिर्नराण्णम् ।
धर्मोहितेषामात्रिको विशेषो, धर्म हीनाः पशुभिः समाना ॥

ભાવાર્થ—આહાર, ઊંઘ, ભય, અને મૈથુનમા તો મનુષ્ય અને પશુ સરખા છે મનુષ્યમા ધર્મની જ માત્ર વિશેષતા છે જે મનુષ્યમા ધર્મ નથી તે પશુ જેવો છે

આ કવિએ મનુષ્યત્વનુ ચિહ્ન ધર્મ રાખ્યુ છે જે ધર્મને ધારણ કરી શક્યો તે જ સાચો મનુષ્ય છે ધર્મનો વિષય બહુ ઊડો અને વિશાળ છે એ વિષે તો કેટલાય ગ્રન્થ લખો લખી શકાય એટલે જ અહી ધર્મના વિષય પર વિવેચન નથી કર્યુ તો પણ એટલુ તો કહેવુ પડશે કે, ધર્મનુ મૂળ તત્ત્વ છે સત્ય (સચ્ચાઈ)ના સત્કારમા પર્યાય વાચી શબ્દ સમ્યક્ત્વ છે, સમ્યક્ત્વથી જ મનુષ્યત્વ છે અને મિથ્યાત્વથી જ પશુત્વ છે એક કવિએ સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો મહિમા ઉદાહરણમા બતાવ્યો છે

નરત્વેપિ પશૂયન્તે મિથ્યાત્વગ્રસ્ત ચેતનમ ।
પશુત્વેઽપિ નરાયન્તે સમ્યક્ત્વ વ્યક્ત ચેતના ॥

ભાવાર્થ—જેનુ ચિત્ત મિથ્યાત્વથી દૂષિત છે તે મનુષ્ય છતા પશુ છે અને જેનો આત્મા સમ્યક્ત્વથી નિર્મળ થયો છે તે પશુ છતા મનુષ્ય છે, આથી સાફ જણાય છે કે મનુષ્ય થવાનો ઈજારો મનુષ્યોને જ નથી મળ્યો અને મનુષ્ય થવાથી જ મનુષ્યત્વ નથી મળી જતુ પશુ ઓમા પણ એવા પશુ હોય છે કે જેને આપણે મનુષ્ય ભાવથી કહી શકીએ અને મનુષ્યોમા પણ એવા છે કે જેને આપણે પશુ કહી શકીએ એવા માનવ પશુ છે કે, મનુષ્ય હોવા છતા મનુષ્યત્વ મળવુ મુશ્કેલ છે માટે જ ઉત્તરા ધ્યયનની ગાથાના ચાર દુર્લભમા સૌથી પ્રથમ દુર્લભ વસ્તુ મનુષ્યત્વ બતાવ્યુ છે તેના મનુષ્યત્વ ન લખવાના મનુષ્યત્વ લખવાના અર્થ બહુ ગભીર છે મહૂજી જીવન બનાવવા માટેની એ સાચી પહેલી શરત છે

જે આ પહેલી શરત પૂર્ણ કરે તે બાકીની ત્રણ શરતોને પૂર્ણ કરી શકશે. કારણ કે પાછલી શરતો મનુષ્યત્વના પૂર્ણ વિકાસ અર્થે જ છે.

બીજી શરત છે શાસ્ત્રજ્ઞાન. સાધારણ રીતે શાસ્ત્રજ્ઞાન થવું સહેલું છે. પાંચ દશ વર્ષ અભ્યાસ કરતાં કરતા બધા વિદ્વાન બની શકે છે. વાત વાતમાં ધર્મ-ધર્મની બૂમો તો પડાય છે, પરંતુ સાચુ શાસ્ત્રજ્ઞાન, ધર્મના રહસ્યો જાણવાની યોગ્યતા આવવી તે મુશ્કેલ છે જૈન શાસ્ત્રના જ્ઞાનનો સાર એટલો જ છે કે :—

"ધર્મ આત્મામાં છે, બહાર નથી." ધર્મ નથી મંદિરોમાં, નથી ઉપાશ્રયોમા, નથી મસ્જિદોમાં, નથી પુસ્તકોમા. ધર્મ છે આપણા આત્મામાં. લોકોએ ધર્મનો આધાર શરીર માન્યુ છે જાતિ અને કુળે ધર્મના ઈજારા લીધા છે. તેથી તો હાડમાંસના શરીરોમાં સ્પર્શાસ્પર્શનો વિચાર કરાય છે. એ જ મિથ્યાજ્ઞાન છે. સેંકડો શાસ્ત્રો શીખ્યા છતા જેણે આત્મશક્તિને ન ઓળખી, આત્મવિશ્વાસ ન પ્રાપ્ત કર્યો અને શરીરની શુદ્ધિ-અશુદ્ધિ પાછળ જ પડયો રહ્યો, તે ગમે તેવો વિદ્વાન હોવા છતા સાચો જ્ઞાની ન જ કહેવાય. જૈન શાસ્ત્રોની સર્વથી વિષેષતા તો એ છે કે, તે બાહ્ય ક્રિયાકાંડોમાં ધર્મનું અસ્તિત્વ નથી માનતા, જેણે એટલું સમજી લીધું તે સઘળા શાસ્ત્રોનો સાર સમજ્યો શાસ્ત્રો ભણીને જે તેના રહસ્યોને સમજી શકે છે તેને શ્રુતિ દુર્લભ નથી, પરંતુ જે લોકો શાસ્ત્રનો બોજો ઉઠાવવા છતાં રહસ્યજ્ઞાનને નથી સમજતા તેને 'શ્રુતિ' દુર્લભ છે. જો શાસ્ત્રો ભણવાથી કે વાંચવાથી 'શ્રુતિ' સુલભ થતી હોય તો ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર વસ્તુ દુર્લભમાં 'શ્રુતિ' દુર્લભ ન કે

ત્રીજી દુર્લભ વસ્તુ છે શ્રદ્ધા. સામાન્ય રીતે આખા વિશ્વમાં શ્રદ્ધાનું સામ્રાજ્ય છે. સાચી શ્રદ્ધાને અભાવે દુનિયા ભ્રમના અન્વાય છે અને સત્ય માર્યું જાય છે. શ્રદ્ધા તો દિવ્ય ગુણ છે. અંધશ્રદ્ધાથી અને તેની જાળમાં ફસાવાથી વિનાશ સર્જ્યો છે. મનુષ્યત્વ ભૂલાઈ ગયું છે, સંકુચિત બની ગયું છે. 'આ અંધશ્રદ્ધા સુલભ પણ શ્રદ્ધા દુર્લભ છે.' શ્રદ્ધા સમ્યક જ્ઞાનપૂર્વક છે. એ પ્રત્યક્ષ અનુમાનથી વિરુદ્ધ નથી. શ્રદ્ધા શબ્દનો અર્થ આત્મવિશ્વાસ છે. જેને એવો વિશ્વાસ છે કે મારો આત્મા અનંત શક્તિવાન છે, એ શક્તિ વડે હું કર્મને પરાજિત કરવા સમર્થ છું, એવા વિશ્વાસથી જ જીવનમાં ફરી પડે છે, અને અનેક વિઘ્નો માર્ગમાં આવવા છતાં આ વિશ્વાસથી તેના પર વિજય મેળવે છે. આવા જ માનવો સાચા શ્રદ્ધાળુ હોય છે. જ [illegible] આદિને મુનિને કહે છે –

દૈવાયત્તં કુલે જન્મ મદાયત્તં તુ પૌરુષમ્”

જન્મ મળવો તો કર્માધિન છે પરંતુ પુરુષાર્થ સ્વાધિન છે. પુરુષાર્થથી જ જૈન બની શકાય, કુળથી નહિ. જૈન ધર્મ એમ નથી કહેતો કે તમને અમુક અમુક અધિકાર નથી. જૈન ધર્મ તો કહે છે તમે ગમે તેવા હો છતાં પુરુષાર્થ વડે અધિકારી બની શકો છો અને નવું કંઈ પ્રાપ્ત કરી શકવા સમર્થ છો. માત્ર કહો તમો કંઈ શકો? રૂપ નથી. પ્રભુતના આ અનંત શક્તિવંત આત્મા બિરાજમાન છે એવા વિશ્વાસથી આગળ વધો, શ્રમ કરો, અને નવું કંઈ તો શું મોક્ષ પણ પ્રાપ્ત કરીને તમે પરમાત્મા પણ બની શકો છો.

ચોથી દુર્લભ વસ્તુ સંયમશક્તિ છે. સંસારમાં જે વધુ દુર્લભ છે પરંતુ જેટલું અધિક તે દુર્લભ છે, તેથી અધિક

વર્તમાનમાં તેને મેળની વસ્તુ બનાવી દીધી છે. જે માણસોમાં મનુષ્યત્વ નથી, શ્રદ્ધા નથી, તેઓ પણ સંયમી હોવાનો ડોળ કરે છે. સંયમની જેવી ધૂળધાણી થઈ છે તેવી આજે કોઈની નથી થઈ.

સંયમના ગૌણ સાધનોને સંયમ સમજવો એ મોટી ભૂલ છે. ઉપવાસ, અપરિગ્રહ, વિવિધવેશ, સ્ત્રી (પતિ) પરિવારનો ત્યાગ આદિ સંયમના સાધનો છે. પણ સંયમ નથી. ત્યારે સંયમ શું છે? ક્યાં છે?

મનને વશ કરવું, કષાયોને દૂર કરવા એ સંયમ છે. કોઈ મનુષ્ય આપણું અતિ અનિષ્ટ કરતો હોય તેના ઉપર પણ જેને ક્રોધ ન આવે, જેને પોતાની વિદ્વતા તથા સંપત્તિનું અભિમાન નથી જે યશ—કીર્તિનો ભિખારી નથી, જેના હ્રદયમાં ઈર્ષ્યા નથી, જે બીજાના યશને જોઈ આનંદે છે, જે કુસંપનો શત્રુ છે, વિશ્વપ્રેમની જ જેની રાગવૃત્તિ છે, જે છળકપટથી દૂર છે, જે મોટી મોટી ઋદ્ધિઓને પણ માટી સમજે છે, જે ઉદારતાનો ભંડાર છે, પાપીઓને જોઈને તિરસ્કાર ન કરતા તેના પર દયા કરે છે, વિરોધીઓ સાથે પણ જે મિત્રતાથી વર્તે છે જે સહનશીલતાનો ભંડાર છે, તે જ સંયમી છે, તે જ સાધુ છે, તે જ જગતનો પ્રાતઃ સ્મરણીય છે. પરંતુ એવો સંયમ મુશ્કેલ છે ત્યાગીનો વેશ ધરનારા (સાધુ) માત્ર જગતમા ૬૦ કરોડ લગભગ છે તેમાંથી એવા કેટલા છે કે જેમણે **પાણીની લીટી જેવા કષાય પાતળા પાડયા?** જેમનામા સાચો ત્યાગ અને સાચી ઉદાસીનતા છે? એવી વ્યક્તિઓ આંગળીઓ પર નંહિ તો આંગળીના ટેરવા પર ગણાય તેટલી હશે. એટલા માટે ઉત્તરાધ્યયનમાં સયમને દુર્લભ કહ્યો છે.

આ ચાર વસ્તુઓ જે મેળવી શકે છે તેનુ જીવન સફળ બને છે.

થોડાક અભિપ્રાયો

યોગદર્શન અને યોગસમાધિ

આ પુસ્તકના લેખક શ્રી "વિશ્વશાન્તિ ચાહક" જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી હોવા સાથે યોગ વિદ્યાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવે છે. તેમણે યોગવિદ્યા વિષયક કેટલાક પ્રમાણભૂત ગ્રંથોની સહાય લઈ, જૈન યોગશાસ્ત્રોના આધાર ઉપરના ગ્રંથનું આયોજન કર્યું છે. યોગ કોને કહેવાય તેનો પ્રભાવ શું, યોગસમાધિ પ્રયત્નના આઠ અંગો, ઉપરાંત ભક્તિયોગ, કર્મયોગ, ધ્યાનયોગ, સમાધિયોગ, વિવિધ પ્રકારના પ્રાણાયામો, હઠયોગની ક્રિયા પદ્ધતિ અને તેના લાભો વગેરે વિષયો આ પુસ્તકમાં વિશદ રીતે સમજાવવામાં આવેલ છે. યોગના અભ્યાસીઓ તથા સાધકોને આ પુસ્તક ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

—મુંબઈ સમાચાર

●

યોગદર્શન અને યોગસમાધિ

વિશ્વ અભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળાનું આ ૧૨મું પુષ્પ છે. આ પુસ્તકમાં યોગનું મહત્ત્વ, યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મામાં પરમાનંદદશાનો આનંદ, સુખ કયા રહેલું છે અને જ્ઞાનના લાભ એને કહ્યું.

મ.]

શોધે છે ? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ—આનંદ અને સુખ, સમાધિ પ્રાપ્ત કરવાની સાચી સમજ મનુષ્યજન્મની સાર્થકતા શેમાં છે? વગેરે વિષયોની સુંદર છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે. જીવનનો વિકાસ સાધવા ઇચ્છનાર દરેકને આ પુસ્તકના વાચનથી ઉપયોગી માર્ગદર્શન મળશે

—જૈનપ્રકાશ

●

યોગદર્શન અને યોગસમાધિ

લેખક વિશ્વશાંતિ ચાહક—આ લેખકના આ પહેલાં અધ્યાત્મ વિષયના કેટલાંક પુસ્તકો પ્રગટ થયેલ છે. તે ઘણા જ મનનીય અને વિચારણીય સાબિત થયાં છે જે કોઈને અધ્યાત્મ વિષયમા રસ હોય તેમણે તેમનાં બધાં પ્રકાશનો રસપૂર્વક વાંચવા જરૂરી છે. આ પુસ્તકમાં યોગનું મહત્ત્વ, યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા–પરમાત્મદશાનો આનદ, જે જગતના કોઈ પણ પદાર્થમાં આપવાની શક્તિ નથી. સુખ કયાં રહેલું છે, અને મનુષ્યો કયાં શોધે છે ? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ અને શાંતિ વિષે આ ગ્રંથમાં ખૂબજ વિચારશીલ સામગ્રી આપવામાં આવેલ છે

દા. ત. (૧) યોગવિજ્ઞાન, (૨) યોગવિદ્યાનો પ્રભાવ, (૩) ભક્તિયોગ, (૪) કર્મયોગ, (૫) અષ્ટાંગયોગ—યમ અને નિયમ, (૬) આસન, પ્રાણાયામ, (૭) ધ્યાનયોગ, (૮) સમાધિયોગ, (૯) જડચેતનનો વિવેક, (૧૦) સંસારી અને મુક્ત જીવોનું સ્વરૂપ,

(૧૧) દિવ્ય જીવનની ચાવી વગેરે ૧૬ પ્રકરણો આપેલ છે, ધ્યાન શિબિર એ યોગસાધનાનુ એક પરિસર છે મન, વચન, કાયાના યોગોને ઉચ્ચતર ભૂમિકાએ લઈ જવા માટે "યોગ સાધના" અત્યત જરૂરી છે તે જૈનીઝમનુ એક વિશિષ્ટ અગ પણ છે લેખકે આમા સ્વાનુભવના ઘણા પ્રસગો રજૂ કર્યા છે આ પ્રકાશન દ્વારા લેખકે, પ્રકાશકે 'અધ્યાત્મ માર્ગ'ના આરાધકો માટે સુદર વિચારણીય સામગ્રી પૂરી પાડી છે તે માટે લેખક મહાશય અભિનદનના અધિકારી છે

—સ્થાનકવાસી પત્ર

●

વિચારશક્તિનો અદ્ભુત પ્રભાવ

ભા ૨-૩

પ્રસ્તુત પુસ્તકમા ચિતા અને નિરાશાજનક વિચારોની સ્વાસ્થ્ય પર કેવી ખરાબ અસર થાય છે અને સદ્વિચારોથી અને પ્રસન્નતાથી જીવન કેમ આનદથી ભરી શકાય છે એ સરળ રીતે બતાવ્યુ છે આપનું ભવિષ્ય સુધારવુ કે બગાડવુ તે આપણા હાથની જ વાત છે તે લેખકે દાખલા–દલીલો સાથે પુસ્તકમા રજૂ કર્યું છે લેખકની શૈલી ખૂબ જ સરળ અને સચોટ સહ સુદર છે

—મુંબઈ સમાચાર

●

વિચારશક્તિનો અદ્‌ભુત પ્રભાવ

સ્વર્ગ યા તો નરકનું સર્જન કરનાર માનવના વિચાર છે. અને જેવા જેના વિચાર છે. તેવી જ તેની કાયા અને માયા છે. માનવની ઉન્નતિ કે અધોગતિનુ અંતર્ગત રહસ્ય પ્રબળ કારણ તેના વિચારો જ છે. પ્રસ્તુત પુસ્તકમા ચિંતા અને નિરાશાજનક વિચારોની સ્વાસ્થ્ય પર કેવી ખરાબ અસર થાય છે અને સદ્‌વિચારોથી અને પ્રસન્નતાથી જીવનને કેમ આનંદથી ભરી શકાય છે, એ સરળ રીતે બતાવ્યુ છે આપણુ ભવિષ્ય સુધારવું કે બગાડવું તે તે આપણા હાથની જ વાત છે. તે લેખકે દાખલા-દલીલો સાથે પુસ્તકમા રજુ કર્યું છે. શુભ ભાવના અને સત્ સંકલ્પભર્યા સુવિચારો કેવા સુભગ પરિણામો જગવે છે, તે સંખ્યાબંધ દષ્ટાંતો દ્વારા સમજાવ્યુ છે.

—ગાયત્રી વિજ્ઞાન

સંપાદક પ્રો. અવધૂત

●

વિચરશક્તિનો અદ્‌ભુત પ્રભાવ

ભા. ૨-૬

મનુષ્ય પોતાના વિચારોથી પોતાનુ ઉત્થાન અને પતન કરે છે. આપણે જેવા વિચાર કરીએ તેવા બનીએ છીએ, ભવિષ્ય આપણી સામે પથરાઈને પડ્યું છે તેને બગાડવું કે સુધારવુ એ આપણી ઇચ્છા પર નિર્ભર છે સતત સદ્‌વિચારોથી ગમે તેવી પરિસ્થિતિ બદલી શકાય છે જરૂર છે તે દિશામાં પ્રબળ પુરુષાર્થ કરવાની શારીરિક તેમજ માનસિક રોગો તેમજ દુર્વ્ય-

નનોથી મુક્તિ મેળવી શકાય છે અને ગમે તેવુ કનિષ્ટ જીવન પણ સદ્‌વિચારથી અને દૃઢ સંકલ્પથી ઉન્નત બનાવી શકાય છે તે સરળ રીતે આ પુસ્તકમા સમજાવવામા આવેલ છે આજકાલ નોવેલો, નાટકો, વગેરે મનોરંજન સાહિત્ય સારા પ્રમાણમા વંચાય છે તેને બદલે આવુ ચારિત્ર ઘડતર કરનાર સાહિત્ય યુવાનોએ વધુ વાચવુ જોઈએ આવા પુસ્તકો ઘરમા અવશ્ય વસાવવા જોઈએ

—જૈનપ્રકાશ

●

આ પુસ્તકને ‘જીવન સજીવની’ યાને ‘વિચાર રહસ્ય’ એવુ નામ ઉચિત રીતે આપવામા આવ્યુ છે તેમા વિચાર શક્તિને ખીલવવાનો તથા ઈષ્ટ ધ્યેયને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ બતાવવામા આવ્યો છે વિચારોની અસરો, દિવ્ય વિચારોનો જીવન પર પ્રભાવ વગેરે વિષયોની છણાવટ આ પુસ્તકમા અસરકારક રીતે કરવામા આવી છે દુખી નિરાશ અને પતિત માનવીઓના જીવનમા ચૈતન્યમય જીવનરસ ઉત્પન્ન કરે એવુ વિચાર ઔષધ રસાયણ આ પુસ્તકમા છે

—મુંબઈ સમાચાર

●

જીવન સજીવની (વિચાર રહસ્ય)

ભા ૧

જન સાધારણ પોતાના રહેલ અમૂલ્ય વિચારશક્તિને કેવી રીતે ખીલવી શકે અને કેમ? આધ્યાત્મિક વિકાસ કેવી રીતે

૧

ખરેખર ભારતમાતાની અદ્ભુત વિચારધારાને સમાજોત્થાન માટે સર્વ વિશ્વ માટે ઉપયુકત કરવા માટે લેખકશ્રીને અભિનંદન.

—શા. જે. શ્યામાનારાયણ
પ્રધ્યાપક ગણિતશાસ્ત્ર
ગુજરાત કૉલેજ
અમદાવાદ-૬

તા. ૧૭-૭-૭૨



યત્નઃ સત્યેન દીપયેત્

ભગવતી ચૈતન્ય દેવી

'જીવન સંજીવની' પુસ્તક માટે આભાર વિચાર-સામર્થ્ય, તેની ક્રિયાશકિત અને કાર્યપદ્ધતિ, તેનુ નિયંત્રણ અને પ્રયોગ, તે દ્વારા ભૌતિક, માનસિક અને અધ્યાત્મિક ક્ષેત્રે વિકસિત અને ઉન્નત જીવન પ્રાપ્ત કરવાની સાધના વગેરે અનેક અત્યંત કઠિન અને ગૂઢ વિષયોને સરળ રીતે રજૂ કરીને સર્વસાધારણ જન તથા સાધકજન ઉભયને ઉપયોગી થઈ પડે તેવી જ્ઞાન સંપત્તિ આ પુસ્તકમા આલેખાઈ છે એક ઉત્તમ પુસ્તક એ તો તેજસ્વી આત્માના જીવનને વિકસાવતી શક્તિ હોય છે, અને તેથી તે દ્વારા મનુષ્યો નવજીવન પ્રાપ્ત કરી શકે છે. આ પુસ્તક દ્વારા એવુ કાર્ય સફળ રીતે થશે એ જ તેની સિદ્ધિ બનશે. આવા લોકકલ્યાણના કાર્ય માટે અનેક અનેક હાર્દિક શુભેચ્છાઓ અને ધન્યવાદ.

ગણેશ પંડ્યા
બી એસ. સી

સમર્પણ સાધનાલય
મુ૦ પો૦ ગરૂડેશ્વર
વાયા રાજપીપળા
(જિ. ભરૂચ)

ચતુન્ય દેવી મહાનતીજીએ 'જીવન ન જીવની' પુસ્તક
લખીને જનસમુદાય ઉપર મહાન ઉપકાર કર્યો છે
જીવન ન જીવનીમા નામ પ્રમાણે ગુણ છે જનસમુદાયનો
મોટો ભા ા જીવે છે પણ મ ા જેમ તેમના માટે આ પુસ્તક
ન જીવની રૂપ છે જ લખિકા પોતે જ લખે છે કે હુ પામર
જીવન જીવતી હતી પણ માનસશાસ્ત્ર અને વિચારશાસ્ત્રના પુસ્તકોના
વાચન, મનન દ્વારા પાનરતામાથી પ્રભુતા ન ા પ્રગતિ કરી તેમણે
ઘણુ ઘા વાચીને જ સ કતન કર્યું છ ન૦ બુધ્ધ મ ઈ છે કે
શુદ્ધ વિચા ા કગ મ૦ અશો જ શુદ્ધ બુધ્ધ વિચારો પર
ભાર મૂક ઇ ધિયાનાકી પવિત્ર વિચા ાનો આગ્રહ ાખે છે
શ્રી એ િનન સ્વેટ મા 'નૂતન સુખ નામધ્ય નનૃદ્ધિ અને
વિચા ાના ચમ ાર' ઘાપ ાનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય
લખિકા પણ ારા વિચારા પ અત્યત ભાર મૂકે છ આપણે
એમની પાન જીવન ન જીવની' ભા-ર નત પ્રતિધ્ધ થાય
એવી આશા રાખીએ તઓ તેમની આ નકથા લખીને પોતે
વિવિધ વૃત્તિઓ પર કવી ગત ાબૂ મેળવ્યો તેનુ એ પુસ્તક
દૂ તા સાધકવગને ઘણા મોટો લાભ થાય

—હરિપ્રસાદ રેવાશીના પંડ્યા
બ એ બી કે મ એલએલ બી
૪૧૫ હરિપુર
અમદાવાદ-૧

પરમ પૂજ્ય શ્રી ચૈતન્યદેવીજી, વંદન

વર્તમાન કાળે ઘણા જીવો અજ્ઞાનપણાથી તેમજ અવિચારથી અનેક દુઃખો ભોગવી રહ્યા છે તેથી સંસાર પરિભ્રમણની નિવૃત્તિ થતી નથી. પરમ પૂજ્ય શ્રી ચૈતન્યદેવીએ પોતાની આ ઉંમરે જે કષ્ટ ઉઠાવીને આપણી સમક્ષ ‘જીવન સંજીવની’ પુસ્તક મૂકેલ છે તે તેમનો અનંત ઉપકાર છે. સદરહુ પુસ્તક મનનપૂર્વક વાંચી તેનું ચિંતન કરવામાં આવે તો હું એમ માનું છું કે જીવનના કેટલાક મનોમન કલ્પેલા દુઃખોનું નિવારણ કરનાર બને તેમજ આત્મિક શાન્તિને અર્પનાર બને. ઉપરાંત મનોબળ તેમજ સંકલ્પબળને વધારનાર છે, એવો મારો પોતાનો સ્વાનુભવ છે.

લિ.
આપના આશીર્વાદનો
યાચક
જશવંતલાલ
ના સવિનય વંદન

૨૨, નહેરુપાર્ક સોસાયટી
કાંકરીયા
અમદાવાદ–૨૨